ઉત્તર નર્મદ ચરિત્ર

(ઈ. સ. ૧૮૬૬ થી ૧૮૮૬)

("મારી હકીકત" ભાગ ૨ જો)



કવિ નર્મદાશંકર લાલશંકર દવે

પ્રકાશક ::
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ–મુંબઈ

ઉત્તર નર્મદ ચરિત્ર

(ઈ. સ. ૧૮૬૬ થી ૧૮૮૬)

("મારી હકીકત" ભાગ ૨ જો)



લેખક::

કવિ નર્મદાશંકર લાલશંકર દવે

સંપાદક::

નટવરલાલ ઇચ્છારામ દેશાઇ, બી. એ.

પ્રકાશક::

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ–મુંબઇ

ઇ. સ. ૧૯૩૯] [વિ. સં. ૧૯૯૫

પુસ્તક મળવાનું સ્થાનઃ—
"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ,
સાસુન બિલ્ડીંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ

મુદ્રક અને પ્રકાશકઃ નટવરલાલ ઇચ્છારામ દેશાઈ, બી. એ.
મુદ્રણસ્થાનઃ 'ગુજરાતી' પ્રિન્ટીંગ પ્રેસ
સાસુન બીલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ

પ્રસ્તાવના

સમયમૂર્તિ અને વીર કવિ નર્મદાશંકરના જીવનચરિત્ર સંબંધી પહેલું પુસ્તક "મારી હકીકત" (૧૮૩૩-૧૮૬૬) તેમની જન્મશતાબ્દી ગુજરાતમાં ૧૯૩૩ માં ઉજવાઇ ત્યારે બહાર પડયું હતું. તે પછી તેમના જીવનના છેલ્લા ૨૦ વરસની હકીકત આ "ઉત્તર નર્મદ ચરિત્ર"માં યથાપ્રાપ્ત અમે છાપી છે. આ બીજા પુસ્તકમાં છાપેલી હકીકત કવિની લખેલી સલંગ અમને મળી નથી, માટે જેટલી મળી તેટલી છાપી છે, અને વચ્ચે વચ્ચે વાંચનારની સુગમતાને માટે અમે થોડુંક લખાણ કરેલું છે. તે સર્વ ઉપરથી વાંચનારને કવિના ઉત્તર જીવનના સ્વરૂપની કાંઇક ઝાંખી આવશે એવી આશા છે. આ ગ્રંથમાં કવિ સંબંધી સર્વ શકય માહિતી અમે એકઠી કરીને આપી છે, અને ઘણી વાતો નવીન પણ જણાશે. કવિશ્રીએ પોતે પોતાના સંબંધમાં અને પરિચિત જનો સંબંધમાં દેશકાળાનુસાર ઘણું લખી રાખેલું, પણ તે સર્વ પ્રાપ્ત થઇ શકયું નથી. કવિપુત્ર જયશંકરના સ્વર્ગવાસ પછી "ગુજરાતી" પત્રમાં જે નોંધ લેવાયલી તે અમે

છાપી છે. કવિના વિરોધી અને સમકાલીન કવિ હીરાચંદ કાનજીએ લીથો પ્રેસમાં છપાવેલું "મિથ્યાભિમાન મતખંડન" કાવ્ય પણ અપ્રાપ્ય હોવાથી તે પણ છપાવ્યું છે અને "સીતાહરણ" નાટકનાં ગાયનો પણ અચાનક મળી જવાથી અમે છાપ્યાં છે. કવિના હજી ઘણા કાગળો મોજુદ છે, પણ તે એટલા બધા જીર્ણ થઇ ગયા છે કે વાંચી ઉકેલી શકાતા નથી, એટલે એ ધૂળધોયાનું કામ અમે પડતું મુકયું છે, અને જેટલું બનશે તેટલું "ગુજરાતી" પત્રના પ્રતિવર્ષ પ્રકટ થતા દિવાળીના ખાસ અંકોમાં છાપવાનો વિચાર છે. પ્રથમ ભાગ "મારી હકીકત"ની પ્રસ્તાવનામાં લખ્યા પ્રમાણે નાગરોનો ઇતિહાસ જણાવનાર વલ્લભ કવિનું નાગરોત્પત્તિ કાવ્ય, અને નરસિંહ મહેતાના પુત્રનો વિવાહ—એ બે લઘુ કાવ્યો આ ગ્રંથનું કદ વધી જવાથી છાપવાનું માંડી વાળ્યું છે. એ બે કાવ્યો ગુજરાતી ભાષાસાહિત્યમાં ઘણાં ઉપયોગી છે, એટલે બનશે તો સ્વતંત્ર પુસ્તકરૂપે છાપી અમે પ્રકટ કરીશું અથવા તો "ગુજરાતી" પત્રના દિવાળીના કોઇક ખાસ અંકમાં પ્રકટ થશે. આ રીતે આ બે ગ્રંથોમાં કવિ નર્મદનું સર્વસ્વ આવી જાય છે. શોકની વાત એટલી છે કે હવે કવિનાં કાવ્યાદિ વાંચવાની, સમજવાની જિજ્ઞાસા પ્રજામાંથી ઓછી થતી જાય છે, છતાં કવિને જીવંત રાખવા માટે સાહિત્યસભાઓ, સંસદ, પરિષદ્ અને મુંબઇની વિદ્યાપીઠ તરફથી પ્રયત્નો પણ થાય છે, એટલું અભિનંદનીય છે.

મુંબઇ તા૦ ૧૦—૯—૩૯
ગોવાળીઆ એકાદશી
૧૯૯૫

નટવરલાલ ઇચ્છારામ દેશાઇ

ઉત્તર નર્મદ ચરિત્ર

વિષયાનુક્રમણિ

ઉત્તર નર્મદચરિત્ર

(ઇ. સ. ૧૮૬૬ થી ૧૮૮૬ સુધીનું)

વિરામ ૧ લો—વિટંબણાનો કાળ

ઇ. સ. ૧૮૬૬—૬૯

[સંપાદકની નોંધ: કવિશ્રી નર્મદાશંકરે પોતાનું જીવનચરિત્ર પોતે ૧૮૬૬ સુધી લખીને છપાવી રાખેલું; તેની પાંચ—સાત પ્રત જ છપાવેલી, અને પોતાના ખાસ સ્નેહી અને આત્મીયજનોને આપી રાખેલી. એ આત્મકથા તે જ "મારી હકીકત." એ પછીનાં તેમનાં છેલ્લાં ૨૦ વરસની હકીકત ઘણી જાણવાજોગ છે, કારણ કે તે કવિની ચઢતી—પડતીની કથા છે. કવિએ તો પોતાના નિયમ પ્રમાણે રોજની અથવા માસની અને વર્ષવાર નોંધ રાખેલી, પણ તેઓ તે છપાવી શકયા નહોતા. આ નોંધો કવિના મૃત્યુ પછી તુરત ઉપયોગ કરવાને મળી શકી હોત તો સ્વ. પં. નવલરામે ઇ. સ. ૧૮૬૬ પછીનું કવિજીવન જે પ્રમાણે લખ્યું છે તે પ્રમાણે ન લખત, પણ કંઇ સીલસીલાબદ્ધ લખત પં. નવલરામે ૧૮૬૬ પછીના કવિજીવન વિષે વર્ષવાર ઉંડાણમાં ઉતર્યા શિવાય કેવળ સ્થૂળ હકીકત અને માહિતી ઉપર વિવેચનાત્મક ચરિત્ર લખેલું છે, એ સૂક્ષ્મતાથી વાંચનારને તુરત સમજાયા વગર નહીં રહે. જો કે એટલું તો કબુલ કરવું જોઇશે કે કવિના ઉત્તરજીવનને તેમણે જેવો સુંદર ન્યાય એક મિત્ર તરીકે સ્નેહથી આપ્યો છે, તેવો ન્યાય બીજા કોઇથી ભાગ્યેજ આપી શકાતે. અમે અત્રે કવિશ્રીએ લખેલા કાગળો વગેરે જે અમારા હાથમાં હાલમાં આવેલા છે, તેમાંથી તારવી કાઢીને વર્ષવાર હકીકત જેટલી બનશે તેટલી આપીશું, પણ તે કવિશ્રીએ પોતે લખ્યા પ્રમાણે નહીં બની શકે, પણ વચ્ચે વચ્ચે સાંકળો જોડવા માટે અમારા પદરની કેટલીક સાંકળો જોડવી પડશે, જે અમે 'કૌંસ'માં મૂકીશું કે જેથી તે તારવવાનું વાચકને સુગમ થઇ પડશે. ઇ. સ. ૧૮૬૬—૬૯ સુધીની કવિની ડાયરી મળી છે, તે અત્રે અમે સંપૂર્ણ આપીશું. પછીના પ્રસંગો અને વરસોની યાદી અમારી જાણ પ્રમાણે અને કવિના કાગળોમાંથી જેમ મળશે તે પ્રમાણે અમે લખીશું. સંપાદક]

જૂનાં ગુજરાતી કાવ્યોની શોધખોળ

કવિશ્રી નર્મદાશંકરને પ્રાચીન જૂનાં ગુજરાતી કાવ્યો વાંચવાની તક નાનપણથી મળેલી, કારણ કે તે સમયે સર્વ ગ્રંથો શિલા છાપમાં છપાતા અને તેમાં મુંબઈના પ્રસિદ્ધ બુકસેલર બાપુ હરશેઠ દેવળેકરનાં પ્રકટ કરેલાં ઘણાં ગુજરાતી કાવ્યોની નકલ કવિના પિતા લાલશંકરે કરી આપેલી. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના આસરા નીચે કવિ દલપતરામે ગુજરાતી કાવ્યદોહનનો પહેલો ભાગ બહાર પાડ્યો. આમાં દલપતરામ કવીશ્વરે કોઈ કવિનાં અખંડ કાવ્યો છપાવ્યાં નહોતાં, પણ માત્ર સારા લાગતા ફકરાઓ જ આપ્યા હતા. આ ગ્રંથ ઉપર કવિએ "ડાંડીયા"માં સખ્ત ટીકા કરી હતી, (જૂઓ જૂનું નર્મગદ્ય–પાનું ૪૦૬) અને કાવ્યો સંશોધીને આખાં ને આખાં છપાવવાની ભલામણ કરી હતી. તે પછી ઇ. સ. ૧૮૬૫માં કવિ દલપતરામે ગુજરાતી કાવ્યદોહન ભાગ ૨ જો બહાર પાડ્યો અને તેમાં કવિ નર્મદની ટીકાનો જવાબ નામ દીધા વગર આપ્યો હતો.

કાવ્યદોહન–પુસ્તક બીજું–પ્રકટ કરતાં કવિ દલપતરામ નીચે પ્રમાણે લખે છેઃ—

"સાહેબ(હૌવર્ડ સાહેબ)નો હુકમ એવો હતો કે, આ બીજા પુસ્તકમાં ઝાઝા કવિઓની કવિતા લેવાની જરૂર નથી; પણ જે સારાસારા કવિઓની, અથવા સારી સારી કવિતા તમને લાગે, તે સંપૂર્ણ બાબતો લેવી. કોઈ અધુરો વિષય લેવો નહિ; તથા ગરબિઓ લેવી નહિ. એ હુકમ પ્રમાણે મને જે સારી લાગી, તે કવિતા આ પુસ્તકમાં દાખલ કરી છે."

ઘણું કરીને કવિ નર્મદાશંકરે હૌવર્ડ સાહેબને આ પ્રમાણે સૂચના કરી હતી, તેનો અમલ ઉપર પ્રમાણે થયો છે; પણ કાવ્યદોહન ભાગ ૧ લાનું અવલોકન કરતાં કવિ નર્મદે જે ટીકા "બુદ્ધિવર્ધક"માં કરેલી તેનો જવાબ કવિ દલપતરામે નીચે પ્રમાણે આપ્યો છેઃ

"જેને આ કરતાં સારી કવિતાનું પુસ્તક તૈયાર કરવાની મરજી હશે, તે હવે ત્રીજું પુસ્તક તૈયાર કરશે. પછી ચોથું પુસ્તક વળી હું કરીશ."

આ ઉપરથી કવિને નવી પદ્ધતિથી આખાં ગુજરાતી કાવ્યો છપાવવાનો મુદ્દો સૂઝ્યો અને તેમણે શ્રીયુત ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક સાથે નાણાં માટે નીચે પ્રમાણે એક અપીલ તે સમયના ગુજરાતી શ્રીમંતોને જાહેર રીતે કરી હતી. પણ તે વખતે સટ્ટામાં અને બેક–બે–રેકલેમેશનમાં લોકો ખુઆર થઇ ગયેલા એટલે મજકુર ફંડમાં પૈસા ભરાયા નહીં, અને યોજના અપૂર્ણ રહી. તે અપીલ નીચે પ્રમાણે છેઃ—

કવિની જૂનાં ગુજરાતી કાવ્યો છપાવવાની યોજના

"ગુજરાતી ભાષાવિદ્યાના અભિમાનીઓને વિજ્ઞપ્તિ કરવામાં આવેછે કે હમે નીચે સહી કરનારાઓ, જુનાગઢના નરસંઈમેહેતા આદિથી તે ચાણોદના (ડભોઈના કેહેવાતા) દયારામ કવિ લગીના સઘળા કવિઓનાં જેટલાં મળી આવે તેટલાં સંપૂર્ણ કાવ્ય (તુટક તુટક નહિં, આખાનાં આખાં) અનુક્રમે છાપી પ્રગટ કરવાનો વિચાર કર્યો છે. પણ એ મહાભારત કામ (આગળથી જુના ગ્રંથો સામદામાદિક ઉપાયે મેળવવવાનું, પછી શુદ્ધ કરી લખાવવાનું અને પછી તજવીજથી છપાવવાનું વગેરેનું.) એક માણસની મેહેનતથી અને એક માણસના પૈસાથી ઉઠી શકે તેવું નથી, માટે મરી ગએલી ભાષાવિદ્યાને સજીવન કરી અમર રાખવાના અભિમાની સદ્દગૃહસ્થોએ રૂ. ૨૫૦૦૦)ની રકમ ભરી આપવી.

એ કામની અગતવિષે બોલતાં પહેલાં પોતાના કુળના પોતાની ન્યાતમાં પોતાની જાતનાં પોતાના ગામનાં પોતાના દેશનાં અને પોતાની ભાષાનાં અભિમાનવિષે સારી પેઠે બોલવું જોઈએ, પરંતુ તે કંઈ આ ઠેકાણે બોલાતું નથી. તો પણ જેઓને આ કાગળ દેખાડવાનો વિચાર રાખ્યો છે તે સદ્દગૃહસ્થોને પોતાની ભાષાવિદ્યાની વૃદ્ધિ જોવાનું અભિમાન છે જ, એમ સમજી આ ટીપ તેઓની આગળ રજુ કરીછે.

દરેક ગ્રંથ, ઉપર લખેલા રૂપિયા બક્ષીસ આપનારા ગૃહસ્થોને અર્પણ કરવામાં આવશે અને ઈશ્વરકૃપાથી એ કામ પાંચ વરસમાં પુરૂં કરી નાખવામાં આવશે.

તા૦ ૧લી માર્ચ સને ૧૮૬૫. ઝવેરીલાલ ઉમયાશંકર,
નર્મદાશંકર લાલશંકર."

[કવિ નર્મદાશંકર એ વિચારનો વારસો "ગુજરાતી" પત્રના આદ્ય સંપાદક અને પોતાના શિષ્ય સ્વ. ઇચ્છારામને આપતા ગયા, અને તેમણે યથાશક્તિ યથામતિ બૃહત્ કાવ્યદોહનના આઠ ભાગો ઉક્ત ધોરણે છાપીને બહાર પાડ્યા છે. આ કાર્યને ખાસ્સાં ૨૫-૨૭ વરસ સ્વ. ઈચ્છારામને લાગ્યાં હતાં, છતાં પણ ૧૦ ભાગો પ્રકટ કરવાની તેમની પ્રતિજ્ઞા તેઓ પાળી શક્યા ન હોતા.

ઉપરાંત એ પણ અહીં નોંધવું યોગ્ય છે કે સને ૧૮૬૫ માં મુંબઈમાં સ્થપાયલી શ્રી ફાર્બસ ગુજરાતી સભાનો પ્રધાન અને પ્રથમ ઉદ્દેશ "ગુજરાતના ઇતિહાસ અને ગુજરાતી સાહિત્યને લગતાં હસ્તલિખિત પુસ્તકો ખરીદવાં, સંગ્રહવાં અને યોગ્ય લાગે તેવાં પ્રસિદ્ધ કરવાં" એ છે. આ સભાની સ્થાપનામાં કવિ નર્મદાશંકર અને શ્રીયુત ઝવેરીલાલ યાજ્ઞિકની સહાનુભૂતિ કંઈ થોડી ન હતી. સંપાદક.]

સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેશાઇએ "ગુજરાતી" પત્રના સને ૧૯૧૧ના અંકમાં કવિ નર્મદાશંકરનો એક અપ્રકટ લેખ નામે "બ્રહ્મતૃષા" છપાવ્યો છે. તેની ઉપર નીચે પ્રમાણે નોંધ કરેલી છે:

"સને ૧૮૬૦માં કવિ નર્મદ કંઇક કારણને લીધે બુદ્ધિવર્ધક સભામાંથી જુદા પડ્યા. તેઓએ તત્ત્વશોધક સભા કાઢી ને પૂર્વે "ધર્મસભા" અથવા "બ્રહ્મસભા" કાઢવાનું ઠરાવ્યું. ઘણુંકરી એ સભાની સ્થાપના લાડવાડીમાં કવિના મકાનમાં જ થઈ હતી. સ્થાપનાને દિવસે ઉપર્યુક્ત ભાષણ કરવામાં આવ્યું હતું. અમારી જાણ પ્રમાણે એ ભાષણ ક્યાંય પણ છપાયું નથી."

આ "બ્રહ્મતૃષા"વાળો લેખ "જૂનું નર્મગદ્ય"ના પરિશિષ્ટમાં છાપેલો છે.

સં. ન. ઈ. દેશાઈ.]

શેરસટ્ટાના સમયની અસર

૧૮૬૬–૬૭–૬૮ એ વર્ષોની કેટલીક નોંધ

હીરાચંદ કાનજી*–એની સાથે મારે મુંબઈમાં વાત થયલી ત્યારે કહે કે તમારો સ્વભાવ આવો સારો છે તે હું જાણતો જ ન હોતો. મને તો તે આંધળાએ ભમાવ્યો હતો ને તેના જ કહેવાથી મેં મિથ્યાભિમાનખંડનમાં કેટલુંક તમારા જ ઉપર લખ્યું છે.

હીરાચંદે હોપની સીરીઝમાં પોતાની કવિતા દાખલ કરાવવાને ભોગીલાલ વગેરેને કહેલું, તે તેઓએ ન કબૂલ રાખેથી, વળી એને દલપતરામની સાથે પણ સામેલ ન રાખવાથી તે બધા અંગ્રેજી ભણેલા ઉપર ખીજાયો હતો, ને તેઓની વિરૂદ્ધ લખ્યું. સને ૧૮૫૯માં કવિ દલપતરામ પોતાની

---

* આ હીરાચંદ કાનજી કવિ–રાજકોટના શ્રીમાળી બ્રાહ્મણ હતા. કવિ નર્મદાશંકર પહેલાં ગુજરાતી ભાષાનો કોશ રચનાર એ પહેલા હતા. એના કોશનું નામ **કોશાવલી** છે. તે કવિઓને કાવ્યને અન્તે પ્રાસાનુપ્રાસ મેળવવા માટે ઉપયોગી થઈ પડે એવી દૃષ્ટિએ રચ્યો હતો. એની નોંધ કવિ નર્મદે પોતાના કોશમાં લીધી છે. હીરાચંદે ગુજરાતી ભાષામાં ઘણા ગ્રંથો લખ્યા છે, અથવા અનુવાદ કર્યા છે. તેનો સર્વથી મોટો ગ્રંથ તે "**અખાની વાણી**"નો સંગ્રહ છે. અખા ભક્તની વાણીનો પ્રથમ સંગ્રહ એમણે જ બહાર પાડ્યો હતો, અને એના પછી છપાયલા સંગ્રહો એની જ નકલ છે. એમણે પિંગલાદર્શ (હિંદી), મિથ્યાભિમાનખંડન, રસમંજરી, યોગવાસિષ્ઠ મહારામાયણના એક પ્રકરણનું ભાષાંતર, ભાષાભૂષણ, લુપ્તોપમા પ્રકાશ વગેરે ઘણા નાના મોટા ગ્રંથો રચ્યા છે. એમની ઘણી કવિતા અપ્રસિદ્ધ રહી ગઈ છે, કોઈ સારા છપાવનાર અને પ્રકાશકના અભાવે. આ કવિતાનો સંગ્રહ અમે પંડિત જ્યેષ્ઠારામ મુકુંદજી બુકસેલરની દુકાને જોયો હતો. કવિ નર્મદે "જૂના નર્મગદ્ય"માં એના વિશે લખ્યું છે. **સંપાદક**]

કવિતા વિષે પોતાનો મનમાન્યો વિચાર લોક સર્વનો ન જણાવાથી ને તે અદેખા નર્મદની ઉશ્કેરણીથી થયું એવું પોતાના મનમાં વસેલું તેથી તે ખીજાયો હતો ને તેણે હીરાચંદને ચઢાવી કેટલુંક મારી વિરૂદ્ધ મિથ્યાભિમાનખંડન ગ્રંથમાં લખાવ્યું.

[વચ્ચે એક વરસ કવિએ સુરતમાં ગાળેલું, અને તે જ વખતે મુંબઇમાં શેરસટ્ટાથી પાયમાલી થયેલી. એ વિષયની કવિતા નર્મકવિતામાં જોવી. આ એક વરસ કવિએ પોતાનું ઘર 'સરસ્વતી મંદિર' બંધાવવામાં ગાળેલું હતું.
સંપાદક]

સ્થિતિ—૧૮૬૬ ના સપટેમ્બરની ૨૩ મીએ સુરતથી મુંબઈ ગયો. અહીં રાતે ઘર સૂનું જોઇ દલગીર થયો, ને ખુરસી ઉપર બેસી ચાંદાની સામા જોતાં ખ્યાલો કીધા; " આહા સાચને જ આંચ છે; મને પોતાને પ્રતીતિ છે કે, લોક જેને સારા કહે છે તેના કરતાં હું વધારે સારો છું, દુર્ગુણી નથી; હા, પ્રસંગને લીધે ને દુનિયામાં સાહસ જિતે છે એ અનુભવથી હું સાહસ કરવા જાઉં છું, પણ પાછો વિવેકથી દબું છું, પણ પછી—ફિલસુફીની નીતિ જે દુનિયાની નીતિથી જૂદી જ છે તેનો વિચાર થાય છે, ને પછી સાહસ થઇ જાય છે. એ સાહસથી હું પસ્તાતો નથી, પણ તેનાં ફલ કેટલીક વાર દુનિયાદારીની રીતે જોતાં ખોટાં કહેવાય છે, તેથી કુદરતનો નિયમ સાચો કે દુનિયાદારીનો? એના વિચારથી જરા દલગીર થાઉં છું ખરો. રે જીવડા! આ વરસમાં તો કોઇ આફતની બાકી રહી નથી. તું પડું પડું થઇ રહ્યો છે—રે તું તો યુદ્ધમાં જખમી સીપાઇ જેવો મરીશ પણ તારા સંબંધીઓને દુઃખ પડશે તે—પણ જીવડા તેઓનાં કર્મમાં દુઃખ હશે તે કાંઇ મિથ્યા થવાનું છે? તારા ભોગ તેમ તેઓના ભોગ માટે જોયાં કર જે થાય તે." એ વેળા કવિતા લખવાનો જોસ્સો બહુ હતો, પણ એકદમ ટાઢ ભરે આવવાથી તે ન લખાઇ. સુતાં સુતાં "કોની આગળ કહીએ પ્રભુ પીડ," એ અને "ટકટક જોયાં કરવું" એ પદ સાંભર્યાં હતાં.

તા૦ ૨૪ મી—આખો દહાડો પૈસાની ઉદાસીમાં કહાડ્યો. દશ વાગે સુતો ત્યાં લગી લખ્યું.

તા૦ ૨૫ મી—કરસનદાસ માધવદાસને મળ્યો; એણે પોતાનું રડવું ને મિત્રોની બેવફાઇ કહી સંભળાવી; સોમનારાયણ વિષે સારો વિચાર ન જણાવ્યો.

કરસનદાસ માધવદાસ અને ભાઉ દાજી—તા૦ ૨૬ મી—ઉદાસીથી તાવ હતો. 'નર્મ ટેકરી,' 'શિકારી ને હરણી,' 'આખરે જુદાઇ,' 'આખરે ધૂળે ધૂળ,' 'દીનદયાલ જગતપાલ દેવા,' 'દયાળુ દેવ તું તો,' 'અંત લગી

રાખજે તું લાજ,' 'ઉઠતાં વારને ધન અર્થે બધે,' 'દુનીઆ જુઠાંની,' 'કુણુ હરિવણુ ઝુંપડી સૂધી કાઢે, સલામ રે દિલદાર,' વગેરે કવિતા, કરસનદાસ માધવદાસે બોલાવેલી તેની ઇચ્છાથી વાંચી સંભળાવી. દશ વાગે ડાકટર ભાઉ મળ્યા. એણે મોટમોટા પડ્યા તે વિષે દલગીરી જણાવી, પોતાની હાલત વિષે પણુ જણાવ્યું. તેણે કહ્યું, 'મારા સઘળા મિત્રો પડતી હાલતમાં આવ્યા છે. પણુ હું હેંસરાજ કરમસીને કહીશ તમને મદદ કરવા વિષે; હું દેશી રાજ્યોમાં તમારે માટે ભલામણુ લખી આપું; ઇચ્છા હોય તો ગાયકવાડને લખું.' મેં કહ્યું, 'તેમ મારો હાલ વિચાર નથી.' તે કોલાપુરના રાજાને મળેલા તે સંબંધી ને તેના ખટપટીઆ લુચ્ચા કારભારીઓ સંબંધી તેણે વાત કહી. મેં કહ્યું કે, 'તમે કોઇ મોટાં દેશી રાજ્યમાં દીવાન થાઓ ને જેમ નાના ફડનવીસ રાજ્યમાં કુશળ કહેવાયો તેમ તમે તે વિષયમાં પણુ પ્રખ્યાતિ પામો.' તેણે કહ્યું કે, 'તેમ કરવાની મારી ઇચ્છા નથી, રાજાઓ ચંચળ વૃત્તિના છે ને બ્રિટિશ રાજ્યવ્યવસ્થાના સાંધા સળેલા છે.' પછી મેં લેજીસલેટિવ કૌંસિલની વાત કહાડી. તે બોલ્યા કે, 'ત્યાં મારા વિચાર પ્રમાણે ઠરાવ થવાના નહિ, ઘણાના મત મારી સામે પડવાથી.' મેં કહ્યું કે, 'તમે હો તો દેશને ઘણું સારૂં.' પછી તેણે પોતાની પડતીના કારણુમાં ભાટિયાઓએ મદદ ન કરી તે વિષે કહ્યું. માત્ર રૂસ્તમજી ને એક બીજો એ બે જણે થોડીક મદદ કરી હતી.

સ્થિતિ—તા૦ ૨૮ મી બપોરે. "કોઇ કોઇનું નથી જ; જેને હું ખરી રીતે ને જે મને ખરી રીતે ચાહે છે, જેને સારૂ મેં ને મારે સારૂ જેણે તપશ્ચર્યા કીધી છે તે પ્યાર, તે તપશ્ચર્યા અને મનસા વાચા કર્મણા મેં શુદ્ધ દાખવેલી એવી મૈત્રી શું આ વેળા મને મદદ નહિ લાગે? પાસા અવળા જ પડવાના હોય તો ન લાગે. રે હું મરી જાઉં તો મારાં અબળ પ્રાણીઓ શું કરે? આહા તેઓના ઘા કોણુ રૂઝવશે? મારાં મોતથી તેઓને પ્રીતિથી, આસરા વનાની સ્થિતિથી ને લોકથી કેટલું દુઃખ થશે? હાય! શું મારા સંબંધમાં આમ તેઓ દુઃખ જ પામ્યાં? શું હું ખૂની? ખૂની તો નહિ, પણુ મને કાળે ખૂની ઠેરવ્યો. તેઓનું નસીબ, એ જ મારે કે'વું તો. ઓ કુદરત! તારા ઉપર મારી ભક્તિ ને તું જ શું બેવફા થઇ? 'પડ તો કહે સદા પડી.' હું તો સંતોષથી પડીશ કે મેં અપરાધ કીધો નથી. કેટલુંક કામ જે સાહસ કહેવાય, તે મેં ફિલસુફીથી કુદરતી કાયદા જાણી કર્યું છે. લોકની તો મને દરકાર નથી. સાહસથી સારૂં પરિણામ થાય તો તે વાહ વાહ કહે, ને નરસું થાય તો મૂર્ખ કહે. મારાં માણસને રણુમાં મૂકી જાઉં છું તેની સંભાળ તેનાં નસીબ લો કે ન લો, પણુ ઓ મારાં માણસો! તમે સહુ શૂરવીર ને ટેકીલાં છો

તમે પણ સાચવટથી ટેકમાં મરજો. કીધેલાં કામનો ગભરાટમાં પસ્તાવો કરશો નહિ. લોકના બોલવા સામું જોશો નહિ. જૂજ જુઠાણું ચલાવ્યું છે, તે સમયપરત્વે હતું. શઠની સામાં શઠ થવું પડયું હતું, એ મધ્યમ નીતિ છે, પણ તે ઉત્તમ પ્રેમનીતિને અર્થે.

તા૦ ૩૦ મીએ સુરત ગયો.

સ્થિતિ—અક્ટોબર બીજી, ભાદરવા વદ નોમ—૬ થી તે ૧ લગી—દલગીર હતો. ગયાં નવ વર્ષમાં મેં શુદ્ધ સ્વાભાવિક કે અંતઃકરણની પ્રેરણા વિરુદ્ધ કોઇ કામ કીધું નથી. જે મોટા દુઃખમાં ભાગ લેનાર ને મને દિલાસો દેનાર ને જેના ઉપર મારો ભરોસો તેઓથી જ મારૂં મન દુખાયું ત્યારે બીજું હતભાગ્ય કીઉં? સહન કર, સહન કર, સહન કર! ધિક્ જગત્ રે ધિક્, મને જ દુઃખ દુઃખ દુઃખ—હું લખી શકતો નથી.

વીરચંદ ને પ્રેમચંદ—તા૦ ૪ થીએ નડીઆદ જતાં વીરચંદ આગગાડીમાં મળ્યા. તેણે મુંબઇની ભૂંડી હાલત કહી સંભળાવી; પ્રેમચંદના માનલોભની વાત કહી—કે જમસેદજી મારી આગળ કોણ? જો મારી સામા થયા હોત તો હું શેરનો ભાવ હજી ઘણો વધારી દેત—રૂનો ભાવ વધે તો ૭ મહિનામાં શેરનો વધારી દેત, ઇત્યાદિ. હું નવ વાગે રાતે નડિયાદ પોંચ્યો—ગિરધરલાલને મળ્યો. એણે દિલાસો દઇ હિંમત આપી.

તા૦ પાંચમીએ 'હિંદુની પડતી' વિષે નડિયાદ સ્કૂલમાં ભાષણ કીધું; સાંભળનાર બસે ઉપર હતા. દેસાઇ ભાઉ સાહેબ, ઓધવરામ મામલતદાર, જમીએતરામ મુનસફ વગેરે હતા. ભાઉ સાહેબના સગરામમાં બેસી તેની વાડીએ ગયો, ને સંતરામનું સ્થલ જોયું. રાતે કામનાથ ગયો. જમીએતરામના શગરામમાં.

તા૦ ૭ મીએ ગિરધરલાલે રૂ. ૫૦૦) કોઇની પાસેથી લેઇ મને આપ્યા ને હું સુરત આવ્યો. રાતે નરભેરામ મનસુખરામે મકનરામને કહ્યું કે, કવિને રૂ. ૬૦૦) આપજે. એ રીતે ગિરધરલાલે ને નરભેરામે રૂ. ૧૦૦૦)ની જોગવાઇ કરી આપી. એ રૂ. ૬૦૦) આઠમીએ આપ્યા.

સ્થિતિ—૨૯ મી અક્ટોબર. ટાડનું રાજસ્થાન વાંચવાથી મેવાડ જવાની ઉત્કંઠા થઇ. અફસોસ! જાળમાં પડેલા પક્ષી જેવો છું—કરજથી છૂટયા વિના ક્યાં જાઉં? જ્યાં કોઇ સ્નેહ પ્રીતિ સમજતું નથી ત્યાં મારે શું કરવા રેવું? જ્યાં કોઇ શૂરપણું પુરુષાર્થ સમજતું નથી ત્યાં મારે શું રેવું? વાણીઆઓ વેપારધંધો કરનારા ને બ્રાહ્મણો બુદ્ધિભ્રષ્ટ, નીચા ને જજમાન ઉપર આધાર રાખી બેસી રહેલા છે. ગુજરાતમાં મારે તો રજવાડામાં જ જઇ રેવું ને ત્યાં જ મરવું. તે વાત તો પછી, હાલ જઇને જોઉં તો ખરો. રજવાડામાં રવાથી ત્યાં હું સુધારો દાખલ કરી શકીશ.

સ્થિતિ–૧ લી નવેંબર–નાનાભાઇ રૂસ્તમજીનો કાગળ કે મારાથી નાણાં સંબંધી તજવીજ નથી બનતી. હું દલગીર થઇ રહ્યો.

કવિની સરખામણી

અવકાશ તરંગ–૨ જી નવેંબર.

નવલરામ–કવિની કવિતા વાંચવાથી મનમાં જે ચિત્ર પડે છે તેનું વર્ણન કરો.

વિજયાશંકર–સફેદ ઘેરી ચાંદની પણ જરાક જ ફીકી હોય, એવું આસમાન દેખાતું હોય, તાડનાં ઝાડ ઉંચાં આવી રહ્યાં હોય, એની પાછળ ઝાડના ચાર પાંચ જથા હોય, સરોવર ખળી રહ્યું હોય, મોટાં કુમુદ ખીલ્યાં હોય એવા રંગમાં પ્રૌઢ રીતવાળો કોઇ પુરૂષ બેઠો હોય ને વચમાં વચમાં ઉશ્કેરાતો ને પાછો નિરાશ થતો એવી સ્થિતિમાં હોય તેવું.

નવલ–ઉપરનું તો ખરૂં જ–વિશેષ કે ગુલાબ કે મોગરાના છોડવામાં બેઠેલો, પણ નજર મોટાં ઝાડ વડપીપળા તરફ કરતો હોય.

મધુવછરામ–એક મેદાન હોય, થોડા થોડા લીલા ચારાથી ભરપૂર હોય ને આસપાસ ઘટાદાર પણ વચમાં થોડાં ઉંચાં એવાં ઝાડ આવી છાયી રહ્યાં હોય, આકાશ સ્વચ્છ પણ પૂર્વ તરફ સૂરજ અસ્તથી જેવો સિંધુરીઓ થાય છે એવું, મેદાનમાં વચ્ચે નદી વહેતી ને પછી નદીથી આઘું થોડે એક પેલાં ઝાડ તરફ જોઇને વિચારમાં રમતો હોય.

નર્મદા–વિશાળ ખેતર, તેમાં વચમાં વચમાં પીળા રંગના મેરાબના ઘેરાવાળી વાડીઓ–કિત્તા હોય જેમાં ફૂલ સફેદ કે સિંધુરિયાં ને પીળાં બ્હેંકબ્હેંક થઈ રહ્યાં હોય, એક ઝાપટું આવેથી જમીન ધોવાઈ ગઈ હોય ને મેદિની કંઇક ફીકી પણ સ્વચ્છ હોય તેવા દેખાવમાં કોઈ પુરૂષ પ્રૌઢ રીતે ઉંડા વિચારમાં મગ્ન હોય પણ એકાએક પાસેના ઘાસનો ભડકો થયેથી ઉશ્કેરાયલો પણ પછી પ્રેમમાં ગળેલો હોય તેવો.

નવલરામ–હવે કવિતા ઉપરથી પ્રેમાનંદનું સ્વરૂપ ને ગુણનું વર્ણન કરો.

મધુવછરામ–ઉંચો, જાડો નહિ, તેમ પાતળો નહિ, શાણો પ્રૌઢ દેખાવનો (commanding), આંખ ચંચળ નહિ, ઘણી જ લાગણીવાળો, એકને જ વળગી રહેલો, ઘઉંવર્ણો.

વિજયાશંકર–મહેતાજી જેવો લાંબો પાતળો પણ ભરાવ; ઠાવકો પ્રૌઢયુક્ત આંખ વિશાળ. (નરભેરામ પ્રાણશંકર જેવો) ગંભીર પણ અંદરથી દરદવાળો, કાને નિમાળા, નાક જરાક લાંબું, છાતીએ નિમાળા, પ્રૌઢ દશા બતાવતા, ઠાવકી મશ્કરી કરનારો.

નવલરામ–ઉંચો ભરેલા શરીરનો, દ્રષ્ટિ સ્થિર, વિવેકી, બટકબોલો નહિ, પણ ચાહે તાહારે ભાષામાં સઘળા રસ આણી શકે, એક પર પ્રેમ રાખનારો, શુદ્ધ મનનો, બેવફાનું દુઃખ ન જોયલું, આંખ લહેરમાં, ઘણો નિશો કરનાર નહિ.

નર્મદા–દ્રષ્ટિ ઘણી ચંચળ નહિ એટલે તેની લાગણીઓ તેની આંખ ઉપરથી ન જણાય. તેની લાગણી બ્હાર પડતી નહિ પણ સરખી એટલે માંહેની માંહે સઘળે ઠેકાણે કુદી રહેલી; કંઇક સખી ભાવ ખરો; પ્રેમમાં ગગળે તે વેળાએ રડે તેવો ખરો (મણિનંદ પંડયા જેવો), પાકી ઉમરે એકધ્યાયી પણ જુવાનીમાં પ્યાર કરેલો: ઉંચો, કદાવર, ઘઉંવર્ણો, ઘણો નિશા કરનારો નહિ,–એણે પ્રીતિનું સુખ જ જોયલું.

હવે સામળ વિષે.

એ જાડો, ઉંચો અમદાવાદી રોંચા સરખો, આંખ ચપળ, શઠ, મુંછાળો, જે આવે તે ખપે તેવો, લોકમાં મળીને રહેનારો.

નવલ–મીચેલ આંખ, આનંદી સ્વભાવ, નાટકી, દ્હીદાર, ઘણો પોચેલો, જાડી રસિકતાવાળો, ઘણો અનુભવી, બીજાને ભોળવી નાંખે તેવો, પોતાનું મહત્વ બતાવતાં સારૂં આવડે, પ્રેમબાજી કરેલી, બેવફાઇ ઘણી અનુભવેલી, પણ હસવામાં કાઢી નાંખેલી.

વિજયાશંકર–પુખ્ત દેખાવ, લાંબો પોળો, ધોતીઉં દૂટી નીચે પેરે તેવો, પેટ જરા આગળ પડતું, છાતીએ નિમાળા, મૂછ મોટી, દાંત સફેત, વધારે શ્યામતાવાળો, આંખ ચપળ વિશાળ ધુરકાવતી, અવાજ જાડો તડાકા લે તેવો, શઠ, લુચ્ચો ગરબડીયો.

નર્મદા––લપજછપજીઓ, ગેટકી, અંગે કાળાશ જરા વધારે, નિમાળા છાતીએ, નિશા કરનારો, વિષયી, પ્રેમમાં સમજનારો ખરો પણ જાતે ઇશકી ખરો, ભોગી નહિ, ચપળ, પ્રેમાનંદ કરતાં વધારે બ્હાર પડતી લાગણીનો, અભિમાની, ડુમસા હાથ લાંબા લાંબા કરીને કવિતા વાંચવાવાળો, એને દુઃખ નહિ.

હવે દયારામ.

આંખ ચંચળ, લાગણી બતાવનારી, મારકણી; લાગણી ચેરાપરથી મોહ પમાડે; સખીભાવ ખરો; પ્રૌઢપણામાં રહ્યો છતે હાસ્ય કરનારો, ને તેમાં મોટાઈ માનનારો; શઠતા ખરી, પણ વળી ગગળી પણ જાય.

નવલ–આંખ ચંચળ, તેમાં ઉપજેલા અનુભાવને વિવેક ડબાવતો; લાગણી બેવફાઇથી શઠતાને પામેલી, ધર્મનો જુસ્સો ખરો.

કે૦–(એ કોણ?) શુદ્ધ મન નહિ, પ્રેમી ખરો ને શઠ પણ ખરો; કબીલામાં રાખવા લાયક નહિ, આત્મસ્તુતિ ઘણી ગમે; આખો દાડો વિચારમાં, દોસ્તીમાં સાચો.

વિજયાશંકર—અંશી, વિવેકી, જુસ્સાવાળો, મર્દ બહાદુર, સચ્ચાઇવાળો, ઘણા વિષયનો અનુભવી, પોતાને વિષે આનંદી, કોઇ ગમે તે કહો, દર્દી, મસ્તપણાને લીધે ગરબડિયો; નિસાસા મુકનારો, કોઇ કદર કરનારૂં નહિ તેથી માનની દરકાર રાખનારો.

મધુવછરામ—દર્દી પણ કંઇક શઠ બનેલો, જોસ્સાવાળો, પોતાને વિષે બહુ બોલનારો, લોકને તદબીરથી રીઝવતો, સૃષ્ટિસૌંદર્યમાં મસ્તઃ કોઇનો તુંકારો ન સાંભળે તેવો.

નવલ—મનની ઘણી સ્થિતિ જણાય છે. ઉગતી જુવાનીમાં લાગણી ઘણી, બારીક ને ઉંચી, માનનો અત્યંત ભુખ્યો; શુદ્ધ પ્રેમમાં મસ્ત; સ્વભાવમાં રંગીલો, નિર્લોભી, માનને અર્થે ચારે ભેદ વાપરનારો, અનુભવી,—પાંચ વરસનું એક વરસમાં જાણતો, પ્રીતિમાં પોતે શુદ્ધ છતાં ઘણી બેવફાઇમાં રીબાવાથી લાગણીઓ નરમ પડેલી, જ્ઞાન તરફ વધારે જવા માંડેલું, શઠતાને મન પોંચેલું પણ વચમાં વચમાં મૂળનો જોસ્સો બાગ પડતો. એ શઠતાનો દોષ પ્રકૃતિ ઉપર મુકામ કરતાં માઠા અનુભવ ઉપર વધારે આવે, તે માઠાં પરિણામ વાંચનારને દયા ઉપજાવે છે. સ્વતંત્ર મનનો, ગરબડીઓ નહી ને વિવેકી, ગરબડ પણ વિચારની સાથે જ નિકળેલી, શૂર ખરો.

નર્મદા—શુદ્ધ ને ઉંચો પ્રેમી—પ્રથમ પ્રેમમાં મસ્ત પણ પછી શઠ થયલો એમ તો નહીં, દુઃખથી વિવેકી થયલો અથવા બેદરકાર થયલો. તેની પ્રીતિમાં કપટ છળ તો નહીં જ. સ્થિતિ ઘણી બદલાઇ, ઘણું અનુભવેલું તેથી દુનિયાનો ઢોંગ સમજી બેદરકારી રાખતો. પ્રથમ માનનો ભૂખ્યો, પાછળ નહિ; કદર ન થયેથી તેથી અકળાયલો; કુદરતના નિયમો ને જ્ઞાનીની સમજે નીતિમાન, પણ દુનીઆની રીતે અનીતિમાન; પ્રસંગ ઘણા માથે પડેલા તેથી ગરબડિયો, પણ જે વેળા જે કામ કરે તે સૌજ વિચારવાળુંજ કરે ને સ્વતંત્ર રીતે. લોક સારૂં માઠું કહે તેની દરકાર નહિ. કુલીન ને શૂરો, મનમાં ગુંચવાડો નહિ, સ્વચ્છ સમજનો; બારથી ફક્કડ પણ મહીંથી દુઃખી, પણ તેનું સમાધાન પોતાનીજ મેળે કરતો. લાગણીવાળો—પ્રથમ મસ્ત, પછવાડેથી વિવેકી ને ઠંડો દેખાતો. લુચ્ચાઇને ધિકારનારો, મમતી ખરો.

[નોંધ—કવિએ આ વિષયમાં ઘણું લખ્યું છે, તે હવે પછીના ભાગમાં છપાશે. સંપાદક]

હાંસજી*—નવેમ્બર છઠ્ઠી, પૂતળાં સારાં નોતાં. પાછળ મૂકેલો પડદો ઠીક હતો—રંગના પટ ચિત્રને આપેલા તે જાડા હતા. ને ચિત્રની લેખણી પણ બારીક નોતી; ઘણા દેખાવને એકઠા—ભેળા નાંખ્યા હતા. તેઓ એક બીજા સાથે મુકેલા તેની સીમા લીટીઓ સારી દેખાતી નહીં.

સ્થિતિ—નવેમ્બર ૧૦ મીએ અમરેલી દોસ્તદારોએ બોલાવેલો ત્યાં ગયો. ગયો તેની આગમજ દલગીરીમાં હતો, એતરો જોઈ ખુશ થયો. પણ વળી દલગીર થયો કે કુદરત તું શું કરવા એવા માણસોના સંબંધમાં આણે છે, કે પછવાડેથી તેઓ મને દગો દે છે? જગત વિશ્વાસ ઉપર ચાલે છે, તો હવે કોનો વિશ્વાસ કરવો ને કોનો ન કરવો?

તા૦ ૧૧ મી નવેમ્બર **મહીપતરામ**—મળવા આવેલા તેની સાથે સુધારા સંબંધી ને સુધારા વિરૂદ્ધ બોલનારાઓ સંબંધી વાતો થઈ.

તા૦ ૧૩ મી નવેમ્બર—મુંબઈ ગયો.

તા૦ ૧૪ મીએ. **લખમીદાસ ખીમજી** એ નાનાભાઇના છાપાખાનામાં મને મળ્યા. તે બોલ્યા કે "અમે દલગીર છીએ કે તમે તમારી આબરૂને ને સુધારાવાળાના કામને ધોકો પોંચાડો. મારી વાતમાં લોકને સમજ પડશે જ નહિ." હું ખુશ છઉં લોકનો ઢંગ જોઇને, લોક આજ આમ બોલે ને કાલે બીજું. તે બોલ્યા કે "ફ્રામરોજ ને બીજા તમારે માટે ઉંચું મત ધરાવે છે, પણ હાલ તેઓ દલગીર છે કે તમે તમારો ભાર બોજ નથી રાખતા. તેઓ કહે છે કે તમે દારૂ પીઓ છો." પણ (ધારો કે) દારૂ પીધાથી મારો ભાર બોજ શો ઓછો થયો? કોઇ વાર ચાર દોસ્તમાં મને કોઇ દારૂ પીવાને કહે છે તો હું પીઉં છું—દારૂ પીવામાં બાધ નથી, એમ જણાવવાને. બાકી કોઇ દાડો તનદુરસ્તીને માટે કે શોખને માટે પીતો નથી. વસ્તુતઃ હું પીતો જ નથી. મને એનું વ્યસન નથી. હવે મારા એમ કરવાથી લોકમાં બગાડો થશે એમ કેટલાક કહે છે, પણ તેઓ ઉંડો વિચાર કરતા નથી. દારૂથી બગડેલી હાલત સુધારવી સેલી છે? વળી શું મારા ઉત્તેજન આપવાથી લોક તેમ કરશે? કેળવણી વધશે એટલે લોક દારૂને ઘી તેલ રીતે વાપરશે. (આજ લગીમાં તેના આપેલા માત્ર રૂ. ૨૫૦, બસેં પચાસ જ છે.)

તા૦ ૧૫ મી—મને કુટુંબ બેને ખાવે પીવે હેરાન જ થવાનું થશે શું? મારામાં જોસ્સાઓ શા માટે મુકયા હશે? મને ગ્રંથ લખવાનો ધંધો કેમ સરજીત? અને તે જે કાળે લોકમાં કદર નહિ તે કાળમાં? મનનું દુઃખ

* હાંસજી—એ તે સમયનો એક ચિત્રકાર હતો. એની કલમ જયપુરી શાળાને મળતી હતી. સંપાદક.

બાહારગામ ફર્યા વગર મટવાનું નથી. ભાઉને મળ્યો; પ્રેમશૌર્ય ગાઇ બતાવ્યું ને તે ઘણા જ પ્રસન્ન થયા.

તા૦ ૧૬ મી—સમયના બનાવ ઉપર જ આધાર છે—ઉદ્યોગથી સિદ્ધિ નથી, સદ્ગુણથી સિદ્ધિ નથી. નેળની ગાલ્લી નેળમાં નહિ રહે, મદદ મળશે કે ફાંફાં મારી મારીને બેમાંથી એક પણ થશે જ.

તા૦ ૧૭ મી—હીરાચંદ કવિ આવેલા. તેણે વાતમાં કહ્યું કે, આજ કાલ ઉત્તર હિંદુસ્તાનમાં કોઇ સારો કવિ નથી. કચ્છના રાવે દલપતરામને બાર કોરી આપી હતી.

સ્થિતિ—૧૯ મી—મનમાં વેદાંતજ્ઞાન ને પ્રપંચરણમાં જોદ્ધાપણું, એમ જે વર્તે તે જ જગતમાં ખરૂં સુખ ભોગવે.

માણસ ગમે તેટલો ઉદ્યમ કરે, વિદ્યાભ્યાસ કરે, ખુશામત કરે, તો પણ તેનું ધાર્યું તેને ન જ મળે. માણસ ઘણા છળભેદ કરે છે, પણ કોઇક જ ફાવે છે, ને ફાવે છે તો તે નિભી શકતો નથી. સત્યવાદી સુખી છે, એમ પણ નથી; માણસનામાં કેટલીક ખાશીઅત પોતાની સ્થિતિ સુધારવાની છે, પણ તેથી જ તે સુધરે છે એમ નથી. જોગવાઇ ઉપર, પ્રારબ્ધ ઉપર કે ઇશ્વરની ઇચ્છા ઉપર આધાર રહે છે. બનાવ તથા હાલત માણસને ને ઢોરને તાબે રાખે છે. માણસ ધાર્યો ઉદ્યોગ ને ઢોર પ્રેરિત ઉદ્યોગ કરે છે: માણસ ભૂલે છે, ઢોર ભૂલતું નથી પણ સિદ્ધિનું કોઇને નક્કી નથી. પશુ ઉપર આપણે હુકમ ચલાવીએ, પણ આપણા ઉપર બનાવ હાલત હુકમ ચલાવે છે. માણસે કાયદા કીધા છે તે ઠીક છે પણ તે માણસના જ છે. ઇશ્વરની સત્તા માનીએ તો જે માણસને છેક જ ગરીબીમાં મુકયો તેનામાં ઉંચા જોસ્સા શા સારૂં મુકયા? તે ઉંચી સ્થિતિમાં આવે તેને માટે કે તેને રીબાવાને? એમ તો તેનામાં દયા નથી, અજાણતાં તો તેનામાં જ્ઞાન નથી. દુનીઆમાં ફાવે છે કોનું? લુચ્ચાનું. બાકી સત્ય ને સદ્ગુણ એ બધા ઠાઠ છે, મનના માન્યા છે. કર્મનાં ફળ કયાં પામે છે?

શાસ્ત્રી વ્રજલાલ કાલીદાસ અને કવિ નર્મદ

શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ—રાતે આવ્યા મળવાને—ગિરધરલાલને ત્યાં મુકામ હતો ત્યાં ચૂનીલાલ મહેતાજીએ શાસ્ત્રીને પૂછયું કે, નર્મદાશંકરની કવિતા સારી કે દલપતરામની?

શાસ્ત્રી—નર્મદાના ઉત્તરના લોકને દલપતરામની ને નર્મદાના દક્ષિણનાને નર્મદાશંકરની.

નર્મદા૦—શાસ્ત્રી હું તો જાણું છું કે તમને તો દલપતરામની જ સારી લાગે છે.

શાસ્ત્રી—હા; તમારી મેં જૂજ વાંચી છે ને તેની મેં બહુ વાંચી છે.

નર્મદા૦—લોકની પ્રસન્નતા ઉપર કવિતાનું મૂળ નથી પણ લોકમાંના વિદ્વાન વર્ગના વિવેચન ઉપર છે. ગાગરીઆ ભટને પસંદ કરનારા ઘણા હોય છે ને પુરાણીઓને થોડા, માટે શું પુરાણીઓ સારા નહિ?

કવિતાનું તોલ કરવાને ઉત્તમ કવિતા તે શું એ જાણવું, ને પછી તે ધારણ પ્રમાણે બીજી કવિતાઓને તોલવી. ઉત્તમ કવિતામાં શું શું જોઇએ?

શાસ્ત્રી—રસ, અલંકાર, સાહિત્ય, પિંગળ, વ્યાકરણ.

નર્મદા૦—જાણે ૧૦૦ ગુણ ઉત્તમ કવિતાને તો તેમાં રસને કેટલા ગુણ આપો?

શાસ્ત્રી—પચાસ, ને બાકીનાને સમભાગે. મહીપતરામ કહે છે કે, નર્મદાશંકર ગુજરાતી ભાષા નાગરની સારી કહે છે, કેમકે તે નાગર છે.

નર્મદા૦—હું નાગરની ભાષા સારી કહું છું તેનાં કારણો જોવાં, ને ખોટાં ઠરે તો હું પક્ષપાતી. મારાં સાચાં બોલવાને અભિમાન કહેવું એ મજાક છે.

તા૦ ૨૨ મી નવેમ્બર સુરત આવ્યો.

પરાગજી વલ્લભરામ આવ્યા—લેખનશુદ્ધિના નિયમ કરતી વેળા કવિ દલપતરામ ડીપુટીઓથી જૂદા મતના પડ્યા હતા, ને તેનું મત કોઇએ કબૂલ ન રાખ્યું તેથી તે ચિડાયા હતા. વળી ૧૮૫૯ માં મુંબઇમાં ચાલેલી તકરારમાં માનભંગ થયું હતું એમ સમજેલા તેથી ચિડાયા હતા. એ બે કારણથી તેણે હીરાચંદને તમારે માટે લખવાને ઉશ્કેર્યો હતો. હોપે હીરાચંદને પાકશાસ્ત્ર રચવાનું કહ્યું હતું; તે તેણે રચી ભોગીલાલને દેખાડ્યું, એણે નાપાસ કર્યું, તેથી હીરાચંદે ચિડાઇ મિથ્યાભિમાનખંડન બનાવ્યું.

સ્થિતિ—તા૦ ૨૩ મી—નવા ઘરની વાડીમાં—અરે હું આ સાચા ગુલાબના ઝાડ જેવો છું, નિર્મલ છું, એ કાંટાથી ભરપૂર છે તેમ હું ઉપાધિના કાંટાથી વિંટલાયલો છું, જ્ઞાની છું એટલે આધિ નથી અને મને વ્યાધિ પણ નથી. એના ઉપર ફૂલ હોય ને તે શોભે તેવો હું જસ ને સ્વસ્થતારૂપી ફુલના મુગટથી કયારે શોભીશ? પણ આ જગતમાં કંઇ ઉપાય નથી. તું એની કેમ કાળજી રાખે છે? જ્ઞાની થાને. જ્ઞાનથી દુઃખ વિસરૂં છું, પણ લાગે છે ઘણું. લાગવું એ સ્વાભાવિક છે. મારામાં સદ્ગુણ છે ત્યારે દ્રવ્ય વગેરેથી અડચણ શા માટે? શું તારામાં ને બીજામાં નથી? માણસ માત્રને સારી ને માઠી બંને હાલત હોય છે. એ સઘળું ખરૂં, પણ સદ્ગુણથી થનારા આનંદ, તેને ઝીલનારી જે સ્થિતિ તે નથી, તેથી સ્વાભાવિક દુઃખ થાય છે. અભિમાન નથી પણ આનંદને ઝીલનાર હાલત નથી તેનો બળાપો છે.

પોતાની કવિતા વિશે કવિના વિચારો

તા૦ ૨૨ મી ડિસેમ્બર 'હોમર'ના ૧૦૦ ગુણ લેતાં

અવકાશતરંગ	પ્રેમાનંદ	નર્મદાશંકર	દયારામ	સામળ
નવલરામ	૬૦	૬૦	૩૫	૨૦
વિજયાશંકર	૬૦	૬૫	૪૦	૩૦
મધુવછરામ	૭૫	૬૦	૫૦	૨૦
પછી મને પૂછ્યું ત્યારે				
નર્મદાશંકર	૬૦	૭૦	૪૦	૩૦

રાતે—

પ્રેમાનંદની ભાષા–વિષય સાંસારિક હોવાથી ને વિચાર સાધારણ હોવાથી, એટલે ઝાઝા ઉંચા નથી તેથી ને દેશીમાં હોવાથી સરળ છે.

મારી ભાષા–લીધેલા વિષયમાં નવી જ હોવાથી વિચાર ઘણા ઉંચા, ને ભારે હોવાથી અક્ષર કે માત્રામેળ છંદમાં હોવાથી સરળ નથી.

તેની ભાષા એક સરખી સર્વત્ર છે.

મારી ભાષા તેવી નથી, બહુ ભાષાના શબ્દો છે. મારા અર્થરસને સંસ્કૃત શબ્દ કરતાં ફારશી શબ્દ બરોબર દેખાડે તો હું ફારસી લખું જ. ભાષા ઘડાય છે. હજી મારા ગદ્યની ભાષા સૌ જ વખાણે છે ને તેના જેવી બીજી કોઇની નહિ એમ કહે છે. મારી કવિતાભાષા માપના બંધનથી, ગુજરાતીમાં પુરતા શબ્દ ન હોવાથી, સુધારાના અણુછેડાયલા વિષયને માટે પહેલી જ વાપરવામાં આવતી છે તેથી ગદ્ય જેવી સુંદર નથી. વાંક કવિનો નથી પણ ભાષાનો છે. લોક કવિતા વખાણે છે પણ તેની ભાષાને નહિ. એ ખરૂં છે, પણ કેટલાક સમજે છે કે મારા વિચાર સુંદર ભાષામાં દેખડાવવાની મારામાં શક્તિ નથી ને કેટલાક સમજે છે કે મારી ભાષા સુંદર નથી; પણ એ બોલવું ખરૂં ક્યારે કે જો મારી ગદ્યભાષા સારી ન હોય તો. બન્નેમાં મારી જ ભાષા છે.

સ્વભાવોક્તિ ને બાહ્ય વર્ણન રસભરી વાણીમાં. વળી ભણેલા કે અનુભવીજન સમજે તેવાં વર્ણન ચિત્ર, સ્થિતિ સ્વભાવ કે જે લોકભાષામાં સારી રીતે મુકાયજ નહિ તે–એ સૌંદર્ય મારી કવિતામાં છે.

રીતભાતનાં ને સ્વભાવનાં વર્ણન ને સ્થિતિનાં ચિત્ર અતિશયોક્તિએ રંગેલાં ને લોકભાષામાં મુકાયલાં, એ સૌંદર્ય પ્રેમાનંદની કવિતામાં છે.

મારી કવિતા સ્પષ્ટસૂચક છે અને તેની સ્પષ્ટજ છે.

તેની કવિતા હસતીજ છે, ને મારી હસતી, રડતી, ડાહી, છટેલી, શૂરી, જ્ઞાની છે.*

---

* વિશેષ માહિતી માટે કવિનો "મારી કવિતા વિશે મારા વિચાર" એ નામનો લેખ વાંચવો. સંપાદક.

સ્થિતિ—તા૦ ૩૧ મી ડીસેમ્બર—પૈસાની તંગી કેટલી મને લાગે છે? જરૂર જેટલી માટે પણ તંગી? એવા એવા ખ્યાલો આવ્યાં કીધા.

૧૮૬૬ ના સપ્ટેમ્બરની ૨૩ મીથી તે ડિસેમ્બર આખર સુધી.

અવકાશતરંગ—૪, ૫, ૬, ૭, ૧૦

કરસનદાસ માધવદાસ—૨

પ્રેમચંદ—૩

ભાઉ દાજી—૨

લખમીદાસ ખીમજી—૮

વીરચંદ—૩

વ્રજલાલ કાળીદાસ—૯

સ્થિતિ—૧, ૨, ૩, ૪, ૭, ૮ ૯, ૧૦, ૧૧

હંસરાજી—૭

હીરાચંદ કાનજી—૧, ૧૦

ઈ. સ. ૧૮૬૭ના વર્ષના બનાવોની નોંધ

૧૮૬૭ જાનેવારી ૧ લી

તરંગ—૧ જંગલી જોસ્સો તે લસ્ટ; સંભોગ—ઇચ્છા ને સમજ સાથે જોસ્સો તે પ્રીતિ—લવ.

૨ માયાનો ઉતારો માયા છે.

૩ મેં કેફની નિંદા કીધી છે તે વ્યસનીઓને માટે, પ્રસંગે કેફ કીધો ને તે જીરવાયો તો હરકત નથી. હજી લગી મને ફરીઆદ કરવાનું કારણ મળ્યું નથી. મને તો મજોજ પડી છે. વસ્તુ ઉપર આધાર નથી, વાપરનાર ઉપર છે.

૪ સ્વપ્નમાં, નિશામાં, ઉંડા વિચારમાં, ઉભરામાં પછી દલગીરીમાં, ધ્યાનમાં ચિત્રના રંગની જે તેજી ને ભભક તેવી બીજી વેળા ક્વચિત જ.

૫ જગતમાં પ્રેમદેવ ને પ્રેમરાક્ષસો છે. હું પ્રેમદેવનો ભક્ત છું. પ્રેમના ઉપાસક આફતમાં આવી પડે છે. કોઈ કમોતે મરે છે, ઘણાક હેરાન થાય છે, તો પણ તેઓ સાચા ભગત દાખલ મનાય છે. પ્રેમરાક્ષસના ભગત સુખ પામે છે પણ તેને કોઈ સંભારતું નથી અથવા તેનું નામ સાંભળી ધિક્કારે છે.

સ્થિતિ—તા૦ ૧૬ મીએ મુંબઇ ગયો. ભાઉના કહેવાથી હંસરાજને તા૦ ૨૨ મીએ કાગળ લખ્યો, પણ ત્યાંથી ના આવી. એજ તારીખે ડા. વિલસનને મળ્યો, ને કરનલ બાર ઉપર ભલામણ માગી. તેણે કહ્યું કે તે સંકોચિત મનનો છે, પણ હું વળી એવી રીતે લખીશ કે ગાયકવાડ કંઇ કરે; તમારે માટે તો તે મંજુર રાખે—પછી મેં તેમ લખાવ્યું. ફરીથી વિલસન પાસે ગયો જ નહિ.

તા૦ ૨૪ મીએ સુરત આવ્યો—દુલભરામે આપેલી રકમ પાછી માગી તેથી પાછો ગભરાટમાં પડ્યો. વિજયાશંકર મર્યાદા બ્હાર જાય છે એવું ઘણુંક સાંભળ્યું.

મેવાડ વડોદરે જવાનો મુદ્દો; નાણા વના જવાય નહિ તે વિચાર; ઘર સંબંધી કલહ;—થવાનું હશે તેજ થશે.

તા૦ ૧૯ મી ફેબરવારીથી તે ૨૪ લગી મુંબઈમાં.

તા૦ ૨૨ મીએ જામનગરના બંગાળી સ્વામીને મળ્યો.

તા૦ ૧ લી માર્ચ ૧૯૨૩ મહાવદ ૧૦ શુક્ર, નાણાના ગભરાટમાં એકેક ગ્રંથ લખવાનું મન થાય સુધારા ઉપર, પ્રીતિબળની વાત લખવા ઉપર. કંઇ બને નહી. વિક્રમે શક ઉપર જીત મેળવી તેનું કાવ્ય કરવાનું મન થયું.

તા૦ માર્ચ ૧૦ મી—પરમાર **આલમભાઇ બડામીઆ** રહેવાસી કસબે રાણપોર પરગણે ધંધુકા જિલ્લા અમદાવાદ, મને મળવા આવ્યા. બોલ્યા કે અમે મુંબઇ જોયું. પૈસો, કારખાનાં જોયાં. વિદ્વાનો જોયા, પણ માણસાઇ ન દીઠી. તમારી રીતભાત ઘણી જ સારી છે. પછી મેં કવિતા વાંચી હતી, તેઓ ખુશ થયા ને તેઓ તલવાર મોકલવાના છે.

તા૦ ૧૫ મીએ વડોદરે ગયો નરભેરામ મનસુખરામને માટે; તે ન મળ્યા; ૧૬ મીએ વાસદ—ત્યાંથી વડોદરે પાછો, ત્યાંથી મેમદાવાદ—આગગાડીમાં કાજી શાહુદીનને મળ્યો ને ઉપરથી વાતો કરી, પણ મેં જરાએ રાજમાં નોકરી લેવાની ખાએશ જણાવી નહિ. આણંદના ઝવેરભાઇને દીઠા. પછી વિશ્વનાથ (મેવાડા બ્રાહ્મણ) ઇન્સ્પેક્ટરને ત્યાં મુકામ રાખ્યો. નરભેરામને મળી નર્મકવિતા માટે વાત કરી.

તા૦ ૨૪ મી માર્ચથી તે ૨ જી એપ્રિલ સુધી મુંબઇમાં—નર્મકવિતા બંધાયલી નોતી.

સને ૧૮૬૫ ની પહેલી જુલાઇથી સુરતમાં રેવા માંડ્યું. પછી ઘર બંધાવ્યું તે તૈયાર થયું ૧૮૬૬ ના સપટેંબરમાં. કવિતાઓ લખી ગદ્ય લખ્યું—હકીકત મેવાડની, સુરતની.

નાણા સંબંધી પરાકાષ્ટાનો ગભરાટ
જ્ઞાતિ સાથે ટંટો
ઘરનાં માણસોની ઉચ્છૃંખલ વર્તણુંક
તબીએત સારી નહિ
નાનાભાઇ છાપનારની ઉતાવળ નાણાંને માટે

તા૦ ૧૯ એપરીલથી તે ૧૫ મી જુલાઈ લગીમાં એક સર્ગ વીર-સિંહનો લખ્યો.

હોપ સાહેબની મુલાકાત

તા૦ ૨૩ મીએ મિ૦ હોપને મળ્યો. કવિતા, ગદ્યનાં પુસ્તક ને દયારામકૃત એ બક્ષીસ આપ્યાં. પોતાની લૈબ્રેરી દેખાડી. મેં જણાવ્યું કે 'મુંબઇમાં મારા તવંગર દોસ્ત પડી ભાંગવાથી પુસ્તકની છપાઇનો ખરચ મારે માથે પડ્યો છે, ને હું કરજમાં છું ને સરકારી જૂજ ને તુટેલ મળે છે—માટે તમે દેશી રાજાઓને લખો કે તેઓ મારાં પુસ્તક ખરીદ કરે—કે જેથી હું મારો કોપ પૂરો કરવાને શક્તિમાન્ થાઉં.' તેણે કહ્યું કે, 'હું સર અલેક્ઝાંડર ગ્રાંટને લખીશ કે તે આગળથી થોડુંક નાણું આપે; વળી હું પોલીટીકલ એજંટ એંડરસનને લખીશ. તે દરેક રાજા પાસે નકલ લેવડાવશે. ભાવનગરના ઠાકોરને લખીશ.' ગોપાળજી સુરભાઇને કહ્યું કે, 'હું આ બક્ષીસ કબૂલ કરૂં છું પણ હું જે આપીશ તે તમારે કબુલ કરવું પડશે.' મેં કહ્યું કે 'બહુ સારૂં.' (આપવું વિસરી જ ગયા છે).

તા૦ ૫ મી સપ્ટેંબરે તેને ત્યાં મળેલી મંડળીમાં ગયો હતો. કવિતા વાંચવાનું કહેવડાવ્યું. મેં જવાબ દીધો કે ઠાસો થયો છે તેથી નહીં વંચાય. પછી તેણે કહ્યું કે મેં ગ્રાંટને લખ્યું છે પણ તેનો જવાબ આવ્યો નથી.

---

૮ મી સપ્ટેંબરે ૩૫ મું વરસ બેઠું—૩૪ પૂરાં થયાં.

૭ મી નવેંબર ૧૮૬૭—૧૯૨૪ ના કારતગ શુદ.

સ્થિતિ—રોજ વિચાર કે આટોપીને જવું. બંને ઘર ગીરો મુકતાં પણ કોઇ પાંચ હજાર ન આપે. વેચી નાંખવા એ અતિ સાહસ થાય ને વેચતાં દશ હજારનું દેવું શું વળે ? હવે કંઇ જવું તો ખરૂં; બેસી રહે શું ? ઘરમાં ખરચી આપવી જોઇએ—તબીએત તો છેક બગડી ગઇ છે. મુંબઇ જઇ વિચાર કરવો—પછી સુરત આવવું કે નહિ—કેસરિયાં કરવાની વાત પછી.


૧૨ મી નવેંબરે મુંબઇ ગયો.

મુંબઇના લોક કહે છે કે મુંબઇ આવી રહો—સઘળું સારૂં થશે.

તરંગ ધર્મજ્ઞાન—જડવાદી છઉં, આક્ટિવ પાવર(?) (Active Power)ને માનતો નથી. ઇશ્વરનો જવાબદાર છું એમ નથી માનતો, પણ અંતઃકરણ દુખાય ને કોઇ વાતનો પસ્તાવો થાય તેથી ડરૂં છું, માટે એનો જવાબદાર છું. જડવાદી પણ ચૈતનવાદીના રસનો ભોક્તા છું.

પ્રેમશૌર્યના ઝુંડાની કવિની કલ્પના

તા૦ ૧૦ મી નવેમ્બરે.



૨૦ મી નવેંબરે ઉદેપુર જવા નિકળ્યો. ૧૭ મી ડિસેંબર પાછો સુરત આવ્યો.

સ્થિતિ–જ્યાં એવો વખત છે કે હકીકત લખવાની ચાલ નથી; જ્યાં લોક ભણેલાં નથી, ને સુઘડ રીતિમાં ઉછર્યાં નથી; જ્યાં સત્ય, નિર્મળ અંતઃકરણ, ને જાહેર હિંમત નથી પણ જુઠાણું, મેલાઇ, બાયલાપણું છે, ટુંકામાં જ્યાં સઘળી રીતની થોડી ઘણી કાળાશાઇ ત્યાં કોઇ પણ રીતની ઉજળાશ નિંદાવાની જ. કેટલાક કહે છે કે હવેનો જમાનો ખરૂં ખોટું સમજશે, પણ હું ખરૂં કહું છું કે માણસના દરેક કામમાં છાનું છે ને દુનિયામાં ઘણી વાતો બને છે તે જાહેરમાં આવતી જ નથી.

જેવો મારો સ્વભાવ ને તેને પુષ્ટિ કરતો યોગ આવેલો, તેવાં મેં કર્મ કીધાં છે. એ કર્મ મારી આસપાસના ઘણાકથી જૂદાં છે પણ તે ઉજળાં છે. મારાં ઉજળાં તે મારી લાગણીથી મને લાગે છે એમ નથી, પણ શાસ્ત્રીય રીતના કારણ પ્રમાણે ને ઘણાના અનુભવ સાથે મેળવતાં. મારી ગફલત આવી કહેવાય; મેં કેટલાકને દયાભાવથી તેઓ કાલે સુધરશે

એ બુદ્ધિથી મેં તેમને પોતાના ગણ્યા, ને તે પણ તપાસ કરીને. પણ નીચ હુકમ તે પ્રસંગે જણાય. કેટલીક વાત મેં મારા મિત્રોને કહેલી. તે મિત્રોએ કોઇને અણસમજથી, કોઇએ એ રીતે મઝા જોવાને જાહેર કરેલી. ખરેખર મારા જેવા કુલીન, સાચા, ગૃહસ્થાઇ પાળનારા, નીતિમાન થોડાક જ છે, ને એ અંતર પ્રતીતિએ હું સંતોષથી મરીશ.

૧ જેને ભાઇ જાણી, છોકરા જાણી ખવાડી ભણાવેલા તેઓ નિંદા કરતા થયા.

૨ જેઓના સ્વાર્થ ન સધાયા તેઓએ, કેટલાકે ગેરસમજુતીથી, કેટલાક તે લોકના ભમાવ્યાથી, કેટલાક પોતે દુઃખમાં આવ્યા છતાં ખોટા તર્કથી કે તે ફલાણાએ જ કીધું તે મારા દુશ્મન થયેલા.

૩ નાતના લોક ઉપર હું કંઇ જ દોષ મુકતો નથી. તેઓનાં વખાણ કરૂં છું. દોષ સંબંધીઓનો ને મિત્રોનો જ કાઢું છું.

એઓની નિંદાનો જવાબ દેવો, કીધેલા ઉપકાર કહી દેખાડવા, એ મારૂં ઉંચાપણું નથી; જેને મેં ઉપકાર કરેલા, જે મારા મિત્ર કહેવાયા, તેઓ વિષે હું નઠારૂં બોલું જ કેમ? ભલે તે કુલીનતા છોડી નિંદા કરો. દુનિયામાં સાચવટ શું જણાય?

દુશ્મનની નિંદાથી બળવાનું ને ખરી વાત દુનિયાને કહેવાય નહિ તેથી બળવાનું, પણ એ ઠેકાણે ધીરજ મોંઘી વસ્તુ છે. પશ્ચાત્તાપ થાય તેવું મેં કર્યું નથી. શત્રુનું ભુંડું ઇચ્છયું નથી એ સંતોષ, અને શત્રુ ઘાવ કરવા આવે છે ને હું સામો નથી થતો તોપણ તે ફાવતા નથી, એ નસીબે હું પ્રસન્ન રહું છું.

૧૮૬૮ જાનેવારી ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, તાવથી ઘણો જ હેરાન હતો.

ફેબરવારી ૧૯ મીએ મુંબઇ ગયો ને ૨૩ મીએ પાછો સુરત આવ્યો. મેની બીજીએ મુંબઇ ગયો ને ૨૨ મીએ પાછો આવ્યો. નાનાભાઇને ત્યાં નર્મકવિતાના ૧૧૮૦ રૂપીઆ આવેલા; ૧૫૦) નકલ ઘેર આણી. મથુરાદાસ લવજીએ ગુજરાતીઓની સ્થિતિના નિબંધની છપાઇના રૂ. ૧૦૦) આપ્યા.

મેની ૨૯ મીએ નર્મકવિતા પુ૦ ૨ અં. ૧ લો પ્રસિદ્ધ કીધો.

આગસ્ટ ૨૨ મી–સ્ત્રીકેળવણીનો નિબંધ ઇનામને લાયક ન ઠર્યો.

આગસ્ટની ૧૧ મીએ નર્મકોશ પૂરો કર્યો. ૧૯૨૪ શ્રાવણ વદ ૮ ભોમે.

નવેંબર ૨૧–૧૯૨૫ માગસર શુદ ૭–નાતમાં પાછો દાખલ થયો.

ડીસેંબર ૧૩–મંછુને ત્યાં જમી આવ્યો–નાતનો ટંટો પતાવ્યો. નાતબાર મુકાયલો તે ૧૮૬૬ ના આગસ્ટની ૧૯ મીએ.

સને ૧૮૬૭ થી	૧૮૬૮
તરંગ-૧૨, ૧૪	સ્થિતિ-૧૨, ૧૩, ૧૪
પરમાર આલમભાઇ-૧૩	મિ૦ હોપ-૧૩
મથુરાદાસ લવજી-૧૫	જ્ઞાતિ-૧૩, ૧૫

૧૮૬૬-૬૭-૬૮ એ ત્રણ વર્ષમાં ઉપાધિ નાણાંનો દેવું વાળવાનો, નવું કરવાનો, ચોપડી છપાવવા સંબંધી, ઘર ચલાવવા સંબંધી, નવું ઘર બંધાવ્યું તે સંબંધી, વ્યાધિ-શરીરે, ઉધરસનો રોગ, ગોડગુમડાં, તાવ-તાવ ઉધરસ છ મહીના ચાલ્યાં.

વિરામ ૨ જોઃ નર્મપત્રાવલિ*

કવિ દયારામની છબી સંબંધી પત્રો

[કવિ નર્મદાશંકરે પ્રાપ્ત કરેલી કવિ શ્રી દયારામની છબીના ફોટોગ્રાફ ઉપરથી "ગુજરાતી" પ્રેસ તરફથી પ્રકટ થયેલા "દયારામ કાવ્યસુધા"માં કવિ દયારામનો હાફટોન બ્લોક છાપેલો છે. દયારામના શિષ્યમંડળમાં ગણાતા કેટલાકો એ ચિત્ર સંબંધી શંકા લાવે છે. અત્રે પ્રકટ કરેલા કવિ નર્મદાશંકરના પત્રવહેવારથી તેઓની ખાત્રી થશે કે દયારામની છબી મેળવવા માટે કવિએ કરેલો પ્રયત્ન ચોક્કસ હતો અને આ છબી દયારામનું આબેહુબ પ્રતિબિંબ છે. સંપાદક.]

પરમ સ્નેહી ભાઇ ધનસુખરામ ઓચ્છવરામ—મુ૦ વડોદરૂં.

મુંબઇથી લા૦ નર્મદાશંકરના નમસ્કાર. તમારો પ્રેમપત્ર વાંચી ઘણો પ્રસંન થયો છું. તમે દયારામભાઇની છબી મોકલી તેને સારું તમારો મારા ઉપર મોટો ઉપકાર થયો છે. જે જે ચોપડીઓ તમે મંગાવી છે તે વિષે જાણવું કે તે ચોપડિયો ઘણાં વર્ષ ઉપર છપાઇ છે-હાલ મળતી નથી-જોવામાં પણ આવતી નથી. માટે જે નથી તે કંઇ મોકલાઇ શકાતી નથી તો પણ ખંતથી ખોળમાં રહી જેમ જેમ મળતી જશે તેમ તેમ મોકલાવતો જઇશ. અહીંના કાએચ વગેરે લોકો જેઓએ દયારામભાઇને સારી પેઠે જોયલા ને તેમની પાસ રહેલા તેઓ કહે છે કે એ છબી દયારામભાઇની નથી, એ તો રણછોડના જેવી લાગે છે-ચહેરામાં. મેં પણ

---

* આ વિરામમાં કવિ નર્મદાશંકરના લખેલા કેટલાંક પત્રો છાપેલાં છે. પત્રવહેવારની રીત કેવી હતી તે જાણવાને અગત્યનું ધારી છાપ્યા છે. આમાં ઇ. સ. ૧૮૭૦ સુધીનો સંગ્રહ છે. સંપાદક.

એ છબીમાં જોતાં વારને રણછોડભાઈની છાયા જોઈ. તમારી રણછોડભાઈ વગેરેની ખાતરી છે કે એ જ છબી દયારામભાઈની છે. હશે ઉભય પક્ષને લીધે તમારી મોકલેલી છબી દયારામભાઇની જ છે એમ મારાથી કહેવાઈ શકાતું નથી. અહીંના મિત્રોએ રણછોડભાઇને જોયલા તેઓએ તો જોતાં વારને કહ્યું કે એ તો રણછોડની તસવીર છે.

હવે મારી ઇચ્છા એવી છે કે રતન સોનારણની પાસે જે છબી છે ને જેને તમે ખોટી ને ખરાબ કહો છો તે જ છબી, જેવી તમે જોઈ હોય તેવી જ મને તાકીદે મોકલી દો તો સારું.

અહીંના લોકોનાં વર્ણન પ્રમાણે સવિતાનારાયણે સોનારણ પાસે જોયલી તસવીર મળતી આવે છે, માટે જેમ એક સુંદર છબી મોકલવાની આપે તસદી લીધી તેમ પેલી બીજી તસબીર જેવી તમે જોઇ હોય તેવી કૃપા કરી તાકીદે મોકલવી. તમે અત્રે પધારવાના છો એ સાંભળી હું ઘણો ખુશી થયો છું કે તમ સરખા સ્વન્યાતી ગુણિજન સાથે મૈત્રિ બંધાય. તમે અત્રે આવશો ત્યારે હું મારા પેલા મિત્રો પાસે તેડી જઇશ અને પછી તમારી મરજી હોય તો તેઓના વર્ણન પ્રમાણે બીજી તસવીર લેજો. મારો વિચાર એમ કે ત્રણ તસવીર ઉપરથી એક નવી તસવીર ઉપજાવવી કે જેને સહુ લોકો કબુલ કરે. તમને ચોપડી મોકલતાં વાર લાગવાથી તમે મારે વિષે કંઇ જુદો જ વિચાર લાવી સોનારણવાળી તસવીર મોકલાવતાં વિચારમાં પડશો એમ હું ધારતો નથી. આટલો ઉપકાર કર્યો છે તેમાં પેલી તસવીર તાકીદે મોકલીને ઉમેરો કરશો એવી આશા છે.

તમને વડોદરે સરનામું કરવું તે શી રીતે તે લખી મોકલજો ને મારું તમે આ રીતે કરજો. નર્મદાશંકર લાલશંકરને મુંબઇ મધ્યે કુંભાર ટુકડામાં લુહાણાની વાડીની પાસે નંબર ૯૧ વાળા ઘરમાં પહોંચે. કામકાજ લખવાં.

લા૦ તમારો દર્શનાભિલાષી.

તા૦ ૧૮ એપરેલ ૧૮૬૫.

ભાઇ ધનસુખરામજી—મુ૦ વડોદરું.

આ પત્રનો ઉત્તર આવેથી છબી તાબડતોબ મોકલાવી દઇશ. તામસ, અધીરાઇ અને આકળાપણું દર્શાવતો છટાથી વાંકામાં લખેલો આપનો પત્ર વાંચી મને સારી પેઠે હસવું આવ્યું છે. મને તમારી છટાથી લખતાં આવડે છે ખરું પણ તમે મારા ઉપર ઉપકાર કીધોછ. (છબીના બદલામાં

અધીરાઇથી ચોપડીયો માગોછ એટલે ઉપકાર કહેવો તો ન જોઇયે,) તેથી હું તમારી છટાથી લખવું દુરુસ્ત ધારતો નથી. તમારી મેહેનતના બદલામાં મેં રૂપીઆ આપવાનું કહેવડાવ્યું હતું પણ તેની તમે ના પાડી હતી. માત્ર મૈત્રિની નિશાનીમાં તમે મહેનત લીધી એમ હું જાણુતો હતો. પરંતુ જ્યારે તમે ચોપડીના બદલામાં છબી આપો છો ત્યારે તે મૈત્રિની નિશાની ન કહેવાય. તમે મારે વિષે ખોટો વિચાર લઇ જાઓ છો અને જેવા આપ છો તેવો મને ધારો છો તેમાં તમે મોટી ભૂલ કરો છો એ જોઇ હું ઘણો દલગીર થાઉં છું. મેં તમને ચોપડીઓ મોકલવાની ના નથી કહી. ખાંતથી ખોળ કરી મોકલતો જઇશ, એમ લખવા છતાં તમને ખોટું લાગ્યું તો હવે ભાઇ સાહેબજીને વિનંતિ કરુંછ કે મારાં માણુસોથી તમારું દીલ દુખાયું તો કોઇ પણ રીતે તેના બદલામાં મને હજી વધારે શિક્ષા કરી ક્ષમા કરો તેમ છો? કહો તો તનથી માફ માગું એટલે નાક લીસોટી તાણી જાઉં, કહો તો મનથી માફ માગું એટલે તમારી સાથે કામ પાડ્યાથી જે પશ્ચાત્તાપ મને તમારા કાગળથી થયો છે તેને વધારે દહાડા ચલાવ્યાં કરું. અને કહો તો ધનથી માફ માગું, એટલે મારા ગજા પ્રમાણે તુળસી પત્ર અર્પી સાહેબને રીઝવું. 'છબી મોકલજો કે દરસણથી આપનું સ્મરણ રેહે' એમ તમો લખો છો તેમ હું પણ તમને લખું છ કે હું તમારી ખુબીના કાગળો જોઇ જોઇ તમારા ક્રોધરૂપી વિછુ સાપના ડંસથી આકળવિકળ થઇ જઇ પશ્ચાત્તાપ કર્યાં કરી તમારું સ્મરણ રાખ્યાં કરીશ. હું મારા માણુસોનો પક્ષ નથી કરતો. કર્યો હોત અને મારા મનમાં કપટ હોત તો હું તમારી સાથે કાગળથી પ્રસંગ કરી ચોપડી મોકલવાની વાત લખત નહીં. હવે ગઇ ગુજરી વાતનું લંબાણ કરવું ન જોઇયે, તો પણ કોઇ બીજા સદ્‌ગૃહસ્થો તમારા હમારા કાગળો વાંચે તેઓને ઉભય પક્ષ સમજાવવામાં આવે માટે લખું છું કે તમને જે વેળા ડભોઇ જવાનું કહ્યું તે વેળા તમે એવું નહોતું કહ્યું કે ચોપડી મંગાવી આપો તો જ હું તમારી સાથે આવું. એમ ન કહ્યું એ તમારી મોટી ભલાઇ અને મૈત્રિ. છબી પાડ્યા પછી આગ્રહ ધર્યો કે મંગાવી આપો તો જ લઇ જાઓ ને હું કેવો માણુસ છઉં એ વિષે સારી પડે ચોકસી કરી નાચારીથી છબી આપી અને પછી પાછા હમણાં મારા કાગળથી નારાજી થઇ જઇ છબી પાછી મંગાવી લો છો એ પણ તમારી ભલાઈ અને મૈત્રિ. તમને સોનારણુવાળી તસવીર પસંદ ન પડેથી અને તેવી તસવીર મુંબઇ સરખા શહેરમાં તમારી યશસ્વિ કલમને બટ્ટો લાગશે એમ સમજી તમે તે તસવીર રદ કરી. તમને યશ મળે તેવી બીજી ઉતારી. મેં મારા માણુસને સોનારણુવાળીજ ઉતારવાનું કહ્યું હતું પણ તેઓએ તમે અપ્રસંન ન થાઓ માટે અને તમારા કહેવા

પર ભરોસો રાખીને તમે જે કીધું તે કરવા દીધું. રંગદાર અને ખુશ-મિજાજની તસવીર કરતાં મને સાદી અને ઉદાસી તસવીર વધારે ગમે છે ને ગમે તેવી તે તસવીર નઠારી હતી તો પણ મને તેની ઇચ્છા હતી. તે ઉપરાંત તમે રણછોડની સંમતીથી નવી બનાવી મોકલી એ તમારો મોટો ઉપકાર. ને એ ઉપકાર જાણનાર તમારા દિલમાં અપકારી જણાયો એ જોઇ મને કૌતુક સરખું ભાસે છે. જેવી ધીરજ તમે ડભોઇ જતાં પહેલાં રાખી હતી તેવી તમે પછવાડેથી રાખી શકયા નહીં, એવે પ્રસંગે મારાં માણસો જેઓ એમ સમજેલાં કે નર્મદાશંકર આખા મુંબઇની ચોપડીઓ વિષે જાણે છે તે ગમે તેમ કરીને ખોળ કહાડી વેહેલી મોડી મોકલાવશે જ. એવા વિચારથી તેઓએ તમને નક્કી મોકલાવીશું એમ કહ્યું. તમે પાછળ-થી અધીરા થયા અને હું તમારો હિતેચ્છુ તે તમે મારે વિષે વગર પ્રસંગે ખોટા વિચાર કીધા એને વિષે તમે તમારા દિલને એકાંતમાં જ સમજા-વજો. મારાં માણસો રે હું તરતની તરત ચોપડી ન મોકલી શકયો તેટલા ઉપરથી તેઓને વિષે ને મારે વિષે ખોટા વિચાર કરો છો એમાં અમને તો અમારો દોષ કંઇ જણાતો નથી. કારણ કે ચોપડીઓ મોકલવાની ના નથી કહી. 'ચાનક રાખી ખોળ કરી મોકલતો જઇશ' એમ લખ્યા છતાં તમે આકળા પડી જાઓ છો અને મૈત્રિના અંકુરને ક્રોધમાં ચાંપી નાંખો છો. કોઇ એક માણસે બીજાને કહ્યું કે હું તમને અગિયાર વાગે મળીશ ને પછી કેટલીક અડચણને લીધે તેનાથી બાર વાગે મળાય અને જેને સારૂ પેહેલો માણસ વિવેકમાં રહી બીજાની પાસે માફ માગે અથવા પેહેલો માણસ અચાનકથી મરી ગયેથી, બીજાને ન મળી શકે ને તેથી તે બીજો કોપાયમાન થાય તો તેમાં ને બીજા માણસનું ભલામણ-પણું ને સાચી મૈત્રિ (?) અને પ્હેલા માણસનું ખોટાપણું અને ખોટી મૈત્રિ ખરી (?). છબી મોકલવાને કંઇ જ વાર નથી પણ તમારા જેવો હું આકળો ગણાઉં માટે આ પત્રનો ઉત્તર આવતાં સુધી વાર લગાડું છઉં. આ પત્રના ઉત્તરની સાથે નીચલા પ્રશ્નનો ઉત્તર પણ લખી મોક-લશો. લોકો કહે છે કે દૂર પડેલા ને ન દીઠેલા એવા પારદેશીની સુજ-નતાની પરીક્ષા કરવામાં વડોદરાનાં બૈરાં તહાંના પુરુષો કરતાં વધારે ચતુર છે તે વાત ખરી છે? મનમાં મેલ રાખ્યા ના કરતાં તડ ને ભડ કહી દેવું એ મોટી નીતિ છે. સોનારણવાળી પેનસીલની જ છાયાવાળી છબી મોકલવાને મેં તમને લખ્યું હતું તે વિષે આપ ક્રોધમાં કંઇ જ લખતા નથી. એ જે તમારી કાગળ લખવાની ચાતુરી તે શિખવામાં હવેથી હું તમને ગુરુ ગણીશ. હું જ લખું છ કે હવે તમે તે મોકલવાની ખટપટમાં પડશો જ નહી. તમારો મેરૂ જેટલો ઉપકાર હું અબળાઓમાંથી

કેમ ઝીલાય! આ ઉભરો ગમે તેવો પણ શુદ્ધ અંતઃકરણનો છે; માટે ક્ષમા ધારણ કરી પાછો પ્રીતિનો ઉમળકો લાવશો. એજ વિનંતી.

નર્મદાશંકર લાલશંકર.

તા૦ ૧૯ એપરેલ ૧૮૬૫.

ભાઈ ધનસુખરામ—મુ૦ વડોદરું.

તમને કાગળ બીડ્યા પછી જે માણસોને મેં તમારી ચોપડીઓની ખોળ કરવાને કહ્યું હતું તેમાંના એક જણે આવીને કહ્યું કે "જે પારસીએ તે ચોપડીઓ મરેઠી ઉપરથી ગુજરાતીમાં કરી છપાવેલી છે તે તો તમારો ફલાણો સ્નેહી છે. તેણે તમને સલામ કહેવડાવી છે ને કહ્યું છે કે એ સાતમાંની હોડ વિદ્યાવાળીની એક જ પ્રત તેની પાસે છે ને બીજી તો નથી. એ બધી ૨૨ રૂપીએ વેચાતી હતી. તમને ઘણીજ જરૂર છે તો હું જેમ બનશે તેમ તમને પેદા કરી આપીશ." ભાઈસાહેબ! હવે જોતા જાઓ. જેણે છપાવી છે તેનીજ પાસે નથી તો એકદમ કેમ મળી આવે? એ તો ખુણાઓમાંથી ખોળવાની છે—દુકાનોમાંથી ખરીદ કરવાની નથી. પણ ધીરજથી સહુ મળી આવે છે. એજ શખસ થોડે દહાડે મને તે ચોપડીઓ પેદા કરી આપશે જ; એ સ્હેજ જાણવા સારૂ લખ્યું છે—વારુ તમારે નિમિત્તે મારું તો કામ થશે. કેમ કે મ્હારે ઘેર જેટલાં ગુજરાતી પુસ્તકોનો સંગ્રહ છે તેટલો આખા ગુજરાતમાં કોઈ ઠેકાણે નથી. એ સાત ચોપડીઓની જાણ તમારાથી જ થઈ, તે હવે મારા સંગ્રહમાં રહેશે. મારા અસંખ્યાત ઓળખીતામાં મારે વિષે વગર કારણ ખોટો વિચાર આણનાર એક આપની જ અધીરાઈ હોય.

નર્મદાશંકરના નમસ્કાર

ભાઈ ધનસુખરામજી—મુકામ—વડોદરું.

મુંબઈથી લા૦ નર્મદાશંકરના નમસ્કાર. તમારો વદ ૧૧ નો લખેલો આજ વૈશાખ સુદ ૩ જે આવ્યો તે વાંચ્યો છે. સેવક માગી લેછ ને હવે બીજા પંદર દહાડાની છબી મોકલવાની મહેતલ આપશો કે વારૂ એટલામાં જો ચોપડીઓ મળી જાય તો મોકલાવી દઉં. તમે એમ ન જાણશો કે છબી મોકલવાની આનાકાની કરે છે—મારી પાસ રહી કે તમારી પાસ રહી તો શું? તમારું ઘર તે પણ હાટકેશ્વરનું જ છે. ને મારી ઇચ્છા દયારામનાં દર્શન કરવાની હતી તે તમે પૂર્ણ કીધી. તમારી અધીરાઈથી હું તમ ગુણીજન પાસ આવતો અટકી પડ્યો છઉં માટેજ મારે

લાંબો કાગળ લખવો પડ્યો હતો, પણ નીતિ છે કે એક જો જોરથી બોલે તો બીજાએ પણ બોલવું કે જેથી બંને ધીમા પડી જાય ને તેમ થવાને વખત આવે છે. મને એટલી તો ચટપટી છે કે કહારે ચોપડીઓ મળે ને હું વડોદરે આવું-તમને નમસ્કાર કરું-ને તમારાં ચરણ આગળ ચોપડીઓ ને તસવીર ધરું.

એ પંદર દહાડામાં જો કોઈ ઓળખીતું માણસ અહીંથી વડોદરે જતું જણાશે ને તે તમને હાવકી રીતે પોહોંચે તેવું હશે તો છબી તો હુ તેની જ સાથે મોકલી દઈશ. ધનસુખરામભાઈ! છબી ધીરવા સરખો પણ હું નહીં ? મારી ઇચ્છા ગઇ ગુજરી વિસરી વિસરાવી પરસ્પર પ્રેમ બાંધવાની છે. પછી તો આપની મરજી.

લા૦ દર્શનાભિલાષી નર્મદાશંકરના નમસ્કાર.

નર્મકોશ સંબંધી પત્રો

[કવિ નર્મદાશંકરે "નર્મકોશ" સંબંધમાં કેટલા પ્રયાસો કર્યાં હતા તેનું કંઈક દિગ્દર્શન નીચેના પત્રવ્યવહારથી વાચકને થશે એવી આશા છે.

સંપાદક]

સુરત, તા૦ ૧૮ જુન સને ૧૮૬૮

પ્રિય ભાઈ ગણપતરામ,

જ્યારે હું મુંબઈ હતો ત્યારે તમારું પત્ર આવેલું તેથી ઉત્તરને વિલંબ થાય છે.

તમે શ્રમ લઈ લેવાડી શબ્દ મોકલ્યા ને બીજા શબ્દને માટે પત્રમાં તથા ચોપડીના કવર ઉપર જે સૂચના લખી છે-તેને માટે હું તમારો મોટો ઉપકાર માનું છું. બીજા મિત્રોથી મને ઘણાક શબ્દો મળ્યા છે પણ તે ખરા તો ક્યારે કહેવાય કે જ્યારે તમ સરખા વનનીઓના મોકલેલા શબ્દો જોડે મળે તારે. માટે જેવો શ્રમ લીધો છે તેવો નવરાસે લ્યાં કરશો, એવી આશા રાખું છઉં.

"સૌરાષ્ટ્રદર્પણ"માં નર્મકોશ વિષે છે તે મેં વાંચ્યું છે. જ્યાંસુધી પ્રસ્તાવના સહિત ગ્રન્થ પુરો થયો નથી ત્યાંસુધીમાં લોક ગમે તેમ લખવામાં પોતાનું શહાણપણ સમજો પણ એના ઉત્તર લખવાને મને હાલ અવકાશ નથી.

તમારી મોકલેલી ચોપડીના એનવેલપની અંદર મારા ઉપરના કાગળની સાથે એક બીજો કાગળ ગોથાનો હતો જે આની સાથે પાછો મોકલ્યો છે.

તમારો શુભેચ્છુ નર્મદાશંકર લાલશંકર.

સુરત—આમલીરાન, તા. ૭ જુલાઈ ૧૮૬૮

પ્રિય ભાઈ ગણુપતરામ,

તમારો ૨૫ મી જુનનો આવ્યો તે વાંચી સમાચાર જાણ્યા છે. નર્મવ્યાકરણની નકલ ૩૨ બે બિંદડીમાં મોકલી છે તે પ્હોંચી હશે. નર્મકોશ છપાવવાની સહાયતા સંબંધી ચરચા ચાલે છે તેથી ખેદ પામું છઉં. આજ દિન સુધીમાં મારા કોઈ ગ્રંથ વિષે ચરચા થઈ નથી. દહોડ બે હજારના કામ સારૂ મારી તરફથી ચરચા ચાલવી શરૂ થાય નહીં ને થઈ નથી. સરકાર ને લોકની તરફથી મદદ ન મળવા વિષે મિત્રોમાં વાત કરતાં દાખલામાં નર્મકોશ વિષે બોલાયલું ને પછી મિત્રોએ બ્હાર ચરચેલું છે. ને એ ઉપરથી જારે એકદર લોકમાં ગમે તેમ ચરચા ચાલે તારે મારા સરખાનું મન કેમ ન દુખાય? વળી મારી ખાતરી છે કે ગમે તેટલી ને તેવી ચરચા ચાલવા છતાં પણ એ જુજ રકમની પણ મદદ મળવી કઠણ છે. ભાઈ! એ કોશ વ્હેલો મોડો છપાશે જ ને પ્રસ્તાવનામાં લખવાનું થશે કે તે આટલો ચરચાયો છતાં પણ ગુજરાતીઓમાં કોઈ સદ્‌ગૃહસ્થ ન મળ્યો? પણ એ વિચાર ફેરવવાનો પ્રસંગ ઈશ્વર મને આપો, એવું મારૂં મારા ગુજરાતીઓ સંબંધી અભિમાન છે.

મારા ગ્રંથ પ્રસિદ્ધ કરવા સંબંધી મારી રીતથી તમે દૂર પડ્યા એટલે પૂરા વાકેફ નહીં હો. ગ્રન્થ છપાયો કે પ્રથમ તો તેની સવાસો નકલ મિત્રોમાં ભેટ જાય છે, પછી તે ગમે તેટલી મોટી કિમ્મતની હોય. વળી જે ગરીબ શોખીલા ને વિદ્યાર્થિ છે તેને પણ આપું છઉં, ને ઘણીક વેચાય છે. કેટલાક મિત્રો એ મારી બક્ષીસની રીતથી અને શ્રીમંતને શરમમાં ન નાંખવાની રીતથી અપ્રસન્ન છે ને તેઓ મને બહુ સમજાવે છે પણ હું દલગીર છઉં કે મારાથી મારી ટેવ મુકાતી નથી. તેમ ધન્ય છે કેટલાક મિત્રોને કે તેઓ મૈત્રિને અર્થે ને વિદ્યાપ્રસારને અર્થે મારા કામને બનતી સહાય કરે છે ને એને સારૂ હું તેમનો ઉપકાર માનું છઉં.

"ડાંડિયા"ના વિષય સંબંધી 'જેમાં વિચારીને વાંચશો તો જાણવામાં આવશે.' પણ દલગીર છઉં કે જુનાગઢ ભાવનગર ઉત્તર ગુજરાતનાં બૈરાંઓનાં ભાષણ સાંભળવાનો મારે હજી પ્રસંગ આવ્યો નથી.

શુભેચ્છક નર્મદાશંકરના આશીર્વાદ.

સુરત, આમલીરાન તા૦ ૨ સપ્ટેમ્બર ૧૮૬૮.

પરમ સ્નેહી ભાઈ ગોપાળજી,

આજ સવારે મેં કાગળ બિડાવ્યો ને દશ વાગે તમારો તા૦ ૨૭ આગષ્ટનો આવ્યો—એના ઉત્તરમાં નીચે પ્રમાણે—

હુંડી રૂા. ૨૯૨) ની મોકલી છે તે પહોંચી છે ને રૂપીયા મળેથી ટીકીટ ન્હોડી રસીદ મોકલીશ—ચોપડીઓ વેચવાની વિગત તથા તમારી પાસે રહેલી સીલક ચોપડીઓ વિષે લખ્યું તે જાણ્યું ને ચોપડી ૧૦ મંગાવી છે તે તમારા લખ્યા પ્રમાણે ભાવનગર મોકલીશ.

'ત્રણ પ્રકારની મદદમાંથી ગમે તે પ્રકારની મદદ કરે તો આપ એમની તે તે જાતની મદદને માટે નામના વાસ્તે શું કરવા ધારો છો?' એ વાક્ય વાંચી મને હસવું આવ્યું છે. પણ તમે જે પુખ્ત વિચારથી લખ્યું છે તે મારા સમજવામાં છે પણ મારા સરખાએ કોશ સરખા પુસ્તકને માટે મદદના બદલામાં આમ કરીશ એમ આગ્રહથી કહેવું એ મને તો ગમતું નથી ને મદદ કરનાર વિષે તો વિચાર જ શો બાંધવો? તો પણ દુનિયાંદારી જોતાં ને તમે વચમાં છો માટે લખું છઉં કે—

છપાયલા કોશ નિમિત્તના ખર્ચમાં એક ગૃહસ્થે રૂા. ૬૫૦)ની, એકે ૨૦૦)ની ને બીજા માત્ર દશ બાર શ્રીમંત ગૃહસ્થોએ ઘરાક દાખલ ઘણી પ્રત લઇ નજદીક તેરસેંની રકમની મદદ કરી છે. અને જો કે હવે એઓ શેહેરની પડતીને લીધે છપાવવામાં કોશને આગળના જેટલી મદદ નહીં કરી શકે તોપણ થોડીક પણ કરશે જ, માટે એનાં નામ પ્રસ્તાવનામાં ઉપકાર સાથે લખવાનો છઉં. માટે **બીજી રીતની** મદદને માટે જેમ ઉપલાઓના તેમ નવા મદદગારનું નામ પણ પ્રસ્તાવનામાં દાખલ થશે. પણ એ મદદ લેવી હું ચહાતો નથી પણ તમે કહેશો તો લઇશ. **ત્રીજી રીતની** મદદ લેવી એ માનભરેલું છે પણ તેને માટે મારી પાસે પુરતાં પુસ્તક નથી. આગલા અંકોમાં ઘણી ઘટ જ છે. માત્ર સો જ નકલ આખા પુસ્તકની મારી પાસે રહે તેમ છે. હજાર આગળથી ને હજાર ચોપડી તૈયાર થયેથી બક્ષીસ જ આપે તો મારી ઇચ્છા એવી ખરી કે તેને કોશ અર્પણ કરવો.

ઘણે વરસે ઘણે શ્રમે પુરૂં થયલું પુસ્તક પરીક્ષા વનાના જનને અર્પણ કરવું એ મારી ને ગ્રંથની શોભા નહી. માટે મારો વિચાર એ કોશ ગુજરાતી લોકોને જ અર્પણ કરવાનો હતો. તો પણ તેમ કરાવવાની ઇશ્વરની મરજી નહીં! વળી એક મારા ગુજરાતી શ્રીમંત સ્નેહીને ને તેને નહીં તો પછી એક મોટા વિદ્વાન પારસી મિત્ર જેણે મને ૨૦૦ ઘરાક પોતાની જાત મેહેનતે કરી આપેલાં તેને અર્પણ કરવાનો હતો, તો પણ જલદીથી કોશ પ્રગટ થવાથી આપણા લોકને ઘણો લાભ છે (કે બીજા ઉભા થાય) એમ જાણી જે કોઇ આ વખતમાં રૂપીઆ બે હજારની મદદ કરે તેને અર્પણ ઘટતું કરવાનું સમયે વિચારવા ધારૂં છઉં. એથી કોશની મદદમાં બે હજારની જુજ રકમ આપનારનું નામ પણ ગુજરાતી ભાષાની સાથે કાયમ રેહેશે.

યુનિયન પ્રેસવાળાને નર્મકવિતાના મોટા પુસ્તકની છપાઈ હજુ પુરતી પહોંચી નથી ને તે છતાં હું કોશનું મોટું કામ જે તે જ પ્રેસમાં સારૂં ને સસ્તું થઇ શકે તેવું છે તે આપું એ મને ઠીક લાગતું નથી. બાકી તે તો તૈયાર છે, માટે મારા દિલમાં એવું છે કે હજાર રૂ. જો કોઇના આવે તો તેને આપું કે તે પણ ઉતાવળું છાપી આપે; માટે કોઇ પણ રીતે એટલી રકમ હાલ જોઇયે છૈયે. જો કાઠિયાવાડમાં એવો કોઇ નહીં મળે તો મારો વિચાર મિ૦ કર્ટીસને મળવાનો છે ને એને આમ કહેવું છે કે મારી મોટી કવિતાની સો એક પ્રત સ્કુલ લાઇબ્રેરીને માટે રાખવી તથા થોડીક નકલ કોશની પુરા થયે લેવી કરવી ને તેના બદલામાં કોશ અર્પણ કરીશ—પણ જહાં સુધી હિંદુ મળે ત્હાં સુધી અંગ્રેજને અર્પણ ન થાય તેવું ઇચ્છું છું—માટે લખવાનું કે તાકીદથી તમારી તરફથી હા નાનો જવાબ આવેથી તે ઉદ્યમ કરૂં ને અહીં ન ફાવું તો મુંબઇ જઇ ત્હાં તજવીજ કરૂં. હું તમારો જવાબ ફરી વળતાં સુધી અહીં રહીશ, કે મારે મુંબઇથી જલદી પાછું આવવું ન પડે.

તમે કોશની કિંમત માંગો છો તે મારાથી હાલ કેમ કેહેવાય ? મેં તો ૨ હજાર લખ્યા છે પણ અગર નવા શબ્દો મળ્યા તો પુરવણી કરી ગ્રંથ વધારવો પડે. પાછો પુઠાનો વિચાર—મને તો લાગે છે કે બે નહીં પણ અઢીનું કામ થશે—વળી પાછલા અંકોની ઘટ છે તેથી કિંમત હું નક્કી કરી શકતો નથી.

થોડોક ગ્રંથ છપાયાથી અજમાયશ થઇ શકે માટે તમે જે સ્કુલ લાઇબ્રેરી માટે ધારો છો તે યત્ન પછી કરવાનો છે.

શ્રીમંત લોકને બૂજ હોય નહીં. નામને માટે મદદ કરે. ને તે વળી ચાપાચીપથી એ શો ગજબ ! પરાકાષ્ટાની મહેનતના બદલામાં હું કંઇ જ નથી ઇચ્છતો. માત્ર ગ્રંથ છપાવી પ્રગટ કરવાને ઇચ્છું છું. તે છતાં કોઇ ગુજરાતી ખરો ઉદાર નથી મળતો ! પણ તેઓનો દોષ શો ? હજી સમજ આવતી જાય છે, ને હું પણ જોઉંછ કે વારૂ કોઇ છે ? કોઇ નહીં મળે તોપણ મારી અડચણો તો પ્રસ્તાવનામાં જાહેર થશે.

તમે ગદ્યપદ્યના ‘સિલેક્ક્ષન’ વિષે સૂચના કરો છો તે બહુ સારી છે ને એમ જ થવું જોઇયે. મારો વિચાર છે જ. પણ હાલમાં પદ્યમાંથી કરવાનો નથી, કેમ કે હજુ છપાઇ નીકળી નથી ને નીકળી ગયેથી તેનું સિલેક્શન કરીશ, ને ગદ્યને માટે તમે જેટલું સિલેકશન લખી મોકલશો ને છપાઇ જેટલું ઝટ ઉપડે તેટલી તજવીજ કરી આપશો તો તાબડતોબ તે ચોપડી છપાવી દઇશ. આ કાગળની મતલબ સમજી લઇ ફાડી નાખવો દુરસ્ત છે એમ હું સમજું છઉં.

ખરેખર હું દલગીર છઉં. મારે તમારે એકાંત થઇ નથી, એટલે તમને મારા સ્વભાવાદિ વિષે ઘણું જાણ્યામાં નથી. હશે! દલગીર છઉં કે મારે માટે તમે આટલો શ્રમ લો છો. છેલ્લું લખવાનું કે જો મદદ કરનાર ઘણી ચાપાચીપ કરે તો બેહેતર છે કે તમારે એ ઉદ્યોગ છોડવો. હું શ્રીમંત નથી પણ સુઘડતા ને પ્રશસ્ત મન તે શું તે સારી પેઠે સમજું છઉં, માટે મને હલકો સંકોચ રૂચવાનો નહીં. ને તમારે એમ ન સમજવું કે વચમાં પડ્યો છઉં ને કામ ન થાય તો ખોહું, અગર કદાપિ હમણાં જોગ નહીં આવે તો પછી પણ આવશે. તમારો ઉપકાર મારા ઉપર થશે, પણ મારે માટે તમારા ઉપર કોઇ પાડ ચડાવે તે મારાથી નહીં બરદાસ થાય. માટે ટેકમાં રહી કામ ચલાવવું. બહુ લંબાણ થયું છે માટે હવે બસ.

લા૦ તમારો શુભેચ્છુ નર્મદાશંકર.

સુરત, આમલીરાન તા૦ ૭ ફેબ્રુવારી ૧૮૬૯.

ભાઇ લક્ષ્મીરામ,

મહા વદ ૧ નો આ૦ તે વાંચી સંતોષ થયો છે કે મળ્યાને ઘણા માસ થયા છે તોપણ તમારી ભક્તિ મારા ઉપર તેવી જ છે. તમે મને ડિસેથી લાંબો કાગળ લખ્યો હતો પણ મારાથી ઉત્તર ન લખાયો, તેનું કારણ આ કે, તમે જાણતા જ હશો કે હું ઉધરસથી હેરાન હતો ને એ પાછી એટલી વધી ગઇ હતી કે મેં દેહકષ્ટથી તે કહાડવાનું ઠેરવ્યું હતું ને ઉદેપુર લગી જઇ આવ્યો છઉં. સુરતથી જ જો તહાં જવાનો વિચાર હત તો હું ડિસે જ આવત, પણ અમદાવાદ બહાર પડ્યા પછી મેં તેણી તરફનો રસ્તો લીધો હતો. મેં ઘણાક વિકટ પહાડ ઝાડીને રસ્તે ભીલના ગામ ને સલુંબર ને ઉદેપુર જોયાં છે. ભલું સૃષ્ટિસૌંદર્ય! એણે જ મારું વૈદું કર્યું ને હું સારો થયો. હજી એક વાર પાછું તહાં જવું ધારું છઉં પણ હાલ તો નહીં.

જેમ તમે મને કાઠિયાવાડ તરફ આવવાને લખો છો, તેમ ઘણા મિત્રોએ પણ કહ્યું છે ને ઘણાક કહે છે ને મારી પણ ઇચ્છા છે પણ કામના રોકાણથી યોગ આવતો નથી.

તમે લખો છો કે "પ્રથમ હું ડિસા તરફ ગયો, તારે તાહાંના લોકોને એવા તો કમનસીબ જોયા કે તમારા નામથી કેવળ અજાણ. પણ ઇશ્વરેચ્છાથી તમારાં ત્રણે પુસ્તકનો પ્રસાર થયો છે." એ વાક્યથી મને સંતોષ છે કે તમે નવા વિચાર સંબંધી તહાંના લોકને જિજ્ઞાસા ઉત્પન્ન કરી છે. ખરેખર એમ જ દરેક જુવાને કરવું જોઇયે. દેશભૂમિ એ આપણી મા છે ને આપણે તેનાં છોકરાં છૈયે. તે ને આપણે અનેક રીતે પીડાઇયે

છૈયે માટે સમજતા છોકરાઓનો ધર્મ છે કે પીડા દૂર કરવાને તેઓએ તન, મન, ધન ને ઐક્યથી શ્રમ લેવો જ.

મારાં પુસ્તકના એજંટ થવા વિષે લખ્યું તો બહુ સારૂં. પણ વાંચતાં ન આવડે તેઓને મોંઘી કિંમતનાં પુસ્તક શા કામનાં? તો પણ હું હાલ એક્કેક નકલ મોકલીશ.

'પ્રતિદિન તમારો ટેકી સ્વભાવ તથા દેશાભિમાન વધતાં જાય અને નારાયણ રૂડો બદલો આપે' એ શુભેચ્છા પાર પડો–બદલો આજ કે દેશીયો સર્વે રીતે ખરા સુખી થાય.

ઉતાવળ નથી પણ અનુકૂળતાએ નીચે લખેલાં ત્રણ કામ કરવાનો શ્રમ લેશો.

આપણા જિલ્લામાં ન વપરાતા એવા કાઠિયાવાડી શબ્દો જે તમારા સાંભળવામાં આવે તેનું અર્થ સાથે લખાણ રાખવું.

કાઠિયાવાડમાં થયલા બહારવટીયા સંબંધી વાતો (તેના વરસ સાથે) એકઠી કરવી.

આપણાં દેશી રાજ્યોમાં વપરાતાં હથિયારોનાં નામ–જુદી જુદી જાતની બંદુક, જુદી જુદી જાતની તરવાર વગેરે–

શબ્દ, વાતો ને નામ જેમ જેમ મળતાં જાય તેમ તેમ મોકલ્યાં કરવાં.

મારાથી કાગળ મોડો લખાય તો પણ તમારે તમારી ફુરસદે લખ્યા કરવો. ટીકીટ નોતી મોકલવી.

તમને યશ મળતો જાય એવું ઇચ્છનાર નર્મદાશંકર

સુરત, તા૦ ૨ જી અકટોબર સને ૧૮૬૯.

સ્નેહી શ્રી ભાઈ ગણપતરામ,

મારી તે વળી કૃપા શી? કૃપા તો તમારી હોવી. તમારા પત્રો મારાં કાગળિયામાં સંતાઈ રહેલા તેને શોધતાં વાર લાગી હતી. મિત્ર રતિલાલના કહેવાથી મેં જાણ્યું કે દોસ્ત મુરાદઅલ્લીએ મને પત્ર લખ્યો હતો. એ પત્ર ગેરવલ્લે પડેલો અથવા મારા ઘરના માણસોથી ડાબે હાથે મુકાયલો એમ મને લાગે છે. એ ભાઇએ તમારા પત્રમાં જે પ્રેમ ઉભરાતી લીટી લખી છે તેને માટે હું તેમનો ઉપકાર માનું છું. શું લખું? કોઇ પણ રીતે આપણે ફાવી શકતા નથી; સાતમે આકાશથી સાતમે પાતાળે ધમ પડી રીબાઇયે છૈયે–ઉપરથી માર છે એટલે ઉભાં પણ થવાતું નથી તો પછી શું? લાખોમાંથી થોડાંએક માર ખાતાં ખાતાં પણ જુદે જુદે ઠેકાણે મથીમથીને ઉભાં થવું–પ્રત્યેક ઉભા થઇ પોતપોતાની પાસેન

બીજાઓને સહાય થઇ ટટાર કરવા—પછી સાધન સાહિત્યસામગ્રી પ્રાપ્ત કરવાના રણમાં મથવું—મથતાં જો તે પ્રાપ્ત થયાં તો વળી પછી સમોવડિઆએ સ્પર્ધા તજી ઐક્ય રાખવું—વળી પાછું મોટું યુદ્ધ કરવું ને તેમાં બહુ બહુ અપજસ જોવા—પછી અંતે આમ કે તેમ—વ્હેમોને હાંકી મેલવા એ ત્વરાથી તો ન જ બનવાનું ને મૃતક પુરુષત્વને સજીવન કરવાનું બની શકે તેમ છે. તોપણ જ્યાં ઉભાં થવાતું નથી ત્યાં બીજું શું ઇચ્છવું? જેમ તેમ ઉભાં થયલા એવામાંથી કોઇ બેસી ગયા છે—જાય છે ને કોઇ સુઇ ગયા ને—જાય છે. મારો વિચાર તો આ કે મથતાં રેહેવું. પછી સમય કરે તે ખરું—મથતાં થાકી જવાય તો થાક ઉતારવો પણ ઉતર્યો કે પાછાં ગતિમંત થવું. આ વિચારને તમે કેટલા પ્રતિકૂળ છો તે લખશો?

'લખી શકો'—'તેમ ન પણ લખાય.' ને એ વાક્ય મેં તમારે જ માટે લખ્યું હતું—ને સ્પષ્ટ કરવાને તો હમણાં હું ઇચ્છતો નથી. મૈત્રિ વિષે તમે તમારા અનુભવ તથા તર્ક ઉપર વિચાર કરતાં શું નક્કી કરવું છે? ઉત્તમ મૈત્રિ તે કઇ? એ વિષે લખી જણાવશો.

આ કાગળની પેહેલી કલમમાં હમણાંની સ્થિતિ જણાવી છે એટલે તમે જાણુશો કે હાલમાં મારી તરફના ઓળખીતામાંથી કોઇ 'શેર' રાખે તેવું નથી જ. તમે લખો છો તે પ્રમાણે છેક 'પરતંત્ર' થવું પડે.

તમે "સમશેરનો" ઉતારો મોકલ્યો તે ઉપરથી મારા કોષ વિષે તમારી દાઝ છે, એમ મેં જાણ્યું છે. એ વિષય મારી જાણ પ્રમાણે આ છે—પ્રથમ ગુજરાતી અંગ્રેજી કોશ કરવો ને પછી બીજા તૈયાર કરવા એવો ડા. બ્યુલરનો વિચાર તે તેઓએ જણાવ્યો ને હાલ તેઓ પચાસ હજારની ગોઠવણ કરવાના વિચારમાં છે. ડા૦ બ્યૂલરે મારી સાથે વાત કરી છે ને મેં તેમને મારા શબ્દ આપવાની ના કહી છે. ડા૦ ને મળ્યો તેની પહેલા મેં મિ૦ પીલને મદદને સારૂ અરજી કરી હતી ને તેના જવાબમાં આવ્યું છે કે કોશ છપાયા પછી વિચાર—પણ મારા શ્રમની તેમને કદર છે એવું તેણે લેટરમાં બતાવ્યું છે. એકાએક ડા૦ બ્યૂલરનો વિચાર નિકળવો એ અને જણો જ છો કે મહિપતરામની વર્તણુંક મારી તરફ કેવી છે તે એ બે કારણથી મિ૦ પીલે મારી ઇચ્છા પ્રમાણે ઉત્તર વાળ્યો નથી.

આ વર્ષમાં ગોપાળજીભાઇ સાથે મારે થોડોક વધારે પ્રસંગ પડ્યો છે ને હમે સારી સારી વાતો કરી છે. એઓ ભાવનગર હોય તો મારૂં આ સંભારણું તેમને જણાવશો. મારા પડોસી કવિને તમારા લખ્યા પ્રમાણે કહ્યું છે.

ગુજરાતી ગીતિ કરી છે તે જો યથાર્થ હોય તો ઉપયોગમાં લેવી. મારૂં નામ સંક્ષેપમાં પણ લખવું અવશ્ય તો નથી.

એક સકળ જનમાંહી, જેના સરખો નહીં જ કો સાચો;
ન્યાયે વર્તે તેવો, તેને શિક્ષા મરણ તણી દો છો.

વારૂ ભાઇ, ગુજરાતી ભાષાના પ્રાચીન ગ્રંથો અથવા એમાંનાં પાનાંનો સંગ્રહ તમારી તરફ મારા જોવામાં આવે ખરો? સૈકા સૈકામાં ભાષામાં કેટલો અંતર પડ્યો છે તે જાણવાનું છે? નરસહીં મેતાની પૂર્વે કોણ કવિ થઇ ગયા છે? આપણા કવિઓએ દેશી–ઢાળમાં પદબંધ બાંધ્યા છે તે શા ઉપરથી. પદ–ગરબી દેશીની ચાલ કોણે ક્યારે ને શા ઉપરથી કહાડી તે જાણવું જોઇએ.

બહુ લખાણ થઇ ગયું માટે હવે બસ—

નર્મદાશંકરના આશીર્વાદ.

સુરત આમલીરાન, તા૦ ૧૪ અક્ટોબર સને ૧૮૬૯.

સ્નેહકૃપાર્ણવ દેસાઇ શ્રી છગનલાલ વિ. સંતોકરામ, મુ૦ ભાવનગર.

રાજશ્રી ભાઈ,

૧ આપનો તા૦ ૧૦ અક્ટોબરનો સ્નેહદર્શક તા૦ ૧૩ મીએ વાંચી ૧૦ વર્ષ ઉપર થયલા સમાગમનું સ્મરણસુખ પામ્યો છઉં ને આપ 'પત્ર-વ્યવહાર જારી રાખવાની ઉમેદ' રાખો છો એ ઉપરથી આશા રાખું છઉં કે આપને હું કેટલાંએક કારણોથી જાણે એકમેકને છેક જ ઓળખતા ન હોઇયે તેવી સ્થિતિમાં આવી રહ્યા હતા તે પાછા પત્રરૂપી નેત્રદ્વારાએ પરસ્પર રસ આપતા થઇશું ઇ૦.

૨ 'આપને આપણા દેશસુધારા ઉપર ઉલટ અને પ્રીતિ છે તે વાત હરેક પ્રસંગે સાંભળી અંત:કરણને ઘણો જ આનંદ પ્રાપ્ત થાય છે' એ વાક્યો આપના પત્રમાં આપે જણાવ્યાં એથી મને પણ થોડો સંતોષ નથી. કારણ કે આપ શ્રીમાન પણ દેશને અર્થે થતાં કર્મો તે સંસારમાં ઉત્તમ પરમાર્થ છે એમ અંતઃકરણથી સમજો છો—ઇતિહાસો વાંચ્યાથી જણાય છે કે સુધારાનાં કર્મો મધ્યમ વર્ગના જનોથી થયાં છે ને પછી પ્રથમ વર્ગના જનોએ મોટી સહાય કરી છે કે જેથી પેલા વિશેષ ફાવ્યા છે.

આપણામાં હજી અનુભવવિવેકે સુધારાના વિચાર ફેલાવનારા થોડા છે, ને કામો કરનારા તો વળી બહુ જ થોડા છે; અને કેટલાક શ્રીમંતો સ્વાર્થથી, મોટાઇથી ને શરમમાં પડયાથી સહાય કરનારા છે, પણ શુદ્ધ વિચારથી ને શુદ્ધ બુદ્ધિથી સહાય કરનારા બલકે નથી એમ કહું તો તે ખોટું

નથી ને આપે જે દિલ દાઝથી મને પત્ર લખ્યો છે, તે જોતાં આપ શ્રીમાન વર્ગમાં સુધારાને શુદ્ધ બુદ્ધિથી સહાય કરનારાઓમાં પ્રથમ ને પ્રથમ માનને યોગ્ય થાઓ ખરા.

૩ રા. ગોપાળજી સુરભાઇ સાથે મારે કોશ સંબંધી પત્રવ્યવહાર ચાલેલો તે સમયે મારો વિચાર માત્ર ત થી હ લગીના શબ્દોને માટે ૩૦૦ પ્રત છપાવવાનો હતો ને તેને વાસ્તે બે અઢિ હજારની છપાઇ થશે એટલી અટકળ બાંધી હતી. ગયા અપરેલ માસથી મારો વિચાર છપાયલો ભાગ રદ કરી નવેસરથી અ થી તે હ સુધી ફરીથી શુદ્ધ કરી નવા શબ્દો વધારી છપાવવાનો ને હજાર પ્રત કહાડવાનો થયો છે. ડાઇરેક્ટર પાસે પંદર હજારની મદદ (૫૦૦ નકલ ૩૦ ને ભાવે આપવાની સરતે) માંગી હતી. એક વર્ષમાં છાપી બહાર કહાડવાનો કુલ ખરચ (કાગળ, છપામણી, કપડાંના પુઠાં વગેરે) સુરત ઐરિશ મિશનના એસ્ટિમેટ ઉપરથી છ હજાર રૂ. થાય છે. દર પ્રતના રૂ. ૨૦) ભાવ રાખતાં ૩૦૦ પ્રતે રૂ. ૬૦૦૦ પુરા થાય. બીજા છાપખાનાનો એસ્ટિમેટ ૫૦૦-૭૦૦ ઓછો પણ થાય ખરો.

૪ 'મારી જાતથી જેટલી મદદ થઇ શકે તેટલી કરી આપે લીધેલા પ્રયાસનાં ફળ સહુ ચાખે એ હેતુથી' આપ મને ખરચનો આંકડો પુછો છો તો પછી કોશને બહાર પાડતાં શી વાર છે?

૫ એટલી રકમનો આશ્રય મળવાનું આપની તરફથી બનેથી એ આશ્રયના બદલામાં સર્વ ગુજરાતી તરફથી ને મારી તરફથી મારે જે ઉપકાર માનવાને થશે તેના પ્રકાર સંબંધી હું આપને જણાવીશ.

આપના શુદ્ધ સ્નેહનો અભિલાષ રાખનાર
નર્મદાશંકર લાલશંકર

નર્મકોશની છપામણી વિશે ખટપટ

સુરત આમલીરાન, તા૦ ૨૪ અકટોબર ૧૮૬૯.

રાજશ્રી દેશાઇશ્રી છગનલાલ વિ. સંતોકરાય—મુ૦ ભાવનગર.

સ્નેહીશ્રી ભાઈ,

આપના તા૦ ૨૧ મીના પત્રના ઉત્તરમાં ઉપકાર માનવા સંબંધી વિશેષ વિવેક કરવો મૂકી દઇ નીચે પ્રમાણે લખું છઉં.

આપને ઉત્તર લખ્યા પછી અમદાવાદના યુનાઇટેડ કંપનીના છાપખાનાના મેનેજર મારી પાસે આવ્યા હતા. તેણે મારા કોશ સંબંધી એસ્ટિમેટ (૧૦૦૦ નકલનો ખર્ચ, કંપોજ તથા સારા કાગળ ઉપર છપામણીનો)

રૂા. ૩૫૦૦) તથા રૂા. ૧૦૦૦) કપડાંના પુઠાંનો મળીને રૂ. ૪૫૦૦)નો આપ્યો છે ને પાંચ મહિનામાં (હું જો અમદાવાદ રહું તો) છાપી આપવાનું કહ્યું છે. તેમ મુંબઇથી પણ હવે કાગળો આવે છે—એ સ્હેજ જણાવું છઉં.

કોશ સરખા પુસ્તકને આશ્રય આપનારને માન છે તેમ જે છાપખાનામાં છપાય તેને પણ માન છે. ચાર પાંચ હજારનો વિષય મને ભારે પડે તેમ નથી ને કોશ છપાએથી તેટલો તર્ત આવી શકશે એવી મને ખાતરી પણ છે; તો પણ કેટલાંએક કારણ જે પ્રસ્તાવનામાં લખવામાં આવશે તેથી અને મોટાં પુસ્તકની સાથે કોઈ મોટાનું નામ જોડાય ને તે તેવા જ પ્રકારનો જોઇયે એવી મારી ઇચ્છા, તેથી હું કોઇ તેવાને શોધતો હતો.

ઈશ્વરેચ્છાથી આપ સાનુકૂળ થાઓ છો ને નંગને કુંદનથી શોભાવો છો તો મારો આત્મા પ્રસન્ન થવો જ જોઇયે—વિશેષે આ રીતે કે નાગર ગ્રંથકર્તા, નાગરનો આશ્રય ને નાગરનું છાપખાનું.

સુખે જ્ઞાનચંદ્રોદયમાં છાપો. પ્રુફ સંબંધી અડચણને માટે હું આમ વિચાર રાખું છઉં—જો છાપખાનામાં વિશેષે કોશનું જ કામ ધમધોકારે ચાલે તેવું હોય તો હું મારું એક માણસ પ્રુફ તપાસવાને માટે ભાવનગર રાખું ને વચમાં વચમાં હું આવતો રહું; જો ધીમે ચાલે તેવું હોય તો પોસ્ટની મારફતે હું પ્રુફ તપાસી મોકલ્યાં કરૂં. ધીમે ચાલે તો પણ ઘણું તો એક વર્ષ એટલામાં છપાઇ રહેવો જોઇયે; જો છએક મહિનામાં છપાય તેહેવું હોય ને મારૂં અથવા મારા માણસનું ભાવનગર રહેવું થાય તો એક બીજો લાભ થાય કે—કોશમાં ન આવેલા એવા (કાઠિયાવાડના) બિજા શબ્દો પણ તેમાં ઉમેરાય.

જ્ઞાનચંદ્રોદયનો એસ્ટિમેટ મારા ધારવા પ્રમાણે અમદાવાદનો જોતાં ઘણામાં ઘણો રૂ. ૪૦૦૦)નો થશે ને એટલા અવેજનો આશ્રય આપ મને આપશો, પણ એ સંબંધી હું જાણવાને ઇચ્છું છઉં કે પુસ્તકની પ્રતો ખરીદ કરી આપ અવેજ વાળી લેશો કે મારે જ વેચાણનાં નાણાંમાંથી તે વાળવો કે શી રીતે?

દિવાળી કરીને મારે મુંબઇ જવું છે, માટે હવે દશબાર દિવસમાં તમારી તરફનો નક્કી ને ખુલાસાનો વિચાર મારા જાણવામાં આવે તેમ કરવાની આપ ખંત રાખશો; તેમ અગર આપને ત્યાં છાપવાનું ઠરે તો કયા દાહાડેથી આરંભ થશે તે પણ જણાવશો—એ જ વિનંતિ.

મૈત્રિ—સ્નેહ—પ્રેમનાં ઐક્ય વશ સુખની હોંસ રાખનાર
નર્મદાશંકર લાલશંકર.

સરનામું.
રાજમાન્ય રાજશ્રી દેશાઇ છગનલાલ વિ. સંતોકરામને
આ પત્ર ભાવનગર પહોંચે.

ગુજરાતી કવિતા વિશે અભિમાન

સુરત આમલીરાન, તા૦ ૧૬ નવેમ્બર ૧૮૬૯

પરમ સ્નેહી ભાઈ ગોપાળજી,

તમારો તારીખ ૩ જીનો પત્ર આવ્યો તે વેળા હું સુરતમાં નહીં. તેમ પછી દીવાળીના દહાડા ને મિત્રોની ભેટ, તેમ વળી કેટલુંક ઘર સંબંધી જરૂરનું કામ, એ કારણોથી ઉત્તર મોડો લખાય છે. તમે પત્ર લખવો આરંભ્યો એથી હું ઉપકાર માનું છઉં અને 'સાધનની કોતાઇ વિગેરે કારણસર ફુવડપણું જણાય તો તેને સારૂ દરગુજર થશે' એ રીતનો વિવેક બતાવ્યો તેને સારૂ મારે પણ વિવેકમાં દલગીરી બતાવવી જોઇયે.

જો કે પૂર્વે ગુજરાતીયો કવિતા વાંચવાનો ને વિશેષ સાંભળવાનો શોખ રાખતા, તો પણ તેઓને કાવ્યશાસ્ત્ર સંબંધી જરાએ જાણ નહોતી. જેઓ કવિમાં ખપવાની ને શાસ્ત્ર જાણવાની ઇચ્છા રાખતા તેઓ હિંદીમાં કવિતા કરતા ને સુંદર શૃંગાર, રસિકપ્રિયા, કવિતાપ્રિયા આદિ ગ્રંથો વાંચતા—અર્થાત્ હાલના જેટલી પણ લોકમાં કવિતા સંબંધી ચર્ચા નહોતી. જ્યારે આપણા કવિયો હિંદી કવિયોની પેઠે રાગ છોડી છંદ નિયમે તથા અર્થજ્ઞાને ફક્કડ રીતે વાંચતા થશે, તારે હું જાણું છઉં કે હિંદી કવિતાના શોખીલાઓ આપણી કવિતાને તુચ્છ ન ગણતા પોતાનાથી કંઇક જ ઓછી ગણશે—ને એમ થાય તેને માટે આપણે કવિતા બોલવાની છટા અભ્યાસથી આણવી જોઇયે ને હિંદી કવિયો સાથે અર્થરસાલંકાર સંબંધી ચર્ચા કરી આપણી કવિતામાં પણ રહેલી ખુબી તેઓને દેખાડવી જોઇયે.

કૃષ્ણાકુમારી નાટક વિશે ખુલાસો

કૃષ્ણાકુમારીનો પ્રસંગ મેં ટૉડ ઉપરથી યથાર્થ લખ્યો છે ને તમારો કાગળ આવ્યા પછી ફરીથી જોઇ નક્કી કરયું છે. વિલસનની હિંદુસ્તાનની તવારીખમાં પણ તેમજ છે. જેની ભીમસિંગ સાથે સગાઇ થયેલી તેની સાથે માનસિંગથી પરણાય નહીં એમ તેઓ કહે છે તે તેમ હોય, પણ મેં તો અંગ્રેજી ગ્રંથો પ્રમાણે જ લખેલું છે. મારવાડના વિજેસિંગને સાત દિકરા; તેમાં એક ભોમસિંગ ને એક શેરસિંગ હતા. ભોમસિંગનો ભીમસિંગ ને શેરસિંગે એક વેશ્યાથી થયેલા છોકરાને પોતાનો કરી રાખેલો તે માનસિંગ. સવૈસિંગે માનને એમ કહ્યું હતું કે કૃષ્ણાની સગાઇ ભીમસિંગ સાથે નહીં પણ મારવાડી ગાદી સાથે થઇ હતી ને તમે નહીં પરણો ને તે જો બીજાને પરણશે તો મારવાડની ગાદીને લાંછન લાગશે. અમીરખાને ઉદેપુરના ભીમસીંગને કહ્યું હતું કે કાં તો તે માનને પરણે અથવા રજવાડાની સુલેહને સારૂ મરે, એવાં વાકયો સ્પષ્ટ છે.

કોશનું નક્કી થયું છે—ભાવનગરમાં છપાશે ને કુલ ખર્ચ મારા એસ્ટિમેટ પ્રમાણે રૂ. ૪૦૦૦ ને દેશાઇ છગનલાલની તરફથી થશે—એઓના મનમાં એ કામ ઉપાડી લેવાનું સહજ કેમ આવ્યું તે તમે સારી પેઠે જાણતા હશો—હું ધારું છઉં કે તમે પણ કંઇ વાત કહાડી હશે ને એમ હોય તો મારે તમારો પણ ઉપકાર માનવો ઘટિત છે.

કથાકોશ હવે મહિના એકમાં છપાઇ રહેશે. જો બની શકે તો પાંચશે રૂપીઆ જાનેવારી આખર સુધીમાં મોકલવા કે છાપનારની રકમ હજારેકની થશે, તેને પેટે ભરવા.

મેં સાંભળ્યું છે કે તમારો એક ગ્રંથ છપાઇ રહ્યો છે.

તમારા પત્રથી મને કેટલીક વાતની નવી નવી જાણ થશે માટે અવકાશે લખતા રહેશો.

લા૦ તમારો સ્નેહી, નર્મદાશંકર.

નર્મકથાકોશનું કામ

સુરત આમલીરાન, તા૦ ૧ ડિસેમ્બર

સ્નેહી શ્રી ભાઇ છગનલાલ,

આપનો તા૦ ૫ મી નવેમ્બરનો પહોંચ્યો છે—ઘેલાભાઇ મુંબઇ જતાં પેલાં મળ્યા હતા ને પાછા આવ્યા પછી તમારી તરફ જવાને દિવસે પણ મળ્યા છે ને મેં છાપવા સંબંધી જે કંઇ જરૂરનું કહી દેખાડવાનું હતું તે કહી દેખાડયું છે—એઓએ ૧૦ દિવસ પછી મારા આદમીને મોકલવાનું કહ્યું છે.

હાલમાં કથાકોશ નામનું પુસ્તક છપાવું છું તે અડધું છપાયું છે તે પૂરું થયેથી ને આપને ત્યાં કોશનું કામ ધમધોકાર ચાલતું થયેથી હું ભાવનગર આવી આપને મળીશ.

વડાઇમાં નથી કહેતો પણ સાચું કહું છું કે કોશનું કામ ઘણું જ ભારી છે—ફરીથી જોઉં છું તોપણ મારે ઘણો વિચાર કરવો પડે છે ને મારો ઘણો કાળ જાય છે—હવે એ શ્રમથી કંટાળેલો છું—જ્યાં સુધી તે છપાયો નથી ત્યાં સુધી મારું મન તેમાંથી ખસવાનું નથી. હું જાનેવારીથી તે છાપવા આપવાનો જ હતો પણ એ દરમ્યાન આપના પત્રો આવ્યા. અર્થાત્ છાપવાનું કામ વિલંબથી નહિ પણ ત્વરાથી ચાલે તેવું કરશો ને મારે આપના સંબંધી જે ઇચ્છા દર્શાવવાની છે તેને માટે સમય વેળા આણશો. એ જ વિનંતિ.

સ્નેહાંકિત નર્મદાશંકર.

સુરત તા૦ ૨૦ એપરેલ ૧૮૭૦,

સ્નેહી શ્રીભાઇ ગણપતરામ,

તા૦ ૨૨ મી ફેબરવારી તથા ૧૬ મી માર્ચના એમ બે પત્ર તમારા આવ્યા છે. શબ્દકોશ સંબંધી તમારી કાળજી જોઇ ખરેખર હું બહુ પ્રસન્ન રહું છઉં. માર્જિન શીરસ્તાથી વધારે રાખવી અગત્યની છે ને તમે સૂચના કરો છો તેમ ફારમો છપાતા થશે તો તેમાં પણ મારે વાંધો લેવા જેવું કંઇ નથી. એ કામ પ્રિંટરનું છે. મેં યુનિયન પ્રેસના માલિકને પેહેલો ફારમ બતાવ્યો ને માર્જિન વિષે પુછ્યું ત્યારે તેણે કહ્યું કે છે તેટલી માર્જિન બસ છે. એ ફારમોને કવર પેપર સાથે સ્ટીચ કરવા હોય તો ન ચાલે, પણ બાંધવામાં તો કંઇ હરકત નહીં પડે.

અક્ષરજોડણી વિષે—(૨) હ રાખવા વિષે તમારો પણ મારા જેવો જ વિચાર છે. છપાયલા ભાગોમાં મેં તેમ જોડયો છે. પણ કેટલાક અક્ષર સાથે હ મનમાનતા રીતે જોડાઇ શકાતો નથી ને ગુજરાત તરફના કેટલાક શબ્દને તો હ જોડતા જ નથી ને એને માટે તો વિદ્વાનોના જુદા જુદા મત છે, માટે મારૂં કામ સહેલું કરવાને હ સૂચક ચિહ્ન રાખ્યું છે ને એને કેટલાક વિદ્વાન્ સંમત છે—હાલમાં તો એ ચિહ્ન રાખવું—બીજી આવૃત્તિ વેળા પાછો વિચાર કરીશું. નાગરી લિપિમાં લખાયલા હિંદી પુસ્તકમાં જેમ અક્ષરની નીચે ચિહ્ન હોય છે તેમ (૨) કૉડી, ગૉળ એ ઉચ્ચાર સંસ્કૃતમાં નથી જ. પ્રાકૃત ભાષાનાં વ્યાકરણોમાં છે કે નહીં તે હું જાણતો નથી. અહીંના નાગર બ્રાહ્મણોમાં એ ઉચ્ચાર થતો નથી. (મ્હેતાજી દુર્ગારામ આદિ અમદાવાદીયો ને ગૃહસ્થો તે ઉચ્ચાર કરે છે ખરા) દિનમણિશંકર શાસ્ત્રી સાથે મારે એ ઉચ્ચાર વિષે વાત થતી હતી ને તેઓએ એ ઉચ્ચારને ધિક્કારયો છે. ગામડાના લોક ને તેના સંબંધમાં આવેલા ઉંચ વર્ગના લોકે તે ઉચ્ચાર ગ્રહણ કરયો છે. મેં જનમ ધરી એ ઉચ્ચાર કીધો નથી એટલે હું તે શબ્દોને જુદે ઉચ્ચારે દરસાવી શકતો નથી. પ્રસ્તાવનામાં અથવા કોશના સમાપ્તિ પછી તેવા શબ્દોની ટીપ તમ સરખા પાસે તૈયાર કરાવી આપીશ ખરો.

હું આશા રાખું છઉં કે જેમ છપાતા કોશની નિઘેદારી રાખતા આવો છો તેમ આખર સુધી રાખશો. પ્રુફ ચોરાયાં—ગેરવલ્લે પડ્યાં તેને લીધે ઢીલ થઈ એ શોકકારક વાત બની છે.

ઠાકોર સાહેબ ગત થયા એ માઠું થયું છે, પણ હવે વારસને રાજ્યાભિષેક ક્યારે થશે ને શી શી નવી ગોઠવણ થાય છે ને થવાનો સંભવ છે તે વિષે અનુકૂળ હોય તો સવિસ્તર લખશો.

તમારો શુભેચ્છક, નર્મદાશંકર.

મિત્ર નવલરામના એક ગ્રન્થ વિશે ચર્ચા

મુંબઈ તા૦ ૨૪ મી માર્ચ ૧૮૬૩

મારા પ્રિય નવલરામ,—મુ. સુરત

તમારી ચોપડીનાં દર્શન આજ મને છાપખાનામાં થયાં છે એ ઉપરથી જાણુજે કે તમારી ચોપડી અહીં પોંહોંચી છે ખરી. મારો એક મિત્ર થોડા દહાડા ઉપર અમદાવાદ ગયો હતો તેના કહેવાથી જણાય છે કે કવિ દલપતરામના એક શિષ્યે મહારાજ કેસ કવિતામાં કરવો શરૂ કર્યો હતો પણ પછી વચમાંથી મુકી દીધો છે, ને આજ લગી તમો સિવાએ કોઇ બીજો ઉમેદવાર નથી.

તમે તમારી ચોપડી મને દેખડાવ્યા વગર બારોબાર મોકલી દીધી તેને સારૂ તમે પસ્તાવો કરો છો એ જોઈ હું દલગીર છઉં. પસ્તાવાની કંઇ જરૂર નથી. કરેકશન પછી પણ થઇ શકશે, હવે તો તમારે પરીક્ષકોના છેલ્લા ઠરાવ થતા સુધી (પાંચેક મહિના સુધી) નિરાંતે બીજાં કામો કર્યાં કરવાં. હવે એ વિષે તમે જેટલી કાળજી રાખશો તેટલી ફોકટ જશે.

ચંદ્રાવળા મેં બહુ સાંભળ્યા છે અને નમુનાને માટે બનાવ્યા પણ છે. ચંદ્રાવળા કરવાની અને ગાવાની રીત ઘણી સેલી છે, પણ તમારા સાંભળવામાં નહીં આવેલી તેથી તમને ઘણી મુંઝવણ પડી હશે. મને ચંદ્રાવળાની કવિતા ઘણી ગમતી નથી, તો પણ એ કાઠીઆવાડી ઉદાસી ઢાળ કરૂણારસમાં સારો લાગે તેવો છે ખરો.

તમે મશ્કરીમાં લખો છો કે "પ્રસિદ્ધ રીતે કહોની, તે કવીશ્વર તમારો ઘણો જ પાડ માનશે અને પાડ માનવાને તેને કંઈ સાધારણ કારણ મળશે એમ પણ નથી." તમે પ્રસિદ્ધ કહેવડાવવા માંગતા હો તો તેમ કરવાને હું તૈયાર છઉં. હું બીજાને માન મળતું જોઇ જેટલો ખુશી થાઉં છું તેટલો પોતાને માટે નથી. × × ×

હવે તમે તે અહીં મોકલવા વિષે મારી સલાહ પુછો છો તો તે આ પ્રમાણે છે. ઘણું કરીને એવું જોવામાં આવે છે કે જે વાતમાં આપણી ખાતરી હોય તે વાતની બીજાને ખાતરી થાય અથવા ન થાય, પણ જે વાતની આપણે પોતાને ખાતરી નહીં હોય તો તે વાતની ખાતરી બીજાને થવી મુશ્કેલ. માટે તમને જો તમારી કૃતિ વિષે ખાતરી હોય તો બેલાશક તે મોકલી દેવી. દલપતરામના શિષ્ય સાથે તમારે મુકાબલે આવવું એમાં કંઇ હીણુપત જેવું છે એમ મને લાગતું નથી, ને કદાપી સરસ ઉતરવાને બદલે એકાદિ પાયરી ઉતર્યા તો તેમાં કંઇ અપયશ જેવું છે એમ પણ મને લાગતું નથી. રડવા કુટવાના નિબંધને પ્રસંગે મારે ચારની સાથ

મુકાબલે આવવું પડયું હતું. કવિતાની નવી શાળા આગળ જુની ટકનાર નથી એ વાત ઘણું કરીને ખરી છે, પણ પરીક્ષા પ્રસંગે પરીક્ષાનું પરિણામ......પરીક્ષકો આગળ ઉમેદવારોની વિરૂદ્ધતા ઉપર, મતલબિયા અને સ્વૈચ્છિક પરીક્ષકો આગળ, એઓની રૂચી ઉપર અને પક્ષપાતી પરાધીન પરીક્ષકો આગળ વગવસીલા ઉપર આધાર રાખે છે. માટે તમારે તમારો ગ્રન્થ મોકલવો તો ખરો પછી તમારી મરજી હોય તેમને મોકલો કે તે હું જોઈ 'દફ્તર આશકારા'માં મોકલું અથવા તમને પાછો મોકલું. તમે જે ચરણો લખી મોકલ્યાં છે તેટલાથી તમારા ગ્રન્થ વિશે મારાથી કશું અનુમાન થઇ શકતું નથી.

'ગોંદરે ભેંસ ને ઘેર ઝડકા' તેમ શું કરોછ? તમારા ગ્રન્થનું પરિણામ જણાયા પછી તમારે જેને અર્પણ કરવો હોય તેને કરજો, પણ એવો તે કોણ છે કે જેને તમે છેક જ છાપરે ચડાવો છો? એવો તે કોણ છે કે જેણે અલગ દૂર પડેલા અને ચાર પાસ ફરતા કોઇ આવી રહેલા એવા કવિતા......કિલ્લામાં (પિંગળ શાસ્ત્રમાં) તમને પ્રવેશ કરાવ્યો અને ખરા......જ્ઞાનનાં અને બુદ્ધિનાં પુસ્તકો..................................વ્યા' અને જેનો તમે એ.................................કે તમે કવિ દલપતરામ વિષે.......................

"કવિતાની જુની શાળા ....
ઉદય જાહેર હોવો જોઇએ—" એમ..
નવી શાળાને પ્રથમ જન્મ...
યો એ સમજવાનું અને...
દાખલ પેહેલું માન પણ કોઇને ઘટે છે પુરૂ................................
રટર ઓફ ધી સ્કુલને માટે આચાર્ય લખો છો તે ધર્મમત સંબંધી હોય તો ચાલે પણ કવિતાને માટે નહીં જ ચાલે. હું ધારૂંછ કે માસ્તર ઓફ આ પોએટિક સ્કુલને માટે નામ આપવાની જરૂર નથી. નામ આપ્યા વગર પણ નિવેડો થઇ શકશે.

હું તમારી ઇચ્છા પ્રમાણે હાલમાં કોઇને કંઇ જણાવતો નથી.

તમારો સાચો શુભેચ્છુ—

નર્મદાશંકર.

(**નોંધ**—આ પત્રમાં જ્યાં જ્યાં મીંડા મૂકેલાં છે ત્યાં ત્યાં પત્ર ખંડિત છે. **સંપાદક**)

મિત્રને આશ્વાસન અને પ્રોત્સાહન

સુરત તા૦ ૧૭ મે સન ૧૮૬૬

ભાઈ કરસનદાસ

હું જ્યારે મુંબઈ હતો ત્યારે તમને મળવાની ઇચ્છા થઈ હતી. એવામાં જાણ્યું કે ગભરાટમાં છે—હું ચોંક્યો—મળીને દિલાસો દેવો ધાર્યો, પણ પાછું વિચાર્યું કે સુઘડ જનને પુરા ગભરાટમાં જેવો દિલાસો પોતાનાથી જ પોતાના એકાંતમાં મળે છે, તેવો એક ભણેલી, ડાહી, દુનિયાદારી જાણતી, માથે પડેલું એવી રસીક ને ચતુર પ્યારી શિવાએ બીજી કોઇ વસ્તુથી મળતો નથી. હું શરમાયો—પછી બીજે દિવસે વધારે ગુમાટો સાંભળ્યો. એ વખતે શીવારામ ગવૈયો મારી પાસે હતો. હમે ગુણ ગાતા હતા ને ઈશ્વર પાસે માગતા હતા કે સાચાના બેલી હમારા સામું જોઇને તો નહીંજ પણ તેનાજ સુકૃત સામું જોઇ તેને સલામત ઉતારજે.

ઉપકાર કીધાછ તેને સારૂ આ બોલાય છે, એમ નથી પણ પ્રેમનો પાશ આડો આવે છે એ વાત આજ મ્હારે નવી જણાવવાની નથી.

મારે આટલુંજ માગી લેવાનું છે કે ચડી આવેલી વાદળી જોઇને જીવને ઉચાટમાં રાખવો નહીં—બ્હાદુર કપતાનની પેઠે તોફાનમાં ધીરજથી હંકારી આવવું.

(દોહરો)

ધીરજ હિંમત રાખવી, ગાવા હરિના ગુણ;
શી માયા છે તેહની, નથી તેમાં કંઇ ઊણ-૧

પ્રેમ સાચા નર્મદના આશીષ—

પ્રતિસ્પર્ધી સાથેનો વહેવાર

સુરત તા૦ ૫ માર્ચ ૧૮૬૮

કવિ ભાઈ હિરાચંદજી

ફાગણ સુદ ૭ નો પત્ર આવ્યો તે વાંચી સમાચાર જાણ્યા છે. જ્ઞાનસમુદ્ર મને પોંચ્યો છે. મારો ગ્રંથ હાલમાં તમને મુંબઇથી મળે તેમ નથી. થોડી એક નકલો બંધાઇને આવી હતી, તેમાંની થોડીએક હું અહીં લાવ્યો છઉં ને થોડીએક નાનાભાઇયે વેચી છે. હજી દુકાનમાં પણ વેચવા મુકી નથી ને થોડીએક મિત્રોને પણ આપવી બાકી રહી છે. કાઠિયાવાડમાં મારે એ ચોપડીઓ મોકલવી છે, તેમ એક તમને પણ મોકલીશ.

હાલમાં વેચવાના મારા ગ્રંથમાં, કવિતાના મોટાં પુસ્તક શિવાએ બીજુ કંઇ જ નથી. તમારા છાપેલા ગ્રંથમાંના અખા ભક્તની વાણીનો ગ્રંથ લેવાને કોઇ કોઈ વખત ગામડાંના લોક મારી પાસે આવે છે. માટે એ ગ્રંથની નકલ ૨૦ એક મારી પાસે હોય તો સારૂં. મહીપતરામ વિષેનો ગ્રંથ અને તમારા દુઃખનો ગ્રંથ એ બે મારે જોવા છે, માટે બને તો કોઇ પાસ નકલ કરાવી ગમે ત્યારે પણ મોકલવા. કાઠિયાવાડ ગયા પછી પણ વખતે વખતે કાગળ લખતાં રહેવું, ને તેણી તરફના સમાચાર જણાવ્યા કરવા.

મિથ્યાભિમાન ખંડન તમે કીયા પ્રસંગથી લખ્યો છે, એ વિષે મારે મારી હકીકતમાં લખવાનું છે; ને એને માટે મને બહારથી કેટલીક ખબર મળી છે કે ભોગીલાલે તમારી ચોપડી લીધી નહીં, તેથી ડેપ્યુટીઓ ઉપર અને દલપતરામના કહ્યાથી મારા ઉપર તમે લખ્યું છે. ને એ પાછલું તો તમે પોતેજ મને કહ્યું છે, પણ એ બંને વિષે સવિસ્તર હકીકત જાણવી છે માટે જે સત્ય હોય તે યથાસ્થિત લખી મોકલવું. કાગળ નાટપેડ મોકલતાં સંકોચ આણવો નહીં. એજ વિનંતિ.

લા. નર્મદાશંકરના જે પરમાત્મા વાંચવા.

તા. કઃ—ભાઈ આપણે જે ઘણાએક બપોર વાતચિતમાં કહાડ્યા છે તે મને બહુ સાંભરે છે, તેમ ગત પુરૂષનું ચાંચલ્ય હજી મારી આંખ આગળ રમે છે.

સાહિત્યના માસિકો વિષે મત

સુરત—આમલીરાન, તા૦ ૨૧ આગષ્ટ ૧૮૬૮

પ્રિય ભાઈ ગણપતરામ,

તમે મનોરંજક વિષે મત માગ્યું તો હું ટુંકામાં લખું છું—પ્રથમ મેં છેલ્લો અંગ્રેજી આર્ટિકલ વાંચ્યો ને તેથી બહુ પ્રસન્ન થયો છઊં. ઈબારતની છબ 'ડાંડિયા'ના કેટલાક આર્ટિકલના જેવી ને વિષય સરસ છે. Better to die Leonidas એ પારેગ્રાફથી મને એમ લાગ્યું કે એવો અક્કેકો વિષય ગુજરાતીમાં આવ્યાં કરે તો સ્વદેશપ્રીતિના લખાણોમાં સારો ઉમેરો થાય. પ્રસ્તાવનાને ટુંકામાં લખેલી હાવકી અંગ્રેજી કવિતા પણ સારી છે. (ફ્રીમેશન) રાજ્યસ્તમ્ભ તથા નાટક વિષયમાં જેટલું લખાયલું છે તેટલા ઉપરથી ચોપાનિયાનું ભાવી સ્વરૂપ સુંદર કલ્પી શકાય છે. બીજા વિષયો સાધારણ પક્ષના સારા છે. ભાષા, પ્રૌઢી તરફના વલણની લખતાં વિચાર થાય ને વાર લાગે તેટલી ઓછી એવી સરળતાવાળી ને વાદે સારી છે.

હિંદુસ્તાની દાખલ કરવા વિષે જે વિચાર રાખ્યો છે તે મને બહુ ગમ્યો છે. પણ મારું મત નવી ઉરદુ કરવાનું નથી પણ હિંદી કાયમ રાખવાનું છે. હિંદુસ્તાનની ન્યાશનલ ભાષા એકજ હોવી જોઇયે એવો મારો ઘણા વરસનો વિચાર છે ને એ સંબંધી મેં કહીં લખ્યું પણ છે. આપણી નાશનલ ભાષા સંસ્કૃત હતી પણ હવે જેમાં વિશેષ સંસ્કૃત ને થોડા ઉરદુ ફારસી શબ્દો આવે તેવી આગરા, કાશી વગેરેમાં હિંદુઓ જે ભાષા બોલે છે તે હિંદી હોવી જોઇયે; અગર તેવો કોઇ લખનાર અહીં ન મળે તો તેણીપાસથી કોઇને બોલાવવો જોઇએ ને આપણે તે શિખવાનો અભ્યાસ રાખવો જોઇયે. ગુજરાતી ઇડિયમવાળી, મુસલમાની ઇડિયમવાળી અને સંસ્કૃત ફારસી હિંદી ઉરદુ શબ્દો મનસ્વી મિશ્રણવાળી નવી ભાષા કરી, છતી શુદ્ધ હિન્દીને અથવા શુદ્ધ ઉરદુને ભ્રષ્ટ કરવી એ મને તો સારૂં નથી લાગતું. કહેશો કે શુદ્ધ હિંદીમાં મુસલમાનને ગમ નહીં પડે, પણ એટલું તો ખરૂં છે કે તેઓ સમજી તો શકશે જ ને અગર તેઓને અનુકૂળ ન પડી તો પણ શું ? હિંદુસ્તાનમાં હિંદુની સંખ્યા મુસલમાન કરતાં બાર ગણી વધારે છે, માટે આપણે આપણી નાશનલ ભાષા હિંદીજ રાખવી કે જે આજકાલ ફક્ત ઉત્તર હિંદુસ્તાનમાં જ ચાર કરોડ હિંદુઓમાં બોલાય છે. બંગાળીઓ પોતાની બંગાળીની સાથે હિંદી પણ જાણે છે, તારે ગુજરાતીઓએ કેમ ન જાણવી ? ઉપર જે ચાર કરોડની સંખ્યા લીધી છે તેમાં બંગાળીયો નથી. ઓગણીશ કરોડની વસ્તીમાં માત્ર ત્રણ કરોડ ઉરદુ બોલનાર છે. ભ્રષ્ટ ઉરદુમાં લખેલો નાટકવિષય ભાષા સુદ્ધાં નિરસ છે; તેમ મિશ્ર કાવ્યબંધ ચાતુરીના ક્લિષ્ટ કવિતા ચોપાનિયામાં ન આવવી જોઇએ.

સૂચના દાખલ એક વાત જણાવું છઉં કે આજકાલ કોઈ પણ ગ્રંથ લખવામાં વિષયના વિધિનિષેધની ઘણી અસર થાય તેવું હોય—ગ્રંથમાંથી અસર કરવાની શક્તિ ઘટી જઇને તે મોળો પડતો હોય તો તે પ્રસંગે નિષેધવાદ ભભકમાં ન બતાવવો. મારે કેટલીક વખત મારા લખાણમાં દેશકાળ જોઈ લોકના ઉપર અસર કરવાને ઉદ્દેશને જ છટાથી દરસાવવો પડે છે—જેમ છેલ્લા અંગ્રેજી આર્ટિકલમાં છે તેમ, હેલેનિઝમમાં કેટલુંક ઘણું સ્તુત્ય છે પણ ખબડદાર લખનારા એને વળી ખરેખરૂં હેલેનઝમને જ અચ્છું બ્હાર પાડ્યું છે.

મોટી ખુશાલી છે કે દેશી રાજ્યમાં રાજ્યાશ્રયથી એ ચોપાનિયું નિકળ્યું છે. એમાં દેશપ્રીતિના વિષયો, દેશાભિમાની પુખ્ત વિદ્વાનોના વિચાર ને જોસ્સાથી લખાશે એવી આશા રાખું છઉં.

અધિપતિઓએ તમારી પાસે મને યથાયોગ્ય લખાવ્યા છે તેમ તેઓને મારા પહોંચાડજો. હવે તો લોકને 'વિજ્ઞાન વિલાસ'ને 'મનોરંજક' એ બેની સરસાબરસી જોવાની મઝા છે.

નર્મદાશંકરના આશીર્વાદ.

હસ્તલિખિત ગ્રન્થો પરદેશ ન જાય તેની કાળજી

આમલીરાન તા૦ ૧૨-૧૨-૬૮

ભાઈ પાર્વતીશંકર,

હું જાણું છઉં કે મરનાર શાસ્ત્રીને તહીં સંસ્કૃત પુસ્તકોનો સારો સંગ્રહ છે. એ જે આપણા શહેરની ને આપણી જ્ઞાતિની શોભા તે આપણાથી દૂર ન થવી જોઇયે એવો મારો વિચાર છે ને તમારો હશે જ.

તમે ન્યૂસ્પેપરોથી જાણ્યું જ હશે કે આજકાલ સરકાર મારફતે સંસ્કૃત પુસ્તકોનો સંગ્રહ કરવા સારૂ અંગ્રેજ તથા હિંદુઓએ ઉદ્યોગ ચલાવ્યો. એ વિષયમાં રખેને વેળાએ શરમથી અથવા લોભથી અથવા સંભાળ નહીં રખાય એ ધાસ્તીથી અથવા બેદરકારીથી શાસ્ત્રીનાં પુસ્તકો શહેરની બ્હાર જાય અથવા અહીં તફરકે થઈ જાય, માટે આ કાગળથી સૂચના કરૂં છઊં કે તમારે તેમ ન થવા દેવું.

પુસ્તકના વ્યવસ્થા વ્યવહાર વિષે તો તમે તમારી અનુકૂળતાથી વિચાર કરશોજ અને કદી મારૂં મત પુછશો તો હું મોટી ખુશીથી આપીશ.

નર્મદાશંકરના યથાયોગ્ય.

દગાખોર મિત્રને સ્પષ્ટ કથન

તા૦ ૧૭ અકટોબર ૧૮૬૮

ભાઈ (?) નંદશંકર

જો કે કેટલાએક જણે તમારા ખારીલા સ્વભાવ વિષે મને દાખલા સાથે કહ્યું છે ને ડાંડિયામાં મોતીરામ વિષે લખેલા તમારા કાગળે તમારી કંઈ એક સુઘડતા બતાવી છે. તોપણ મેં જે તમારા સ્વભાવ વિષયમાં મારા ત્રણ વરસના અનુભવ ઉપરથી (અહીં રહેવા માડ્યું તેની પહેલાં હું તમારે વિષે કંઇજ જાણતો નહીં) જે મત બાંધ્યાં હતાં, તેમાં એક આ હતું કે તમે કેટલાએક કામ જોસ્સામાં કરો છો ને પછી પસ્તાઓ છો. પણ પછ્વાડેથી બે ત્રણ દાખલા તમારી વર્તણુકના મારી જાતના અનુભવમાં આવ્યા છે તે ઉપરથી તમારા થંડા લોહી ને હૈયામેલ વિષે મારા મનમાં નક્કી જેવું થવા આવ્યું છે. છેલ્લો દાખલો આ કે—

ઇનામના નિબંધ વિષે તમારૂં મત માગવાનું કારણ આજ કે તે ઉપરથી કંઇ તમારૂં મન જાણી લઉં. જો નિષ્પક્ષપાત ક્રિટિક દાખલ નિબંધ રદ કર્યો હોય—રદ કર્યો હોય તો પણ હું જરાકે મનમાં સંકોચ ન આણતાં ઉલટો તમને સાબાશી આપું એવો હું છઉં, એ વાત મારા અંતઃકરણની પ્રકૃતિ જે મિત્રોને મારી સાથે ઘણો સહવાસ છે તે સહુ જાણે છેજ. અગર તેમ ન હોય તો જાણી શકું કે ક્રિટિક દાખલ તમારૂં ગ્નાન ઓછું છે અથવા દ્વેશભાવથી જ ખોટું મત આપ્યું છે. તમારે માટે મેં ભાંજ-ગડ કીધી—કમીટી ખોટી રીતે પણ નારાજ થઇ—મને મત ન મળ્યાં. (તમે જ તે ન અપાવવાને કાં ન પ્રયત્ન કર્યો હોય ?). મને મોટો સંતોષ છે કે મેં મૈત્રીની પરીક્ષા કીધી છે. હું તમને નથી પુછતો કે તમે શું મત આપ્યું છે ? તે હવે મારે જોઇતું જ નથી. પણ તમારાથી જે હું આટલા દહાડા ઠગાતો હતો તે હવે નહીં ઠગાઉં, એ તમને જણાવવાને આ લખું છઉં. હું જાણું છઉં કે તમને 'સીરિયસનેસ' ગમતું નથી. 'લાઇટ-નેસ' જ ગમે છે ને મારાં લખાણથી ફુલાસો કે એને કેવો ચિહડવ્યો છે, પણ સુખે ફુલાજો. હૈયામેલ ને બહાર વિવેક એ રીતે રાજખટ-પટમાં છાજે. લોકમાં પણ બે રીત છે. જહાં બંને જણાં જાણે છે કે હમે એકમેકના હરીફ છેયે ને જહાં એક ભોળો છે ને બીજો મનમાં ગાંઠવાળી મુંગો માર મારે છે. બંને રીત મને પસંદ નથી.

કુલીનતા ને મૈત્રી વિશે પુરૂં સમજવું ને તે પ્રમાણે વર્તવું એ સજાત માણસનું કામ છે. નિંદા કરવી, પુઠના ઘા કરવા, બહારથી વિવેક ને મનમાં મેલ રાખવો એ બાયલાપણું છે. મેદાન પડી ઘા કરવો એ મર્દાઇ છે. એકમેકને જાણ કરી ઉંચપણે લડવું એમાં મોટાઇ છે. સુઘડ બૈરાં પણ બોલે છે કે "જીદ્દેથી લડવું શુંજથી ન લડવું." હું એમ સમજ્યું કે તમારૂં મન નિર્મળ છે ને તમે તારે હૈયામેલા હોઇ ભીતરમાં મારી નિંદા કરો ને મારી સાચી મૈત્રીને ભોળી ગણી કેટલાંએક હલકાં કામ કરી તેમાં ફુલાઓ. એ છતાં હું (થોડા સહવાસને લીધે) મૈત્રીમાં સાચો રહી તમારે વિષે સારો વિચાર રાખું, પણ જારે તમારી તરફથી અતીસેં થાય ત્યારે મને શક પડવો જ જોઇએ ને એ શકને ચાર પાસથી પુષ્ટી મળે ત્યારે અતઃપરને માટે મારે સાવધ રહેવું જ જોઇએ. તમે ઓદ્દેદાર છો, હું નથી. તમે વગવાળા હશો, હું નથી, તો પણ મારા શુદ્ધ અંતઃકરણને ઉંચી નીતિનો અભિમાની છઉં. તેથી હવે મંડાવાની બાજીમાં તમને જીતવાની વાત તો કેમ કહેવાય, પણ મારે પોતાને માટે યશસ્વિ હારનો પણ સંતોષ પામવાની આશા રાખું છઉં.

અમે કેટલાએક મિત્રો ઘરમાં ને બહાર વેળાએ પરસ્પર વાદમાં અથવા મસ્કરીમાં ઘણા જ કડવાં વેણ વાપરીએ છૈયે, તો પણ હુને પાણીએ આગ લાગતી નથી. તેમ હમારામાં વિરોધ થતો નથી. કારણ કે હમારામાં મળ નથી. અગર થોડી વાર મળ ફાવ્યો તો શું થયું? અંતે તો મળ જ નિંદાશે. જેઓ પોતે કાળા છતાં ગોરા છૈયે એમ બતાવવાને સામાં ગોરાને કાળા કહેવાને મથે છે, તેઓ પોતે જ પોતાની કાળાસ નિરખાવવા લોકને તેડે છે એવું મેં ઘણું જોયું છે. મને નથી જણાતું કે ગુજરાતી દેશાયોમાં ઐક્ય વ્હેલું થાય. એ થવામાં પ્રથમ મોટાં મોટાં મંડળોમાં સાચી મૈત્રી થવી જરૂર છે, ને જ્યારે તમારા સરખા મૈત્રિ સમજતા નથી ને તે વળી મારા સંબંધમાં, તારે હવે પરમાર્થને માટે સાચી મૈત્રીની કહાં આશા રાખવી?

તમારી તરફથી ને તમારી કંપની તરફથી જે હીણી ચાલ મારી તરફ ચલાવવામાં આવી છે ને તમારી તરફ જે ચાલ મેં ચલાવી છે, તે સંધું કદાચ કોઇ વખત એકઠા મળવાનો દહાડો આવવા જેવું હોસે તારે તો તે સઘળું માલમ પડી આવશે.

હવે વધારે લખવાની જરૂર રહી નથી. મરતી મૈત્રીની સેવામાં તેને છેલ્લાં આપવાનાં ઓસડમાં મારી તરફથી કંઇ ઊણું ન રહેવું જોઇયે, માટે ઉપર પ્રમાણે લખ્યું છે. પછી તે જીવો કે મરો. મરવા તો પડી છે ને હું તો મોયલી જ સમજું છઉં. હેયામેલ ને ભણેલાની ઠગાઇ કરતાં ખુલ્લું દિલ ને ન ભણેલાની અવિવેક જેવી લાગતી લાગણી વધારે સારી સમજું છઉં. તમારા જેવી ચાલ ચલાવનારા બીજા કેટલાક મારા સંબંધમાં હતા ને છે, પણ તેઓને આવો કાગળ લખ્યો નથી. તમારે વિષે જે કેટલુંક સારૂં મત મારા મનમાં અગાડીનું દસેલું છે તેથી જ આ લખવાનું ટેકવાણું સમજું છઉં. જોઇએ હવે—

લી૦ જેવો તમે સમજો તેવો નર્મદાશંકર.

તા૦ ૨૧ અકટોબર સને ૧૮૬૮

ભાઈ નંદશંકર

પ્રથમ ક્રોધ ને પછી શાંતિ એમ તમારા કાગળનાં બે રૂપ જણાય છે, ને એ મારાં પોતાનાં બાંધેલાં મતને પુષ્ટી આપે છે. લોકના કહેલાં તથા તમારા કહેવા પ્રમાણે મારાં માની લીધેલાં મત ખોટાં છે, તે પ્રસંગો ઉપરથી સમજાશે ને તમારા લખવા પ્રમાણે આશા રાખું છું કે તે ખોટાં ઠરે.

ખરૂં જાણજો કે નિબંધ નાપાસ થયેથી લોકના કહેવાને મેં કાન આપ્યો નથી જ, પણ મને તમારે વિષે શક ઉત્પન્ન થયેથી એ શક દૂર

કરવાને તથા નિબંધના દોષ જાણવાને મેં મત આપ્યાં હતાં. "ધર્મ બજાવ્યો છે, દોરિત અથવા વેરની સત્તા ચાલવા દીધી નથી." એમ જ છે તો તે હું ખરૂં માનું છઉં ને મત વિષે તો જાણ્યા વના કયમ બોલાય— 'Advanced school boy' ને શોભા આપે તેવો છે—હતો, પણ scholar ની પાસથી જેવા નિબંધની આશા રખાય તેવો નોતો એમ કહો છો તે તેવો પણ હોય; પરંતુ મારા ધારવા પ્રમાણે એવું ખરૂં કે વિદ્વાન પરીક્ષકોએ માત્ર પોતાના કલ્પેલા સ્ટાંડર્ડ પ્રમાણે નિબંધ ન આવ્યો માટે જ રદ કરવો ને નીચલી વાત ધ્યાનમાં ન જ લેવી, એમ ન હોવું જોઇયેઃ—

ગુજરાતી વિદ્યાર્થીઓનું કેટલું ગજું છે તે જાણવું જોઇયે. તમે તો લખો છો કે આડવાન્સડ સ્કૂલ બોયને શોભા આપે તેવો છે, પણ હું તો કહું છઉં કે ઇંગ્લંડની ગ્રામર સ્કૂલના ફર્સ્ટ ક્લાસના છોકરાને પણ શોભા આપે તેવો પણ ન હોય, તેમ જાહેર ખબરમાં માગેલા વિષયને જેટલું જોઇયે તેટલું લખાણ, હાલના ગુજરાતી વિદ્યાર્થીમાંથી આશા રાખી શકાય તેટલું લખાણ થયલું છે કે નહીં તે જોવું જોઇએ; ઇનામનો નિબંધ કેળવણી પર નથી માગ્યો, **સ્ત્રી કેળવણી** ઉપર નથી માગ્યો કે જેમાં ઘણીક વાત લખાય, પણ સ્ત્રી કેળવણીના લાભ વિષે માગ્યો છે, માટે એટલા જ પ્રકરણમાં શું અધુરૂં છે તેનો જ વિચાર કરવો જોઇયે. જેમ કેટલાક નિબન્ધીઓ માગેલા વિષયથી આડા ફાટી લખે છે તેવું શું મારે લખવું જોઇતું હતું? "વળી અગર કોઇ બીજો લખે તો સ્ત્રીકેળવણીના લાભ વિષે પુનરૂક્તિ વગર કેટલું વધારે ને વધારે સારૂં લખી શકે તે પણ વિચારવું જોઇયે. વળી હાલમાં જેટલા નિબંધ લખાયા છે તે કેવા છે, તેને કેટલાં ઇનામ મળ્યાં છે તે પણ જોવું જોઇયે. ચુંથાયલા વિષય ઉપર વરસ દહાડાની મુદત છતાં બસેંના ઇનામ માટે એક જ નિબંધ આવ્યો એનું કારણ શું? મતલબ કે પોતે કલ્પેલા ઊંચા સ્ટાંડર્ડ (આકસફર્ડ કે કેમબ્રીજની યુનિવરસિટિના?) પ્રમાણે એ નિબંધ તપાસવાનો નહતો, પણ ગુજરાતી વિદ્યાર્થિઓનું ગજું જોઇ તપાસવાનો હતો. નિબંધ કેમ લખવો એ વાત જ આપણા વિદ્યાર્થિઓમાં થોડા જ જાણે છે. હું મારી સમજ પ્રમાણે કહું છું કે એ જ નિબંધમાં લખનારે જે પેહેલી ચાર બાજુનું લખાણ કર્યું છે ને જેવી રીતે ગોઠવણ કરી છે ને જેવી ભાષામાં નિબંધ લખ્યો છે તેવું મેં હજી લખાયલા થોડા જ નિબંધમાં જોયું હશે! માગેલો વિષય ને તે ઉપર આડું ન ફાટતાં જેટલું લખવું જોઇયે તે ઉપર મેં ઘટતું ધ્યાન આપ્યું છે ને ઇનામને લાયક હતો એમ મારી સમજમાં હજી પણ છે. કમીટીએ બસેંનું જ ઇનામ આપવું ને પછી પરીક્ષકોએ ઊંચો સ્ટાંડર્ડ કલ્પિ

તે પ્રમાણે નિબંધ વિષે મત બાંધવું. એવું અનુભવી પરીક્ષક તો ન કરે. દલગીર છઉં કે તમારો સ્ટાંડર્ડ મારા જાણ્યામાં નથી. તમારો મત મારા જાણ્યામાં નથી ને એથી મારા લખાણના દોષ મારા જાણ્યામાં આવતા નથી ને મારે પોતાને માટે ઘણો ખિન્ન છઉં કે મારા નિબંધમાં મેં શું અધુરું રાખ્યું છે કે જેથી તે ઇનામને પુરતો લાયક ન ઠર્યો, ને એથી કમીટીએ હવે એમ જ કેમ ન જાણ્યું હોય કે બે બે વરસ થયાં નિબંધ લખાવીએ છૈયે ને કોઇ લખતું નથી અથવા સારૂં લખતું નથી. માટે નિબંધ લખવાને કોઇ ગુજરાતી વિદ્વાન શક્તિમાન નથી ને એથી તેણે હવે ભાષાંતરને માટે જાહેરખબર છપાવ્વી! શું એ વિચાર મારો નિબંધ નાપાસ થયે બંધાયો? એ મને બહુ લાગે છે! અલબત મારે પરીક્ષકોના સ્ટાંડર્ડ અને મારી ભુલ એ જાણવાં જ જોઇયે. ને અગર પરીક્ષકો તથા બિજા વિદ્વાનો એક મતના હોય તો મારે મારી ભુલ કબૂલ કરી ચાનક રાખી સુધારો કરવો જોઇયે. હું શક્તિમાન છઉં અથવા નથી. પણ એકાદા આપેલા વિષય ઊપર હું પરીક્ષકો વિસ્મય પામે તેવો ઇલાબોરેટ એસે લખવાને હિંમત બિડું તેવો છઉં. ઇનામના મૂલ પ્રમાણે મેં માગેલી વસ્તુ આ દેશના ભાવ પ્રમાણે આપી છે—જે વસ્તુ બિજા દેશના ભાવ પ્રમાણે મૂલ પ્રમાણે ન હોય માટે શું મારી વસ્તુ મૂલને લાયક નહીં? પણ હશે—મત જુદા પડે જ. મેં મત માગવાને ચિઠ્ઠી લખી તેની પોંહોંચ પણ ૨૪—૨૫ દાહાડા ફરી ન વળી, તારે મેં મારી ખરી લાગણી બતાવીને એ કમીટીની નજરમાં અસત્ય લાગી. મારા વિચાર પ્રમાણે કમિટીએ ઉદાર મનથી તે ઉપર વિચાર કરવો હતો. કમીટી સાથે મારે તકરાર હતી તે નામ જાણી તપાસ્યો એ બાબતની હતી ને એ વિષે મેં છેલ્લો કાગળ દફતરે દાખલ રાખવાને કમીટીને મોકલ્યો છે તે તમારા વાંચવામાં આવ્યો હશે જ. હવે એ વિષે લખવું નિરર્થક છે એમ સમજી બંધ રાખું છું ને તમે પણ તેમ કરશો.

તમારા કાગળે કેટલીક વાતે મારા મનનું સમાધાન કર્યું છે—એટલે તમારા ક્રોધ વચનની સામાં મારાથી હવે તેવું લખાતું નથી તો પણ કંઇ લખવું તો જોઇયે ખરૂં. "ખરૂં ખોટું ઓળખવાની તથા માણસના ગુણ દોષ પારખવાની શક્તિ વિષે મારો વિચાર ઉંચો હતો તે કંઇક હલકો થયો છે—" હું દલગીર છઉં કે તમારો કંઇક જ હલકો થયો—ઘણો થયો હોત તો વળી હું તમારા વિચારમાં પાછો ઊંચો થવાનો યત્ન કરત.

પોતાની શક્તિ વિશે મત

"મારા જેવો આ પ્રાંતમાં કોઇ લખનાર નથી એવું તમને અભિમાન છે એવું હું અંતઃકરણથી કહી શકું છું." સ્વાભાવિક અભિમાન તો દર

માણુસને હોવું જ જોઇયે—ને તે મારામાં છે. હવે લોકમાં તે અભિમાન જોઇયે તેથી વિશેષ અર્થમાં વપરાય છે. વળી સકારણ અભિમાન ને મિથ્યાભિમાન એમ પણ બે પ્રકાર છે ? સકારણ અભિમાન (લૌકીક અર્થમાં) મારામાં કેટલું છે ? સહવાસ નહીં એટલે તમે કાંથી જાણો ? ને કહ્યા વના તમારા વિચાર બંધાય નહીં ને કહ્યાથી અભિમાની કહેવાઊં તો પણ કહું છઊં—(અભિમાની કહેવાવાને).—હું સમર્થ વિદ્વાનોનાં કર્મો જોઇ વિસ્મય પામું છઉં ને વેળાએ આંખમાં ઝળઝળીયાં આણુંછ કે મારી એવી શક્તિ કેમ નહીં ! હું પણ ક્યારે મારી બુદ્ધિમાં વધારો કરૂં ? એઓની આગળ તો હું કંઇ જ ગણતીમાં નથી !—એવા એવા વિચારે હું ઘણો જ નમ્ર છઊં પણ જારે કેટલાએક બળીએલો મારે વિષે થતી રૂડી વાતો સાંભળી મારી નિંદા કરે છે, જારે કેટલાક પોતાની કાચી સમજ છતાં મારી સાથે મિથ્યા વાદ કરે છે, જારે મારે સામાને ખરૂં ખોટું જુદું પાડી પાડી યથાર્થ સમજાવવાનું હોય છે અથવા જારે હું મારા શ્રમનો બદલો નથી મળતો એવા ખ્યાલથી દલગીર હોઊં છું અથવા વેળાએ રમુઝ કરતો હોઊં છું, તારે મારી લાગણી ઉશ્કેરાય છે ને હું મારે વિષે અહીં ન વિદ્યાર્થિઓના મુકાબલામાં વધારે બોલું છું. જેને કેટલાક અભિમાન કહે છે—એ રીતનો હું છઊં, એમ જો તમે મત બાંધ્યું હોય તો તમે ભુલ નથી કરી એમ હું પણ કહું છઊં.

મારા ગ્રંથ ઉપર જે સમજ વગર અથવા વિદ્વત્તા વગર ખોટી ટીકા કરે છે તેની હું દયા ખાઉં છું અથવા હાંસી કરૂં છઉં, પણ જે દ્વેશ ભાવથી કરે છે તેના ઉપર તો હું ચીડાઉં છઉં જ ને એ ચિડાવાને તમે અવગુણ કહો તો કહો. વળી શકને દૂર કરવાને અને વાજબી ઇન્સાફને માટે ગેરઇન્સાફથી ગભરાયલો જે માણુસ પોતાના મનમાં ગળ ન રાખતાં ઉશ્કેરાયલી લાગણીમાં ખરી હકીકત કહે તેને તમે ઉદાર બુદ્ધિથી ક્ષમા, સજ્જનપણાથી વિવેક ને ન્યાયબુદ્ધિથી ન્યાય બતાવવાને બદલે આપવડાઇ ને પતરાજી કરે છે એમ કહો તો કહો—હશે—હવે એ વાત ફરી ફરી કરવી નથી ચહાતો—પણ અગર કદાપી કમીટી સાથે થયલું મારૂં લખાણ પબ્લિકમાં મુકું તો તેથી તમે માઠું લગાડશો નહીં. કમીટી ને હું, ને તમે ને હું એ સંબંધ હું જુદો સમજું છઊં.

તમે મારી નિંદા નથી કરતા, તમારા મનમાં મેલ નથી ઇ૦ વાકયોથી હું મારી તરફથી ઉપજેલો શક દૂર—સમૂળો દૂર કરૂં છઊં. તમને મારા કાગળથી માઠું લાગ્યું છે ને દલગીર થયા છો, પણ મેં મારો શક દૂર કરવાને જેવું મને લાગ્યું હતું તેવું લખ્યું છે તે જોઇ અને મૈત્રિ તોડવાને હું ઇચ્છતો નથી, એમ જે તેમાં છુપું છુપું બતાવ્યું હતું તે જોઇ તમે મારૂં નિખાલસ મન જોયું હશે.

જેમ તમે ઇચ્છો છો તેવી મારી ઇચ્છા પ્રથમથી હતી—રે સુરત આવ્યા પછી તમને સ્હોડમાં રાખી ઘણું કામ કરવાની મેં આશા રાખી હતી પણ તેમ ન થયું—હશે. હું કાનનો કાચો હત તો તમને કાગળ લખત જ નહીં. હું કાનનો કાચો નથી ને તમારી કંપની વિષે જે શક હજી મને છે તેનો ખુલાસો વળી થઇ રેહેશે. તમે પછવાડેથી કેટલીક વાત લખી છે તેની હાલ જરૂર નોતી, તેમ તમારે એટલાં નમ્ર થવાની પણ જરૂર નોતી. ખુલ્લા—મનને અગર કદી બહારથી મેલ વળગ્યો હોય તો તે કહાડવાને નિર્મળ પાણી જ બસ છે—ચરબીવાળા સાબુની જરૂર નથી તો વળી મોઘા અંગ્રેજી સાબુનું શું કામ છે? ને એમ કરતાં સાબુની જ જરૂર હશે તો વિવેકને ભાવે અથવા દયાને ભાવે અથવા મૈત્રિને ભાવે અથવા મોટાઇમાં મેહેનત લઇ સાબુથી તે મેલ ધોઇ નાખશો, તારે હું શું ઉપકાર નહીં માનું ને મનમાં નહીં ફુલાઉં કે હવે ખરી મૈત્રિનો લ્હાવો લેવાના દાહાડા પાસે આવ્યા છે!

તમારા મનમાં મારે વિષે સ્વર્ગ જેટલો ઉંચો કે પાતાળ જેટલો નીચો વિચાર હો, તમે મારા કટ્ટા વેરી કે સાચા સ્નેહી હો, તો પણ હું તમારા શહેરમાં એક ક્યારેકટર છઉં, પછી ગમે તેવો. એ જ વિચાર તમને મારૂં અભિમાન રખાવવાને બસ છે એમ હું અભિમાનથી કહું છઉં ને તમે એ અભિમાન ઉપર હસશો જ—હસો હવે.

આ કાગળ બંધ કરતાં મરતી મૈત્રિ પાછી ઉઠી તેની ખુશાલીમાં હું મારાં પાન સોપારી ખાઉં છઉં ને તમે તમારી તપખીર સુંઘજો.

લી. સજ્જનની સજ્જનાઇમાં મગન રેહેતો,
નર્મદાશંકરની સલામ.

રસ—આનંદ વિશે સમજુતી

સુરત આમલીરાન તા૦ ૨ જી અકટોબર ૧૮૬૯

રસિક શ્રી ભાઇ અંબાશંકર,

મથનથી ઉત્પન્ન થાય તે રસ ઘણું કરીને વધારે સારો ને સાચો ને સ્વાદિષ્ટ હોય જ—તેમ અનાયાસે—સહજ ઉત્પન્ન થયેલો રસ, સમય સામગ્રી અને દર્શાવનારની નિપુણતા એ ત્રણ વિના સારો સાચો ને સ્વાદિષ્ટ નિકળવો એ ઘણું કરીને દુર્લભ છે. અર્થાત્ આપના રસ ભર્યા પત્રોને તેવો જ ઉત્તર થવો કઠિણ છે.

આપ મારી સાથે પ્રીતિ બાંધવાની ઉત્સુકતા રાખો છો એ જોઇ હું ઉપકાર માનું છું; અને એ ઉત્સાહ આપે જે વર્ણનશૈલીથી ચિતરયો છે તે જોઇ તથા ભાઇ ગણપતરામની વાણીથી જે કંઇક સાંભળ્યું છે તે

સંભારી આપની જે સુઘડમૂર્તિ મારી આંખે પડે છે, તેનાં દર્શનથી હું આનંદ પામું છઉં. એ આનંદથી મને આપને વિષે મોહ થાય છે ને મોહને અનુકૂળ ઉદ્દીપનો મળશે એટલે તે નિજરૂપથી ટળી પ્રેમરૂપ થશે ને એ પ્રેમ અનેક પ્રકારના પ્રસંગથી ધાડો થશે ને પછી સત્ય આસ્થા—ભાવયુક્ત વૃત્તિથી તર્કમાં રમતાં તે (પ્રેમ) નીચે ઠરેલા મળની ઉપર તરતો ને સ્વચ્છ પ્રકાશમાન રસરૂપ દેખાશે ને પછી પાછો પ્રસંગાનુભવથી તે રસ સ્થિર થશે ને એથી થતા આનંદમાં રમતાં તે રસમાં કોઇ વાર એક સૂક્ષ્મ બિંદુ નજરે પડશે ને એને જોતાં ત્રિપુટી લુપ્ત થશે તારે રેહે શું? તો કે કેવળ રસ આનંદ—ક્યાં શૃંગારનો વિભાવ ને ક્યાં બ્રહ્મનો ભાવ! રે બંને તે જ છે. બીજથી વૃક્ષ ને વૃક્ષથી બીજ. સાકારમાં નિરાકાર ને નિરાકારમાં સાકાર.—એક જ, એક જ, એક જ! આનંદ આનંદ આનંદ!—શેમાં? શું?; પ્રણવમાં, પ્રણવ જ. ઉત્પત્તિ—લીલા, વ્યવસ્થા લીલા ને સંહારલીલા—પ્રેમ, પ્રેમશૌર્ય ને શૌર્ય અર્થાત્ પ્રેમને શૌર્ય—ઇચ્છા ને આકર્ષણ—એ તો પ્રેમનાં તત્વ છે અર્થાત્ પ્રેમ જ સહજ સ્વભાવ ને સંયોગ, એ ઉપર સધું આધાર રાખે છે, તો પણ દુર્લભ અલૌકિક એવાં રસચૈતન્યનો અંશી સંસ્કાર હોય તો જ દૈવી સ્રીયોનાં દર્શન થાય ને રસસુધાસિંધુના બુંદનું પાન થાય ને રંગ ચડે, પછી એ 'પાન કાથા ને ચુનાનો હોય' કે 'કેસરનો હોય'! રસશાસ્રમાં કહ્યા પ્રમાણે ગળીનો કસુંબાનો કે મજીઠનો હોય—પણ તેવો હું સંસ્કારી નથી જ—થવાને ઉત્સુક છું ખરો.

અવકાશ મળેથી મૈત્રિ વિષે કંઇ લખશો. આપને જે મારાં પુસ્તકો મળ્યાં છે તે મારી તરફથી નથી પણ શાસ્રીની તરફથી છે એમ જણાશે.

દર્શનાભિલાષી નર્મદાશંકરના જયબ્રહ્મ

બે મિત્રો વચ્ચેનો કલહ

સુરત, આમલીરાન
તા૦ ૨૮ જાનેવારી ૧૮૬૯

રાજેશ્રી ભાઈ ગોપાળજી વિ. સુરજી દેસાઇ

તમારો તા૦ ૮ મીનો પત્ર, છગનલાલભાઇએ તમને ૧૮૬૮ માં લખેલો તે સાથે આવેલો તે મેં મુંબઇથી આવી વાંચ્યો છે.

છગનલાલભાઇએ તમને લખેલું તે વિષે મેં કંઇજ વાધો લીધો નથી ને લેતો પણ નથી ને એ મેં તમને વારે વારે કહ્યું છે હતું ને હજી પણ કહું છઉં—એ કાગળો અને ગણપતરામનો સાક્ષીપત્ર મોકલવાનો શ્રમ મિથ્યા લેવાયો છે.

તકરાર એટલી જ હતી તે હજી છે કે, તમે મને એકો કાગળમાં એવું નથી લખ્યું કે 'છગનલાલભાઈ ઓણ નહીં તો પોર પણ મદદ કરશે.'

મારે ત્યાં કાગળોની બરોબર ફૈલ નહીં તેનો લાભ લઈ અને છ૦ ભાઇએ તમને લખેલું માટે તમે મને પણ લખેલું એવી જે તમારી ભ્રાંતિ તેનો લાભ લઇ તમે તમારૂં બોલવું ખરૂં કરવા મથો છો પણ જુઓ—

તમારો લખેલો જે કાગળ મેં તમને રૂબરૂ વંચાવ્યો હતો તેમાં પોર કરશે એવું નથીજ એ તમે જાણો છો—એ કાગળનો જવાબ જે મેં લખ્યો હતો તે પણ તમને વંચાવ્યો હતો.

૧ છ૦ ભાઇએ તમને લખેલું કે આવતી સાલ બને તેવો સંભવ છે એ ઉપરથી દૂરની વાતથી અમે મારા લાંબા કાગળના બેદરકારીના લખાણુથી (તમારે એ ઉદ્યોગ છોડવો એવું પણ લખ્યું હતું), 'પોર મદદ કરશે' એવું તમે ન જ લખો એવો પણ સંભવ નક્કી જેવો કલ્પી શકાય છે ને તમે નથી લખ્યું એવું મને પક્કું સાંભરે છે—૨ છ૦ ભાઇએ તમને લખેલું તે ઉપરથી તમે મને લખ્યું હશે એવો પણ સંભવ કલ્પી શકાય, પણ ૧ લા સંભવ આગળ ૨ જો સંભવ ઝાંખો પડે છે—તમને ભ્રાંતિ રૂપ કાં ન પડ્યું હોય? ૩ છ. ભાઇના કાગળ મોકલવાનો પરિશ્રમ લીધો તેના કરતાં તમે જે કાગળમાં મને તે લખ્યું હતું તે કાગળની નકલ મોકલી હત તો તે આપણી તકરારમાં દાખલ થાત. ૪ રાખવા જેવા કાગળની જ માત્ર હું ફૈલ રાખું છઉં ને બાકીના ફાડી નાંખું છઉં. કોશ સંબંધી સર્વ કાગળ પત્ર હું પ્રસ્તાવનામાં લખવાને માટે ખંતથી સાચવી રાખું છઉં—એ સાચવેલા કાગળમાં તમારો તે નહીં એ ઉપરથી પણ જણાય છે કે તમે મને તે લખ્યું નથી.

"આપના એક કાગળથી" એમ લખો છો પણ મેં કોશ સંબંધી પ્રથમ કાગળ છ૦ ભાઇને લખ્યો જ નથી, કેમકે છ૦ ભાઇ મને કોશ બાબત સહાયતા આપવાના છે એવું મારા સ્વપ્નમાં પણ નહીં હતું.

વળી તમે લખો છો કે "ખુશી બતાવેલી તે મતલબના કાગળો ઉપરથી આપને લખેલું પણ તે કાગળો આપને ત્યાં જડતા નથી તેથી તેની નકલ આ લગત મોકલી છે" એ વાક્ય મને તો ઘણુંજ ગુંચવણુ-વાળું લાગે છે—જો હું એમ સમજું કે છ૦ ભાઇના કાગળો ઉપરથી તમે મને લખેલું ને એ તમારા મારાપર આવેલા કાગળો જડતા નથી તેથી તેની એટલે તમારા મને મોકલેલા કાગળની નકલ આ લગત મોકલી છે તો હું અજબ પામું છું કે આ લગત તો છ૦ ભાઇના તમારા ઉપર આવેલા કાગળોની નકલ તમે મને બીડી છે તે શું ભુલથી બીડાઇ છે? શું હું એવું સમજું કે છ૦ ભાઇએ તમને મોકલેલા તેની નકલ તમે પૂર્વે મોકલી હતી ને તે શું મને ન જડી માટે તે આ લગત મોકલાવી છે! *...વાત! એ નકલો હું પેહેલ વહેલીજ જોઉં છું.

* કાગળ ફાટી ગયો છે તેથી લખાણુ વંચાતું નથી.

આપણું સહજ હાસ્યવિનોદનું ભાષણ હતું તે છતાં “નહીં તો આપના એક કાગળથી તરત એ કામ બનવું ઘણું મુશ્કેલ હતું.” એ વાક્ય અને “ખરેખરી મેહેનત અમારી જ છે” એ હૈયાની ખરી લાગણીથી નીકળેલું વાક્ય છેકીને “મેં આપને રૂબરૂ કહ્યા પ્રમાણે જ છે” એ વાક્ય લખેલું છે. એ બે વાક્યોથી સ્પષ્ટ જણાય છે કે તમારા મનમાં એવું આવ્યું છે કે તમે જે શ્રમ લીધો છે તેને માટે મેં તમારો પુરેપુરો ઉપકાર માની તમારી પુરેપુરી તારીફ કીધી નથી એટલે જસ લેવાની જે તમારી આતુરતા તેને મેં તમારી ઇચ્છા પ્રમાણેના શબ્દોથી ઝીલી નથી. હું દલગીર છઉં—પછવાડેથી તમે લખો છો કે “અમારે તમારી પાસેથી એ વિશે કંઇ માન કે ઇનામ લેવું નથી પણ અમે અમારી ફરજ અદા કરી છે.” માટે સંતોષ જ છે એ તમારૂં બોલવું પાછલાં વાક્યોથી જોતાં માત્ર બહારના વિવેકનું છે એમ કેમ ન કહેવાય?

“આપની સ્મૃતિ કરતાં મારી સ્મૃતિ કેટલી ઉતરતી છે એ વિષે જ્યારે લખવા ચાહતો નથી” એમ તમે લખો છો તો ભલે લખો—જે તકરારને આપણી તકરાર સાથે થોડો જ સંબંધ તે તકરાર વચમાં આણી તમે પોતાની સ્મૃતિને જ્યારે માન આપો એ તમારી વાદરીતિને અને નર્મદાશંકરની સ્મૃતિના કરતાં તમારી વિશેષ છે એવી (સહેજ બાબત ઉપરથી) જ્યાં ત્યાં આટલી બધી ચર્ચા કરો એ તમારી સ્વભાવ રીતિને જસ છે એમ મારે મિત્ર છો માટે કહેવું પડે છે.

મેં તમારા શ્રમનો ઉપકાર હર પ્રસંગે ભાષણને લખાણથી વાળ્યો છે ને એમાં તમને કંઇ ઓછું પડયું હોય તો દરગુજર કરવી ને મારી સ્મૃતિને માટે તો હજીએ કહું છું કે તે ભુલતી નથી ને તેમ કરતાં મારી સ્મૃતિ ભુલી છે એમ કહેવાથી આપ રાજી થવાને ઇચ્છતા હો તો પ્રેમ લાં નેમ નહીં એ બુદ્ધિથી કહું છઉં કે હા મારી જ સ્મૃતિ ભુલાડી.

લા૦ નર્મદાશંકરના યથાયોગ્ય.

તા૦ ક૦—સ્મૃતિની વાત ઉપરથી તમે વાંકું કેમ લઇ ગયા એના અંદેશામાં હતો એવામાં બે ત્રણ મિત્રોના સકારણ કહેવાથી મને જણાયું કે તમે વ્હેમી છો ને તેથી તમારા ધુંધવાતા મનના ધુમાડાએ તમને આડા ઉડવાનું સુઝાડેલું. પરસ્પર બે મિત્રોને વિરોધ એવાં મિત્રજુગલ મારે ઘણાં છે ને વળી હું સહુનો મિત્ર છઉં એવો જે મારો મૈત્રિપ્રકાર તે તમે સહવાસ વના કયાંથી જાણો? તમારે......વિષે ખતરો આણવાનો આધાર શો છે? હું બહુ જ દલગીર છઉં કે તમે પોતે વ્હેમી થઇ મને કાચા કાનનો સમજો છો—પણ ઠગાઓ છો રાજેશ્રી! રે કેટલો વ્હેમ કે ઠામ ઠામ વાત ચરચો ને મને વિનાકારણે હલકો પાડો! તમે તો એમ પણ

ચલાવશો કે મેં કવિના ઉપર ઉપકાર કર્યો છે ને કવિ મને આમ કરે છે પણ એની હું કંઈ સ્પૃહા રાખતો નથી—મારૂં અંતઃકરણ શુદ્ધ છે. જેટલો તમારો ઉપકાર મારાપર છે તેટલો છે જ પણ શું તમે એમ ઇચ્છો છો કે મારી ખરી લાગણી બહાર ન કહાડતાં મ...સ્વચ્છંદ વિચારને આધીન જ રહેવું ને તમારા જસગુણની ડાંડીજ પીટયાં કરવી? જ્યાં સુધી તમે મને મિત્ર ગણો છો ને હું તમને ગણું છઉં ત્યાં સુધી હું મારી ખરી વાત (તમને કડવી લાગે તો પણ) જણાવ્યા વિના નહિ રહું—મૈત્રીનીતિ સમજવા ને મૈત્રિધૈર્ય વિવેકથી નિભાવવું એ દુર્લભ પુરૂષાર્થ છે.

નર્મદાશંકર.

રાણુપુરવાળા કોઇ મહારાજની કૃપા

સુરત, આમલીરાન તા૦ ૧૭ અકટોમ્બર ૧૮૬૮.

ભાઈ નર્મદાશંકર દયાશંકર—મુ. અમદાવાદ.

તમારો તા૦ ૧૧ મીનો લખેલો આવ્યો તે વાંચી ઘણો પ્રસન્ન થયો છઉં કે જેવો મને મહારાજને મળવાનો મોહ હતો ને છે તેવો તેઓનો પણ મારે વિષે છે ને એને માટે હું મહારાજનો મોટો ઉપકાર માનું છઉં.

સને ૧૮૫૯ માં મને મહારાજને મળવાની ઉત્કંઠા હતી ને તે પુરી પાડવાને મેં મુંબઇથી રાણુપોર જવાને ધારયું ને જારે કેટલાક જણે મને કહ્યું કે રાણુપુર ભાવનગરથી વીશેક કોશ છે તારે હું તરત નિકળ્યો ને ભાવનગર ગયો—પણ ત્યાં જાણવામાં આવ્યું કે ચુડા રાણુપોર તો ૫૦–૬૦ કોશ થાય છે તારે ને હુનાળાની રાતને લીધે ને કેટલાકના કહેવાપરથી કે મહારાજનો પ્રતાપ ઘટી ગયો છે તારે હું પાછો મુંબઇ ગયો હતો. મેં મહારાજનાં કોઇ દિવસ દર્શન કરયાં નથી તો પણ મહારાજની પૂર્વ સ્થિતિ વિષે કંઇક માલમ પડેલું તેથી માત્ર દેશહિતને અર્થે ને મારા મનની તે સમયની ધર્મ વિષય સંબંધી ઉગ્ર વૃત્તિને લીધે મારી ઇચ્છા મહારાજને મળી એ વાતની સૂચના કરવાની થઇ હતી.

સને ૧૮૬૪ માં મહારાજ મુંબઇમાં મને મળવા આવેલા પણ મારાથી મળાયું નહીં—મહારાજની કૃપા મારી ઉપર એક્કો વાર મળવું થયા વના કેમ થઇ તે તેઓ જ જાણે.

તમારા પત્રથી પણ જણાય છે કે મહારાજની મારા ઉપર કૃપા છે ને આશ્ચર્ય જેવું લાગે તેવું છે કે કોઇ દિવસ મળવું ન થયા છતાં મહારાજ મને મળવાને ને હું મહારાજને મળવાને એમ હમે બંને ઇચ્છિયે છિયે તારે હમારામાં કંઈ સાહજિક મૈત્રિ બીજરૂપ હશે ખરી.

હવે તમારા પત્રના ઉત્તરમાં લખવાનું આ કે હાલમાં મારે અહીં કેટલુંક કામ કરી મુંબઇ જવાની એટલી તાકીદ છે કે મારાથી હાલમાં આવી શકાય તેમ નથી. વળી હું કંઇ વેદાન્તમતનો આગ્રહી નથી ને વાદ કરવાની ઇચ્છા પણ રાખતો નથી. મારી ઇચ્છા મહારાજને ખાનગી મળી કલ્લાકેક વાત કરવાની છે ને તે પણ દેશીયોના સદ્ધર્મ બોધ વિષે, જેથી તેઓનું કલ્યાણ થાય ને મહારાજને યશ મળે.

કાઠિયાવાડ સિવાએ અમદાવાદમાં અથવા ચરોતરના એકાદા ગામમાં જારે મહારાજ બે ત્રણ માસ મુકામ રાખવાના હોય તારે મને તમારે લખી જણાવવું કે તે મુદતમાં હું મારી અનુકૂળતાએ મહારાજનાં દર્શન કરી જાઉં. તમે ઉપર પ્રમાણે મહારાજને વિદિત કરશો.

લી૦ નર્મદાશંકર લાલશંકર.

કરસનદાસ મુળજીને પાવન કરવાની ખટપટ

શેઠ હરિવલભદાસ કલ્યાણદાસ મોતીવાળા જોગ

ઠે. બારકોટ ભુલેશ્વરની હારમાં ગલીમાં

સુરત—આમલીરાન તા૦ ૧૨ મી મે ૧૮૭૦.

સ્નેહી શ્રીભાઇ હરિવલ્લભદાસ

આ બેમાંથી કીયો રસ્તો તમને અનુકૂળ આવશે તે જણાવશો.

૧ દમણ અથવા એકાદા ગામડાંનો કોઈ વૈષ્ણવ મહારાજની ત્યાં પધરામણી કરે એ નિમિત્તે મહારાજ ત્યાં જાય ને તમે પણ આવો. કોઈ પણ બહાના વગર મહારાજથી સુરતની દક્ષિણ તરફ અવાય નહીં ને ખરૂં કે તેને એટલી શી ગરજ કે તમારી ખુદની તરફથી કોઇ પણ રીતની વિનંતી વિના તે ત્યાં આવે. માટે એ રીતે મિલાપ કરવા ઇચ્છો તો કોઇ વૈષ્ણવને ઉભો કરવો જોઇયે.

ગોર દલપતરામ કહે છે કે તેવો કોઈ વૈષ્ણવ હું દમણમાં ઉભો કરી શકીશ. પણ એ કામને સારૂ રૂ. ૨૫૦) સો ઉપરની પધરામણીનો આવવા જવાના ખર્ચ માટે ઓછામાં ઓછા જોઇયે.

૨ અગર કરસનદાસનું નહીં ને તમારૂં એકલાનું સુરત આવવું થાય તો ઘણું જ સારૂં (કોઇ પણ રીતનો અનાદર થવા નહીં દૈયે) ને તમને અનુકૂળ ન જ આવતું હોય તો ભાઇ નારણદાસ આવે ને એને અમે મહારાજ સાથે મેળવીએ તો કેમ? ને એ દરમીયાનમાં અહીંના મુખીયો મહારાજને લખી આવી વિનંતી કરે કે સમાધાન કરો ને જે કરશો તે હમારે કબુલ છે ને પછી મહારાજ થયેલો શાસ્ત્રાર્થ કાએમ રાખી પોતાના શાસ્ત્રીને તથા ટીકાભાઇ અથવા હરકોઇ એક વૈષ્ણવને મુંબઇ મોકલે ને

એઓ કરસનદાસ પાસે જે સ્હેજસાજ કરાવવું હોય તે કરાવે ને પછી મહારાજ પ્રસિદ્ધ રીતે સર્વને કહે કે કરસનદાસ પાવન થયા છે.

લલ્લુભાઇનો આંકડો નક્કી ન થયો તેથી તે દલગીર થયા. પણ મેં સ્નેહ તથા જસ વિષે લાંબું બોલી સમજાવ્યા છે તેથી તે પાછા કામ કરવે ઉસ્કેરાયા છે, તેમ લલ્લુભાઇ વિષે સ્નેહ આ પત્રના ઉત્તરમાં જણાવજો.

લા૦ નર્મદાશંકર

કોશ અને પોતા વિશે લોકચર્ચા સંબંધી

તા૦ ૧૯ માર્ચ ૧૮૬૯

પ્રેમાળ ભાઇ લક્ષ્મીરામ,

તા૦ ૧૮ મીનો પોંહોચ્યો છે–વૈશાખ માસમાં તમારો આણી તરફ આવવાનો વિચાર છે તેથી હું ઘણો ખુશ થયો છઉં કે પ્રત્યક્ષ મળવું થશે–લાંબી વાત ઘણી ફુરસદ વના પત્રમાં લખાઇ શકતી નથી માટે તમારા સવાલનો જવાબ મળ્યા પછી જ દઇશ. જ્યાં સુધી લોક મારા સ્વભાવ ને મારી વૃત્તિથી અજાણ છે ને માત્ર બહારના પ્રસંગો ઉપરથી (અને તે વળી હૈયામેલ દ્વેષીઓએ પોતાના સ્વાર્થથી) જુદે જુદે રૂપકે દર્શાવ્યા હોય છે તારે મારે વિષે વિચાર બાંધશે તહાં સુધી મારે કંઇ જ બોલવું નહીં એ મને વધારે સારૂં લાગે છે–

'અંતે છે સતનો જસ, રણે રમ મ્હસ.'

મેં જે તમને કામ સોંપ્યું છે તે ફુરસદે જ કરવું–ઉતાવળ નથી. મારા નિબંધમાં જે બ્હારવટીયા લખ્યા છે તેની હકીકત પણ જોઇયે. હું થોડુંક જાણું છું–પુરેપુરૂં જાણતો નથી–હથિયારોનાં નામ સાથે ચિત્ર મોકલશો તો તે બહુ જ સારૂં થશે.

કોઇ વંદો કોઇ નિંદો. હું મારૂં કામ મારી બુદ્ધિ પ્રમાણે ને શુદ્ધ અંતઃકરણથી કર્યો જ જાઉં છું–મને મારી સરસ્વતીની રક્ષા છે ને તેથી હું દુર્જનની થોડી જ દરકાર કરૂં છઉં.

લા૦ નર્મદાશંકરના આશીર્વાદ.

ભૂલતા મિત્રને સ્મરણ

સુરત, આમલીરાન તા૦ ૯ મી આગષ્ટ ૧૮૬૯.

સ્નેહી શ્રીભાઇ ગોપાળજી,

આપની તરફથી ઘણા દિવસ થયાં પત્ર નથી માટે શંકા સરખું કંઇ મનમાં આવે છે કે શું છેક જ મારૂં વિસ્મરણ થયું હશે? કામનું રોકાણ તો ઘણું જ હશે તથાપિ તમારી સુજનતાએ મારાં હૈયામાં તમારે વિષે

જે વિચાર બંધાઅ્યો છે તે જો કે જે નાના તરૂ જેવો છે ને જેને વધેલો વૃક્ષરૂપ જોવાની હુ આશા રાખું છું. તે તરૂને તમારી તરફથી ખાતર પાણી વગેરેથી માવજતની બેદરકારી દીસે તારે તે કેમ વધે? મહીને મહીને મણુ ચાર લીટી જોવામાં આવતી હોય તો વારૂ તેના વાયુની લ્હેરથી તરૂ હિમાઇ તો ન જાય!

તમે મને સાંભરો છો તે જણાવવાને માટે જ આ પત્રિકા છે.

લી૦ નર્મદાશંકરના આશિષ.

મિત્રને પત્ર

તા૦ ૧૦ સપ્ટેંબર ૧૮૬૯

પરમ સ્નેહી ભાઇ ગોપાળજી,

તમારા તા૦ ૧૬ આગષ્ટના પત્રમાંની સ્નેહવાણીના રસપાનથી હું પરમ સંતોષ પામ્યો છઉં. એમાં તો કંઇ જ શક નથી કે બીજા જીલ્લાના કરતાં તમને વિશેષ કામ છે ને તે વળી યશસ્વી રીતે થોડાથી જ બને તેવું, ઊંચી સ્થિતિના લોક સાથે ઊંચી સ્થિતિના માણસથી જ મનમાનતો પ્રસંગ રાખી શકાય. હું બહુ પ્રસન્ન છઉં કે જ્યાં તમારે હોવું જોઇએ ત્યાં જ તમે છો. કાઠિયા-વાડમાં થતા સુધારાને તેજવાળી ગતિમાં મુકવાનો પ્રથમ શ્રમ તમારો જ છે એમ હું માનું છઉં. ઈશ્વર શ્રમનો બદલો આપો.

નવલરામને ને દિનશાને આપના લખ્યા પ્રમાણે કહ્યું છે. ન૦ ગ૦ અંક ૩ જાની નકલ હાલ મારી પાસે નથી. કૃષ્ણાકુમારીની ૧૦૦) મોકલી છે તે પોહોંચેથી ઉત્તર લખવો.

લી૦ તમારો નર્મદાશંકર.

જૂની ગુજરાતી ભાષા વિશે શોધખોળ

સુરત, આમલીરાન તા૦ ૩ જી અકટોબર ૧૮૬૯.

ફક્કડ લક્ષ્મીરામ,

તમારો તા૦ ૨૪ મી આગષ્ટનો ને ભાદરવા વદ ૩ જનો એમ બે આવ્યા છે. હું મોટમ આપું છઉં તેને તમે યોગ્ય નથી એમ તમે લખો છો તારે આજથી ઉપર પ્રમાણે નામ બદલું છું—ચ્હીડાશો નહીં—પણ હું પુછું, લોક મૈત્રિ મૈત્રિ કરે છે તે શું હશે વારૂ? એ વિષે તમે અનુભવમાં શું જોયું છે ને વિચારમાં શું નક્કી કર્યું છે તે અવકાશ મળેથી લખી મોકલાય તેવું કરી શકશો? તમારી કલમ લખાણમાં કેવી ફક્કડ ચાલે છે તે જોવાને ઇચ્છું છું.

હથીયારોની ઉતાવળ નથી—જુની ગુજરાતી ભાષાના નાના મોટા ગ્રન્થ—પાનાનો સંગ્રહ તમારા જુનાગઢમાંથી મળી આવશે? મારો વિચાર આ છે કે આજથી સો ને પછી બસેં ને એમ ૧,૦૦૦ વર્ષ ઉપર આપણી ભાષા કેમ કેમ બદલાતી ગઇ છે તે વિષે યથાસ્થિત જાણવું—તેમ નરસહીં મેહેતાની પેહેલાં કોણ કોણ કવિયો છે તે સંબંધી પણ જાણવાનું છે—એ વિષય અવકાશે તમારા મિત્રમંડળમાં ચરચજો—મારે ઉતાવળ નથી.

નાગરી ન્યાતના ભવાડા થાય છે તે જોઇને દલગીર છઉં. મારે વિષે મારી નાતના ઘરડાઓ—જુવાનોનો શો વિચાર છે તે લખશો.

જૈન નિબંધ લખવાનો મને અવકાશ નથી. ઝાંસીની રાણી અને લખનોરના નવાબ વિષે થોડીક પણ હકીકત આપો તો વળી લખવાનો વિચાર કરૂં—બને તો મોકલજો.

મિત્રતા વિશે કેટલાક વિચારો

તા૰ ૧૮ અક્ટોબર ૧૮૬૯.

ભાઇ લક્ષ્મીરામ,

આસો સુદ ૨ નો લાંબો ચિત્રો સાથે આવ્યો છે. સ્નેહ મૈત્રિ—પ્રેમ એનું પરિણામ બેના એક થવું એવું છે. એક થવું કઠિણ છે ને એક થઇ તેમ નિત્ય રેહેવું એ પણ કઠિણ છે. મૈત્રિ કરવામાં ને નિભાવવામાં બહુ વિઘ્ન આવી પડે છે. 'કોઇને કરી રાખવો અથવા કોઇના થઇ રહેવું' એ કહેવત ખોટી નથી કે જેથી મૈત્રિ નિભે પણ અંતઃકરણનો ઉમળકો રેહેવો દુર્લભ છે. એ જો બન્નેમાં હોય તો પછી નાના પ્રકારનાં વિઘ્નો પોતાની મેળે જ દૂર થઇ જાય છે. સાચો સ્નેહ શૌર્ય વિના બંધાતો નથી ને નિભતો નથી. તેમ સાચા સ્નેહથી શૌર્ય વધે છે ને શૌર્યથી જસ ને પછી સુખ મળે છે એ પણ ખોટું નથી; હા તે જસ લૌકિક વિચારમાં કદાપિ તત્કાળે નિંદાય પણ પછવાડેથી વખણાય જ. જ્યારે ગરમ લોહીનાં સ્ત્રીપુરૂષોના પ્રેમ જેવો પુરૂષમાં સ્નેહ જોવામાં આવશે ત્યારે જ ઐક્ય, ધૈર્ય, જુક્તિ, સાહસ એ સદ્ગુણો આપણામાં દેશિયોમાં આવશે ત્યારે જ તેઓ ઉત્તમ યશ ને ઉત્તમ સુખના ભોક્તા થશે.

નર્મદાશંકરના આશીર્વાદ.

સ્ત્રીસ્વાતંત્ર્ય વિશે વિચારો

સૌભાગ્યવતી માનબાઇ,

તમારે વિષે હું કેવળ અજાણ્યુ છઉં એટલે વિસ્તારથી નહિ પણ ટુંકામાં જ લખું છઉં કે—

જે દાસપણું આપણા લોકોએ સ્ત્રીઓને આપ્યું છે, તેમાંથી તેઓને છોડવવાને હાલમાં વિદ્વાનો વાણીથી ને લખાણથી મેહેનત કરે છે, પણ જ્યાં સુધી પુરુષો પોતાના સંબંધવાળી સ્ત્રીઓને વ્યવહારમાં યોગ્ય છુટ નહીં આપે અને સ્વ......સ્ત્રીઓ પોતાની મેળે યોગ્ય છુટ નહીં લે ત્યાંસુધી આપણા દેશની સ્ત્રીઓની સ્થિતિ સુધરવાની નથી. એ વિચાર તમારા પ્રાણપ્રિયનો છે ને એથી જ તમે છુટનું સુખ ભોગવો છો એ જોઇ હું બહુ સંતોષ પામું છઉં.

તમારા ઘર સંસારી કામકાજમાં અડચણ ન પહોંચે ને તમે તમારો અભ્યાસ જારી રાખી શકો અને વળી તમારૂં જોઇ બીજી સ્ત્રીઓને ઉત્તેજન મળે એને માટે મારે કેટલીક સૂચના કરવી છે તે બીજે પ્રસંગે કરીશ.

બાઈશ્રી—હું તમારા પ્રાણપ્રિયની દર્શાવેલી ઇચ્છાથી બાધો (?) નથી.

લા. નર્મદાશંકરના આશીર્વાદ.

ઉપલાનો જવાબ તા૦ ૨૦ મીનો ૨૧ મીએ આવ્યો છે.

ઉપકાર ચિઠ્ઠી

રૂડા સ્વભાવનાં માનબાઈ,

"ધર્મેષુ સહથા" એ બુદ્ધિ તમારી સદૈવ રહો. હું તમારા પ્રાણનાથ સ્વામીનો પરમ સ્નેહી છઉં ને સંતોષી સ્વભાવનો છઉં એવું તમે લખો છો એને હું માત્ર ઉપલો વિવેક સમજું છઉં, કારણ કે હજી તમો દંપતિને મારી સાથે ઘણો પ્રસંગ પડ્યો નથી. તોપણ તમે ઉભયતાએ મારે વિષે સ્નેહપૂર્વક ઊંચું મત બાંધ્યું છે એમ દરસાવો છો તેને માટે હું તમારો ઉભયનો ઉપકાર માનું છઉં.

નર્મદાશંકરના આશીર્વાદ.

લગ્નની વય

સુરત, આમલીરાન તા૦ ૨૫ આગસ્ટ ૧૮૭૦

ભાઈ હરિદત્ત,

હું સુરતમાં નહિ તેથી તમારો તા૦ ૭ મીનો મેં પરમ દાહાડે વાંચ્યો છે—એ કાગળથી મારે તમારી સાથે નવું ઓળખાણ થયું છે. 'स्वदेशीयहितार्थे यः स्वशिरोऽपि त्यजेद्‌बुधः। कविताकामिनीकान्तं नर्मदं तं प्रणाम्यहम्' ॥ એ પ્રશંસાને હું કોઇ પણ રીતે યોગ્ય નથી જ.

બાળલગ્નના સમયને માટે મારી પાસે શાસ્ત્રવચન નથી. મારૂં મત લગ્ન ક્યારે ને કેમ થવાં એ વિષે કંઈ જુદુંજ છે. જુદું છે ને હમણાંની જ રીતમાં જો ફેરફાર કરવો તો મારૂં મત આ છે કે લગ્નકાળ પુત્રીનો ૧૩ વર્ષે ને પુત્રનો ૧૬ પેહેલાં ન હોવો. પ્રસંગે પ્રસંગે પત્ર લખતા રહેશો.

લા. નર્મદાશંકર

શાસ્ત્રી હરિદત્ત કરૂણાશંકર જુનાગઢ–પંચહાટડી.

સાહસ સંબંધી પત્ર

મુંબઈ તા૦ ૨૬ મી નવેમ્બર ૧૮૬૮

સજ્જનવર પરમ સંબંધી મણિનંદ શાસ્ત્રી યોગ્ય–

તમારો પત્ર તા૦ ૨૨ મીનો આજે ૧૦ વાગે આવ્યો તે વાંચી વિશેષ સમાચાર જાણ્યા છે. તમારો આવ્યો તેની પ્રથમ મણિભદ્ર ઉપર આવેલો તેથી મેં વર્તમાન જાણ્યા હતા. સાહસના ફળ વિષે હમણાં મારે બોલવું એ મિથ્યા છે. મારે પોતાને તો આટલી હાનિ થઇ જ ચુકી કે જે ચુંથાડાનું મને ભય હતું તેમાં હું સપડાયો છઉં–હશે. જમનારામાંથી કોઇ ઉઠી ન ગયું એટલું ભાગ્ય! સામાવાળાને ન લેખવતાં હવે ઉપરાઉપરી જમવા તેડયાં કરે એવો જો કામ ઉઠાવનારાનો આગ્રહ હોય ત્યારે તો સાહસનો પ્રારંભ ઠીક થયો કહેવાય. હું નથી ધારતો કે હવે કોઇ જંમા જ તેડતું હોય ને એ જ વાત આગ્રહ ધરનારાઓના પાછાં પગલાં ભરવાનું ચિન્હ છે. સઘળા લાયક છે એટલે મારે કંઇ એ કામમાં હાથ ઘાલવાની જરૂર નથી.

ઇંદુપ્રકાશનો અંક ખોળી, મેળવી મોકલી દઇશ.

નર્મદાશંકરના પ્રણામ અંગીકાર કરવા

ભલામણ કરનારો પત્ર

સુરત આમલીરાન તા૦ ૧૬ માર્ચ ૧૮૬૯.

સ્નેહી શ્રીભાઇ શાન્તારામ,

ઘણે દિવસે મળવું થતું હોય અથવા પત્ર લખવાનો વ્યવહાર ન હોય તેવી સ્થિતિમાં મેળાપ વેળા અથવા પત્ર લખતી વેળા થોડોક પણ સંકોચ રેહે છે–એ રીતે હું તમને આજ લખતાં સંકોચાઊં છઊં. વધારે આટલા માટે કે મારે તમારો ઉપકાર લેવાનો છે. તો પણ પાછું આમ છે કે મારે ને તમારે મૈત્રિનો હક્ક બજાવવો છે ને સંકટમાં આવી પડેલા મિત્રને ઉગારવો છે માટે હું સંકોચને દૂર કરી લખું છઊં કે–

આ પત્રના લાવનાર લાલાભાઇ (જો કે ધર્મ આચાર સંબંધી એઓનું મત આપણા મતને મળતું નથી તો પણ) પોતાના સુધા સ્વભાવથી, કુલિન-

પણાથી ને સહૃદયપણાથી વળી મારી સાથે પડેલા ઘણા વરસના પ્રસંગથી મારા મિત્ર થઈ રહ્યા છે. એઓના ઉપર સરકારે કેટલોક આરોપ મૂક્યો છે. એમાંથી મુક્ત થવાને તેઓ તમારી તરફ આવે છે. એઓને મુંબઈમાં કોઈ સાથે પ્રસંગ નથી એ માટે મારા તે તમારા છે એમ અંતઃકરણથી માની તમે તમારી પોતાની તરફથી ને તમારા બિજા મિત્રોની તરફથી એઓને માટે બનતી તજવીજ જરૂર કરશો.

લા. તમારી આનંદમૂર્તિનો દર્શનાભિલાષી

નર્મદાશંકર.

નાણાભીડ દર્શાવનારો પત્ર

સુરત આમલીરાન તા૦ ૧૨ મી અકટોબર ૧૮૬૯

પ્રિય ભાઈ

તારો પત્ર આવ્યો છે. એમ ન જાણીશ કે હું બેદરકાર છઉં. હું પણ હમેશની કાળજીથી વખતે વખતે તાવથી સપડાઉં છઉં. હજી ચોપડી ખાતાના રૂ. ૨૮૦) કાઠિયાવાડથી આવ્યા નથી—બ્યૂલર પાસે તાકીદ કરાવ્યા છતાં બિજા પણ રૂ. ૫૦૦ ત્યાંથી મારી બીજી ચોપડીઓના આવનાર છે. એક પાસથી ઘર ખરચના સવાસો જોઇયે ને વેચવાની નાની ચોપડીયો મળે નહીં, તને ભરવાની મોટી કાળજી તેમ અહીંનાને ભરવાની પણ. વળી અહીંનું કરજ વધારવાની જરૂરિયાત. હવે હું કેમ ન ગભરાઉં? ઉઠું છ ત્યારથી તે સુતા સુધીમાં ઓછામાં ઓછી ૧૦ વાર દોઢિયાં એમ નિશ્વાસથી બોલાઈ જવાય છે. ખરેખર હું દ્રવ્યને તુચ્છ ગણતો આવ્યો છઉં ને હજીએ મનથી તેમજ ગણું છઉં પણ મિત્રના વિશ્વાસ ઉપર સાહસ થયેથી જારે ભીડ આવી તારે દ્રવ્ય જરૂરનું લાગે છે. હું હમેશ સહાય કરનારો તે હાલ સહાયપાત્ર થયો છઉં ને સહાય મળતી નથી—હોય! રતના ફેરફાર હોય છે તેમ આ દિવસ પણ જશે. ફાં ફાં મારયો જાઉં છું—આશા રાખ્યો જાઉં છું—પણ થવાનું હશે તે થશે એમ મનમાં નક્કી સમજું છઉં. સાહસથી થયલી હાનિનો બદલો વાળવાને સાહસ જ કરવું જોઇયે, પછી આમ કે તેમ, એ વિચાર પ્રમાણે વર્તવું મેં ધારયું છે—નાનાં ચોપડાં તૈયાર કરી છપાવવાં. વાલ્ટર સ્કોટે પોતાના લ્હેણદારોને કહ્યું હતું કે સબુરી રાખો તેમ મારે કહેવું પડે છે. ભાઈ જેટલા ભરાયા છે તેની ક્યાં આશા હતી?! 'નવાણું તો ભરયા સો' એમ કરી રહેલી ચોપડીઓ બંધાવી મારે હવાલે કરે તો પછી હું ૮—૭—૬—૫—૪ ને નિદાન ત્રણે પણ વેચી તને નાણું ભરૂં—એ ઉપાય કરવો સારો પણ બંધાવાનું તારા હાથમાં છે. ડૈરેકટરે કોશ છપાઈ રહે મદદ આપવાનો વિચાર કરીશું એમ લખ્યું છે. હું નવેંબર

આખરે તારી પાસ આવીશ ને આશા તો રાખું છઉં કે થોડુંક લેતો આવીશ. ભાઇ તું ગભરાઇને તારી પ્રકૃતિમાં બગાડો કરે છે એ સારી વાત તો નથી. દુખમાં તો પથ્થર જેવી છાતી રાખી વર્તવું, પણ ડાહી સાસરે ન જાય ને ઘેલીને શિખામણ દે તેવું થાય છે! ઇશ્વર તને તન્દુરસ્તી બક્ષે.

તારો સાચો નર્મદ.

આભારદર્શક પત્ર (કોશના કામ સબંધી)

સુરત આમલીરાન
આસો વદ ૧૩–૧૮–૨૫
નવેંબર ૨ જી–૧૮૬૯

દેસાઇ શ્રી છગનલાલ વિ. સંતોકરામ
મુ૦ ભાવનગર

સ્નેહી શ્રીભાઇ

આપનો તા૦ ૨૭ અકટોબરનો તા૦ ૨૯ મીએ પોંહોંચ્યો છે.

આપનો સ્નેહ ને આપથી મળવાનો આશ્રય એ એથી મારા હૃદયમાં જે ભાવ ઉઠ્યા છે તે પ્રસંગ ઉપર દરસાવવાની આશા રાખું છઉં તો પણ આ પત્રમાં મારાથી લખ્યા વગર ચાલતું નથી કે હું આપનો ઘણો આભારી થયો છઉં.

છાપખાના સંબંધી ઉલટથી થતી ગોઠવણ વિષે જાણી મને કામ કરવાની ઉલટ આવી છે.

ટાણુના દિવસો અને ઘણું કામ હોવાથી મારી તરફથી થવાની પુરતી ગોઠવણમાં થોડીક ઢીલ થશે તોપણ બીજું મુહૂર્ત સાચવવાને થોડુ એક મેટર મોકલ્યું છે તે પ્હોંચેથી મ્યાનેજરે કંપોઝ કરાવવાનો પ્રારંભ કરવો.

હવે મ્યાનેજર સાથે હમારે નિત્ય કામ પડવાનું માટે ચાલવાના કામ સંબંધી ખટપટમાં પડી રહી આપે આપનો અમૂલ્ય કાળ તેમાં ન ગાળવો એમ હું ઇચ્છું છઉં ને આપ તેને જ તેમ કરવાની ભલામણ કરી દેશો. છાપવાના કાગળ મોટા ગ્રન્થ ને મોટાના આશ્રયને ઉમંગ રાખશો જ. જાથુ રહી પ્રુફ તપાસવાને મારૂં માણસ પાંચેમ સાતેમ ઉપર આવશે, એજ વિનતી.

આપનો દર્શનોત્સુક નર્મદાશંકર.

મિત્રતાની કસોટીનો પત્ર

સુરત–આમલીરાન તા૦ ૧૬ નવેંબર ૧૮૬૯

સ્નેહી ભાઇ ગણપતરામ

તા૦ ૨૫ મી અકટોબરનો પોતો છે.

તમે જાણતા જ હશો જ તો પણ મારે જણાવવું ઘટિત છે કે કોશ ભાવનગરમાં છપાશે ને આશ્રય મળશે.

હું ગણુદેવી જઇ ભાઇ રતીલાલ તથા મીયાંને મળ્યો છઉં ને મેં એઓ આગે સારી વાતો કરી છે. મનોરંજક રત્ન હવે ઉતાવળથી પાછું નજરે પડશે.

'તંગીમાં મદદ કરે તે ખરો દોસ્ત.' તો પણ તેવું ઘણીવાર કેટલાએક પ્રસંગ પુરઃસર કરવાનું ખુશીથી કે નાખુશીથી—સ્વસત્તાથી કે પરસત્તાથી માંડી વાળવું પડે છે, એ વાક્યમાં માણસ જો દોસ્ત જ છે તો તેને મદદ કરવાનું ખુશીથી અને સ્વસત્તામાં છતાં માંડી વાળવું એમાં તો મૈત્રિને દૂષણ આવે. એ શબ્દોમાં તમે જો કોઇ ભેદ રાખ્યો હોય તારે તો વળી જુદો વિચાર થાય.

અએ પોતાના સંકટમાં પોતાના બીજા બધા મિત્રોની સલાહ લીધી પણ એક બની ન લીધી—એથી બ કંઇક નારાજી થયો, તોપણ તે અના ભુંડામાં નહીં, ને એમ છતાં બીજા મિત્રોએ અના કાન ભંભેર્યા કે બજ તને આડો આવે છે. ગભરાયલા અએ તે વાત ખરી માની અધમ જુક્તિથી પણ સ્વાર્થ સાધવાને બને ખાનગીમાં નિંદ્યાં કર્યો ને જાહેરમાં ધિક્કાર્યો. બ તારે કેવળ નિસ્પૃહ રહેલો ને વિસ્મિત થયલો કે અ આ શું ઘેલું કરે છે? અએ જે જે કીધું તે તે સહુ બએ સાંખ્યું. અ બંધ રહે જ નહી તારે પછી બનો ધર્મ હતો કે વા પર ગયલા અનો જોસ્સો કોઇ પણ રીતે નરમ પાડવો ને તેમ તેણે કીધું. હજી પણ બને અની દયા છે, પણ ડોળઘાલુ અ પુરુષમાં જારે વીર્યનીચત્વ, સ્વાર્થાંધત્વ, સંગતિ-દુર્જનત્વ દેખાયા ત્યારે બએ એકવાર તેને શાખ બતાવ્યું, પણ ભલો છે બ કે જેટલું કહેવું જોઇયે તેટલું પણ તે પ્રસંગની પૂર્વ નીશાનીમાં કેહેતો નથી, પણ ફક્ત બેદરકાર જ રેહે છે ને અ શું ફુવડતા કર્યો જાય છે તે વિચારવંત જાણે છે ને શું કરશે તે જાણશે—અફસોસ. વળી તમારે જાણવું કે અ ને બ પ્રથમથી જ મારા મિત્ર નોતા! માત્ર એક ક્ષેત્રમાં સાથે કામ કરનારા હોવાથી લોકમાં તેઓ મિત્ર છે એમ માનતા હશે.

તમે મારા કાગળો રઝળતા નહીં રાખતા હો ને કવચિત જ કોઇને વંચાવતા હશો એમ હું જાણું છઉં.

લા૦ નર્મદાશંકર.

ખાનગી ચીઠ્ઠી

તા૦ ૧૦ સપ્ટેમ્બર ૧૮૬૮

પરમ સ્નેહી ભાઇ પ્રાણલાલ,

ડાહીગૌરી ના કહે છે ને જે સબબો તે બતાવે છે તેની ઉપર મારે જવું એ મને વાજબી જણાતું નથી.

મારો પોતાનો એ વિષે શું વિચાર છે તે જો તમારી ઇચ્છા હશે તો જણાવીશ.

તમારો નર્મદાશંકર.

પુસ્તકો અને કોશ સંબંધી પત્ર

સુરત—આમલીરાન તા૦ ૧૭ નવેંબર ૧૮૬૯

પરમસ્નેહી ભાઇ ગોપાળજી,

તમારો કાગળ આવેલો તેના ઉત્તરમાં મેં એક લખેલો ને કૃષ્ણાકુમારીની પ્રતો પણ મોકલેલી પણ એની પોંચ સંબંધી તમારી તરફથી હજી કંઇ જણાયું નથી. ગયે વર્ષે તમે કોશને માટે શ્રમથી તજવીજ કરી હતી પણ તે સમે ઇશ્વરની ઇચ્છા નહીં હોય. હાલ તમને જણાવવાની મારી ફરજ છે કે ભાવનગરના દેશાઇ છગનલાલે સારો આશ્રય આપવાનું માથે લીધું છે—કોશ ભાવનગર છપાશે. તમારા પત્રનાં દર્શન થયાને ત્રણ માસ થયા હશે માટે વળી અવકાશે લખશો.

તમારો સ્નેહી નર્મદાશંકર.

સામાન્ય કુશળ પત્ર તા૦ ૨૯—૧—૭૦

પરમ મિત્ર ભાઇ કેશવરામ,

ઘણે દાહાડે તમારૂં પત્ર આવ્યું તે વાંચી પરમ સંતોષ થયો છે. વચમાં તમે નાંદોદ હતા તે મારા જાણ્યામાં આવેલું ખરૂં. હું તમારી તમારા ઘરની ખબર વખત ડોસીથી જાણી લેતો.

અહીં હું તથા કુટુંબ સારી પઠે છૈયે ને તમને પ્રસંગે સંભારીએ છેએ.

સુરભાઇ આજકાલ મુંબઇની કાલેજમાં અભ્યાસ કરે છે, મુંબઇ જઇશ, ત્યારે તેને ને બાવાને તમારી સલામ કહીશ.

કાગળ વેહેવાર ઘણો ખરો ચાલુ રહેતો હોય તો તમને આણી પાસના સમાચારથી જાણીતા કરવામાં આવે.

પુસ્તકો નિકળતાં જશે તેમ તેમ મોકલતો જઇશ.

લા૦ નર્મદાશંકર.

(રા. કેશવરામ ધીરજરામને મેહેરબાન રેવાકાંઠાના પોલીટીકલ સાહેબ મારફતે ઉદેપુરના રાજાજીના દરબારમાં પહોંચે.)

પુસ્તક વેચાણ પત્ર

તા૦ ૩૦—૧—૭૦

રા. શ્રી ગોપાળજી ગુલાબભાઇ,

કથાકોષની ચોપડી મોકલી તે પહોંચી હશે. એની સો નકલ ઉપર ખરીદ કરશો તો સવા ત્રણને ભાવે આપીશ. હું આશા રાખું છઉં કે ૨૦૦ નકલ ખરીદ કરશો.

પેલી રકમ જેમ બને તેમ તાકીદે મોકલવાનું સ્મરણ કરાવું છઉં. મુંબઇની હુંડી મોકલશો તો ચિંતા નથી.

તમારી તરફના ઘણા દિવસ થયા જાણ્યામાં આવ્યા નથી માટે લખશો.

છેલ્લી મુલાકાત બહુ સાંભરે છે. નર્મદાશંકરના આશીર્વાદ.

કવિની શક્તિ સંબંધમાં લોકવિચાર

તા૦ ૩૦–૧–૭૦

પ્રિય ભાઈ લક્ષ્મીરામ,

તમારો પોષ વદ ૧ નો પોંચ્યો છે. મારી તબીએત આજકાલ સારી છે. નાગરોની ફજેતીથી દલગીર છઉં, મણીશંકરે મારી ખાનગી ચાલ વિષે પોકાર કર્યો. મારી કવિતા તે કવિતા જ નથી એમ કહ્યું ને મારા ગદ્યનાં વખાણ કર્યાં કે ગુજરાતિ ભાષાને રસદાર બનાવી છે એ મારી શક્તિ તથા નીતિ વિષે તેઓના અભિપ્રાય તમે મને જણાવ્યા તેને માટે હું તમારો ઉપકાર માનું છઉં. એ પ્રમાણે બીજા કાબેલમાં ખપતા પુરૂષોનો વિચાર મને જણાવશો. એમ તમારી તરફથી પાંચેક જણના વિચાર જાણી લીધા પછી હું મારી તરફથી લખવાનું છે તે લખીશ. વ્યાકરણની પ્રત એકે મળે નહીં.

લા૦ નર્મદાશંકરના આશીર્વાદ.

સ્નેહ અને પાવાગઢની મહાકાલીને પ્રાર્થના

તા૦ ૨૦ ફેબરવારી ૧૮૭૦, સવારે સાત વાગતે.

પ્રિય મિત્ર ભાઈ ગણપતરામ,

તમારો તા૦ ૧૬ મીનો પત્ર પોહચ્યો છે, તેમ ભાઈ રણછોડલાલનો તા૦ ૧૪ મીનો પણ આવ્યો છે. તમારા બંનેના સ્નેહ જોઇ હું જરા સંકોચાયો છઉં કે મારો તમને દેખડાવવાને પ્રસંગ આવતો નથી. સ્નેહની આતુરતાને કિયો માણસ નથી ઝીલતો? અણસમજુ અવિવેકે ઝીલે છે ને સમજુ વિવેકથી ઝીલે છે. વિવેકથી ઝીલવામાં તેટલી તેજી નથી હોતી તો પણ એ ઝીલવામાં રસ ઘાડો ને સ્થાયી છે એમ હું સમજું છઉં. અરે ટુંકમાં ઉત્તર લખવો ધારીને બેઠો હતો તે લાંબા લખાણનો પાયો નંખાયો! દિલગીર છઉં કે ચણવાનો અવકાશ નથી! ભાઇયો માફ કરજો ઘણી તજવીજ કરતાં છતાં પણ મારાથી પાવાગઢ નિમિત્ત તમારો સમાગમ થઈ શકશે નહીં–ઇચ્છા પરિપૂર્ણ છે, તમારૂં સ્નેહાળ ઉત્તેજન છે પણ શેઠ ઉપાધિ આડો નડે છે–ગુજરાતની પૂર્વ દિશાની અધિષ્ઠાતા દેવીનાં સ્થાનકની શોભા જોતાં મને સંભારજો ને પછી તમે સહુ તેની પ્રાર્થના કરજો કે મા હવે બહુ થયું રંક દેશીઓ સામું જો ને.............ઉરમાં અભિમાન પ્રેરે ને જય અપાવ–ભાઇયો મારી ગેરહાજરીથી દિલગીર ન થતાં આનંદથી રેહેજો.

નર્મદાશંકરની સહુ
મંડળને યથાયોગ્ય.

કવિએ પુનર્લગ્ન કર્યાં

[**નોંધ:** ઇ. સ. ૧૮૭૦ (વિ. સં. ૧૯૨૬ ને આશરે) કવિ મુંબઈ છોડી સુરત રહેવા ગયા. ત્યાં તેમને તેમની જીંદગીનો એક નવો જ અનુભવ થયો. વિધવાનાં ફરી લગ્ન કરાવવાના પોતે પાકા હિમાયતી હતા. જૂના વિચારવાળાઓ કવિને પોતાનો દાખલો બેસાડવા આગ્રહ કરતા, અને કવિએ તેવો પ્રસંગ આવે પીછેહઠ નહિ કરવાનું પણ જણાવેલું. એટલામાં સુરતમાં જાણીતા એક નાગર કુટુંબમાં નર્મદાગવરી નામની જુવાન બાઈ વિધવા થઈ. તે બાઇએ કવિ સાથે પ્રેમ બાંધ્યો અને પોતાને પરણવાનું કહ્યું. કવિના પોતાની બીજીવારનાં પત્ની ડાહીગવરી હૈયાત હતાં એટલે એક ઉપર બીજી સ્ત્રી કરવી કે નહીં કરવી, તેની મોટી વિમાસણ પડી હતી. ડાહીગૌરી શાણી ઠરેલ અને પતિભક્તિ પરાયણા બાઈ હતી. તેમણે કવિને જણાવ્યું કે તમે પુરૂષ છો, માટે મરજીમાં આવે તેમ વર્તવાને મુખ્ત્યાર છો. મારા તરફથી તમારા વિચારો અમલમાં મૂકવા સામે કશો અંતરાય નહિ આવે; પણ કવિનું હૃદય ડંખતું હતું કે ખરા સુધારકની રીત પ્રમાણે એક ઉપર બીજી સ્ત્રી પરણવી એ વાજબી ગણાય નહીં. તેમ વિધવા વિવાહને ટેકો આપ્યા વગર ચાલે તેમ નથી. તક મળી છે, માટે શું કરવું? એવા વિચારમાં હતા. તેમણે ડાહીગવરીને ભરણપોષણનો બંદોબસ્ત કરી આપી છુટી પાડવાનો વિચાર કર્યો અને એ મનસુબો પાર પાડવા માટે તે ડાહીગવરીને જણાવ્યો અને તેની સાથે વાદવિવાદ કર્યો. ડાહીગવરી કવિથી કોઇ પણ સંજોગેમાં છૂટી પડવાને એકની બે થઇ નહિ, પણ કવિને જેમ ગમશે તેમ વર્તવા તે કબુલ થઈ; દાસીપણું પણ સ્વીકારવા તે તત્પર હતાં. આ વિધવાલગ્નનો ઐતિહાસિક બનાવ બન્યો તે પહેલાં ડાહીગવરી સાથે શો વાર્તાલાપ થયો છે તે કવિએ નોંધ્યો છે. તે નોંધ અત્રે અમે છાપીએ છીએ.

આ વાતચીતના પ્રસંગ પછી કવિએ નર્મદાગવરીને પોતાના ઘરમાં આશ્રય આપ્યો અને તેમનાથી કવિને ત્યાં ભાઈ **જયશંકર ઉર્ફે બક્કાનો** ઇ. સ. ૧૮૭૦ માં જન્મ થયો હતો.

ઇ. સ. ૧૮૭૦ માં કવિ નર્મદાશંકર જ્યારે સુરત રહેવા ગયા ત્યારે તેમની નાણાં વિષયક સ્થિતિ ઘણી તંગ હતી. તેમાં વિધવા નર્મદાગૌરી સાથે લગ્ન કર્યાથી ન્યાતજાતમાં તેમને વહેવાર ઓછો થયો હતો, પણ કોઇએ મિત્રભાવ ઓછો કર્યો નહોતો. કવિએ ૧૮૭૦ થી તે ૧૮૭૫ સુધીમાં ગુજરાતીભાષાની સાહિત્યસેવા ખૂબ જોરથી ઉપાડી, અને દેવું કરીને પણ મોટાં મોટાં પુસ્તકો પ્રકટ કર્યાં. માત્ર ગુર્જર મહાકવિ પ્રેમાનંદકૃત દશમસ્કંધ છાપવામાં તેને સુરત સોદાગર પ્રેસવાળા તરફથી થોડીક સહાય મળી

હતી, પણ તે તેમનો પરિશ્રમ જોતાં ઘણી જ અલ્પ હતી. ૧૮૭૦ થી ૧૮૭૫ સુધીમાં તેમણે જેટલા ગ્રંથો છાપી બહાર પાડયા છે તેની યાદી વાંચવાથી કવિના તે સમયના પરિશ્રમનો કંઇક ખ્યાલ આવશે. વચ્ચે કામ પ્રસંગે તેઓ મુંબઈ આવતા જતા હતા. ૧૮૭૪ માં મુંબઈ સરકારના કેળવણી ખાતાંના વડા ડૉ. બુલર જોડે ઓળખાણ થયેલી અને તેમની ભલામણથી નવું નર્મગદ્ય છાપવા માટે થોડી સહાય મળેલી. નર્મગદ્યમાં છપાયલા જગતના ઇતિહાસ અંગે કવિએ લગભગ ૨૦૦ ગ્રંથો વાંચ્યા હતા. નર્મકોશ મોટો આ સમયમાં જ છાપ્યો હતો. કોશની પ્રસ્તાવના, ઉપોદ્ઘાત લખવામાં કવિએ જૂના ઘણા કવિઓના હસ્તલિખિત ગ્રંથો પણ વાંચ્યા હતા અને તેનો લાભ તેમણે ગુર્જર સાહિત્યને આપ્યો છે. ગુજરાતી ભાષાની ઉત્પત્તિ શોધવા માટે તેમણે વરરુચીનો પ્રાકૃતપ્રકાશનો અભ્યાસ કર્યો અને તેનું ગુજરાતીમાં ભાષાંતર પણ કર્યું, પણ નાણાં ભીડને લીધે તેઓ છપાવી શક્યા નહોતા. **પ્રાકૃત પ્રકાશ** હજી હસ્તલિખિત દશામાં અમારા "ગુજરાતી પ્રેસ"ના સંગ્રહમાં પડયો છે. ગુજરાતી ભાષાનો કોશ રચવા સાથે ગુજરાતી "નર્મ પર્યાય કોશ" પણ તેમણે રચ્યો હતો અને ગુજરાતી ક્રિયાપદોનો ધાતુકોશ પણ રચવા માંડયો હતો. એમ તેમણે લખેલાં જીર્ણ કાગળો ઉપરથી જણાય છે. આ સર્વ સાહિત્ય જો પ્રકટ થઈ શકયું હોત તો ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવા માટે કવિ નર્મદાશંકરે કેવો પરિશ્રમ લીધો હતો તેનો ખ્યાલ આવતે; પણ સહાયતા અને ઉત્તેજનના અભાવે કવિની આ સર્વ યોજનાઓ પડી ભાંગી, અને કવિ નિરાશ થયા હતા. હજી સુધી નર્મકોશમાં કવિએ જે સુચનાઓ ભાવિ પ્રજા માટે કરી રાખી છે તે કોઇએ પાર પાડી નથી.

કવિનો ગૃહસંસાર તો સુખરૂપ ચાલ્યો જતો હતો. બે પત્નીઓ પરણ્યા, એક ધર્મશાસ્ત્ર પ્રમાણે અને બીજી સુધારાને વેગ આપવા માટે, છતાં ઘરમાં કલેશકંકાસ નહોતો. નર્મદાગવરીના સંતાન ભાઈ બક્કાની સંભાળ તો ડાહીગવરી જ રાખતાં.

કવિને સહાય કરવામાં તેના મહેતાજી નરભેરામ પ્રાણશંકર હતા. કોશની વારેવારે છાપા જોગી શુદ્ધ નકલો નરભેરામ કરતા અને પ્રુફ સુધારવાનું કામ પણ તેઓ કરતા. નરભેરામની આટલી સહાય ન હોતે તો કવિનો કોશ કદી પણ બહાર પડી શકતે નહીં. આ નરભેરામનો થોડો પરિચય વાંચકને શાસ્ત્રી રાજારામના લેખમાંથી મળી શકશે.

સંપાદકઃ ન. ઈ. દેસાઈ.]

મુંબઇ છોડતા પહેલાં અને પુનર્લગ્ન કર્યા પહેલાંની સ્થિતિ.

આજે તા૦ ૯ મી સપ્ટેમ્બર, મદ્રાસ ૧૧–૫.

કહી દીધું ડાહીગવરીને કે તે પોતાની મેળે વિચાર કર્યા કરે. કાલના તારા બોલવાથી જણાયું કે મુંબઇમાં ગોઠતું નથી ને ગોઠે તેમ નથી, ને બીજાં પણ કારણ છે તો તારે ત્રણ વાતના વિચાર કરી મૂકવા—

૧ સ્વતંત્ર રહેવું, આપણાં ઘરમાં નહીં. જુદાં ભાડાંના ઘરમાં કોટડીઓ રાખીને મુંબઇ, સુરત કે ઇચ્છામાં આવે ત્યાં, ને હાલમાં મારી સ્થિતિ સારી થાય ત્યાં સુધી હું મહીને ૫ કે ૭ રૂપીઆ મોકલ્યાં કરીશ, પછી વધારે.

૨ કોઇના આશ્રયમાં જઈ રહેવું ને રૂ. ૫ કે ૭ મહીને મોકલ્યાં કરીશ.

૩ મારાં ખુંદ્યાં ખમવાં ને દુઃખ પામતાં પણ મારી જ સાથે રહેવું.

તા૦ ૧૦ મી

ડા૦—હંમેશને માટે પુછો છો કે મુદતને વાસ્તે ?

ન૦—હંમેશને માટે, મુદત નહિ.

ડા૦—આટલાં વર્ષ આમ, આટલાં વર્ષ આમ, એવી રીતે મુદતસર હું રહેવાને ઇચ્છું છું.

ન૦—વારૂ, બોલ તો ખરી.

ડા૦—હજી મેં પાકો વિચાર કીધો નથી.

તા૦ ૧૩ મી સપ્ટેમ્બર ભાદરવા સુદ ૧ બુધ.

ન૦—ત્યારે કેમ ?

ડા૦—એકેક વર્ષની મુદત માગું છું.

ન૦—એમ હું ઇચ્છતો નથી, કેમકે વારેવારે વ્યવસ્થા કરવી એ ઠીક નહીં ને તારાથી ઠરીને એક પણ સ્થિતિમાં વર્તાય નહીં.

ડા૦—જો એક સ્થિતિ અનુકૂળ નહીં આવે ત્યારે બીજી બદલવાની ઇચ્છા થશે ને જે લીધી તે અનુકૂળ આવી, તો બીજીનું શું કામ છે ?

ન૦—ત્યારે પહેલી કઈ લેવી છે ?

ડા૦—ખુંદ્યાં ખમવાની.

ન૦—એ તુને ભારે પડશે. હું ઇચ્છું છું કે પ્રથમ બીજી કોઈ લે ને છેલ્લી તે લેજે.

ડા૦—બીજી કોઈ લેવાને હાલ મને અનુકૂળતા નથી.

ન૦—વારૂ, ઘર ઉઘાડી ત્યાં સ્વતંત્ર રહેવાને કહું તો ?

ડા૦—મારે ઘર સાથે કંઈ સંબંધ નથી. જ્યાં સગવડ હોય ત્યાં રહેવું.

ન૦—ત્યારે હવે એવી તજવીજ કરી આપું કે તારે માટે કોઇ ઘર ભાડે રાખું ને તું એકલી રહે તો કેમ ?

ડા૦—છેક એકલાં તો કેમ રહી શકાય ?

ન૦—સારો પાડોસ આપું.

ડા૦—હાલ મેં જે ઉપલી કલમ કબૂલ કીધેલી છે, એટલે એ બીજા સવાલોની જરૂર નથી.

ન૦—ઠીક, આવી ઠેકાણે.

ડા૦—ના, આટલા માટે કે એક વાતનો પાકો અનુભવ કરી લઇ પછી તેમાં ના પાલવ્યું ને બીજું લઇએ તો પશ્ચાત્તાપનું કારણ ન રહે.

ન૦—બહુ સારૂં.

ડા૦—હું મારા મન સાથે કોઈ રીતનો વેરાગ રાખવા ઇચ્છું, તો તેના ઉપર મારી સત્તા ખરી કે નહીં ?

ન૦—વેરાગનો પ્રકાર જાણી લીધે કહેવાય, ને જ્યારે ખુંઘાં ખમવાની કબૂલાત છે તો તારે કોઈ પણ વાતે તારી પોતાની સત્તા રાખવાની ઇચ્છા કરવી એ વળી શું ?

ડા૦—મારાં મન થકી હું કોઈ પણ પ્રકારના નિયમથી રહેવા માગું તો હું નથી ધારતી કે તેમાં તમને અડચણ જેવું હોય.

ન૦—તું જે નિયમ પાળવાને ઇચ્છે તે કહી જણાવવાને તુને રજા છે, પણ અમલમાં આણવાને તો મારી પ્રસન્નતા ને આજ્ઞા હોય તો જ તારાથી તે નિયમ પળાય. તું કહી શકે ખરી કે ફલાણું વ્રત કરૂં, પણ હું રાજી હોઉં ને આજ્ઞા આપું તો જ તારે તે વ્રત પાળવું, બાકી નહીં. હજી તારે ખુંઘાં ખમવાનું નાકબૂલ કરવું હોય તો સુખે તેમ કર. મારી ઇચ્છા તો એવી ખરી કે બીજા અનુભવ કરીને છેલ્લે ખુંઘાં ખમવાં પર આવવું. હજી વિચાર કર, પહેલી કેઈ સ્થિતિનો ભોગ કરવો તે. ખુંઘાં ખમવાની કે સ્વતંત્ર રહેવાની ? બીજે વર્ષે સ્વતંત્રતા લેઈ પછી પાછી ખુંઘાં ખમવા પર આવે તે તો હું ન જ અંગીકાર કરૂં, કેમકે ત્યારે તું અતિનષ્ટા હોય.

ડા૦—સ્વતંત્ર રહીને પણ શું હું તમને દુષણ લગાડવાની છું ? ને દુષણ લાગે તેવું તમે ન જુઓ તો ફરી રાખવામાં શો વાંધો ?

ન૦—એ વાતમાં હવે તો હું ઉદાર નહીં થાઉં. પહેલી કેઈ સ્થિતિ તે કહી દે.

ડા૦—થવાનું હશે તેમ થશે, પણ મેં તો જે પહેલું કબૂલ કીધું છે તે જ કબૂલ છે.

તા૦ ૧૪ મી

ડા૦–ઘણા વિચાર કીધાથી મારે માટે જોખમ રહે છે. આ તો ઇષ્ટને સોંપું છું કે તે જેવી બુદ્ધિ સુઝાડે તે ખરી. મેં જાણ્યું છે કે ભાગ્ય જ કઠિન છે, પણ ઇષ્ટિનું સ્મરણ તેને સરલ કરે છે.

ન૦–તારો ઇષ્ટ કોણ છે.

ડા૦–માનીએ તો બધા દેવને ને આપણા બ્રાહ્મણને તો શિવ ને માતા એ જ તો.

ન૦–નાભિથી કોનું સ્મરણ કરવે પ્રીતિ ઉઠે છે?

ડા૦–સંકટમાં તો માતા ને મહાદેવ. બૈરાંને જોઇએ તો મા, પણ મને તો બાપ ઉપર વિશેષ દોડ ખરી.

ન૦–તમે કીઆં વ્રત કરો છો?

ડા૦–પક્ષ કે પ્રદોષ ને શિવરાત્રિ અને શ્રાવણમાં સોમવાર.

ન૦–તારૂં નિત્ય કર્મ શું?

ડા૦–શિવ કવચનો પાઠ એક નિષ્કામ, ને એક સકામ–ભયાદિ ટાળવાને અવસ્યે રક્ષણાર્થે–વર્ષ થયા કરૂં છું.

ન૦–તે પ્રસંગ કિયો?

ડા૦–મનસી છે; હું કહેવાને લાજું છું. નહીં કહું અને 'યા માતા મધુકૈટભ' એ શ્લોકથી શક્તિને નમન કરૂં છું નિત્યે; અને એક વાર સરસ્વતીનો પાઠ–બૃહસ્પતિનો કરેલો.

ન૦–આચારાદિક પાળવા વિષે કેમ? અળગાં સંબંધી કેમ?

ડા૦–ધર્મનો બાધ નથી સમજતી. વૈદકશાસ્ત્ર પ્રમાણે કૃશ થવાને અને વ્યવહારમાં મલિનતા અને ફુવડતાને વધે તેનો અટકાવ કરવાને એ પાળવું. દૂર રહેવું, પણ વખતે અડકાય તો તેની ચિંતા પણ ન કરવી.

ન૦–દેવ પૂજન ને શ્રાદ્ધાદિક એમાં કંઈ પુણ્ય કર્મ સમજે છે?

ડા૦–એ વિષયમાં મારો હજી બરોબર નિશ્ચય નથી, માટે કહી શકતી નથી; તો પણ દેવ પૂજન ને શ્રાદ્ધાદિક કરવાથી દોષ છે એમ હું સમજતી નથી.

ન૦–અમારા સંબંધમાં તમારૂં શું કર્તવ્ય છે તે કહો.

ડા૦–તમારી ઇચ્છા પ્રમાણે મારે ચાલવું એ મારી ફરજ છે. તમારી આજ્ઞા પ્રમાણે ચાલવું એ મારી ફરજ છે. કેટલીક રીતની ઘટતી છૂટ આપવી એ તમારી ફરજ છે.

ન૦–મારી ફરજ વિષે તુને મેં પૂછ્યું નહોતું. તે મારે સમજવાનું છે, પણ તમારા હૃદયમાંથી નીકળ્યું છે તો હું પૂછું છું કે, હું મારી ફરજ ભૂલું તો તું તારી ફરજ અદા કરવામાં ગાફેલ થાય કે કેમ?

ડા૦—કદી તમે તમારી ફરજ ભૂલો તો પણ મારી તો ફરજ છે કે તમારી અનુકૂળતા પ્રમાણે બની શકે તેટલું ચાલવું.

ન૦—બની શકે એટલે શું ?

ડા૦—મારો ધર્મ તો આ જ કે તમારી આજ્ઞા પ્રમાણે ચાલવું, પણ વેળાએ પ્રકૃતિવશાત મારી ફરજમાં ભૂલ થાય ત્યારે લાચારે ને એને માટે દીલગીર થવાનું.

ન૦—અર્થ, સ્નેહ ને ધર્મ એ ત્રણમાં તારી લાગણી કેઈ તરફ વિશેષ ?

ડા૦—અર્થ તો ગૌણ જ. સ્નેહની નીતિ કે મારો કે ઉગારો, અને ધર્મમાં તો પ્રવડો* કે ન પ્રવડો પણ ધર્મ જ, માટે એ બંને સરખાં છે, તો પણ કેટલીક છૂટ સ્નેહમાં વિશેષ છે.

ન૦—ધર્મ વિનાના સ્નેહમાં છૂટ હોય, પણ સ્નેહનો ધર્મ કે, મારો ઉગારો, એમ સમજી વર્તવું અને પ્રવડે ન પ્રવડે વર્તવું, એ બેમાં છૂટ સંબંધી શું આવ્યું ?

ડા૦—શુદ્ધ ધર્મમાં આધીનતા છે ને સ્નેહના ધર્મમાં પણ આધીનતા છે એ ખરૂં; પણ સ્નેહ વિષયમાં મનનું કારણ છે ને ધર્મ વિષયમાં બંધન કારણ છે.

ન૦—ધર્મમાં મનને મારવાનું છે. પછી અર્થ, સ્નેહ કે શુદ્ધ ધર્મ વિષયમાં. સ્નેહના મારો ઉગારો એ ધર્મબુદ્ધિનું મૂળ કારણ ઉત્તમ સ્નેહબુદ્ધિ છે; અને પ્રવડો ન પ્રવડો એ ધર્મબુદ્ધિનું મૂળ કારણ કર્તવ્યબુદ્ધિ ઉપર જ પ્રેમબુદ્ધિ એ છે. સ્વભાવે સ્નેહબુદ્ધિ ને સ્વભાવે ધર્મબુદ્ધિ એ જુદીજુદી, પણ મારો ઉગારો એ ધર્મબુદ્ધિ સ્નેહે થયા પછી, કે પ્રવડે ન પ્રવડે એ ધર્મબુદ્ધિ મૂળ સ્વભાવે કે બીજે કોઇ કારણે થયા પછી જે કાર્યરૂપ ધર્મબુદ્ધિ તેમાં ફેર નથી.

ડા૦—'આપની હાર તું, પુત્ર વસુદેવના, અદ્યપિ તુજને લાજ થોડી' એ નરસીંહ મહેતાએ કહ્યું છે તેમ સ્નેહની નીતિએ કહી શકાય, ધર્મની નીતિએ નહીં.

ન૦—નરસીંહએ સ્નેહભાવે છૂટ લેઇ કહ્યું અને એણે એમ ન કહ્યું હોય ને ધર્મભાવે જ કહ્યું હોય કે તારી ઇચ્છામાં આવે તેમ કર—હું અધીન છું, તો બેમાં ઉત્તમ કીયું ?

ડા૦—હું તો એમ સમજું છું કે સ્નેહની નીતિમાં સમાનતાનો ભાવ કાંઇક ખરો ને ધર્મમાં તેમ નહીં. ઉત્તમ મધ્યમ તો જેણે જેમ માન્યું તે.

---

* પરવડવું કે ન પરવડવું.

ન૦–નરસીંહની એ કહેવાની શૈલી સ્નેહ બુદ્ધિની છૂટ વાળી, પણ એ બુદ્ધિનો ધર્મ તો આ કે, આપ કે ન આપ, હું તો તારા જ ઉપર બેઠો છું, લાજ જશે તો તારી, મારી નહિ. એને અર્પણબુદ્ધિ તે ધર્મ છે એમાં અને શુદ્ધ ધર્મે અર્પણબુદ્ધિ તેમાં તો કંઇ જ ફેર નથી.

ડા૦–સ્નેહની નીતિમાં હઠ પણ હોય.

ન૦–હઠ પણ હોય તે અધીનતામાં હોય કે આટલું તમારે કરવું જ જોઇએ, એમ પણ હોય, ને કરો વા ન કરો જેમ આપની ઇચ્છા, એમ પણ હોય. ત્રાગું કરવું ને દીનતા દાખવવી એ બેમાં ઉત્તમ શું ?

ડા૦–સ્નેહ ત્યાં છૂટ છે, એમ હું સમજું છું.

ન૦–પણ ત્યારે સ્નેહ ઉત્તમ કયો ? એક જણ મિત્રની પાસેથી પોતાનું ધાર્યું ન થયે કે તેના દોષ જોઇ તેને છોડે, એક જણ મિત્રથી દુઃખી થાય પણ તેને ન છોડે, એવા સ્નેહના પ્રસંગમાં ઉત્તમ કીઓ ?

ડા૦–ઉત્તમ જાતિ તો આ કે મનમાં સમજવું પણ છોડવો નહીં એ જ ઉત્તમ.

ન૦–જે પોતાનો અર્થ ન જાળવતાં બીજાનું સારૂં કરે, જે પોતાનો અર્થ રાખી બીજાનું સારૂં કરે અને પોતાનો જ અર્થ જાળવે એમાં ઉત્તમ મધ્યમ કનિષ્ઠ શું ?

ડા૦–અનુકૂળતા પ્રમાણે ઉત્તમ મધ્યમ કનિષ્ઠ. જો કે વ્યવહાર નીતિ મધ્યમ ને ઉત્તમને માટે છે.

ન૦–એક જણ શુદ્ધ ધર્મભાવે ત્યાગ કરે ને બીજો પ્રાણે પણ ધર્મબુદ્ધિ છે એમ ત્યાગ કરે, તેમાં ઉત્તમ શું ?

ડા૦–શુદ્ધભાવે તે જ ઉત્તમ છે.

ન૦–અર્થ, સ્નેહ કે ધર્મ એ ત્રણેમાં એક જ સામાન્ય નીતિ આવે છે કે, **જે વિશેષ પોતાના ભોગ આપે તે ઉત્તમ,** એ તમે માનો છો કે નહીં ?

ડા૦–હા એમ જ.

વિરામ ત્રીજોઃ સ્મરણો

ઇ. સ. ૧૮૭૫ થી ૧૮૮૬ નો અંત સુધીનો સમય

[સંપાદકીય નોંધઃ–કવિશ્રી નર્મદાશંકરના જીવનચરિત્ર સંબંધી, તેમના જન્મથી (૧૮૩૩ થી) તે ૧૮૭૦ સુધીની, હકીકત સીલસીલાબદ્ધ તેમના જ હાથની છાપેલી અને લખેલી જેટલી મળી છે, તે અમે છાપી છે. બધા વિવેચકોએ અને સ્વયં શ્રી નવલરામભાઇએ પણ આ જ "મારી હકીકત" ઉપર

આધાર રાખીને "કવિ જીવન" "નર્મ કવિતા"માં અમારા પૂજ્ય પિતાશ્રી ઈચ્છારામની માંગણી ઉપરથી લખ્યું છે. પણ કવિ જીવનના છેલ્લા ૧૫-૧૬ વર્ષની હકીકત જોઇએ તેવી પ્રમાણમાં મળતી નથી. "મારી હકીકત"માં ૧૮૩૩ થી ૧૮૬૫-૬૬ સુધીની વાત છે. ૧૮૬૬ થી તે ૧૮૬૯-૭૦ સુધીની વાત, તેમાં જે કાગળો વગેરે અમારા પિતાશ્રી સ્વ. ઈચ્છારામને મળેલા અને જીર્ણ થતાં બચી ગયા તેમાંથી તારવીને આ "ઉત્તર ચરિત્ર" માં આપી છે. તે પછી ૧૮૭૦ પછીની હકીકત, કવિના એક આશ્રિત સ્વ. રાજારામ રામશંકર શાસ્ત્રી, જેમણે સુરતની પાંચમા સાહિત્ય પરિષદ્ વખતે (ઇ. સ. ૧૯૧૫ માં) જે એક મહત્વપૂર્ણ લેખ વાંચ્યો હતો તેજ અત્રે અમે દાખલ કરીએ છીએ, તે ઉપરથી સુજ્ઞ વાંચનારાઓને કેટલીક માહિતી સમજાશે. આ નિબંધ જ્યારે સાહિત્યપરિષદમાં વંચાયો ત્યારે એમાં આર્યસમાજ અને બીજાઓ વિશે જે ટીકા કરાઇ છે તે સામે જબરો વાંધો ઉઠાવાયો હતો અને મંજુર થયેલા નિબંધને પરિષદના વૃત્તાંતમાંથી બાદ રાખવામાં આવ્યો હતો. તેજ સમયે ભાઇશ્રી અંબાલાલભાઇએ લેખક સ્વ. રાજારામ શાસ્ત્રી પાસેથી મજકુર લેખ મેળવીને "ગુજરાતી" પત્રના ૧૯૧૫ ના વર્ષના જુન-જુલાઈ માસના અંકોમાં છાપ્યો હતો. આ અમૂલ્ય લેખ વિસ્મૃતિ-પટમાંથી સરી ન જાય અને કવિના જીવન વિશેની કેટલીક હકીકતો જાણ બહાર ન રહે તેટલા માટે પ્રસ્તુત લેખ આ ગ્રંથમાં ફરી છાપ્યો છે, અને તે કવિ જીવનમાં ખૂટતી સાંકળના અંકોડા રૂપે ઉપયુક્ત થશે એવી આશા છે.

ત્યારે એક પ્રશ્ન એ ઉભો રહે છે કે, ઇ. સ. ૧૮૭૦ થી ૧૮૭૫ સુધીમાં કવિશ્રીએ શું શું કર્યું તેની નોંધ ક્યાં છે? આ નોંધ આજે કોણ આપી શકે તેમ છે? માત્ર તેમના ગ્રંથો ઉપરથી તારવીને અમે આ લેખ પછી રજુ કરી છે. એ સંબંધમાં દ્ષ્ટિદોષ કે ભૂલચૂક થાય તો જાણકારોએ અમારૂં લક્ષ ખેંચવા વિનંતિ છે.

સંપાદકઃ નટવરલાલ ઇચ્છારામ દેશાઇ]

સમયવીર કવિ નર્મદનાં સ્મરણો*

(લેખકઃ સ્વ. રા. રાજારામ રામશંકર શાસ્ત્રી)

કવિનો મુંબઇ નિવાસ અને પ્રવૃત્તિ

ગુજરાતના સાક્ષર વિવેચક સ્વર્ગસ્થ રા. નવલરામભાઇ લખે છે તેમ ઇ. સ. ૧૮૭૫ ના માર્ચ મહિનામાં કવિ નિવાસ કરવાના હેતુથી મુંબઈ આવ્યા, એમની સાથે એમના સદ્‌ગત પુત્ર જયશંકરને લઇને નર્મદા-(સુભદ્રા)ગૌરી, તથા એમના વિશ્વાસુ મહેતાજી નરભેરામ પ્રાણશંકર હતા. જયશંકરનું લાડનું નામ "બક્કો" હતું, ને વય આસરે બે વર્ષનું

---

* સુરત ખાતે મળેલી પાંચમી સાહિત્ય પરિષદમાં વંચાયલો નિબંધ. (તા૦ ૨૦ મી જુન. ઇ. સ. ૧૯૧૫)

હતું. થોડાજ વખતમાં મુંબઈમાં એમના પુનરાગમનની પ્રસિદ્ધિ થઈ, ને લોકમંડળમાંથી સાહિત્યકારો, લેખકો, વિદ્વાનો ને વિચારકો વગેરે અગ્રણી પુરૂષો ધીમે ધીમે કવિની આસપાસ જમા થવા માંડયા. 'સુરત રાયટ' (ઈ. સ. ૧૮૭૮ માં) પણ આજ સંધિમાં થયેલો હોવાથી સુરતના અગ્રેસર પત્રકારો મંછારામ ઘેલાભાઈ, કીકાભાઈ પરભુદાસ, ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ વગેરે પણ મુંબઈમાં આવેલા અને એઓ દિવસનો ઘણો ભાગ કવિ સાથે ગાળતા અને અનેક વિષયક ચર્ચા ચાલતી. મુંબઈ નિવાસીઓમાંથી મુખ્ય નિયમિત આવનારાઓમાં રા. રણછોડભાઈ ઉદયરામ, મનસુખરામ સૂર્યરામ, નગીનદાસ તુલસીદાસ, ભીમભાઈ કીરપારામ, ગોકળદાસ કહાનદાસ, નાનાભાઈ રૂસ્તમજી રાણીના વગેરે લોકમાન્ય સજ્જનો હતા. અને તે ઉપરાંત બીજા, મુંબઈની પાઠશાળાના ગ્રેજ્યુએટોમાં મુખ્યત્વે રા. ઇચ્છારામ ભગવાનદાસ, મણિલાલ નભુભાઈ, મુકુંદરામ નિત્યરામ મહેતા, ગણેશ શ્રીધર ખાપર્ડે, ગુલાબચંદ દેવ્મણીઆ તથા ડૉ૦ ચુનીલાલ વગેરે હતા. સવારનું સત્ર તથા મંડળ નાનું, પણ સાંજનું મંડળ વિસ્તીર્ણ અને વિવિધ હોવાથી રસમય થતું, તેમજ ચર્ચા પણ ગંભીર ને મહત્વની હોવાથી સત્ર ઘણું લાંબું, એટલે સાંજના લગભગ ચારથી આઠ વાગા સુધીનું થતું. 'આર્યસમાજ'માં કવિનાં વ્યાખ્યાનો ક્રમવાર શરૂ થયાં. એ વખતે આ સમાજનું કોઈ ખાસ મંદિર ન હોતું, પણ કૈલાસવાસી જગન્નાથ શંકરશેઠના ગીરગામ—ઠાકુરદ્વારવાળા ભવ્ય મકાનની પાછળની એક સ્કુલમાં સમાજ મળતી. વૈદિક ને શાસ્ત્રીય વિષયો, નિવૃત્તિ, પ્રવૃત્તિ, ઐહિક, પારલૌકિક ધર્મ, નીતિ, યજ્ઞયાગ, કર્મ, ઉપાસના, જ્ઞાન વગેરે અનેક વિષયો પર કવિનાં વ્યાખ્યાનો ત્યાં થવા માંડયાં. આર્યસમાજનો મુખ્ય તંત્ર તે સમયે રા. આત્મારામ દળવી જેવા દક્ષ પુરૂષના હાથમાં હોવાથી સમાજનું કામ પ્રશસ્ય રીતે ચાલતું લેખકે પ્રત્યક્ષ જોયેલું. આ તરફ ઇચ્છારામ સૂર્યરામને મુંબઈના અગ્રેસર શ્રીમંતો તથા વિદ્વાનોએ પોતપોતાના શક્તિ વિષયાનુસાર અનુમોદન તથા સાહાય આપ્યાથી "ગુજરાતી" પત્રનો આ સમયની આસપાસ (ઈ. સ. ૧૮૭૯) જન્મ થયો. મુંબઈની ગુજરાતી તેમજ દક્ષિણી પ્રજાનો આ કાલચ્છેદ બહુ પ્રિયદર્શન ને ઉત્સાહભર્યો દેખાતો; ગુજરાતી તથા બીજાં માસિકોમાં, અને છુટા ચોપાનીઆના રૂપમાં કવિએ અનેક વિષયો પર લેખો લખવા માંડયા. સૂર્યગ્રહણના એક પ્રસંગ ઉપર 'ગ્રહણ'ના વિષય પર એક નાનું સરખું પત્રક છપાવી લોકોમાં છુટે હાથે વહેંચાવ્યું હતું.* નર્મદ 'સમયવીર'†

* ધર્મ વિચારમાં છેલ્લો લેખ 'ગ્રહણકાળ' નામથી છપાયો છે તે આ જ લેખ છે.

† The Hero of the Time.

છે એમ તો ઘણો વખત પહેલાંથી જ લોકમાન્યતામાં સ્થિત થઇ ચુકયું હતું, પણ લેખકની બાલિશ દૃષ્ટિમાં પણ તે જ સ્થિતિનું ઝાંખું ભાન દૃઢ થવા માંડયું.

કવિનું ગૃહતંત્ર

કવિજીવનમાં નવલરામભાઇ લખે છે તેમ કવિએ કોઇ પણ વખતે, ગમે તેવા સંકોચમાં પણ, મુંબઇમાં રૂા. ૫૦ માં પોતાનો માસિક ખર્ચ ચલાવ્યો જ નથી. બારીકમાં બારીક સમયમાં પણ કવિનો ખર્ચ મુંબઇમાં માસિક સો રૂપીઆથી તો ઓછો હતો જ નહીં. ચાહ તથા પાણી સોપારીનો રોજનો ઓછામાં ઓછો ખર્ચ આઠ આનાનો, અને ઘણીવાર એક રૂપીઆ સુધીનો થતો; લેખકનો કવિના સહવાસમાં રહેવાનો સમય પણ આ હતો અને તે સમય દુર્ભાગ્યે કવિના સંકોચનો હતો. નવલરામભાઇ કોઇ વાર એક બે દિવસ મુંબઇ આવતા પણ કવિનો ઘેર તો ભાગ્યે જ એકાદ વાર ઉતર્યા હશે; માટે આ વિષે જે વાત નવલરામભાઇ લખે છે એમાં સત્યતાનો ઝાઝો અંશ નથી એમ લેખકને દિલગીરી સાથે કહેવું પડયું હતું, ને અહીં પ્રકાશમાં જણાવવું પડે છે.

થીયોસોફી સાથનો સંબંધ

આ સમયમાં જ પ્રસિદ્ધ વિદુષી બાઇ માડામ બ્લાવાત્સકી Madame Blavatsky મુંબઇમાં થીઓસોફીકલ લોજ સ્થાપવાને પધાર્યાં, અને કવિને ત્યાં ત્રણ ચાર ગૃહસ્થો તથા કર્નલ ઓલ્કોટ Col. Alcott સાથે મળવા આવ્યા. લેખકનું વય તે વખતે અગિયાર બાર વર્ષનું હતું. કવિની સહાનુભૂતિ માગતાં કવિ ત્યાર પછીને રવિવારે ચારેક મિત્રો તથા લેખકને લઇને મહાલક્ષ્મીમાં આ પ્રબલ ચરિતાર્થવાળી ઉત્સાહી બાઇને બંગલે ગયા. ત્યાં ઘણી ચર્ચાઓ અંગ્રેજીમાં થઇ, પણ લેખકને તે વખતે એ ભાષાનો ગંધ પણ નહીં, તેથી તાત્પર્ય કાંઇ સમજાયું નહીં. સોસાયટી, લોજ સ્થપાયાં, ને ઉત્તમોત્તમ ચર્ચાનાં ભાષણો થીઓસોફી તરફથી પણ શરૂ થયાં. કવિ ત્યાં પણ જતા, ને આનંદ ઉત્સાહભર્યો ભાગ લેતા.

આર્યસમાજ સાથનો સંબંધ

આ વખતની પૂર્વે કવિને 'આર્યસમાજ' અને તેનાં કાર્યો તથા વૃત્તિઓ તરફ અભાવ ને નિર્વેદ જેવું થયું જ હતું. એ મંડળની ઉપલક બહારની ટાપટીપ, વાતો કરવામાં દાંભિક શૂરાપણું, જેમ બને તેમ ધર્મ-શાસ્ત્ર તથા શિષ્ટાચારની મર્યાદાનું ઉલ્લંઘન કરવાની વૃત્તિ, અશ્રૃંખલ થવાના

પ્રયાસો વગેરે તરફ કવિનું લક્ષ દોરાઇ ચુકયું જ હતું.* અને કેટલાક પ્રસંગોએ તે વાત વધારે દ્રઢ કરી, વિદ્વાનોની દયાનંદ સરસ્વતીના મત, વિચારો, સિદ્ધાંતો, વેદાર્થયત્નો વગેરે પરથી શ્રદ્ધા નિર્મૂળ થઇ હતી, અને હવે એમણે તેમાં ઘણું ભુલભરેલું વ્યર્થત્વ જોયું. આર્યસમાજનો સંબંધ ઓછો થતાં થતાં છેક તોડી નાંખ્યો ને પ્રસિદ્ધરૂપે દયાનંદીય મતનું ખંડન, 'ગુજરાતી' તથા બીજા પત્રોદ્વારા લેખો લખીને તેમ જ સોસાયટીના જેવા ઘણા પ્રસંગોમાં ભાષણો કરી કરવા માંડયું.

મૂર્તિપૂજા વિષેના વિચારો

લેખકની સમક્ષ એક વખત દયાનંદની તાલીમથી પોતાને પરિપકવ વિચાર સિદ્ધાંતવાળો સમજતા મુંબઇના એક જાણીતા આર્યસમાજીને કવિ સાથે નીચે પ્રમાણે પ્રસંગ બન્યો હતો.† (એ ગૃહસ્થ કવિને ત્યાં રોજ સાંજે એકઠા થતા મંડળમાંના એક હતા.)

સમાજીઃ—કેમ કવિરાજ, હાલ તો અમારી સમાજની વિરૂદ્ધ પ્રવૃત્તિનો ખાસ ઉદ્યમ જ અંગીકાર કર્યો છે ?

કવિઃ—ખાસ એવો ઉદ્યમ તો નહીં, પણ દયાનંદ દુનિયાને સમજીને કે પછી વગર સમજ્યે ઉંધે માર્ગે લઇ જાય તે તો મારાથી મુંગે મોઢે જોયા કરાય નહીં જ.

સમાજીઃ—આ તો વળી નવી વાત ! ગઇ વખત સ્વામીજી મુંબઇ પધાર્યા હતા ત્યારે તો આપ ખાસ સુરતથી મુંબઇ મળવા આવેલા, અને તે પહેલાં તો તમારૂં સ્વામીનું સખ્ય લોકપ્રસિદ્ધ જ હતું—સુરતમાં સ્વામીજીએ પોતાની પુરી ખુશીથી અને ખાસ ઇચ્છાથી આપને ઘેર જ ઉતરીને બોધવાદો જાહેરમાં ચલાવ્યા હતા, ને આજે વળી આ શું ?

કવિઃ—ભાઈ, એ બધી જુની વાતો છે. સુધારાવાળાઓ પોતાની વિચાર કસોટીમાં જે જુની વાત નહીં ઉતરે તેનો ત્યાગ કરવાનો હક્ક રાખે, તો મારો પણ, એવી કોઇ જુની વાતનો, ભૂલ જણાયા પછી ત્યાગ કરવાનો

* ઇ. સ. ૧૮૬૦ ના અરસામાં મહારાજ જદુનાથજી સાથે વિધવાના પુનર્વિવાહ સંબંધે વાદ વખત બધા (પ્રાર્થના) સમાજી સુધારાવાળા હિંમત હારી ગયા. કવિને એકલા બાવા કીસનદાસને સાથે રાખી ત્યાં જવું પડયું. એ કીસનદાસ ભૂલેશ્વર લત્તાના મોટા પંજાબી તાલીમબાજ હતા. મુંબઈમાં તે વખતે જ નહીં, પરંતુ આજ પણ એમની પૂર્ણ ખ્યાતિ છે. કવિની હયાતીમાં જ બાવાએ લકવાની બીમારીથી સ્વર્ગપ્રયાણ કર્યું હતું.

† આ સંબંધમાં કવિનો આર્યોત્કર્ષ નામનો લેખ 'ધર્મવિચાર'માં છપાયો છે, તેના પૃષ્ઠ ૫૫ થી ૬૬ સુધી વાંચવું.

સમાન હક્ક નથી? હાલ તો તમારા સ્વામીજી મૂર્તિપૂજાની જ પાછળ મંડ્યા છે, તેમાં જેમ બીજા પ્રાકૃત જનોની તેમ સ્વામીની મોટામાં મોટી ભૂલ હું હવે સ્પષ્ટ જોઇ શકું છું. એમના વેદભાષ્ય પર મને લેશ માત્ર શ્રદ્ધા નથી. હજી આક જન્મે પણ સ્વામીજી જેવા કે મારા જેવા વેદનો અર્થ યથાતથ્યતઃ સમજી શકે એ વાત સંભવિત નથી, તો પછી વેદ પર ભાષ્ય લખવાનું તો સ્વપ્ન પણ ક્યાંથી હોય?

સમાજીઃ—હેં હેં કવિરાજ, શું કહો છો?

કવિઃ—હા, જે હું કહું છું તે જ કહું છું, શાંતિથી સાંભળો. સ્વામીએ પ્રથમથી જ વેદને પ્રમાણ ગણી તેને આધારે મૂર્તિપૂજાના ખંડન માટે ઝુંડો ઉઠાવ્યો. ત્યાર પછી વેદના પુસ્તકનું પૂજન પોતાને હાથે સુરતમાં મારે ત્યાં સરસ્વતીમંદિરમાં કર્યું! વળી હમણાં જ તેમણે પ્રસિદ્ધ રૂપે ઝવેરબાગમાં પોતાના વ્યાખ્યાન પ્રસંગે બોધ્યું કે; બાળકે માબાપની, શિષ્યે ગુરુની પૂજા અવશ્ય કરવી જોઇએ! સ્વામીએ વગર સમજ્યે "વદતો વ્યાઘાત"* કર્યો! વેદનો ગ્રંથ તે વેદ પોતે તો નહીં જને? આ વાત તો હું, તમે ને બીજા સાધારણ બુદ્ધિના સૌ માણસ સમજે એવી સરલ છે. શ્રુતિ શબ્દ પુસ્તકથી ઉલટી વાત બોધે છે. ગ્રંથ તો માત્ર ભુર્જપત્ર કે કાગળ ઉપર શાહી વગેરેથી લખેલી કે છાપેલી વેદની મૂર્તિ, ઉપરાંત બીજું લેશ માત્ર કાંઇ નથી! મૂર્તિપૂજનના ખંડનનો ઝુંડો ઉભો કરી તે માટે સતત ઉદ્યોગ ચાલુ રાખનાર સ્વામીએ પોતાના જ સ્વીકૃત સિદ્ધાંતનો શિરચ્છેદ કર્યો! હવે, માબાપ ગુરુ વગેરે પૂજ્ય વ્યક્તિઓમાં સાક્ષીરૂપે રહેલો આત્મા સર્વત્ર એક હોઇ પરમાત્મસ્વરૂપ છે એમ સ્વામી પોતે સ્વીકારે છે. વેદમાન્ય છે, તો પછી વ્યક્તિમાત્રમાં સામાન્યતઃ એકરૂપે રહેલું તત્ત્વ આત્મા બાજુએ મૂક્યા પછી શેષ રહ્યો તે પ્રત્યેક વ્યક્તિનો પંચભૂતાત્મક દેહ—જડ પદાર્થ. હવે જો આત્માની પૂજા ઇષ્ટ હોય—તે રૂપે ઇશ્વરની પૂજા સાધ્ય હોય તો તે તો વ્યક્તિમાત્રમાં સામાન્ય હોવાથી વ્યક્તિમાત્રની પૂજા ઘટે એમ છતાં માતપિતા, ગુરુ, શિષ્ટજન વગેરેમાં જ પૂજ્યબુદ્ધિ પ્રેરવીએ તો તેમના સ્થૂલ પંચભૂતાત્મક જડ દેહની પૂજા થઇ, ને તેનું જ નામ મૂર્તિપૂજા. આ વાત સ્વામીજી પણ સ્વીકારે એમાં સંદેહ નથી. આ બધું ઉપલકપણું જોતાં સ્વામીજી પણ ઇતર પ્રાકૃતજનો જેવા પ્રવાહપતિત છે, વિશેષ બીજું એમનામાં કાંઇ જ નથી. તમે જાણો છો કે વિશેક દિવસ પર સ્વામીજીના એક અગ્રેસર મનાતા શિષ્યને ત્યાં ઉત્સવપ્રસંગે સ્વામીની છબીની પૂજા થઇ, ને સમાજમાં પણ સ્વામીની છબી પ્રસંગોપાત્ત પૂજાય છે. આ

---

* **Contradiction in terms.**

બધો વ્યાઘાત સમાજીઓ ચલાવે એ તેમની બુદ્ધિને તથા માની લીધેલા જ્ઞાનને માનપ્રદ તો નથી જ ને?

કવિનું આટલું બોલવું પુરૂં થતાં પહેલાં જ પેલા સમાજી ગૃહસ્થના મુખવર્ણ પર ગ્લાનિની છાયા લેખક જોવાને પણ સ્પષ્ટ જણાઈ. કવિ તો હજી કંઈ આગળ બોલવા જતા હતા, ને મુખમુદ્રા બહુ જ શાંત તેજસ્વી જણાતી હતી. એ પ્રસંગની પ્રતિભા પણ બહુ ઉગ્ર બલવાન લાગતી હતી, એટલામાં તે ગૃહસ્થ જ બોલ્યા: "કવિરાજ! આજે તો મને નવો જ પ્રકાશ પડે છે. મોટાઓને શ્રદ્ધાપૂર્વક માન આપી તેમના મતવિચારનું અનુકરણ કરવું એ મારા જેવાનું આચારસૂત્ર છે, તેમાં આજે આપે નવો જ ક્રમ બતાવ્યો! મારી દૃષ્ટિ કાંઇક નવું જુએ છે, સમાજનું ને મારૂં શું થાય છે ને સંબંધ કેવો રહે છે, એ તો પછી; પણ અત્યારે જ હું વાલકેશ્વર જાઉં છું: ને સ્વામીજીને બધું કહીને સમાજના અંગી તરીકે આજથી નિવૃત્ત થાઉં છું, મને રજા છે?"

કવિ:—"હા, આનંદથી પધારો. આ વિષય પર શાસ્ત્રીય ચર્ચા હજી ઘણી ઉંડી છે, ને તેમાં મારે પણ ઘણું કહેવાનું છે. હાલમાં તો ટુંકામાં આટલું જ કે મૂર્તિપૂજા એ મનુષ્ય હૃદય સજીવન રાખનાર સત્ય સ્નેહનો પ્રધાન તંતુ છે; કોઈ પણ કાળમાં કોઈ પણ મનુષ્ય એના વગરનો થાય, તે પહેલાં તે હૃદય વગરનો થવો જોઇએ: પૃથ્વી પરના માનવ કુળની પ્રગતિ અટકવી જોઇએ. દુનિયાની કોઇ પણ પ્રજા અમુક સ્વરૂપે મૂર્તિપૂજાથી મુક્ત થઇ શકી નથી, છે નહીં, ને થવાની નથી; અને તેમ હોવામાં જ મનુષ્યમાત્રનું મનુષ્યત્વને ઇષ્ટાપત્તિ છે. જાઓ ભાઈ, વળી અવકાશે આવજો."

એ ભાઈ ગયા પછી લેખક દિગ્મૂઢ જેવી હાલતમાં આ બધું સાંભળતો એક ખુણામાં ત્યાં જ બેઠો હતો, તેના ભણી કવિએ જોયું. પાસે જ કવિનો પુત્ર જયશંકર નાની વયનો હોવાથી કાગળની હોડી વગેરે બનાવી રમતો હતો. કાંઇક અજબ તેજસ્વી નેત્ર લેખક તરફ જોઇને કવિએ પૂછ્યું: "કેમ બચ્ચા, શું છે? મ્હાવરો કેમ દેખાય? તું આ બધું સાંભળે છે ને તેમાં સમજે છે? ઓહો, બક્કો પણ અહીં જ છે? આવો આવો, મારી પાસે. દુનિયાનો આજથી વળી કાંઇ નવો જ રંગ દેખાવાનો આરંભ થાય છે. નરભેરામ, મારી નોટબુક લાવો તો?"

કવિની દરિદ્ર હાલત અને નાટક

આ વખતની કવિની આર્થિક સ્થિતિ ઘણા સંકોચવાળી હોવી જોઇએ. એમ લેખકને ઘરની આંતર વ્યવસ્થા પરથી વયના પ્રમાણમાં

કાંઇક લાગેલું, અને આજે તે વધારે સ્પષ્ટ સમજાય છે. છતાં બહારની વ્યવસ્થામાં નિરંતરનો ક્રમ ચાલુ જ હતો, ને ખર્ચ કોઈ પણ પ્રકારે ઘટયો નહતો. આ સમયે સાક્ષર રણછોડભાઇએ, 'પારસી નાટક મંડળી'ના તંત્રી તથા ઉપસ્થાપક મી૦ કેખુશરો કાબ્રાજી સાથે કાંઇક પ્રતિકુળતા થવાથી 'ગુજરાતી નાટક મંડળી' નામનું મંડળ મુંબઇની જુદી જુદી શાળાઓના શિક્ષકોનું ઉપજાવ્યું, ને 'લલીતા દુઃખદર્શક' નાટક ભજવી બતાવવાની તૈયારી થઇ ગયલી. લોકોએ એ મંડળને ઉત્સાહભર્યો આવકાર ને આશ્રય આપેલો, અને તે માટે મુંબઇની પ્રજા એવાં બીજાં મંડળોને પણ સારો આશ્રય આપે એવું સ્પષ્ટ સંભવિત દેખાયાથી કવિના એ ત્રણ અંગીભૂત સ્નેહીઓએ સુશિક્ષિત પુરૂષોનું એક નવું જ મંડળ ઉભું કરીને પોતાના હાથથી સારાં નાટકો રચી આપવા—આર્થિક ઉપાર્જનનું એક નાનું સરખું દ્વાર ઉઘાડવા ભલામણ કરી. આ વાતની મી૦ કાબ્રાજીને જાણ થતાં પ્રથમ પોતે જ એક ધાર્મિક—પૌરાણિક નાટક લેવા માંગણી કરી, કવિને આપવાની રકમ મધ્યસ્થોએ નક્કી કરી, ને 'શ્રી રામજાનકીદર્શન' નાટક* લખાયું, ને રંગભૂમિ પર ભજવાયું, (ઇ. સ. ૧૮૭૬) લોકોએ નવો જ રંગ જોયો ને તેને ઉત્સાહથી વધાવી લીધો. આ સાફલ્યથી ઉત્તેજિત થયલા રા. નગીનદાસ ઝીનારીવાલા અને એક બે બીજાઓએ મળીને 'આર્યનીતિદર્શક' નાટક મંડળી સ્થાપી, ને કવિએ તેમને માટે 'શ્રી દ્રૌપદીદર્શન' લખી આપ્યું. (ઇ. સ. ૧૮૭૮). એક ત્રીજું ઉત્સાહી મંડળ ઉભું થયું. તેમને માટે 'શ્રી બાળકૃષ્ણ વિજય' નાટક રચાયું. (ઇ. સ. ૧૮૮૩) આ બધાં મંડળોમાંનાં નાટકોને માટે અનુરૂપ પાત્રોની યોજના તથા શિક્ષણ વગેરેનું કામ રા. ગણેશ ખાપર્ડે, બી. એ. કરતા. સંસ્કૃત, અંગ્રેજી, મરાઠીની પેઠે જ ગુજરાતી ભાષા ઉપર એમનો સરખો જ પ્રભાવ અને કાબુ હોવાથી કામ બહુ જ અભીષ્ટ રીતે ચાલ્યું. નાટકશાળામાં પ્રેક્ષકો ઉંચા વર્ણના ખીચોખીચ ભરાઈ જતા, ટીકીટો મળતી નહીં, ને બીજાં નાટકો પર તથા રંગભૂમિના સાહિત્ય પર પણ તેની અસર થઈ. 'દ્રૌપદી દર્શન'ની સાથે જ પાછળથી 'સાર—શાકુન્તલ'ના પણ પ્રયોગો અવાંતરે ચાલુ થયા, (ઇ. સ. ૧૮૮૧) અને તેમાં બીજાં કલ્પિત નાટકો કરતાં લોકોને વધારે રસ પડવા લાગ્યો. 'સાર—શાકુન્તલ'ના પ્રયોગો જોવા અને તેમાં કવિએ કરેલા બેચાર ફેરફારોને પ્રત્યક્ષ કરવા ડો. ભાંડારકર તથા પ્રસિદ્ધ દક્ષિણી નાટકકાર કીર્લોસ્કર પણ આવેલા, અને જોઇને ઘણા પ્રસન્ન થયલા, એ બધી લેખકની પ્રત્યક્ષ બનેલી હકીકતો છે.

---

* આ નાટક ગુજરાતી પ્રેસની ઓફીસમાંથી મળે છે. કિં. રૂ. ૦ાા.

નાણાં ભીડ છતાં પરોપકાર વૃત્તિ

આમ છતાં આવક કરતાં દિન પર દિન ખર્ચ ઘણો વધતો ગયો. કવિ સિવાય ઘરનાં બીજાં બધાં, ઘડીમાં આનંદમાં, તો ઘડીમાં ચિંતાગ્રસ્ત રહેતાં, પણ ઘરની આંતર વ્યવસ્થામાં પ્રકૃતિથી જ કવિનું લક્ષ નહીં—કોઈ આવીને કહે નહીં ત્યાં સુધી બધો તંત્ર શી રીતે ચાલે છે તે તે જાણતા જ નહીં—આવી તેમની નૈસર્ગિક ધૈર્ય પ્રધાન પ્રકૃતિ તો માત્ર તેમનામાં જ હતી. આવા સમયમાં કોઈ કાઠિયાવાડ તરફનો બ્રાહ્મણ ઉમરે આશરે ૬૦ વર્ષનો કવિનું નામ ઠેકાણું પૂછતો એક દિવસ સવારમાં આઠ નવ વાગે આવ્યો. કવિના કોઈ કાઠિયાવાડના સ્નેહીએ કવિ ઉપર એક ભલામણ પત્ર લખી આપેલું તે હાથમાં આપીને બેઠો. વાંચ્યા પછી કવિએ તેની સાથે કાંઈ પણ પૂછપરછ નહીં કરતાં નરભેરામને બોલાવી કહી દીધું કે આમને એકસો રૂપીઆ આપો. ઘરમાં સીલક ૭ સાત રૂપીઆની જ હતી, અને દાણાવાળા—દુધવાળા, ઘીવાળા તથા ભાડાવાળા એ બધાંનું મળીને કુલ આશરે સાતસો રૂપીઆનું નવું દેવું થયલું તો ઉભું જ હતું, તે માત્ર નરભેરામ જ જાણે. નરભેરામે તે બ્રાહ્મણને પોતાની પાસે બોલાવીને 'બે ત્રણ દિવસ પછી આવજો,' એમ લેખકના દેખતાં કહ્યું ને બ્રાહ્મણ તો ગયો. હવે કવિએ ગૃહતંત્રના સંબંધમાં અમુક અમુક મર્યાદાઓ બાંધી હતી, તે એવી કે ભાડાવાળાનો હિસાબ અમુક રકમ થાય ત્યાં સુધી જ ચઢવા દેવો; દાણાવાળાની પણ અમુક મર્યાદા, ને તે પ્રમાણે સર્વેની. આ બધી મર્યાદાઓનું ઉલ્લંઘન થવાનો સમય આવી ચુકયો હતો. ઘરમાં એ ત્રણ દિવસ રોકડથી જરૂર જેટલા અનાજ ઘી વગેરે લાવવાથી, ને પાન સોપારીનો નિત્યનો ખર્ચ થવાથી ચોથે દિવસે માત્ર એક પાવલી સીલકમાં રહી. ડાહીગૌરી વગેરે કુટુંબ બધું સુરત હતું. ઘરમાં કવિ, નરભેરામ, લેખક ને તેના પિતા એટલા જ* હતા. નરભેરામ ઘરની બધી જ વ્યવસ્થા ઉપરાંત આવે પ્રસંગે રસોઈ પણ કરતાં. ચોથે દિવસે ઘરમાં અન્નનો દાણો નહીં—માત્ર થોડુંક ઘી, થોડી ખાંડ, અને ચહા ઉપરાંત કંઇ જ નહતું. લેખકને સ્કુલમાં જવાનો વખત થયો, એટલે એક સ્નેહીને ઘેર જમવા મોકલ્યો. જે જમીને ત્યાંથી સ્કુલ જવાનું હતું તેમ ગયો. પાછળથી જણાયું કે અગિયાર વાગ્યા પછી કવિ લખવાનું કામ છોડીને નિત્ય પ્રમાણે ન્હાવા ઉઠયા, ને અંદર જઇને જુએ છે તો રસોઇની શરૂઆત જ નહીં? "કેમ નરભેરામ, આજે શું છે?" આમ પૂછતાં જ ધીર ને નીડર પ્રકૃતિના

---

* આ વખતના મુંબઈના પ્રવાસમાં કવિએ લેખકના પિતાને કોઈ નોકરી કરવાની ના કહેલી, ને નાટકોને સારે અક્ષરે સુધારીને લખવા તથા બીજા લેખોને પણ વ્યવસ્થિત રૂપમાં લખીને ગોઠવી દેવાનું કામ તેમને સોંપેલું હતું.

તેમજ હિમાલય જેવા ગંભીર સ્વભાવના હોવા છતાં નરભેરામે આંખમાં પાણી ભરાયલે ચહેરે કવિને ખરી હકીકત કહી દીધી! તો કવિ બોલ્યાઃ "ઓહો, તેમાં આમ ગભરાવ છો શું? એ પણ એક રંગ છે, પણ રાજુ ક્યાં છે? તેણે શું ખાધું?" નરભેરામે કહ્યું: "તેને તો નાતમને ત્યાં જમવા મોકલ્યો હતો ત્યાં જમીને સ્કુલ ગયો હશે. અહીંથી દશ વાગ્યાનો ગયો છે." કવિએ કહ્યું: 'ચાલો ઠીક, એ પાવલીમાંથી જે કાંઈ થાય તે કરો.' લેખકની કલમ નિર્લજ્જ થઇને લખે છે કે એ ચાર આનામાંથી બે આનાના પઉવા, અને બે આનાનું બજારમાંનું દૂધ લાવીને એ ત્રણ તપસ્વીએ થોડાં ઘી ખાંડ ભેળી દૂધ પઉવાનું ભોજન* કીધું! સાંજે નિયમિત દૂધ દૂધવાળો આપી ગયલો, ને લેખક સ્કુલમાંથી આવ્યો ત્યારે નિત્ય પ્રમાણે બારેક જણનું મંડળ ભરાયલું, ને ચહાના પ્યાલાઓ આવ્યા હતા. લેખકે અંદર જઇને ચહા પીધી, પણ કાંઈક શંકા પડવા લાગેલી.

અણચિંતવી મદદ

એટલામાં દીવાનખાનામાં ટપાલવાળો કાગળો આપી ગયો હશે, તેમાંનો એક પત્ર ફોડતાં તેમાંથી રૂપીઆ પાંચસો પાંચસોની બે નોટ નીકળી—તેની સાથે એક નાની કાગળની કાપલી વીંટાળેલી, જેમાં નહીં ઓળખાય એવે અક્ષરે, 'From your best friend and admirer' આટલું લખ્યું હતું તે best friend પણ એ વખતે ત્યાં હાજર જ હતા, ને બેઠા બેઠા ચહા પીતા હતા, તે વાત બહુ પાછળથી જણાઇ. તુરત જ કવિએ ત્યાં નરભેરામને બોલાવ્યા, ને લેખક તથા નરભેરામ રસોડાના ઓરડામાંથી બહાર આવ્યા. બંને નોટો કવિએ નરભેરામનાં હાથમાં આપતાં કહ્યું કે, 'આમાંથી પ્રથમ પેલા બ્રાહ્મણના રૂપીઆ સો કાઢી લઇને પછી ભાડાવાળા વગેરેને બોલાવી સૌના ચુકવી આપો. પચાસ રૂપીઆ રામશંકરને† સુરત જવાની જરૂર છે માટે આપજો, ને પછી જે રહે તે તમે રાખો.' એ જ દિવસે રાતે વાળુ કરવા પહેલાં બ્રાહ્મણને આપવાના સો રૂપીઆ બાજુએ રાખતાં, ને સૌના હિસાબ ચુકવી દેતાં નરભેરામ પાસે છાસઠ રૂપીઆ ને થોડાક આના રહ્યા! લેખકના પિતાએ 'હાલ મ્હારે સુરત—રાંદેર જવું નથી, માટે રૂપીઆ તમારી પાસે જ રાખો.' એમ કહીને પચાસ રૂપીઆ નરભેરામને ખાનગીમાં પાછા આપતાં, એ બંને વચ્ચે

---

* જૂઓ નર્મકવિતામાં 'કવિજીવન' પૃષ્ઠ ૪૭ મું, તેમાં જણાવેલું ભરોસાદાર ઠેકાણું તે. લેખકે પોતે જ કવિના પુત્ર જયશંકરની સમક્ષ સદ્ગત નવલરામભાઇને આ હકીકત નિવેદન કરી હતી.

† લેખકના પિતાને.

થયલી વાતચીત ઉપરથી આખા દિવસનું ઇતિવૃત્ત લેખકે જાણ્યું હતું. આ બનાવની છાપથી જે અસર લેખકના તે વખતના પ્રાકૃત હૃદય પર રહી તે આ જન્મે તો નહીં જ, પણ અનેક જન્માંતરે પણ ઝાંખી થાય એમ નથી. અપ્રતિમ ઔદાર્ય, ધીટ ધૈર્ય મનુષ્ય ભાવનાની ઉચ્ચમાં ઉચ્ચ સ્થિતિને શિખરે પણ સંભવે કે નહીં, એ પ્રશ્ન નિરૂત્તર રહે છે. આવી અંતિમ સ્થિતિમાં પણ કવિએ કોઇ વાર નિઃશ્વાસ નાખ્યો હોય કે મુખ પર કોઈ પ્રકારની ગ્લાનિ કે ક્ષોભ બતાવ્યાં હોય, એમ લેખકને સાંભરતું નથી. આમ હોવા છતાં પણ કવિનો માસિક ખર્ચ મુંબઇમાં સો સવા સો રૂપીઆથી ઓછો થયો જ નથી, એ વાત લેખકના પ્રત્યક્ષ અનુભવની હોવાથી નવલરામભાઇના લખવાથી જુદા પડવાની અનિચ્છાએ પણ જરૂર પડે છે.

કવિના મિત્રો

લોકસેવા ને લોકકલ્યાણના સૂત્રને અક્ષરશઃ પાળનાર વીરપુરૂષ સ્વર્ગવાસી શેઠ લક્ષ્મીદાસ ખીમજી તથા ભાવનગરના સુપ્રસિદ્ધ શ્રીમાન્ નાગર ગૃહસ્થ દેશાઇજી હરિપ્રસાદ સંતોકરામ, એ ઉભયની પ્રીતિ કવિ ઉપર અસાધારણ હતી અને આ Best friend તે એ રસિક ઉદાર મહા પુરૂષ દેસાઇજી પોતે જ હતા, એ બહુ પાછળથી જણાયું હતું. લેખકને વખતો વખત 'નર્મ કવિતા'નાં અમુક કાવ્યો ગાઇ બતાવવા એ બંને ગૃહસ્થો બોલાવતા, અને ત્યાં તેમની પાસે જ્યારે જ્યારે લેખકને જવાનો પ્રસંગ આવતો, ત્યારે 'નર્મ કવિતા'નો ગ્રંથ પાસે જ પડેલો જેવામાં આવતો. મુંબઇને આવા જ પુરૂષોએ ધન્યતા આપી છે. અર્થવ્યાપારના પ્રવૃત્તિમય જીવનવાળા રાજનગરમાં પણ આવા રસજ્ઞ, રસિક, સહૃદય અને ગુણજ્ઞ પુરૂષો તે વખતે વસતા હતા! 'નર્મ કવિતા'વાળા શેઠ કરસનદાસનું નામ તો કોઇ કાળે ભુલાય એમ નથી જ, પણ તે ઉપરાંત એક મી૦ વીમાદલાલ* નામના પારસી ગૃહસ્થ કવિના કાવ્યના એવા જ દૃઢ ભક્ત હતા. આ મી૦ વીમાદલાલ, મી૦ નાનાભાઇ રાણીના, અને લેખક એ ત્રણ જણાને કવિને મોઢેથી 'રામાયણ—અદ્ભુત યુદ્ધ' નામનું વીર રસકાવ્ય સાંભળવાનો અસ્ખલિત મોહ રહેલો, અને લેખક ઘણીવાર શરમ મૂકી મંડળ ભરાયા પછી વખત જોઇને સૂચના પણ કરતો કે "કવિ, આજે યુદ્ધ વાંચશો?" અને તે પ્રમાણે કવિ પ્રસન્ન વદને અનુકૂળતા પ્રમાણે વાંચતા; તો બધું મંડળ તલ્લીન થઇ જતું. પાછળથી આ કાવ્ય 'નર્મ કવિતા'ની

* જૂઓ 'કવિજીવન' પાનું ૪૬, રૂા. ૫૦૦) આપનાર એ મી૦ વીમાદલાલ જ હતા.

ઇચ્છારામ દેસાઇવાળી નવી આવૃત્તિમાં છપાયું છે. રા. બાપડે જેટલા આ કાવ્યથી ખુશ થતા, તેટલા તો કોઇ ભાગ્યે જ ખુશ થતા લેખકે જોયલા.

કવિનાં નાટકો

"નાટક લખવામાં કવિનું કવિત્વ બરાબર સિદ્ધિને પામી શકતું નથી," આમ કેટલાંક કારણો આપીને રા. નવલરામ સ્વમતાનુસાર લખે છે. એ મત એમની પોતાની ઇયત્તા પ્રમાણે ભલે એમણે બાંધ્યો હોય; છતાં પ્રેમાનંદને એ જ વિષયમાં નવલરામભાઈ વખાણે છે, એ જોઇ એમના એ મત માટે લેખકને જૂદી જ કલ્પના થાય છે. પ્રેમાનંદના નામથી ઓળખાતાં નાટકો નવલરામભાઇએ જો વિચારપૂર્વક વાંચી જોયાં હોત, તો નાટક લખવામાં પ્રેમાનંદની કુશળતાનો ખરો ખ્યાલ આવતે. જે નાટકો આજે વાંચવા કે જોવાથી પ્રેમાનંદને માટે બંધાયલી માનબુદ્ધિ વધવાને બદલે અતિશય ઘટી જાય, એવો અનેક વિદ્વાન્ સાક્ષરોને અનુભવ થયો છે, તે નાટકોને નાટક કહેવાં, અને તેથી વધીને કવિએ લખેલા દ્રૌપદીદર્શન સાથે સરખાવવાં, એ સિંહશકરમાં સમાનતા જોવા જેવું છે, તો પછી નાટક લખવામાં એમનું કવિત્વ સિદ્ધિ પામતું નથી, એમ 'વીરમતી' લખીને નાટક લખવાનો અનુભવ કરનાર સાક્ષર વિવેચક લખે, એ કેવળ સખેદ આશ્ચર્ય ઉત્પન્ન કરનારૂં છે. સારશાકુંતલ, બાલકૃષ્ણવિજય વગેરેના પ્રયોગો નવલરામભાઇ લખે છે કે તેટલા જ નહીં, પણ તે કરતાં અનેકગણા વધારે વાર લેખકે જોયા છે. એમનું કૃષ્ણાકુમારી નાટક આગળના વખતમાં લખાઇને છપાઈ ચુકયું હતું. (ઇ. સ. ૧૮૭૦) મૃચ્છકટિક, રેણુકાવધ એ એનાં વસ્તુ ગોઠવાયાં હતાં, પણ નાટક લખવાનો આરંભ થયો જ નહતો. નાટકોનું અર્થોપાર્જન પણ એમના જણાવ્યા કરતાં વિશેષ થયલું.

ગોપાલદાસ બાવાની બંસી

કવિના આવા આર્થિક સંકોચવાળા સમયમાં 'દુષ્કાળમાં અધિક માસ' એ લોકવાકયાનુસાર એક બીજો બનાવ બન્યો. ભરૂચમાં નર્મદા કિનારે બંસીધર ગોપાલદાસ નામના બાવા સાધુ રહેતા હતા. એમને તે વખતના ભરૂચનિવાસી રસિક શ્રીમંતો સારી પેઠે પિછાનતા હતા. કવિના એક મિત્ર નામે મી૦ જમિયતરામ વકીલ, જ્ઞાતિએ બ્રહ્મક્ષત્રિય તથા તેમના જ એક મિત્ર દોલતરામ વખતો વખત મુંબઇ કવિને ત્યાં આવતા, ત્યારે બાવા ગોપાલદાસના બંસી બજાવવાના અલૌકિક નૈપુણ્યની પ્રશંસા કરતા. કવિની પાસે આવા કલાધરો અનેક આવતા. તે પ્રમાણે કવિએ પણ કહેલું કે બાવા કોઇ વખત મુંબઇ જરૂર પધારે એમ વિનંતિ કરશો. આજ સંધિ પર

બાવા ગોપાલદાસ મુંબઇ આવ્યા અને વાલકેશ્વરમાં શેઠ જીવરાજ બાલુવાળા દરિયામહેલમાં તેમને ઉતારો આપવામાં આવ્યો હતો. ત્યાંથી અનેક શેઠીયાઓએ તેમની મુરલી સાંભળવાના પ્રસંગ લીધા હતા. બાવાજી પોતે બહુ જોવા લાયક મૂર્તિ હતા. શરીરે પાતળા અને ઊંચા ગૌરવર્ણના, વય આશરે સાઠ વરસનું, એક ભગવો રેશમી જભ્ભો છેક ઘુંટી સુધી પહોંચે એવો પહેરતા. એક ભગવી રેશમી કોરની ધોતીનો કચ્છ મારતા, પણ તે સાથે ઘુંટણની ઊંચે ઘણે સુધી પહોંચે એવાં, ભગવાં પણ રેશમી મોજા પહેરતા ને તે ઉપર વાર્નીશના શુઝ ઊંચી જાતનાં પહેરતા. કપાળે શ્રીગોપાલચંદ્રનું ૐકારવાળું તિલક કેસરનું બનાવતા. સ્વરૂપે ભવ્ય, વેશાલંકાર સફાઇ ને સાદાઇ સાથે શોખીન વૃત્તિનો, અને સ્વભાવે ઘણા જ આનંદી પણ તદ્દન નિસ્પૃહ—એવા બાવા ગોપાલદાસને જોતાં જ માન તથા પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થતાં. સાથે એક ચાંદીની ખોલી એક હાથ લાંબી, ને તેને ઉઘાડતાં તેમાંથી એક અદ્ભુત સૌંદર્યની—અબનુસની બનાવટી—ચાંદીની ચાંપવાળી પોતાને હાથે બનાવેલી એક હાથની લંબાઇની સુંદર મુરલી નિકળતી. આ મુરલી તેઓ પોતાની સાથે જ રાખતા, બહુ અધીરાઇથી તેને સંભાળતા અને કોઇ ખરો તેજસ્વી પુરૂષ પણ જોવા માંગે, તો પણ આનાકાનીથી ખંચાતા મને તેના હાથમાં આપતા. એક દિવસ સવારના કવિના મુકામ પર તેઓ અચિંત્યા આવી પહોંચ્યા. કવિ બેઠા બેઠા લખતા હતા. લેખક તથા કવિનો બાળક પુત્ર જયશંકર એક ખુણામાં રમત કરતા હતા. એવામાં કવિની પાસે આવીને તેમણે સાષ્ટાંગપાત કર્યો. કવિ એકાએક ઉભા થઇ ભેટયા, ને પ્રણામ કરીને પાસે બેસાડયા. વગર પૂછે જાણ્યું કે આજ બાવા ગોપાલદાસ! બાવાએ મી० જમીયતરામના નામથી પોતાની ઓળખાણ આપી, અને "દર્શનાર્થ આવ્યા હું" એમ કરીને પાસે બેઠા. થોડી જ વારમાં બંસી કહાડીને બતાવતાં કહેવા લાગ્યા કે, "કવિરાજ! મુંબઇની જે ભાવના દૂર રહ્યાથી મને થઇ હતી, તે પાંચ દિવસ મુંબઇમાં રહેવાથી નષ્ટ થઇ ગઇ અને નિર્વેદ થયો છે. પશ્ચાત્તાપ થાય છે કે 'અરે બિચારી મુંબઇ, તારા શ્રીમંતો આવા અરસિક પશુતુલ્ય છે! હું અહીં શા માટે આવ્યો?' પણ આપના દર્શનથી આજે કૃતાર્થ થયો, અને મુંબઇની યાત્રા સફળ થઇ માનું છું." કવિના આગ્રહથી વિશેષમાં કહ્યું કે "મારા મુકામની પાસે એક અહીંના મોટા શ્રીમંત ગૃહસ્થ રહે છે, તેમણે કાલે મને બહુ આગ્રહથી બોલાવ્યો હતો. મને તેડવાને માણસો આવ્યાં ને હું ગયો તો તેમના જેવા બીજા તેમના શ્રીમંત મિત્રો દશ બાર હાજર હતા. મુરલી બજાવવા આજ્ઞા થઈ, મેં બધાં દ્વાર નિયમિત રીતે બંધ કરાવીને મુરલી શરૂ કરી, બધા ગોવત્સની પેઠે તલ્લીન થયા, વિશ મિનિટ આવો

અવિચ્છિન્ન આનંદ પ્રવર્ત્યા પછી શેઠ પોતે કહેવા લાગ્યાઃ 'બાવાજી બિહાગ કે ભૈરવી બજાવો!' આવાં નિષ્ઠુર વચન નીકળતાંની સાથે જ મારાથી તિરસ્કારના શબ્દો બોલાઇ ગયા. હું એકદમ ત્યાંથી ઉઠીને ચાલ્યો તો મારી પાસે ૨૫૦) અઢીસો રૂપીઆની કોથળી ઠાલવીને કહેવા લાગ્યા કે, 'બાવાજી! ક્ષમા કરો. મારી ચુક થઇ ગઇ, આ અઢીસો રૂપીઆ તમારા લો.' મને તો તેનું ઘર—તેનું મોઢું, ને તેના રૂપીઆ સૌ આકરા ઝેર જેવા લાગવાથી કશું નહીં બોલતાં, ને કાંઇ જ ન લેતાં ઘેર ચાલ્યો આવ્યો, ને પ્રતિજ્ઞા કરી કે મુંબઇના શેઠીઆઓને ઘેર દશ હજાર રૂપીઆ આપે તો પણ મારી બંસી લઇને જવું નહીં. આ લોકો એવા તો લક્ષ્મીભક્ત મૂર્ખા છે, કે એમની ગંધ પણ મને અસહ્ય થઇ પડી છે. આપ કાલે મિત્રો તથા બાળકોને લઇ બંગલે પધારો. બંસી સાંભળો, ને હું રાતની ગાડીમાં મુંબઇનો સદાને માટે ત્યાગ કરી ચાલ્યો જાઉં!" લેખક આ બધું સાંભળતો હતો. તેણે બાલિશ ભાવથી કવિના પુત્ર જયશંકરને છાનામાના કહ્યું કે, 'આ બાવો મુરલીમાં આવો કુશળ છે, ને સુરતમાં ઉત્તમ જગમગ ગાવામાં પ્રથમ પંકિતની છે. બંને વૃદ્ધ છે, તેથી પરસ્પરનાં લગ્ન થાય તો જોડું કેવું સરસ બને?' જયશંકર એકદમ મોટેથી હસી પડ્યો, ને કવિ, બાવાજી વગેરે સૌનું ધ્યાન અમારી તરફ દોરાયું, ને બાવાએ પૂછ્યું 'લડકા કયા હસતા હય? બચ્ચા, કહે.' કવિએ પણ કહ્યું કે, 'કહો બચ્ચા, શું હસ્યો?' લેખકે ખરી હકીકત કહી દીધી. જે સાંભળતાં જ બાવાનો પિત્તો ઉછળી લાલ નેત્ર થઈ ગયાં. કવિને કહે, 'કવિરાજ! બાળકો બંને બહુ ઉન્મત્ત છે; ઇનકો કાલ મત લાવના.' અમે બંને તો ગુન્હેગાર હોવાથી રોઇ પડયા. તુરત જ બાવાજીએ ઉઠી અમને બંનેને ખોળામાં બેસાડી બંસી હાથમાં આપી કહ્યું, "બચ્ચા રોના મત. બડા આદમીઓ બાત કરે ઉસમે તમારે બોલવાના નથી, એટલું યાદ રાખજો; ને કાલે કવિરાજ સાથે મારે મુકામે આવજો. હું તમને ક્ષમા કરું છું."

આ પ્રમાણે બાવા ગોપાલદાસના મનનું પાછું સમાધાન થયલું જોઇને અમે બંને શાંત થયા, ને આતુરતાથી આવતી કાલની રાહ જોતા રહ્યા. બીજે દિવસે સવારમાં નહાઇ ધોઇ ચહાપાણી પીને બધા દરિયામહેલ તરફ ઉપડી ગયા. બાવાજીએ અમારે માટે ફલાદિક તથા ઉત્તમ મીઠાઇ વગેરે તૈયાર રાખ્યાં હતાં તેનો નાસ્તો કરી એક બાજુના ઓરડામાં બધા ગયા. ત્યાં જઇ બાવાજીએ બતાવેલ સ્થાને સૌ બેઠા. પછી બાવાએ સૌની વચમાં આસન લીધું, અને પોતાની રેશમી કાપડની સુંદર ખોલીમાંથી ચાંદી સુનાના જડિત કામવાળી બંસી કહાડી, અમને બાળકોને શાંત સ્વસ્થ થઇને સાંભળવા ચેતવણી આપીને કવિરાજ તથા રા. ખાપર્ડે, લેખકના

પિતા વગેરે વડીલો આગળ બંસી શી રીતે બનાવી, અને તેના સ્વર શી રીતે રચ્યા છે ઇત્યાદિ વ્યાખ્યાન કર્યું. તેમાં અમને કાંઇ ઝાઝો રસ પડયો નહીં. પછી ચાર પાંચ પદો, અને બે ત્રણ દયારામભાઇની રસમય રાગણીવાળી ગરબીઓ બજાવી. જેમાંના અક્ષર પણ અમારા જેવા અનભિજ્ઞ બાળકોને સમજાય; અને અભિનયયુકત બજાવવાથી આનંદની સીમા રહી નહીં. પછી બાવાજીએ હુકમ કર્યો કે ઓરડાનાં બધાં દ્વારો તથા બારીઓ બંધ કરી દો. એ બંધ થયા પછી કહેવા લાગ્યા કે, 'હવે ભગવાન કૃષ્ણચંદ્રજીએ જે મોહિનીમંત્ર બજાવી વ્રજયુવતી તથા ગોપબાલકોને તથા ગોવત્સનાં વૃંદોને મોહિત કર્યાં હતાં તે મંત્રનાદ સાંભળવા તૈયાર થાઓ ને ઉંઘ આવવા જેવું લાગે તો ગભરાવું નહીં.' અને પછી એ અલૌકિક સ્વરસાહિત્યની ઉચ્ચ સામગ્રીવાળો નાદ શરૂ થયો, તેની અસર હજુ પણ સ્મરણ થતાં તાજી જ હોય એમ લાગે છે. અમે બંને તથા રા. ખાપર્ડે તો દશેક મિનિટમાં મૂર્છિત થયા. કવિરાજ ને લેખકના પિતા તથા એક બીજા સ્નેહી પા કલાક સુધી ટકી રહ્યા હતા, એમ તેમના કહેવાથી અમે પછી જાણ્યું. કવિરાજ પ્રથમ જાગૃત થયા, ને જોયું તો બાવાજી મુરલીને તેની ખોલીમાં ઘાલી હસતે મુખારવિંદે અમો સૌ તરફ જોઇ રહ્યા હતા; પણ ઓરડામાં તે મંત્રનાદ તથા તેનો ધ્વનિ સતત ચાલી રહ્યો હતો, જે અમોએ પણ થોડી વારમાં પાછા સાવધ થઇ સાંભળ્યો, અને અમારી મોહનિદ્રા લગભગ સત્તર મિનિટ રહી હતી, એમ કવિએ ઘડિયાલ તપાસીને કહ્યું. આ અદ્દભુત સામર્થ્ય પૂર્વે દીઠેલું સાંભળેલું નહીં હોવાથી અમો સૌ જ ચકિત થયા હતા, પણ લેખકના મનમાં શ્રીકૃષ્ણ, તેની બંસી, ને તેની અદ્દભુત મોહક શકિત એનો ભાવ એવો સુદૃઢ શ્રદ્ધાથી સ્થિર થયો કે આ જમાનાના અનેક વાવાઝોડારૂપ સુધારાવાળાઓના ઉદ્ધત વિચારોના નાસ્તિક પ્રહારોમાં પણ તે ભાવ તેવી જ શ્રદ્ધા તથા આસ્તિક્યથી સવિશેષ દૃઢ થતો ગયો, ને જાય છે. સંસારમાં આવા પ્રસંગો કેટલું કાર્ય કરે છે તેનો વિચાર કરતાં બુદ્ધિ બહાવરી ને ભૂલી પડે એમાં આશ્ચર્ય નથી એમ સ્પષ્ટ સમજાય છે, પણ તેની જ સાથે ખેદ થાય છે કે, આવા પ્રસંગોની આ જમાનામાં કેટલી બધી અને કેટલા બધાને જરૂર છે! પણ વળી કેટલા થોડાને જ તે ભાગ્યવશાત્ મળે છે.

ફરી ફરી જાણે એ જ બંસીનો મંત્રનાદ સાંભળીએ: કોઇ વાતે મનને તૃપ્તિ થાય નહીં, પણ કોણ કહી શકે બાવા ગોપાલદાસને, કે ફરીથી બજાવો? ધીમે ધીમે નાદનો સ્વર શાંત થઇને છેક અસ્ત થયો, ને અમે બધા જાણે લાંબી મોહનિદ્રામાંથી ઊઠયા હોઇએ તેમ શિથિલ મન ને તંદ્રિત શરીરથી તે ઓરડામાંથી ઊઠી બહાર આવ્યા. કારી, ફ્રુટ વગેરે તૈયાર

હતાં, તે ફરીથી બાવાજીના આગ્રહથી લીધાં. કવિએ એક સુંદર રત્નમુદ્રિકા પોતાના હાથમાંથી કાઢીને બાવાજીને ભેટી સ્નેહથી અર્પણ કરી. કોઇ વખત કવિના અંગ ઉપર આભૂષણ રહેતું જ નહીં, પણ આ મુદ્રિકા જાણી જોઇને તે દિવસે પહેરી લીધી હતી. તે અમે પણ ત્યારે જ જાણ્યું, ને સૌ વિદાય થઇ સાડાબાર વાગે ઘેર આવ્યા.

કવિનો પાનનો શોખ

સૌ મોડા જમ્યા, એટલે બીજું કાંઇ કામ કરવાનું કોઇને રૂચ્યું નહીં ને બધા કવિની પાસે જ પાન સોપારી ખાવા બેઠા. લેખકનો એક બાલિશતાભર્યો નિયમ હતો કે કવિની પાસે બેસીને જ્યારે કોઇ નીરાંતને વખતે પોતે પાન ખાતો ત્યારે કવિને માટે પણ એક પાન સાથે સાથે જ બનાવતો અને તેમને અનુકૂળ પડે એવા પ્રમાણમાં સોપારી તંબાકુ પણ પોતાને હાથે જ આપતો. આજે આ ક્ષુલ્લક નિયમને મોટું પ્રાધાન્ય મળવાનો પ્રસંગ આવવાનો હતો, એમ કોઇએ ધારેલું નહીં. લેખકે તો નિયમ પ્રમાણે બે પાન બનાવ્યાં, ને કવિને પાન ધરતાં તેમણે લેખકના તીર્થરૂપ તરફ જોઇને કહ્યુંઃ "રામશંકર! રાજુ તમને કોઇ વાર પાન બનાવી આપે છે કે? એને પાન બનાવવાની કળા તો અચ્છી આવડે છે! મારે સારૂ પાન બનાવવાનો નિયમ તમે શિખવ્યો છે?" લેખકના પિતાએ તો માત્ર સ્મિત જ કર્યું, પણ લેખકે જરા ધીરતાથી કહ્યુંઃ "કવિ! તમે જાણો છો કે, બાપુ પાન સોપારી ખાતા જ નથી, પણ તમારી સાથે બીડી પીએ છે ખરા. પીવાની બીડી તો વાળતાં મને આવડતી નથી, એટલે તમારે સારૂ ફકત પાન બનાવવાનું મેં મારી મેળે જ આદર્યું છે." આ સાંભળતાં જ કવિ બોલ્યાઃ "જોયું રામશંકર! આપણે આ છોકરાને બીડી પીવાની વાત જણાવી પણ દીધી! બચ્ચા! અમારૂં જોઇને તું કદાપિ બીડી પીવાની હોંસ કરતો નહીં, જરૂર લાગે તો મોટો થાય ત્યારે તંબાકુ ખાજે. આ બીડી પીવામાંથી જ તારા બાપુ સાથે મારી દોસ્તી થઇ. તારો જન્મ પણ નહીં થયલો તેવામાં મારી વીશેક વર્ષની ઉમરે હું રાંદેરની સ્કુલમાં મહેતાજી થઇને આવ્યો હતો. ત્યાં પ્રથમ આ તારા મામા નરભેરામ સાથે મારે ઓળખાણ થઇ, એમના ગામ ટકારમામાં એક જગદંબાભક્ત ભક્તકવિ મહાપુરૂષ નભુલાલ* નામના સાઠોદરા નાગર રહેતા હતા. તેમની

---

* નડિયાદ તરફના રહીશ હતા, ને એમનું કાવ્ય 'નભુવાણી' નામથી "ગુજરાતી પ્રેસ"માં છપાયું છે. મારા સ્વર્ગસ્થ મિત્ર સાક્ષર મણિલાલ નભુભાઇ, એકવાર મારી સાથે એમના રહેવાનું ગામ, ઘર વગેરે જોવા ટકારમે જવા રાંદેર આવ્યા હતા, ને ત્યાંથી અમો બંને ત્યાં બે દિવસ જઈ એમની બાબતમાં કેટલીક તપાસ કરી હતી. જુઓ 'કવિજીવન' પાનું ૨૦ મું.

સાથે ઓળખાણુ કરાવવા, મારી ખાસ ઇચ્છાથી, મને છએક માસમાં ટકારમે લઇ ગયા હતા. અમે ટકારમે ગયા તો તારા બાપુ દીહેણુથી નભુલાલભાઇને મળવાને બે ચાર દિવસથી ત્યાં આવેલા જ હતા. અમો બધા સાથે ચારેક દિવસ રહ્યા તે વખતે તારા આ બાપુની બીડી વાળવાની સફાઇદાર નાજુકાઇ, ઊંચો સ્વાદિષ્ઠ તંબાકુ, પાતરાં પણુ કાતરીને સરખાં કરી રાખી મૂકવાની ચોકસાઇ, આ બધું જોઇ, મને એની પાસે બીડી વળાવીને પીવાનું મન થયું. નરભેરામ, નભુલાલ, તારા બાપુ બધાને જ બીડી પીતા જોઈ હું પણુ બીડી પીતાં શીખ્યો. કેમ, રામશંકર ! ખરી વાત કે ? પછી ત્યાં જ નરભેરામ તથા તારા બાપુ વચ્ચેનો નિટક સંબંધ ને મૈત્રિની વાત જાણી, ને ત્યારથી જ વિશેષ પિછાન થઇ. આ અમારી મૈત્રિની શરૂઆત. રામશંકર ! તમારા કરતાં પાન ખવડાવવાની પદ્ધતિ પસંદ કરીને રાજુએ જરા ઊંચી રીતની મૈત્રિની શરૂઆત કરી છે તે જોયું કે ? વળી એને કપાળે જુઓ એમાં પણુ તમારા કરતાં એક પદવી રાજુ ઊંચો છે. તમે રામના પ્રેમી ભક્ત હોવાથી ઉભો ટીલો કર્યો છે, એણે સાદું આડું ત્રિપુંડ્ર કર્યું છે. રાજુ ! કહે વારૂ તને આમ ટીલું કરવાને કોણે બોધ કીધો ?" લેખકે જવાબ આપ્યોઃ "મને રામ, કૃષ્ણ, શિવ વગેરે દેવોની ઓળખાણુ મુંબઇ આવ્યા પછી આ ઘરમાં થઇ, પછી મેં 'કથાકોષ' વાંચ્યો; અહીંની વિવિધ ચર્ચાઓથી, અને જે જે સારાં સારાં પુસ્તકો આપણા ઘરમાંથી હાથમાં આવે તે વાંચવાથી મને મહાદેવ બહુ ગમવા લાગ્યા. વળી એક દિવસ તમે જ ખાપર્ડેને કહેતા હતા તે મેં સાંભળેલું કે 'આર્ય પ્રજાનો ઉદ્ધારક અને સમસ્ત દૈવી ભાવનામાં મનુષ્યવૃત્તિના સંકલ્પોને ઉચ્ચ આશય પર ક્રમે ક્રમે દોરનાર તો એક મહાદેવ—સદાશિવ જ છે;' પછી શંકરાચાર્યનું ચરિત તથા તેના દિગ્વિજયની ચર્ચાઓ થઇ, એ બધા ઉપરથી મને શિવ ઉપર જ રુચિ થઇ, ને તેથી હું કોઇના પણુ બોધ વગર આમ ટીલું કરતો થયો છું, એમાં યોગ્યાયોગ્યતાનો સંકલ્પ જ નથી, માત્ર એવી પસંદગી અજાણુતાં થઈ છે."

આ સાંભળીને કવિ બોલ્યાઃ "છોકરા ! સમજ્યા જાણ્યા વગર પણુ તું બહુ ભેદભરેલી વાત આજે બોલે છે. આર્યલોકોની બહુ દેવભક્તિ તરફ અજ્ઞાન લોકો વારંવાર કટાક્ષ કરે છે, પણુ સર્વ શક્તિમાન્ પ્રભુની જૂદી જૂદી શક્તિઓને વિવિધ દેવભાવે કલ્પીને તથા માની મનાવીને પૂર્વેના આર્યોએ પોતાના જ્ઞાનભંડારની નિઃસીમતા દર્શાવી છે. મનુષ્ય જાતિના દરેક વૃંદમાં ભિન્ન ભિન્ન વ્યક્તિ પણુ ભિન્ન ભિન્ન પ્રકૃતિની હોય છે, ને તે વ્યક્તિ પોતાની હૃદયગત વૃત્તિને અનુકૂળ ગમતી—બંધબેસતી પ્રકૃતિવાળી કોઇ દૈવી શક્તિ—પ્રભુતા—દેવને પોતાનો ઇષ્ટ ગણીને માને તો તેને તે પ્રેમ-

પુરઃસર સચોટ વળગી રહે, ને તેના જ દ્વારા પ્રભુનો પ્રેમીભક્ત થઇ સન્માર્ગી સદાચારી થાય. આવા ગૂઢ બંધારણમાં કેવું ને કેટલું મહત્ત્વ છે તે બીજા ઘણાએ સમજતા નથી, પણ કોઇક દિવસ તે તું પણ સમજીશ. રામશંકર! તમારા કહેવાથી નભુલાલે જો મને પોતાની સ્નેહમૂર્ચ્છામય ગરબીઓ ગાઇ સંભળાવી નહોત અને રાંદેરમાં ભાટ કવિ માનસિંગજી સાથે મારે પ્રસંગ પડયો ન હોત તો 'કવિ' થવાનો મારો કોડ કદાપિ સફળ થાત નહીં! રે, તેનો જન્મ જ થાત નહીં. માનસિંગે બીજ રોપ્યું, ને રાંદેરની નોકરી છોડયા પછી સુરતમાં જદુરામે તેને બનતું જળસિંચન કર્યું, તો હું પણ મારા બાળકોડને કાંઇક લાડ લડાવી શકયો."

કવિના સહવાસની અસર

ઇ. સ. ૧૮૭૯ માં લેખકે પંડિત શ્રીગટ્ટૂલાલની 'વિદ્યાલક્ષ્મી' સંસ્કૃત પાઠશાળામાં વ્યાકરણ કાવ્ય વગેરે શીખવા જવાનો કવિની આજ્ઞાથી આરંભ કર્યો. પ્રથમ કવિની છાયાનો સંસ્કાર, પછી આર્યસમાજ, થિયોસોફીકલ સોસાયટી વગેરે મંડળોના સંસ્કાર, અને પંડિત ગટૂલાલજી જેવાના સંસર્ગનો સંસ્કાર, એવા ભિન્ન ભિન્ન રંગાનુરંગી વિવિધ સંસ્કારો પંદર વર્ષની વયના બાલકના વિકાસ પામતા મનહૃદય પર પડવા લાગ્યા, અને એ બધા પ્રસંગોમાં જે કાંઇ ન સમજાય કે, શંકાસ્થાનો ઉદ્ભવે, તેમાં કવિનું જ સમાધાન શ્રદ્ધાપૂર્વક માની લેવું એવી પ્રતીતિ થયલી, જેથી વારંવાર કવિ પાસે બેસી પ્રશ્નોત્તર કરવાના પ્રસંગો આવતા. આ સમયમાં જ કવિએ શ્રીમદ્ ભગવદ્ગીતાના ભાષાંતરનો આરંભ કરેલો, તથા બીજી તરફ ગટૂલાલજીએ ગીતા પર વ્યાખ્યાનો માધવબાગમાં શરૂ કરેલાં. એક વાર યોગક્ષેમની વાત બરાબર નહીં સમજાતાં લેખકે કવિ પાસે તે વાત મૂકી ને કવિએ તુરત જ કહ્યું કે: 'અપ્રાપ્તપ્રાપણયોગઃ ક્ષેમઃ પ્રાપ્તસ્ય રક્ષણમ્' આમ વ્યાખ્યારોપણ કરી વિસ્તારથી એ ગીતા પ્રકરણ સમજાવ્યું હતું. આર્યસમાજ તથા બીજાં મંડળોમાં કવિએ આપેલાં અનેક વ્યાખ્યાનોમાં ઊઠતી શંકાના સમાધાનના પ્રશ્નોત્તર થયલાં, તે પ્રકરણ ધર્મજિજ્ઞાસાને નામે 'ધર્મવિચાર'માં પ્રકટ થયું છે. અહીંઆ આ લેખક ધૃષ્ટતાભર્યો અવિનય અને સૌનું ખાસ લક્ષ દોરવાનું સાહસ કરે છે કે હાલના જમાનામાં ઉછરતા દરેક આર્યયુવકને માટે 'ધર્મવિચાર' શ્રદ્ધાપૂર્વક વાંચીને મનન કરવા જેવો એક જ ગુજરાતી ગ્રંથ છે. જેમાંથી તેમને ઘણું ઘણું શીખવાનું તથા પોતાના જીવનપ્રવાહને શ્રેયસમાર્ગે વાળવાને અનેક સાધનભૂત સિદ્ધ વસ્તુઓ મળી શકે એમ છે. પાશ્ચાત્ય તંત્રની અનેક મોહક પ્રવૃત્તિઓ જ્યારે વિમાર્ગે દોરાવા લાગી છે, વ્યક્તિની ને સમૂહની અધઃ પ્રવૃત્તિઓ,

આ પદ્ધતિઓ અને સામગ્રીઓથી નગરોમાં અને ગામોમાં પોતાની સાથે સાથે કાળબળે થતી જાય છે, ને ઉત્તરોત્તર વધતી જાય છે, ત્યારે 'ધર્મ વિચાર' ગ્રથનું વાંચન મનન આત્મરક્ષણને માટે એક ઢાલ જેવું સહાયક સંરક્ષક શસ્ત્ર છે, એ વાત ગમે તેટલો ભાર દઇને કહેવાય તોયે તે ઓછું છે.

નોકરી માટે ગોઠવણ

કવિની આર્થિક સ્થિતિ આજ સમયમાં બહુ ગંભીર ને ભયંકર પરિણામ પર આવેલી જોઇને અથવા જાણીને સન ૧૮૮૨ ના આરંભમાં એમના અંતરસ્થ મિત્રો ગોકળદાસ કહાનદાસ, ભીમભાઈ કીરપારામ તથા ભાઇશંકર નાનાભાઇએ એમને માટે સ્વર્ગવાસી દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળના ધર્મખાતાને વ્યવસ્થિત કરવાને કવિની નિમણુંક કરવાને શેઠ લક્ષ્મીદાસ ખીમજી જેવા પુરૂષસિંહને સૂચના કરી; અને જાણ્યા પ્રમાણે આ પ્રવૃત્તિ છેવટ સુધી કવિની જાણ બહાર જ રાખી. બધું નક્કી થઇને કવિ ઉપર પત્ર આવ્યો કે, તમને ધર્મખાતાના સેક્રેટરી નીમ્યા છે, ત્યારે જ કવિએ જાણ્યું. તે વખતે ત્યાં ગણેશ ખાપર્ડે, ભીમભાઇ તથા ગોકળદાસ કવિની પાસે જ બેઠા હોય એવી આગળથી ગોઠવણ રાખી હતી. પત્ર આવ્યો, ને કવિએ તે ફોડયો, વાંચતાં વાંચતાં આંખો આંસુથી ભીની થઇ. જેઓ બધા જાણતા હતા તેઓ તો કવિના મન પર શી અસર થાય છે તે જોઇ જ રહ્યા હતા. એટલામાં કવિએ કાંઇ પણ બોલ્યા વગર તે પત્ર ભીમભાઇ ઉપર નાંખ્યો.

કવિની દિલગીરી

કોણે શું બોલવું તે ઘણીવાર સુધી કોઇને સુઝયું નહીં; આખર હિમાલયના ગંભીર પ્રદેશના કોઇ વિવરમાંથી ધીરો સિંહરવ નિકળતો હોય તેવો ઉંડો નિઃશ્વાસ નાંખી કવિ બોલ્યાઃ "ભીમભાઇ ! એટલે સુધી વાત આવી ગઇ ! **કવિરાજ** શબ્દને કંલક લાગ્યું. હું નહોતો કહેતો કે, તમે બધા કવિ જેવું સાદું સરલ નામ મૂકીને **કવિરાજ** કહેવાનો શા માટે આગ્રહ ધરો છો ? જુઓ આજે હું **કવિદાસ** થયો છું, ને તમે બધા તે જાણતા જ હશો. તમારા જ સૌના પ્રયાસનું આ ફળ છે એમ મારો અંતરાત્મા સાક્ષી પુરે છે, પણ તમે જે જાણતા હશો તે હવે દુનિયા જાણશે. સૌની એમ દૃઢ ઇચ્છા છે તો તથાસ્તુ. મારા અંતરનું મથન એકલો હું જ જાણું છું ! 'અરે, અંત લગી રાખજે તું લાજ રે, ગભરાઉં છું હું ટેકમાં હરિ !' એ હૃદયરૂદન પણ અરણ્યરૂદન નીવડયું ! 'કાઠી સદાવ્રતની આ મારી રે, ભુખ્યા ભક્તિનાં ! તું રાખજે ભરી !' એ

ગાનારને જ સદાવ્રતનું અન્ન ખાવાનો સમય ! પરમાત્મા ! ખરે તારી ગતિ અચળ ને અચિંત્ય જ છે ! વાહ ભાઇઓ ! કાલક્રીડાની એ પણ બલિહારી છે. ૨૪ વર્ષ લગી તંગ ખેંચી રાખેલી લગામ આજે હું હાથમાંથી મૂકી દઉં છું. તમે સૌ જે વાતે પ્રસન્ન, તેમાં જ મારી પણ અનુકૂળતા ! પણ હવે આ મારા દુઃખી જીવનનો અંત પણ પાસે છે એમ નક્કી માનજો. મારું હૃદય આ આઘાત ઝાઝો વખત સહન કરે એમ નથી !" આટલું સાંભળતાં સાંભળતાં લેખકથી મોટેથી રડી પડાયું, અને બેઠેલા સૌની આંખમાંથી પણ પાણીના ઓઘ ઉભરાવા માંડયા. માંહેથી ડાહીગૌરી દોડી આવ્યાં, તે લેખકને માંહે લઇ ગયાં ને પૂછવા લાગ્યાં, "ભાઈ રાજુ ! શા માટે આમ રૂએ છે ? તને શું થાય છે ?" નરભેરામે આવીને ગદગદિત કંઠસ્વરે બધી વાત સમજાવી તો એ સિંહનારી છંછેડાઇને ગર્જના કરી બોલીઃ "તમે બધા આ શું કરવા બેઠા છો ? મારા ઘરની દીનતા કોણે જાણી ને કોણે માની લીધી ? મારો **રાજા** કોઇનો **દાસ** છે નહીં, ને થશે પણ નહીં ! ને જો કદાપિ કાળચક્ર એમ જ ફરી ગયું તો તે ક્ષણથી હું તો એ દૈવી પુરૂષની સેવા માત્ર કરવાને જીવન ટકાવી રાખીશ, પણ આ નિષ્ઠુર સંસારથી વિરક્ત સાધ્વી થઇ તપશ્ચર્યા માત્ર જ મારો ધર્મ સ્વીકારીશ. એ મારી સિદ્ધાંતરૂપ પ્રતિજ્ઞા છે. મહેતાજી ! તમે કવિ પાસે જાવો; તેમનો આત્મા બહુ સંતાપમાં હશે. બીજાઓ ઉઠી જાય એટલે હું પણ ત્યાં આવું છું ત્યાં સુધી હું અહીં રાજુને લઇને બેસી રહું છું, તમે જાઓ દિવાનખાનામાં !"

આ સમય લગભગ દીવા વખતનો હતો. સાતેક વાગે સૌ મ્લાન-વદને છુટા પડયા, મંડળ વિખેરાઇ ગયું, ને લેખકને તથા જયશંકરને સાથે લઇને ગંભીર પણ પ્રસન્ન ચહેરો રાખીને દેવી ડાહીગૌરી કવિ પાસે આવ્યાં, ને અગાધ પ્રેમ ને નિઃસીમ સ્નેહથી ઉભરાતું હૃદય જાણે અમૃતનો વરસાદ વરસાવતું હોય એવી મધુર દિવ્ય વાણીથી કવિને કહેવા લાગ્યાં; "કેમ કવિ ! આજે હજી દૂધ પીવાને અંદર આવ્યા જ નહીં ? હું તો આ રાજુ ઓચિંતો રડી પડયો તેને ઘરમાં લઈ ગઇ, ને તમે આવશો એમ રાહ જોઇને બેસી રહી, આ બધું શું છે આજે ? વાળુનો વખત થવા આવ્યો છે તેથી દૂધ વાળુ વખતે જ લેવાશે કે કેમ તે પૂછવા આવી છું." જરા સ્મિત સાથે કવિએ ડાહીગૌરી તરફ જોયું ને બોલ્યાઃ "શાબાસ મારી ડાહી ! તું ડાહી પણ સિંહણ છે હો ! આટલા નાના સરખા નાજુક દેહમાં આવો પ્રબળ આત્મા વસતો હશે એમ કોણ કલ્પી શકે ? છતાં હું તો તે જોઇ તથા જાણી ચૂકયો છું. તું બધું જ જાણે છે, ને મને શું પૂછે છે ? તારો રાજા આજે દાસ થવાની ખટપટમાં પડયો છે. સૌની જ એમ મરજી છે તો હું પણ હવે એ વિષયમાં પરાધીન થઇ બીજાની મુરલીના

નાદ પ્રમાણે નાચતાં શીખીશ, જોઇએ છીએ. ભગવાનની લીલા જ્યાં દોરે, ત્યાં અભિમાન મૂકી, દોરાવું, એ પ્રત્યેકનો તેમ મારો પણ પ્રાપ્ત ધર્મ છે." સ્નેહાળ ડાહીગૌરી શાંતિથી સાંભળી રહ્યાં, કશો ઉત્તર નહીં આપતાં કવિનો હાથ પકડી ઊભા કરવા જતાં હોય એમ ઊભાં થયાં એટલે સૌ જ ઉઠ્યા, ને વાળુ કરવા ગયા.

નોકરીનો સ્વીકાર

સાત આઠ દિવસમાં બધું નક્કી થઇ ગયું, ને કવિ સવારમાં દશ વાગે જમીને કપડાં પહેરી ધર્મખાતાની ઓફીસમાં જવા સિપાઇ સાથે નિકળ્યા. ભીમભાઇ, ખાપર્ડે વગેરે હાજર હતા, ને કવિએ તેમને સંબોધીને કહ્યું: "ભાઇઓ! શું જુઓ છો? આજે ચોવીસ વર્ષે ટેક મૂકીને હું નોકરી કરવા જાઉં છું? ચોવીસ અવતારે પણ લજ્જા રાખી નથી, તો હું કોણ માત્ર? 'કેમ રાજ મૂકી નોકરી કરું?' એ ગાનાર પણ હું જ કોઇ વખત હતો! છતાં અભિમાન મૂકી નિરભિમાન થવું એ જ જીવનનું ઉચ્ચ શિક્ષણ, ને સત્ય વિજયનો પરિપાક છે!' આટલું બોલી એકદમ દાદર ઉતરી પડ્યા, ને ટ્રામમાં બેસીને કોટની ઓફીસમાં ગયા. લેખકને અહીં જણાવવાની જરૂર પડે છે કે, કાળગતિમાં દોરવાઇને સૌ જ આથી નિશ્ચિંત ને પ્રસન્ન હતા, માત્ર ડાહીગૌરી જ અપ્રસન્ન હતાં.

ઉત્તેજન આપવાનો કવિનો સ્વભાવ

બધો તંત્રનિર્વાહ હવે જુદે ક્રમે ચાલવા માંડ્યો, અંતરવ્યવસ્થામાં કેટલોક ઘટતો ને જોઇતો ફેરફાર થયો, અઢાર વર્ષની તરૂણાવસ્થામાં આવી મેટ્રીકની તૈયારીમાં તેમજ ગટ્ટૂલાલજીની વિદ્યાલક્ષ્મી પાઠશાળામાં કૌમુદી કાવ્ય નાટકાદિક શીખીને આગળ સંસ્કૃત વાંચવા રાજારામ શાસ્ત્રી બોડસ પાસે લેખક જતો થયો હતો. એક બાજુએ બુદ્ધિ પરિપાકની અનુકૂળતા હતી, ને બીજી તરફથી કવિના આગ્રહથી કીસનદાસ બાવાએ લેખકના શરીરને પણ કસરતી તાલીમ આપવા માંડેલી તેથી શરીર પણ સારૂં દ્દઢ ને કસાયલું ચંચળ બનેલું. સાક્ષર મણિલાલ તેવામાં મુંબઇની શાળાઓના ઇન્સ્પેક્ટર નિમાયા હતા, અને 'ઉત્તરરામ ચરિત' છપાવી 'કાંતા' તૈયાર કરી પ્રેસમાં મોકલેલું અને તેનો ખાનગી પ્રયોગ કરવાની પ્રવૃત્તિ ચલાવેલી. કવિની અનુમતિ લઇને લેખકને 'સુરસિંહ'નો ભાગ ભજવવા રોજ પોતાને ઘેર લઇ જવાનું નક્કી કર્યું, ને ત્યારથી તેમની સાથે સંબંધ વધતો ગયો. વધારે ઊંડી પિછાન થતાં મણિલાલે કહ્યું કે: "કોઇ નાટકનું ભાષાંતર કરો." લેખકે 'નાગાનન્દ' પોતાને ગમે છે, એમ જણાવતાં તે કઠિન છે, છતાં થાય તો બહુ જ ઉત્તમ કામ કર્યું ગણાશે, એવું ઉત્તેજન મળ્યાથી છાના છાના તે લખવા

માંડ્યું. ઉત્તરરામ વાંચ્યા પછી સ્વાભાવિક ઊર્મિ તો પ્રથમ ઊઠેલી જ હતી, ને આવું ઉત્તેજન મળ્યું એટલે કામ બહુ ત્વરા ને ઉલટથી વધવા લાગ્યું. ૧૮૮૩ માં ભાષાંતર પૂરું થયું, પણ કવિને બતાવવાની હિંમત લજ્જાભીરૂત્વને લીધે થાય જ નહીં. છેવટે મણિલાલે કવિને કહી દીધું, ને એક રવિવારને દિવસે કવિ બોર્ડીંગ સ્કુલની યોજના ઘડવા બેઠેલા ને લેખકના ભણી જોઇ પૂછ્યું: 'રાજુ ! એલ્ફીનસ્ટન હાઇ સ્કુલમાં ફી તથા પુસ્તકો મળીને તને વાર્ષિક ખર્ચ કેટલો આવે છે?' લેખકે યથોચિત ઉત્તર આપીને હિંમત પકડી કહી દીધું કે, 'કવિ ! મારે આજે તમને કાંઇ બતાવીને પૂછી લેવું છે ને મણિલાલ કહેતા હતા કે મેં કવિને કહી રાખ્યું છે, પણ હમણાં તો તમને જરા પણ નિરાંતે બેઠેલા જોયા જ નથી માટે આજે જો વખત હોય તો કહેશો ત્યારે પૂછી જોઇશ.' કવિ સમજી ગયા અને પોતાની પાસેના કાગળો ઊંચા મૂકી કહ્યું: 'આવ હમણાં જ, શું છે તે પૂછ ને બતાવ, મને નીરાંત છે.' લેખકે લખેલું નાગાનંદ લાવીને પાસે મૂક્યું, ને કવિએ તુરત હાથમાં લઈ વાંચવા માંડ્યું. અર્ધોક કલાક વાંચ્યા પછી જરા સ્મિત સાથે પૂછ્યું: 'ક્યારે લખવા માંડ્યું? મને જણાવ્યું પણ નહીં? વાહ રે, તું પણ કવિ થવાનો કે શું? શ્લોક વગેરે તો બધા નિયમમાં છે. પણ ભાષાને શૈલીમાં તું મારૂં અનુકરણ આવું કરશે, એમ તો મેં ધારેલું નહીં જ. તારૂં વય ને તૈયારી જોતાં તેં ઘણું સારૂં કામ કર્યું છે, પણ ભાઇ ! આથી પૈસા મળવાના નથી હો ? આ સમયની રૂચિ જુદી જ છે, માટે નિરાશ થવું હોય તો તેની તૈયારી કરીને પછી આવો પ્રયાસ કરજે. આજ રાત્રે વાળુ કર્યા પછી હું બધું બરાબર વાંચી જોઇશ, ને પછી તારે જે પૂછવું હોય તે પૂછજે; હું પણ જોઇતી સૂચના આપીશ.' વધારે કાંઇ નહીં કહેતાં લેખકે માત્ર આટલું જણાવ્યું કે, 'મણિલાલનું ઉત્તરરામ છપાઇને બહાર પડ્યું, ને મને પણ ઊર્મિ થઇ હતી, તેમાં મણિલાલે જ હિંમત ને ટેકો આપ્યાં. પાઠશાળામાં 'નાગાનંદ' શીખ્યાથી મને એ બહુ જ ગમી ગયું હતું, તેથી તેનો જ આરંભ કર્યો. તમારી સલાહ નહીં લીધી તેમાં લજ્જા ને ભય બંને કારણ છે. ભય એવું કે કદાપિ કામ ન જ બની શક્યું તો શી સ્થિતિ? અર્ધું થયું ત્યાં સુધી પણ પ્રતીતિ નહીં કે પૂરૂં કરી શકીશ. છપાવીને પૈસા મેળવવાનો હેતુ જ નથી. પિંગળપ્રવેશ બરાબર વાંચેલો તેથી શ્લોકો તો નિયમસર હશે, પણ રસપ્રવાહ ને શબ્દપ્રસાદ એકદમ તો ક્યાંથી આવે? છતાં વાંચ્યા પછી જેમ કહેશો તેમ કરીશ. બાપુ પણ હજી જાણતા નથી !'

રાતે વાળુ કર્યા પછી મૂળ 'નાગાનંદ' લઇને ભાષાંતર જોવા માંડ્યું: લેખકના તીર્થરૂપ વગેરેને કવિએ આગળથી જ જણાવ્યું હશે, જેથી તે

પણ ત્યાં જ બેઠા હતા. ડાહીગૌરી પણ કાંઇક ટોળ કરતાં હોય તેમ ત્યાં આવીને બેસતાં બેસતાં બોલ્યાં: 'આજ તો રાજુનો નાટક જોવાય છે તો હું પણ બેસું કે કવિ?' કવિએ લેખક ભણી સ્મિત સાથે જોયું ને ડાહીગૌરીને 'હા' કહી. દોઢેક કલાકમાં બધું વાંચી લીધા પછી લેખક પાસે ચાર પાંચ શ્લોકો ગવરાવ્યા તેમાં 'દ્રષ્ટા દૃષ્ટિ કરે,' 'નિદ્રામાંથી ઝટ જગાડી મધુકરને, તથા 'પિતા ખોયો ધૈર્ય' એ મુખ્ય હતા. સૌ ખુશ થતાં દેખાયાં ને કવિ બોલ્યા: 'રાજુ! તારા બાપુને મેં જ જણાવ્યું છે, તારો પ્રયાસ સ્તુત્ય છે ને તેથી જ હું કહું છું કે, આથી ફુલાઇ જઇશ નહીં. હજી એમાંથી ઘણા દોષો વખત જતાં દૂર કરવાના છે, પણ હાલમાં જે નવા લેખો લખાઇને છપાય છે તે બધામાં તારૂં કામ સારૂં ઊંચું ને ઠરેલ છે. 'વિદ્યાલક્ષ્મી'નો તેં આવો સારો ઉપયોગ કરીને લાભ લીધો છે, એમ અમે જાણતા નહોતા. વખત વગેરેની અનુકૂળતાએ છપાવવામાં કાંઇ બાધ નથી, જોઇશું!'

અંતકાળ

૧૮૮૫ ના જાનેવારીમાં લેખક એલ્ફીનસ્ટન કોલેજમાં કવિની ઇચ્છાથી દાખલ થયો, ને કવિએ એક સત્રની ફી, પુસ્તકો વગેરેની વ્યવસ્થા કરી. ફેબ્રુઆરીથી જ એમની પ્રકૃતિ શિથિલ થવા લાગી. મુખ્ય કારણ અંતર્ગત જ હતું, અનિચ્છાએ નોકરી સ્વીકારી તે. બાહ્ય કારણોમાં એ કે ઘણા વખતથી નિર્માણ કરવા ધારેલી શેઠ ગો. તે. બોર્ડીંગ સ્કુલની યોજના કરવામાં કવિ રાતે ત્રણ વાગા સુધી જાગતા, સવારે પાંચ વાગામાં પાછા ઊઠતા, ને કામે બેસતા, ઓફીસનું રોજનું કામ ઓફીસમાં કરવાનું હતું જ. માનસિક ને શારીરિક શ્રમ અતિ ઉગ્ર પ્રમાણમાં વધી પડયો, અન્ન પર અરૂચિ થઇ, ને શરીર નિર્ગત થવા માંડયું. ઘણી વાર તો બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં ચક્કર આવી જતાં, ભ્રમણ જેવું થઇ જતું, ને બે વાર તો પડી પણ ગયલા. એપ્રીલમાં તો બધા સંધિઓ જ નિર્ગત સ્તબ્ધ થઇ જતાં ઊભા નહીં થવાય એવી સ્થિતિ થઇ ગઇ. પણ બોર્ડીંગ સ્કુલ શરૂ થઇ ગઇ એ વાતનું સ્મરણ કરી કવિ તે આનંદમાં પોતાનું શારીરિક દુઃખ અસહ્ય હોવા છતાં ગણતા નહીં. ડો. ભાલચંદ્ર વગેરે બહુ બહુ યોજના કરે પણ કવિના શરીરમાં કાંઇ સુધારો થાય જ નહીં. ઉનાળાની રજા હોવાથી લેખકે કવિની પાસે જ આખો દિવસ રહેવા માંડયું, ને મુંબઇમાંથી બહારગામ (સુરત તરફ) જવા ના કહી ત્યારે આગ્રહથી કવિ બોલ્યા: 'હું પણ થોડા વખતમાં સારો થઇ વિશેષ રજાનો બંદોબસ્ત કરીને હજીરે રહેવા આવવાનો છું ત્યારે મારી પાસે જ તને રાખીશ.' લેખક તો સુરત ગયો, પણ દુર્ભાગ્યે કવિને સારા થઇ હવાફેર કરવા આવવાનો વખત આવવાને બદલે મે

મહીનાની આખરે ડાહીગૌરીના હાથનો પત્ર આવ્યો કે, 'હજી કવિને કાંઇ આરામ થતું નથી. ઉત્તરોત્તર શિથિલપણું વધતું જાય છે; માટે હવે તું ઝટ મુંબઇ આવજે.' જુનના આરંભમાં લેખક મુંબઇ આવ્યો, કોલેજના વર્ગો શરૂ થયા, પણ લેખકે કોલેજને અને સાથે સાથે સંસ્કૃત અભ્યાસને તેટલા વખત માટે તો તિલાંજલિ આપી ને કવિની પાસે જ તે રહેવા લાગ્યો. છેક સપ્ટેમ્બરમાં એક દિવસ કવિએ પૂછ્યું: 'કેમ રાજુ કોલેજમાં છેક જતો જ નથી કે શું?' લેખકે કવિને સામે જોયા વગર જવાબ આપ્યો; 'આવતા વર્ષથી ઠીક લક્ષ દઇને અભ્યાસ થશે. આ વર્ષ મારું ચિત્ત બરાબર લાગતું નથી.' કવિ સમજી ગયા હોય તેમ ફરીથી એ સંબંધી બોલ્યા જ નહીં.

કવિના છેવટના શબ્દો

૧૮૮૬ ના ફેબ્રુઆરીના મધ્યમાં શિવરાત્રિ આવતી હતી! આગલી રાત્રે કવિએ લેશમાત્ર પણ નિદ્રા લીધી નહતી. લેખક લગભગ બે વાગ્યા સુધી ડાહીગૌરીની સાથે વાત કરતો, ને વચમાં વચમાં કવિને ચમચાવડે દૂધ આપતો બેઠો હતો. એટલે કવિએ સહેજ પૂછ્યું: 'કેટલા વાગ્યા હશે?' સુભદ્રાગૌરી થોડે છેટે એક બિછાના પર વાંચતાં સુતાં હતાં તેમણે કહ્યું: 'બેના ટકોરા સાંભળવાને અર્ધોક કલાક થયો.' કવિએ કહ્યું: 'ઠીક, પણ તમે બધાં હજી સુતાં કેમ નથી?' ડાહીબાએ કહ્યું: 'વાતમાં પડયાં, ને તમે પણ આજે ઊંઘતા નથી, તો તમારી સાથે વાત કરવાનો આનંદ મળે છે તેથી કોઇને ઊંઘ આવતી નથી. માટે જ જાગીએ છીએ. ભાઇ રાજુ! તું હવે સુઇ જા.' એટલે કવિ બોલ્યા: 'રાજુ! કાલે તો શિવરાત્રિ છે તે બધાં જ કરીશું. તું ને ડાહીગૌરી તો કરો જ છો, પણ કાલે તો હું, બકો ને સુભદ્રા પણ કરીશું.' બીજું કોઇ કાંઇ બોલ્યું નહીં જેથી ફરીથી કવિ તુરત બોલ્યા: "કેમ બધાં ચુપ થઇ ગયાં? મારે હમણાં રોજ ઉપવાસ જેવું જ છે, પણ કાલે સવારમાં સ્નાન કરી થોડીક વાર મારા મૃગચર્મ પર ધ્યાનમાં બેસીશ, ને પછી તમારી સૌની સાથે થોડો ફળાહાર કરીને આપણે બધાં આનંદવિનોદ કરીશું. બાપદેવ પુને ગયા છે તે પરમદહાડે આવશે. ડાહીગૌરી, હમણાંની તું બહુ જ ઓછાબોલી થઇ ગઇ છે, પણ કાલે તને જરા પણ બોલવા નહીં દેતાં મારે જ બોલવું છે, ને તારે સાંભળવાનું છે; તેં દેવી ભાગવત પૂરું કર્યું કે?" ડાહીગૌરીએ માત્ર 'હા' એટલો ઉત્તર આપીને લેખકને સુઇ જવા ઇશારત કરી, ને તે પોતાની જગાએ જઇને સુતો ને ઊંઘી ગયો. સુભદ્રાગૌરી પણ ઊંઘી ગયાં હતાં. માત્ર ડાહીગૌરી કવિની સેવામાં જાગ્રત હતાં. સવારમાં અગીઆર વાગે બધું ધાર્યા પ્રમાણે

આટોપાઇ ગયું, એટલે કવિએ પોતાના મૃગચર્મ આગળ લેખક, ડાહીગૌરી ને સુભદ્રાગૌરી એ ત્રણેને બોલાવી બેસાડયાં. ઘરના ઘાટી સાથે જયશંકર ગેઝેટીયરના કાગળીઆંઓ લઇ ભીમભાઇને ઘેર ગયલો હતો. બેઠા પછી તમ સુવર્ણ જેવી કાંતિવાળી મુખમુદ્રા પર સૂર્ય ચંદ્ર સરખાં બે તેજસ્વી નેત્રો પુરાં ઉઘાડી કવિએ ત્રણે તરફ જોઇ કહ્યું: 'તમે બધાં મારા આત્મિક છો, ત્રેપન વર્ષના વયમાં મેં ઘણુંએ જોયું અનુભવ્યું, ને જગતના અનેક રંગ દીઠા. તેમ જગતે મારા પણ જોયા. હવે આ દેહ બે ચાર દિવસ રહેવાનો છે એમ હું જાણું છું, પણ તમારે કોઇએ તે સંબંધે જરાપણ ખેદ નહીં કરતાં આજે જે કાંઇક થોડું છેલ્લુંવેલ્લું હું કહું તે સાંભળવાનું છે. જગતના ને સંસારના કડવા મીઠા બધા તમામ સ્વાદો નિસ્પૃહપણે ને નીડરતાથી નાનપણથી જ લેવા એવું મારૂં ભાગ્ય, તેમજ પ્રકૃતિ પણ પડી ગઈ હતી, પાછળથી તમે પણ તે પ્રસંગોપાત્ત જોઇ હશે. શાસ્ત્રમર્યાદામાં હાલ કોઇ ન્યાતજાત કે વ્યક્તિ છે જ નહીં; મેં પણ મારી બુદ્ધિ જ્યાં જ્યાં જે જે સમયે મને દોરી ગઇ ત્યાં તે સમયે ઝોકાવ્યું, તેનાં સુખદુઃખ અનુભવ્યાં, ને ભિન્ન ભિન્ન અનુભવગ્રંથિઓ બાંધતો ગયો. આ બધું મારે માટે તો ખરૂં જ પણ બીજાઓને માટે પણ ઘણું જ ઉપયોગી છે. સમય અવ્યવસ્થિત છે, રાજ્યતંત્ર સમય ને સ્થિતિ સંબંધે નિસ્પૃહ તટસ્થ છે, ને લોકસમૂહ અનર્ગલ સ્વચ્છંદી થયો છે, મારા જેવા સૌ નથી. મારી સ્વચ્છંદી ચેષ્ટાથી, ડાહી! તારા સિવાય બીજા કોઇને મેં ઝાઝું નુકશાન કર્યું નથી. તેં બહુ જ સહન કર્યું, સ્રીસ્વભાવ પ્રકૃતિએ સહનશીલ છે, પણ તેને પણ શોભાવે એવું ધૈર્ય ને શાંતિ તેં અસ્ખલિત જાળવી રાખ્યાં, ને ઈશ્વરભાવે મારી નિરંતર સેવા કરી, એ તારૂં ભીષ્મ ગૌરવ સ્વર્ગની દેવીઓને પણ લજ્જિત કરે એવું હોવાથી જ હું ઘણી વાર તને દેવીને નામે બોલાવુ છું. મેં તારો ઘોર અપરાધ કર્યો છતાં તારી શુદ્ધ ભક્તિમાં તેં રજમાત્ર ન્યૂનતા રાખી નથી, એ તારો ઉજ્જવળ યશ ને મહિમા તારાં વિશાળ કપાળવાળા તેજસ્વી મુખપટ પર સ્પષ્ટ છાપથી ચિતરાઇ રહ્યાં છે, તે કોઇ પ્રાકૃત જન પણ જોઇ શકે ને નિરભિમાન થઇ તને વંદન કરે એવાં છે. સુભદ્રા! આ તારી તથા મારા સમસ્ત સંબંધી જનની ઇષ્ટદેવી છે, એને જરા પણ દુભાવીશ નહીં; તું સ્વભાવે આકળી છે માટે જ તને કહું છું, એની સેવાથી તું સુખી થઇશ, એટલામાં જ બધું કહી દઉં છું. રાજુ! હાલના અને હવે પછીના યુવકો પાશ્ચાત્ય સામગ્રીના પરિપાકથી બહુ દૂર ઘસડાઇ જવાના છે; માત્ર તું નહીં ઘસડાય તેને માટે મારૂં બધું જીવન સૂક્ષ્મતાથી તારે જોવું, ને ખાસ લક્ષમાં રાખવું, કે આજ સુધીના તમામ તત્વજ્ઞાન ને ધર્મવાદોનું નિષ્પક્ષપાતે સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરી,

અનેક માર્ગોમાં ફાંફાં મારી આખરે હું આર્ય મહર્ષિ મહાત્માઓના સત્યશ્રેયને માર્ગે આવ્યો છું. વ્હેલે મોડે મારી જ પેઠે આખું જગત આમ તેમ અનેક દિશાઓમાં કાલાવધિ પર્યંત અથડાઇ, અફળાઇને એ જ માર્ગે આવવાનું છે—ઘણીએ વાર પૂર્વે આવ્યું છે ને એનું જ નામ કાળચક્રની ગતિ છે, એ ગતિ યથાસ્થિત રીતે જોનારને ભૂત તે ભવિષ્ય ને ભવિષ્ય તે ભૂત છે. માટે આ ઉદાહરણરૂપ ચિત્રપટ સદૈવ તારી દૃષ્ટિ આગળ અખંડિત રાખીને જીવનપ્રવાહમાં આગળ ઝોકાવજે. ઘણી વાર તને શંકા થશે, ઘણી વાર મન પાછું હઠશે, ઘણા સ્નેહી મિત્રો તને અજાણ્યે ડાબે જમણે હાથે વાળવા આકર્ષણ કરશે, પણ સનાતન આર્ય ધર્મનીતિ વ્યવહારને કુળમર્યાદામાંથી અંશ માત્ર પણ ડગતો નહીં. જેટલા ડગશે, તેટલું પશ્ચાત્તાપ સાથે પાછા ફરવાનું અવસ્ય નિઃશંક પ્રાપ્ત થશે; અને કદાચ આ જન્મે પાછો ન પણ ફરી શકે, તો અધોગતિ થશે. તારામાં ને બકામાં ભેદ મેં જોયો નથી, ને જોતો પણ નથી. સૌના પ્રારબ્ધસંસ્કાર સૌની સાથે જ ગુંથાઇ રહેલા છે, ને તે જ સૌને સૌની સાથે યથાકાળ યથાયોગ્ય યોજે છે. હમણાં આ જે બોલું છું, તે પણ તેને જ આધીન થઇને! તમે બધાં સુખી રહેવાનાં છો એમ મારો અંતરાત્મા સાક્ષી પુરે છે; માત્ર 'સ્વધર્મે નિધનં શ્રેય: પરધર્મો ભયાવહ:' એ મહાવાક્ય મેં તમને વિસ્તારથી અનેક છાયાઓમાં સમજાવ્યું છે, તેને જીવનના આચારસૂત્રરૂપે દૃઢ પકડી રાખજો. જય સાંબ સચ્ચિદાનંદ!

આટલું બોલી કવિએ આંખ તથા મોઢું બંધ કર્યાં, પણ બોલતા હતા ત્યારે અક્ષરેઅક્ષરે માત્રાએ માત્રાએ ઉભય નેત્રોમાંથી વિદ્યુત્પ્રવાહ જેવા સ્પષ્ટ ચમકારા નીકળતા ને ઊર્ધ્વગામી થઇને કપાળ તરફ જતા, એ લેખકે તથા ડાહીગૌરીએ સ્પષ્ટ જોયા હતા. ત્રણેની આંખોમાંથી અનેક લાગણીઓથી ઉશ્કેરાયલું લોહી અશ્રુરૂપે સતત વહેતું જતું હતું, પણ કવિનું તે, કે કોઇ પદાર્થ ભણી લક્ષ જ નહોતું. ડાહીગૌરીની મુખમુદ્રા નિત્ય પ્રમાણે શાન્ત તેજસ્વી રહેલી, છતાં પુરૂં બોલાઇ રહ્યું કે તુરત કવિના પગ પાસે પોતાનું મસ્તક મૂકીને તેમની છાતી ઉપર હાથ ફેરવવા લાગ્યાં. બોલતી વેળાએ શ્વાસ લગભગ બંધ રહ્યાથી તથા ઘણા જોસમાં બોલાયાથી બહુ સુસવાટા સાથે સંભળાય તેમ શ્વાસ લઇને છાતી ઉછળી જતી હતી. એક ગોળ તકીયો કવિની પાછળ મૂકેલો હતો તેના પર આધાર લઇને કવિ બધો વખત બેઠા હતા તેમ બેસી રહ્યા હતા, પણ ડાહીગૌરીને બેઠાં પણ કર્યાં નહીં તેમ હાથ ફેરવતાં અટકાવ્યાં પણ નહીં. લેખકને સુભદ્રાગૌરીએ હાથ ખેંચીને પાસેના ઓરડામાં બોલાવી લીધો, ને કહ્યું: 'તું એક તાર તારા બાપુ ઉપર રદિર કરી દે, કે તે અથવા નરભેરામ એકદમ મુંબઈ

આવે, ને પછી દોડતો ખાપર્ડેના મુકામ પર જઇને પૂછી આવ કે, 'ખાપર્ડે' કાલે સહવારમાં પુનેથી આવવાના છે એવો તાર તેમને મળ્યો છે કે નહીં.' થોડી વારમાં લેખક એ કામથી પરવારીને પાછા આવીને જુએ છે તો કવિ પોતાના નિત્યનાં બિછાના પર સુતેલા હતા, ને ડાહીગૌરી એક ચમચાવડે તેમને થોડું દૂધ આપતાં હતાં. તે કવિ આંખો બંધ રાખીને ધીમે ધીમે લેતા હતા.

ઉપરનો બનાવ બન્યા પછી બે કે ત્રણ દિવસે ખાપર્ડે ભીમભાઈ પાસેથી ગેઝેટીયરના કામના બદલા તરીકે સરકારે આપેલા રૂપીયા લઇ આવ્યા, ને કવિએ તે નાણાંથી, તથા સુરત આમલીરાનમાં આવેલાં પોતાના રહેવાના ઘરની કીંમતમાંથી બે મુંબઇના ગરીબ વિદ્યાર્થીઓને આશ્રય આપવાની રકમ જુદી રાખીને સુરતના એક પરભુ(રામ) મ્હેતાનું દેવું અપાવ્યું. બીજાં પરચુરણ દેવાનો તો પ્રથમથી જ નિકાલ કરી નાંખ્યો હતો. ખરી સ્થિતિ તો હરિ જાણે, પણ સુભદ્રાગૌરીના કહેવાથી લેખકે જાણ્યું હતું કે કવિને તે પછી કોઇનું ઋણ આપવાનું રહ્યું નહતું, અને સમસ્ત ગુજરાતનો આ પુરૂષસિંહ સમયવીર સાહિત્યસૂર્ય અનૃણી છે, એ જાણીને લેખકને જે પરમ સંતોષ થયેલો તેવો તેના અત્યાર સુધીનાં આખા જીવનમાં બીજે કોઇ પ્રસંગે થયો નથી.

મરણ પછી

હવે માત્ર એક જ વાત જીવન સંબંધી કે જીવન પછીની શેષ રહી છે, તે એ કે તા૦ ૨૬-૨-૧૮૮૬ ને દિવસે બપોરે એમનો દેહોત્સર્ગ થયો, ત્યારે મુંબઇમાં વસતા લગભગ બધા જ સુરતવાસી નાગરો સ્મશાન જવામાં ભેગા થયા, અને તેમાં સુરતની જ્ઞાતિ શું કરશે કે કહેશે તેની પરવા રાખી નહોતી. એમાં અગ્રેસર હોવાનું માન સ્વર્ગસ્થ સોમનારાયણજીને ઘટે છે. પ્રથમ તો સૌને કાંઇક સંકોચ સંજેવું લાગેલું, કેમકે કવિ સુરતની નાગર ન્યાતની બહાર હતા, જો કે એમને ઘેર ઘણા નાગરો પ્રસિદ્ધ રીતે આવતા જતા, વ્યવહાર રાખતા, ને જમતા. આ પછી થોડા જ વખતમાં એમના ઇષ્ટ મંડળોમાંના શિષ્ટ જનોએ ખાનગી રૂપમાં એક સ્મારક ઉભું કર્યું. જેનાં નાણાંની રકમ મુંબઇમાં દેસાઇજી હરિપ્રસાદની પેઢીમાં જમા થઇ હતી, અને તેનું વ્યાજ નિયમિત રીતે કવિના કુટુંબને પ્રતિમાસે મળતું. એવી આવકની તથા ઘરની બીજી સમગ્ર વ્યવસ્થા સુભદ્રાગૌરી કરતાં, ડાહીગૌરીનું ત્યાર પછીનું જીવન શૂન્ય જેવું, શુદ્ધ વૈરાગ્ય ભક્તિમાં નિમગ્ન છેવટ સુધી એકરૂપે રહેલું, એ લેખકે સંપૂર્ણ રીતે જોયું અનુભવ્યું હતું. ગુજરાતની પ્રજાએ કવિની યોગ્યતા ને ઔચિત્ય પ્રમાણે કાંઇ પણ હજી કર્યું નથી. એ સદાને માટેનો પ્રજ્વલિત દોષ ધોઇ નાંખવો, એ ગુજરાતની

સમસ્ત પ્રજાનો, ને સાક્ષરો કે અગ્રેસર મંડળો ને આવી પરિષદોનો અવશ્ય ધર્મ છે.* જેમ 'Addison 'Father of English prose' મનાયો છે, તેમજ અથવા તેથી પણ વધારે સત્યતાથી કહી શકાય કે, નર્મદાશંકર ગુજરાતી ગદ્યનો ખરો પિતા હતો, ને અત્યારનું ગુજરાતી સાહિત્ય કે અત્યાર પછીનો સાહિત્યસંદર્ભ માત્ર નર્મદને જ ઘણે અંશે આભારી છે એ નિર્વિવાદ છે.

પ્રેમાંજલિ

હવે દિગ્દર્શન કરી પ્રેમાંજલિ આપવાનું છેલ્લું કર્તવ્ય લેખકને અવશિષ્ટ રહ્યું છે, તે કરતાં પ્રથમ તો સ્વાભાવિક રીતે થોડું પ્રસંગોપાત્ત વિવેચન કરવાની જરૂર છે. પોતાના લેખમાં પોતાની હૃદયગત આદર્શરૂપ મૂર્તિને આલેખે તે કવિ ને એવી કૃતિ, તે તેનું કાવ્ય; પછી તે પદ્ય હો વા ગદ્ય હો. એ મૂર્તિઓ આલેખવામાં પોતાના ચાતુર્યનૈપુણ્યથી જેટલું ને જેવું સાદૃશ્ય સૌન્દર્ય લાવીને સામાના હૃદયતારને તન્મય બનાવી રસાસ્વાદ જેટલે અંશે કરાવી શકે, તેટલે અંશે તેના કવિત્વની ઉચ્ચતા ને સાફલ્ય. વીર નર્મદે પોતાના સાક્ષર જીવનમાં પ્રત્યેક નાની મોટી પ્રસાદરૂપ કૃતિમાં પૃથક્ પૃથક્ મૂર્તિરૂપ—ભિન્ન ભિન્ન અવયવો, ઘડી ઘડીને—એ પ્રત્યેક કૃતિમૂર્તિના બનેલા અવયવોમાંથી પ્રતિફલિત પોતાની આધ્યાત્મિક રસભીની અક્ષય્ય પ્રતિમા ગુજરાતની રસિક વિવેકી પ્રજાની નિરંતર સ્નેહમય પૂજાને માટે નિર્માણ કરીને વારસામાં અર્પણ કરી છે. સતત વિદ્યાવિનોદી પ્રકૃતિ, દૃઢ સત્યનિષ્ઠા, સ્પષ્ટવાદીપણું, નીડર ને ઉંચું ટેકીપણું, માર્મિક તથા રસાર્દ્ર સહૃદયતા, નિરંતર પ્રજવલિત ને ધીટ દેશદાઝ, ને વિચારવીરત્વ સહસ્રાવધિ ઉચ્ચ ગુણોનો સંદર્ભ, ક્ષણે ક્ષણે ક્ષુલ્લકમાં ક્ષુલ્લકથી ભવ્યમાં ભવ્ય પ્રસંગોમાં કવિના જીવનમાં પ્રતીત થયો છે. આવા સમયવીરની પ્રસાદી રૂપ અક્ષય જીવન મૂર્તિનું યથારૂચિ યથાશક્તિ પ્રેમાર્ચન પ્રજામંડળ સ્નેહ ગલિત હૃદય નિત્ય નિત્ય કરીને આત્મજીવનના અનેક તરંગમય પ્રવાહમાં સુખરૂપ માર્ગ ગ્રહણ કરી કૃતકૃત્ય થાઓ, ને કવિનું ઉચ્ચપ્રતિષ્ઠ જીવન તેમાં જ સફળતા પામો. તથાસ્તુ.

---

* કવિ નર્મદશતાબ્દી સન ૧૯૩૩ માં ગુજરાતભરમાં ઉજવી, ગુજરાત કંઇક ઋણમુક્ત થયું. સંપાદક ગુજરાતી.

વિરામ ૪ થો–પ્રકીર્ણ લેખસંગ્રહ

(૧)

નાગરોનો ઇતિહાસ*

કવિ નર્મદાશંકર લાલશંકરે ઉજ્જનના ગોર વિઠલનાથજીના ચોપડામાં જે લખી આપેલું તે નીચે પ્રમાણે છે.

૧ ઉજ્જનવાસી શુક્લ વિઠલજી તીર્થગોરે પોતાનો ચોપડો દેખાડયો. તેમાં દવે નારાયણજી કૃષ્ણદેવ મારા વડીલનું નામ છે. જેમ બીજાઓએ કંઇક કંઇક લખી આપ્યું છે, તેમ તમે પણ મારા સ્મરણને માટે કંઈ લખી આપો, એવા તેના આગ્રહ ઉપરથી હું થોડીએક હકીકત નાગર સંબંધી લખું છઉં. મારા ને મારા કુટુંબ સંબંધી તો છપાયલું બહાર પડશે જ.

* [નોંધ: પ્રથમ આ લેખ "ગુજરાતી"પત્રના દીવાળીના ખાસ અંકમાં ઇ. સ. ૧૯૨૩ માં છપાયો હતો. તે સ્વ. તનસુખરામ ભાઇએ નાગરોના ઉજ્જનના વિઠ્ઠલજીના ચોપડામાંથી ઉતારેલો, તે તેમણે બીજી નકલ કરીને અમને છાપવા આપેલો. આ લેખથી વાંચનારના મગજ ઉપર એવી અસર થાય છે કે કવિ નર્મદાશંકર અમુક વર્ષમાં ઉજ્જન યાત્રાએ ગયેલા ત્યારે ત્યાંના તીર્થ પુરોહિત વિઠ્ઠલજીને તેના ચોપડામાં નિયમ પ્રમાણે પોતાની સહિ આપતી વખતે નાગરજ્ઞાતિનો ઇતિહાસ પોતાની જાણ પ્રમાણે લખી આપેલો હશે. પણ કવિ નર્મદાશંકરના કાગળો તપાસતાં એમ સ્પષ્ટ જણાયું છે કે કવિ કદી ઉજ્જન ગયા નથી, પણ નાગર જ્ઞાતિના ઉજ્જનના ગોર સં. ૧૯૩૦ માં સુરત આવેલા ત્યારે ત્યાંની નાગર જ્ઞાતિએ ચોપડા તપાસી તેનું પુરોહિતપણું માન્ય રાખેલું અને તેની માંગણી ઉપરથી કવિ નર્મદાશંકરે અને બીજાઓએ નાગર જ્ઞાતિનો ઇતિહાસ અને બીજી વિગતો લખી આપેલી. તે ઉપરાંત વિઠ્ઠલજી ગોરને એક ઉત્રાણું કરીને સુરતની આખી નાગર જ્ઞાતિના આગેવાનોએ સત્કાર કરેલો હતો, એમ કવિના કાગળો તપાસતાં જણાય છે. કવિના સુધારા તરફ ઝોકના વિચારો અને ચળવળ કેટલાક જુના વિચારના સ્વ. કૃષ્ણશંકર લાલશંકર પંડ્યા વગેરેને પસંદ નહિ પડયાથી તેઓએ તેમાં ભાગ લીધેલો નહિ, એટલું જ નહિ પણ કવિના અને બીજાઓના લખાણને વખોડી નાંખનારૂં લખાણ સ્વ. કૃષ્ણશંકરે ગોરના ચોપડામાં લખી આપેલું, જેની નકલ પણ કવિના કાગળોમાં છે. આ વિઠ્ઠલજી ગોર તે પછી સુરત છોડી ગુજરાત, કાઠિયાવાડમાં પોતાના યજમાન વર્ગમાં ફરી આવેલા અને તેઓની પાસેથી પણ નાગરો સંબંધી હકીકત લખાવી લીધેલા એમ પણ જણાય છે. તેમાંથી સ્વ. મણિશંકર જટાશંકર કીકાણીનો પણ એક લેખ હતો. આ લેખ પણ ગુજરાતીના દિવાળીના અંકમાં છપાયો છે. કવિ વિરોધી બળ કેવું હતું તેનો ખ્યાલ આવવા માટે અમે રા. કૃષ્ણશંકર લાલશંકર પંડ્યાનો લેખ આ પુસ્તકમાં છાપેલો છે. સંપાદક]

૨ સૂર્યવંશી કનકસેને સંવત ૨૦૦ માં વડનગર વસાવ્યું. સંવત ૨૮૩ માં વડનગરમાં રહેતા બ્રાહ્મણોએ અથવા એમાંના મોટા સમુદાયે બીજા બ્રાહ્મણથી શ્રેષ્ઠ છે, એમ જાણી પોતે **નાગર** નામ ધારણ કર્યું, અથવા ત્યાંના સઘળા અથવા કેટલાએક બ્રાહ્મણો નાગર શબ્દે ઓળખાવવા લાગ્યા. નગરમાં રહ્યા તે નાગર અને ગામડાંના લોક કરતાં શહેર નગરના લોકમાં જ્ઞાન, વિચક્ષણતા ને સુઘડતા વિશેષ હોય છે, તેથી નાગર શબ્દ ચતુર શબ્દનો પર્યાય છે. સંવત ૪૨૪ માં કોઈ બહારના યવનો વડનગર ઉપર તુટી પડ્યા, ત્યારે ૫૦૦૦ નાગર બ્રાહ્મણોએ ક્ષત્રીનું કામ કરી કુળ રાખ્યું, ધર્મ રાખ્યો ને દેશ રાખ્યો. એ પ્રસંગે બ્રાહ્મણથી ક્ષત્રીનું કર્મ કેમ થાય તેને માટે મોટો વિચાર થઈ પડયો હતો ને છેવટે નક્કી થયું હતું કે બ્રાહ્મણ ને ક્ષત્રીમાં ભેદ નથી, તે એક જ છે. સંવત ૬૪૫ માં કોઈ યવનના ઉપદ્રવથી (પારથીયન અથવા હૂણ જાત હશે– વલ્લભીપુર તૂટયું તે વખતમાં) ઘણાક નાગરો પાટણ જઈ રહ્યા. વડનગરવાળ આભ્યંતર ને પાટણ ગયા તે અધવાસ કહેવાવા લાગ્યા; કેટલાંએક વરસ પછી,

"ક્ષત્રીવટ જે ધારી નાગરે, તે રાજ્યઅંશી થઈ રહ્યા,"
"કેટલાક બીજા રહ્યા તે, વ્યાપારને વશ થઈ રહ્યા,"
"વ્યાપારનો ઉદ્યમ કરે તેનું, ગૃહસ્થ નામ ન્યાતે ધર્યું,"
"બીજા બ્રાહ્મણ વેદમૂર્તિ, એ ત્રિવિધિ નામ કુળમાં કર્યું."

સંવત ૯૩૬ માં વિસલદેવ રાજાનો પ્રતિગ્રહ કરવાથી વડનગરા, વિસલનગરા, સાઠોદરા, પ્રશ્નોરા, કૃષ્ણોરા, અને ચિત્રોડા એવા ૭ ભેદ થયા. સંવત ૧૨૭૨ માં ગોરીશા(શાહબુદીન ગોરી)ના ત્રાસથી વડનગર બીજી વાર ભાગ્યું. તેમાં બે હજાર નાગર જુનાગઢ ગયા ને એઓને ત્યાંના નોંધણ રાજાએ રાજકાજનો ભાર સોંપ્યો. તે જ વખતે હજાર નાગર ઇડર પણ ગયા. એઓ અમદાવાદી અધવાસ પદ પામ્યા, ને સોરઠી બે હજારની આભ્યંતર પદવી રહી. સંવત ૧૭૮૨ માં દક્ષિણને ત્રાસે સર્વે નાગર નગરની આશ મુકીને નીકળ્યા. તે ઇડર, વાલંભ, વાંસવાડું, ડુંગરપોર, પાટણ, કાશી ને મથુરાં ગયા.

૩ **કુળ કથા**–એક પ્રસંગે કાશીનો એક ઢેડ વડનગરના નાગરની કન્યાને પરણ્યો હતો ને એને છોકરાં થયાં હતાં. તે વાત પછવાડેથી માલમ પડયેથી તે સ્ત્રી પોતાનાં છોકરાં સહિત બળી મોઈ હતી. (એ પ્રસંગનુ સ્મરણ હજી પણ નાગરોમાં શુભ કાર્યમાં થાય છે.) એ બનાવથી નાગરી નાતના બ્રાહ્મણોએ પેલી બાઈનાં સગાંઓને ન્યાત બહાર મૂકયાં, એથી ન્યાત બહાર રહ્યા અધવાસ અને ન્યાત બહાર મૂકનાર આભ્યંતર કહેવાયા. જુનાગઢવાળા વ્યાપાર ઉદ્યમ કરનારા ગૃહસ્થના વંશના છે. સીપાઈ નાગર કહેવાય છે તે જેમણે ક્ષત્રી કર્મ કર્યું તે; તેઓ નાગરોના વંશના નથી પણ અધવાસમાંના છે. દયા બહાદુર સીપાઈ નાગર હતા. કૃષ્ણોરાનો વંશ નથી.

૪ હાલના વડનગરા બ્રાહ્મણો પોતાના ગૃહસ્થો તરફથી પૂરો આશ્રય ન મળવાથી વાણીઆઓના પ્રતિગ્રહ કરતા થયા છે, તેમાં કેટલાક તો નિત્ય વાણીઆઓની યજમાનવૃત્તિ કરે છે. સુરતમાં ગૃહસ્થો ભિક્ષુકને હલકા ગણે છે. ભિક્ષુકો જજમાનીઓને હલકા ગણે છે.

૫ ગોરને મોહડેથી ખંડવાના નાગરો વિશેની વાત સાંભળીને હું ઘણો જ દિલગીર થયો છું કે, ત્યાંના ઘણાક હાળ ખેડવાનો, કાવડથી પાણી ભરવાનો ને દક્ષણીઓનાં અજીઠવાડ સાજવાનો હલકો ઉદ્યમ કરે છે. એ આપણે શરમાવા જેવું છે; માટે એ સ્થિતિમાંથી તેઓને ઉંચા આણવાને આપણી તરફથી યત્ન થવો જોઇએ.

૬ સુઘડતા ને શ્રીમંતાઇ એ બે કુલીનપણાનાં મુખ્ય અંગ છે. જે લોકોમાં એ વિશેષ તેમ તે ઉંચા ગણાય છે. નાગરો ગુજરાતી લોકમાં વિશેષે વિચક્ષણ ને સુઘડ છે, એમ મનાયું છે, મનાય છે ને મનાશે–પણ કયારે કે જ્યારે સુધારાના વિચારથી દેશાભિમાનને અર્થે નાગર નામ ધરાવતા બ્રાહ્મણો સઘળી વાતે એક થશે ત્યારે. ગૃહસ્થો જ્યારે પોતાની સુઘડતા વિનાની ગૃહસ્થાઇનો મમત મૂકશે, ભિક્ષુકો પોતાની ભિક્ષુકીની પરાધીનતા ને ફૂવડતા મૂકશે, સહુ પોતપોતાના સ્વતંત્ર ઉદ્યમ ઉપર પોતાના નિર્વાહ યશ ને સુખને અર્થે આધાર રાખશે, ગૃહસ્થ ભિક્ષુકનો અને દેશાંતરનો ભેદ ટાળી કન્યા આપશે લેશે, વિદ્યા ભણશે, પોતાની કલમ ને પોતાની બરછીનાં જોર બતાવશે, પરસ્પર સહાય કરશે તો જ ફરી પાછા આપણે પ્રથમ કુલાભિમાન ને પછી દેશાભિમાનને અર્થે નાગર ઐક્ય કરી શકીશું. રૂપ, રીતભાત, વિદ્યા, ગુણ, ચાતુરી, પદવી, ધનમાં આપણી પૂર્વની કીર્તિ રાખી રહીએ. એને માટે આચારવિચાર, રીતભાત વિગેરે જે આ સમયને અનુકૂળ ન પડવાથી આપણા ઉત્કર્ષના રસ્તામાં કાંટા રૂપે પડ્યાં છે તેમાં ક્ષત્રીશૌર્યથી સુધારો કરવો જોઇએ. ખરેખર જુનાં બંધનો તોડ્યાથી અને સંપરૂપી નવાં બંધન રાખ્યાથી મહાત્મતા, પ્રેમ, શૌર્ય, ટેક, યશ, આદિ સદ્‌ગુણવાળી કુલીનતા રાખી શકીશું. પ્રથમ આપણામાંનાઓએ ક્ષત્રીનું કામ કર્યું હતું તેમ આપણે પણ વ્હેમખાનાના જુલમથી છૂટવા ને તે પછી નાગર ઉત્કર્ષરૂપી કિલ્લો મેળવવા ઉદ્યમ, સાહસ, બળ, ધૈર્ય, બુદ્ધિ, પરાક્રમ, એ સદ્‌ગુણ આગ્રહથી કાં ન બ્હાર પાડવા ?

નથી શું કોઈ ગુજરાતીમાં, ઉંચી કુલિનતાવાળો,
શૂરવીર ને રસજ્ઞ રંગી, સત્ય પ્રતાપે જ સરજ્યો.
નર્મદ સાથી રે દેશ ઉત્કર્ષ વિષેજી;

સુરત, આમલીરાન સંવત્ ૧૯૨૪ ના ચૈત્ર વદી ૬ ને સોમ તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૬૮

સુરતના નાગરોની પરસ્પર લાગણી

[નોંધ: આ સાથે નીચે છાપેલા લેખો કવિ નર્મદાશંકરે, ઉજ્જૈનના ગોરને બીજા નાગરોએ તેના ચોપડામાં લખી આપેલી હકીકત તેમાંથી ઉતારી, લીધા છે. તેના ઉપર બાજુએ હાસિયામાં કવિએ કેટલીક ટીકા કરી છે, માટે આ લેખો અત્રે છાપ્યા છે. એ ઉપરથી સુરતના વડનગરા નાગરોમાં પરસ્પર કેવી લાગણી હતી તેનું આછું પ્રતિબિંબ વાંચનારને મળશે. સંપાદક]

લી૦ દવે નારણશંકર ચંદ્રશંકર જત શ્રી અવન્તીકાપુરીના ગોર શુકલ વીઠ્ઠલનાથજી સુરતમાં આવેલા છે. તેઓએ ઉપર મહેતાજી દુર્ગારામ પાસે વંશાવળી લીધેલી છે, તેથી હું લખતો નથી અને તેઓએ તથા બીજા સદ્‌ગૃહસ્થોએ પોતાની બુદ્ધિનો વિલાસ કરેલો છે તેથી આનંદ થયો છઉં. સંવત ૧૯૨૪ ની ચૈત્ર શુદ્ધ ૧૫ વાર ભોમે દવે નારાયણશંકર ચંદ્રશંકર સહી દા. પોતાના હાથના છે.

× × × ×

મ્હેતાજી સરખાને બ્રાહ્મણ ન્યાતમાં ગણાવાથી બહુ ક્ષતી લાગે છે. એણે જે લોક નાગરમાં કહી કરનારા છે તેની પંકતીમાં ગણાવાનું ઘણું પસંદ છે. સંવત ૧૯૩૦ ના ભાદ્રવદ ૫ વાર ભોમે.

× × × ×

આ લેખો મધેના કેટલાએક ગૃહસ્થોના ખોટા અને પ્રપંચભરેલા મતાભિમાની લેખો જોઇ મને આશ્ચર્ય લાગે છે કે જેઓ પોતાને ડાહ્યા અને પ્રમાણિક સમજી ઊંડા પ્રપંચમાં માલે છે. જેમકે મ્હેતાજી દુર્ગારામે પોતે નાગરી નાતબહાર છતાં પોતાની ઇચ્છાથી તડમાં નથી અને પોતાનો વ્યવહાર એકઠો ચાલે છે એવું લખેલું છે તો તેમાં કેવું ખોટું છે ! જ્યારે પોતાને ઘેર શ્રાદ્ધાદિક આવે છે ત્યારે જે નપાકમાં સ્પર્શ કરવાનો અધિકાર ન છતાં આવું ખોટું લોકને ભૂલવણી સારૂં લખ્યું એથી પોતાના સ્વરૂપને વાસ્તવિક જોતાં કેવું દૂષણ લાગે છે, તેનો વિચાર કીધો નથી ને વળી પોતે કોઈ પણ આધાર લઇ વર્તતા નથી એથી અફસોસ છે.

× × × ×

શુકલ વીઠ્ઠલનાથજી, શ્રી ઉજ્જનના; નાગરી ન્યાતના ગોરનો ચોપડો. સંવત ૧૯૩૦ ના ભાદ્રવદ ૮ વાર શનિ તા૦ ૩ જી અકટોબર સન ૧૮૭૪ ઇસ્વી.

આવી જાતના ચોપડા જો તેમાં કંઇ ધોરણસર ને જરા વિચિક્ષણતાથી લખાણ કરવામાં આવ્યા કરતું હોય તો તે નાગરોના આવાર પછીના થનાર કોઇ ઇતિહાસ લખનારાઓને સાચી હકીકત મેળવવાના સાધનરૂપ થઇ પડે એટલુંજ નહિ, પરંતુ દેશના (કોઇ પણ પ્રકારના) સામાન્ય ઇતિહાસને માટે પણ તેમાંથી ઘણીવાર મુદ્દાની બાબદો મળી શકે.

પરંતુ આવડો મોટો આખો ચોપડો જોઇ જતાં, આઠ દશ પાના સિવાય અને પાંચ છ જણોના લખાણ સિવાય તમામ લખાણ નાગરોના કે દેશના ઇતિહાસના માટે નજીવું નિરૂપયોગી ને નિરસ સરખું જણાય છે.

અમુક સાધારણ માણસના કુટુમ્બ પરિવારનું ફિક્કું ડંફાણ તે માણસ સિવાય કે તેના કોઇ તેવા કુટુંબી સિવાય બીજા કોઇને કામનું નથી. મારે આટલા છોકરા છે ને આટલી છોકરી છે ને તેનાં નામ ફલાણાં ફલાણાં છે કે હજી મારે બીજી આટલી પ્રજા થવાનો સંભવ છે ને બીજી આટલી પ્રજાને માટે હું ઇન્તેજાર છઉં, કે મને આટલો પગાર મળતો ને હાલ આટલો મળે છે, કે મેં આમ કીધું ને તેમ કીધું, કે આપણે આમ કરવું જોઇએ કે તેમ કરવું જોઇએ એવું એવું નકામું ટાહેલું કરી સ્વાભિમાનની ભૂંગળો ફૂંકવી, એ ટૂંકા વિચારના માણસનું કામ છે, તેમ જ એવી ભૂંગળો ફૂંકવાની જગા આવા ચોપડાઓ નથી.

આ તો હું સેહેજ મારો અભિપ્રાય લખું છું. આમાં અગાઉ લખાણ કરી ગયેલાઓમાંથી કે આ વાર પછી લખાણ કરનારાઓમાંથી જો કોઇને આ મારો વિચાર ન રૂચે તો તેમને એમ જાણવું કે જેમ તેમની નજરમાં જે આવ્યું તે તેઓએ લખ્યું તેમ જ મારી નજરમાં જે ઠીક લાગ્યું તેમ મેં લખ્યું.

ખરેખરી કામની ને આ ચોપડામાં લખવી જ જોઇએ એવી કેટલીક બાબતો હાલ છે પણ કેટલાએક કારણોને લીધે તેમ જ જોગવાઇ ન હોવાથી હું તે હાલ લખી શકતો નથી.

લ. કૃષ્ણશંકર લાલશંકર દવે

× × × ×

કવિની નોંધ ::

ઉપર મ્હેતાજી દુર્ગારામ મંછારામે જે વૃત્તાંત લખેલું છે તે તો કદાચ ખરૂં હશે પણ તેમાં પોતાનો મનોભાવ બતાવ્યો નથી તે બતાવવો જોઇએ. જેઓ બ્રાહ્મણ પંક્તિમાં ગણવાથી હલકું માને છે—કેટલાક વર્ષ સુધી એઓએ પોતે નાગર જેઓ નોકરી કરી પોતાનો નિર્વાહ ચલાવે છે તેઓની પંક્તિમાં દાખલ થવાનો અભિપ્રાય કાઢ્યો, પણ તે પ્રયત્ન સફળ થયો નહિ ને હજી પણ તેઓ ચાકરી કરનાર નાગરની પંક્તિમાં દાખલ થવાની ઉત્કંઠા

રાખે છે પણ લાચાર છે કે જેઓ એઓને દાખલ કરતા નથી અને આવા લોક જેઓ પોતે સારી પંક્તિમાં જે શાસ્ત્ર પ્રમાણે જોતાં નિંદ્યવર્ગ છે, તેમાં પેસવા નામનો ભાવ રાખે છે તેથી એઓના સ્વરૂપને જે ભૂપણુ હોય તે જ દૃષ્ટિ બહાર લાગે છે તેનો વિચાર તેઓ કરતા નથી, કે પોતે શાસ્ત્રજ્ઞપણાનો અભિમાન રાખે છે પણ પોતે તે પ્રમાણે વર્તતા નથી ને છોકરાઓને વર્તાવતા નથી. જેમકે પોતે બ્રાહ્મણના સત્ કર્મવાળા કાંઇ કામ કરતા નથી અને છોકરાઓને સંસ્કાર છતાં તે કરવાનું બતાવતા નથી. અને ખોટા જાણપણાનો વેશ લોકમાં બતાવે છે. સંવત ૧૯૩૦ ના ભાદ્રપદ.

(સંપાદકની નોંધ: આ સિવાય સુરતની બ્રાહ્મણ નાગરન્યાતમાં ગૃહસ્થ અને ભિક્ષુક સંબંધમાં કેવો મતભેદ ચાલતો હતો તે વિશે કેટલું ટીપ્પણ કવિએ કરેલું છે, પણ તે અસ્તવ્યસ્ત હોવાથી અને બરાબર ઉકેલી શકાતું નહિ હોવાથી તેમ જ કાગળો જીર્ણશીર્ણ થઇ ગયેલા હોવાથી ઉતારી છાપ્યું નથી.)

---

(૨)

મારી કવિતા વિષે મારા વિચાર

કૉન્ટીટી સંબંધી—ગદ્ય, વ્યાકરણ, કોશ વગેરે ન લખત, પ્રુફ તપાસવાનાં ન હત, કંપાઇલેશન ન હત, ઘર ચલાવવાની ખટપટ ન હત, નાણાંની હંમેશ તંગી ન હત વગેરે વગેરે—તો નિરાંતથી ઘણી કવિતા લખત. મેં કવિતા ઘણી જ તાકીદથી લખી છે. ઘણીએક તો પ્રસંગોપાત્ત ઉભરામાં લખી છે. એ જોતાં થોડી મુદતમાં મેં જેટલી કવિતા લખી છે, તે કવિતા ઘણામાં ઘણું સામળ, પ્રેમાનંદ ને દયારામ તેની કવિતાના સંગ્રહના અર્ધ બરાબર તો હશે જ. તેઓએ પોતાની જીંદગી કવિતામાં જ કાઢી, માટે ઓછામાં ઓછો ૬૦ વરસનો તેઓનો સંગ્રહ કહેવાય. મને તા૦ ૩૧ ડીસેમ્બર ઇ. સ. ૧૮૬૭ એ કવિતા લખતાં ૧૧ વરસ ને ત્રણ મહિના થયા છે.

૨ **ભાષા**—હું જુવાન છઉં, જોસ્સાવાળો છઉં, બોલવાની છટા છે, વિચાર તરત સુઝે છે, નાગરી ન્યાતમાં છઉં, હવે મારો ગરમ થયલો વિચાર સ્હેલથી જોસ્સાવાળી ભાષામાં કેમ ન નિકળે? મારી ગદ્યની ભાષા તે સરળ ને જોસ્સાવાળી સહુ કહે છે, ત્યારે મારી કવિતાની ભાષા સરળ ને જોસ્સાવાળી કેમ ન હોય? કવિતા લખતાં તો જોસ્સો બહુ ઉભરાઈ આવે છે. હું ગામડિયો નથી, પણ શહેરી છઉં, ઉંચ કુળનો છઉં, ઉંચી સંગતમાં છઉં, જન્મ ધરી શુદ્ધ બોલતો લખતો આવ્યો છઉં, માટે મારી ભાષા શુદ્ધ કેમ ન હોય? શુદ્ધ છે, વ્યાકરણનિયમ જેટલો મારી કવિતામાં છે તેટલો થઈ ગયેલાઓમાં નથી: મારી કવિતાની ભાષા બિલકુલ દોષવાળી

નથી—૧૮૫૫ થી તે ૧૮૫૮ લગીની મારી કવિતા, પિંગળના નિયમ પુરતા જાણ્યામાં નહીં તેથી, હ્રસ્વ દીર્ઘ રાખવા જ જોઇએ એ વિચારથી, કોઇને માત્રામેળ છંદો વાંચતાં સાંભળેલા નહીં તેથી, મારી મરજી પ્રમાણે મેં મારા તાલમાં વાંચેલા તેથી, મુંબઇ સુરતમાં કોઈ પિંગળ જાણનારો નહોતો અને શુદ્ધ લખવાની ખંત તેથી, થડકતી છે, એ વાત ખરી; પણ એ ઘણી જ થોડી છે, ને એ કવિતા ઉપરથી કેટલાકોનું મત બંધાયું હશે કે ભાષામાં સરલતા નથી. જેમ સાધારણ માણસની બોલવાની ભાષા, વિદ્વાનની જુદી પડવી જ જોઇએ ને પડે છે, તેમ મારી કવિતા શાસ્ત્રીય ભાષામાં સ્વાભાવિક લખાયાથી, ને નવા જ વિષયોને નવી જ લાગે તેવી ઢબથી લખેલી તેથી, તે સાધારણ લોકને મારી ભાષા સારી ન જ લાગે. સાધારણ સંસ્કૃત ભાષાથી કાવ્યની ભાષા તેની ઢબમાં ઘણી જ જુદી પડે છે, પણ શું ત્યારે એ દોષવાળી છે? ના. સંસ્કૃત મહાકાવ્યોની ભાષાના કદરદાન પંડિતો જ છે. તે એટલી તો મુશ્કેલ છે કે તે કાવ્યનો અભ્યાસ કરેલા એવા શાસ્ત્રીને પણ થોડે વરસે તે પર ટીકા વાંચવાની તે ગરજ પાડે છે. વિદ્વાનની ભાષા તે જ ખરી ને સુંદર ભાષા એલીઝાબેથના વખતની પહેલાની ભાષા ને હાલની ભાષા ઘણી જુદી પડે છે, માટે શું તે ભાષા સારી? ના. એલીઝાબેથના વખતની ભાષા કરતાં આન ને જીયોર્જ ત્રીજાના વખતની ભાષા સહુથી સારી ગણાય છે. ૧૮૨૭ થી ગુજરાતી ભાષા સુધરવા માંડી છે, ને એ સુધરેલી ભાષામાં હું પહેલો જ છું, ને એ ભાષા જુની સમજતા ઘરડાઓને અને હાલના સમજતા લોકોને ઘણી જ સારી લાગે છે. હવે મારી ભાષા દોષવાળી કેમ કહેવાય? અલબત્ત પ્રથમ ખેડાતી ભાષામાં હું પહેલો છઉં માટે તે દોષવાળી હોય, તો પણ શું એ ઉપરથી મારી ગુજરાતી ભાષા, પ્રેમાનંદની ભાષાથી ઉતરતી પંક્તિની કહેવાય? ના, ના. મારો સુધારાનો નવો વિષય, તેમાં વળી કવિતાની ભાષામાં તે લખાયલો તો ભાષા જુદી પડવી જ જોઇએ, પણ જુદી છે અને નઠારી છે એમ કેમ કહેવાય? કવિતાની ભાષા ગદ્યભાષાથી જુદી પડવી જ જોઇએ. અંગ્રેજી સારી કવિતાની, ને સંસ્કૃત સારી કવિતાની ભાષા લખવાની ઢબ ઉપરથી અંગ્રેજી સંસ્કૃતની ગદ્યભાષાથી જુદી જ પડે છે. "પ્રેમે શું છોડી દીધી," એ કોઈ સાધારણ માણસથી સમજાશે નહીં ને એમ કોઇ બોલતું પણ નથી, માટે શું એ અશુદ્ધ ને નઠારી ભાષા છે? સમજતો વિદ્વાન તો ઉલટું વખાણ કરશે. એમાં પ્રેમને રૂપક આપી કહ્યું છે કે પ્યારી તું ને પ્રેમ એ બે દોસ્ત હતાં, પણ હવે શું પ્રેમે તારી દોસ્તી મુકી દીધી છે? પ્રેમના જોસ્સા સાથે મને ઘણું બનતું, તે શું હવે તે જોસ્સાએ તને મુકી દીધા છે? શું તારામાંથી તે જોસ્સો ગયો છે?

૧૮૫૫ થી તે ૧૮૫૯ સુધીની ભાષા થડકાતી છે તેનાં કારણોઃ–

૧ હ્રસ્વ દીર્ઘ જોડાક્ષર વગેરે રાખવાની કાળજી–જે મટી ૧૮૫૯ માં દલપતરામને પૂછ્વાથી કે–રાખવી કે, નહીં ?

૨ મોટા વિચાર ટુંકામાં મૂકવા એમાં વિદ્વત્તા છે. ભાષા જોસ્સાવાળી છે, રડતી નથી.

૩ અપભ્રંશ થોડા વાપરવા એવી ખેત. લાગિયો ને વાગિયો હું જન્મમાં બોલેલો નહીં, ને એમ લખતાં મને બહુ દુઃખ થતું ને તેમ ન્હોતો જ લખતો. ન ચાલતાં જુજ એવું લખેલું. એ દૂર કરવાના વિચારથી સરળતા ઘટેલી. વળી સાધારણ લોક સાધારણ વાતને પ્રાસવાળી ભાષામાં મૂકી એટલે એ રચનાને કવિતા કહે છે, એવા વિચારવાળાને મારી ભાષા કેમ સારી લાગે ? કવિતા અક્ષરમેળ છંદમાં છે–જે ગુજરાતીમાં નવી જ છે–હવે એ વાંચી ન શકાય તો પછી ભાષાની લ્હેજત કેમ લાગે ?

૩ **કુદરતી** છઉં–કવિતા કરવી એવો, વિચાર સ્વપ્નામાં નહિ. પ્રથમ પ્રીતિના વૈરાગ્યના જોસ્સાથી મારૂં મન કવિતા તરફ ગયું; તે પીંગળ જાણ્યા વિના પણ સ્વાભાવિક રીતે મારાથી નમુનાના રાગડા પ્રમાણે કેટલીક કવિતા લખાઇ ગઇ છે–જુવાન–જુસ્સાવાળો માટે.

૪ Picture ચિત્ર–Real and ideal, poetical–many and more than any other poet in our language. (સાચ્ચ અને આદર્શ–કાવ્યાત્મક–અને આપણી ભાષામાં કોઈ પણ કવિએ વાપર્યાં હોય તે કરતાં પણ ઘણા વધારે) પ્રેમાનંદ દયારામનાં ચિત્ર દેશી રંગોથી ઘણાં સારાં રંગેલાં છે. મારાં 'સ્ટીલ એન્ગ્રેવીંગ' છે.

૫ Universality–સર્વતોભદ્ર શક્તિ–I can write on any sudject, because I see poetry in everything. (હું કોઇ પણ વિષય ઉપર લખી શકું તેમ છું, કારણ કે હું બધી વસ્તુમાં કાવ્ય નિરખું છું.)

૬ **રસ**–Love–એ વિષયમાં જેટલા મેં અનુભવિ ખરા વિચાર કવિતા રૂપે લખ્યા છે તેટલા કોઇએ નથી લખ્યા. મારા વિચાર પ્રમાણે એ રસ મેં સૌથી સારો લખ્યો છે. મારામાં સંયોગશ્રૃંગાર નથી, ને નથી એટલે તે શ્રૃંગારરસ લાયક ફક્કડ ભાષા પણ નહિ જ.

કરુણ રસ–એ જ્ઞાનના ઘરનો મનમાનતો છે–પછી ઇશ્વર સંબંધી કે પ્રિયા સંબંધી. જ્ઞાનનું ઘર બાદ કરીએ તો તે થોડો છે.

શાંત–નવી રીતનો સારો છે.

હાસ્ય—નહીં. મારી કવિતા દર્દની ભરેલી છે એટલે હોય જ નહિ, તેમ કવિતાને હું ગંભીર વિષય સમજું છું, માટે તેવું તેમાં લખ્યું નથી. બાકી હાસ્યરસ પ્રૌઢ રીતે હું કેટલો ઉપજાવી જાણું છું, તે મારા ગદ્યથી અને જેઓએ મને વાતચિત કરતાં જોયો હશે તે સહુ સારી પેઠે જાણે છે.

ભયાનક, બીભત્સ, અદ્‌ભુત, રૌદ્ર—એ લખ્યા નથી.

વીર—મેં જ લખ્યો છે, ઘણો લખ્યો છે ને ઘણો સારો લખ્યો છે. યુદ્ધવર્ણન નથી કીધું એટલું જ બાકી છે.

૭ અલંકાર—મારામાં ઘણા નવા છે. ૮ અર્થ પ્રૌઢી—ઘણીજ છે.

૯ નેચર (કુદરત)નું ડીસ્ક્રીપશન (વર્ણન) તો મેંજ દાખલ કીધું છે.

૧૦ અક્ષરવૃત્ત તો મેંજ દાખલ કીધા.

૧૧ ORIGINALITY—અપૂર્વ રચનાશક્તિ—ઘણી જ, પણ એક મોટા વિષયમાં હજી આણી નથી.

૧૨ વર્ણનશૈલી—સુધારાના શુષ્ક વિષયને નવી ખેડાતી ભાષા છતે જેવો જોઇએ તેવો કરી મુકેલો છે, તેથી તે ભડાભડા રંગ જોવાની ટેવ પડી ગયેલી તેવાઓને દીપતો દેખાતો નથી.

૧૩ અતિશયોક્તિ—ઘણી નહીં—છાંટ નહિ—સાચું અથવા બની શકે તેવું.

૧ જોવાનું એટલું છે કે અગર કદાપિ નઠારી ભાષામાં લખાયલું છે તો તે ભાષાની અપૂર્ણતાથી કે કવિની ભાષા માલમ નથી તેથી.

૨ અપૂર્ણ ભાષામાં નવા વિચાર ટુંકામાં લખ્યા છે. એવી રીતે જ્યારે ઘણા ગ્રંથો થશે ત્યારે ભાષા જેવી જોઇએ તેવી થશે.

૩ હાલ કિયો માણસ પ્રેમાનંદની અથવા દયારામની ભાષા બોલે છે?

પ્રેમાનંદની ભાષા મારા કરતાં વધારે સારી એમ તો કહેવાય જ નહીં. એ કહેવું તદ્દન ખોટું છે. જમાનો બદલાયો છે. અસલી ગુજરાતી ને હાલની ગુજરાતીમાં ફેર છે. તેમાં ગ્રંથની ભાષા, જુના ગ્રંથની ભાષાથી, વિચાર, ઢબને લીધે જુદી જ પડવી જોઇએ. હવેના લોકો કોઇ પ્રેમાનંદની ભાષામાં ગ્રંથ લખે તેવો સંભવ નથી. ત્યારે એ બે ભાષાનો મુકાબલો કેમ થાય? પ્રેમાનંદના વખતમાં હું હોઉં ને પછી મુકાબલો થાય ખરો. રે, તે વખત પણ જારે તેના વખતમાં સામલ કે વલ્લભ હતા, ત્યારે પણ એ ત્રણેની ભાષામાં ઘણો ફેરફાર હતો તે માલમ પડે છે. શું સામળની ભાષા પ્રેમાનંદથી જુદી નથી?

વાર, વિષયપરત્વે છંદની બાંધણી પ્રમાણે કવિની લખવાની ઢબ પ્રમાણે ભાષા જુદી પડે છે. હમણાનો જમાનો મુકાબલો હમણાની જ ભાષા સાથે

થાય. હું નથી કહેતો કે મારી ભાષા સારી છે. હજી તો ગ્રંથ લખવાનું શરૂ થાય છે, જ્યારે ઘણા ગ્રંથો થશે ત્યારે ભાષા પૂર્ણ સારી થશે. મારી ભાષા કેટલાક જુના ગ્રંથ વાંચનારાઓને નઠારી લાગતી હશે, પણ તેમાં મારી ભાષાનો વાંક નથી. તેઓને મારી ભાષા વાંચવાનો અભ્યાસ નથી—અભ્યાસથી સારી જ લાગશે. તેમ અસલી વાંચેલી, તેના પર ઘણા દહાડાની પ્રીતિ લાગેલી, તેથી બીજી નઠારી જ લાગે. અકબર ને તાનસેનની વાત. ગવૈયા આલાપ કરે છે તે જેઓના કાન નથી સુધર્યા તેઓને તે ગાણું પસંદ નથી—રંડીનું ને ભીજનું ગાવું પસંદ છે. શા માટે? ગવૈયાની ભાષા તેઓને કઠોર લાગે છે—પણ કારણ, ગવૈયાનો રાગ સાંભળવાનો અભ્યાસ નથી ને તેમાં તેઓ કંઈ સમજતા નથી, તેમ જ કવિતા વિષે.

૨ ગમે તેવી મારી ભાષા છે, પણ મારા અનુભવથી કહું છું કે સેંકડો જનોએ જેઓએ મારી કવિતા મારે મોઢેથી સાંભળી છે, તેઓ કવિતાની જ ખુબીમાં લીન થઇ ગયા છે. તેઓને ભાષા સંબંધી વિચાર આવ્યો જ નથી—હવે ભાષાને ને કવિતાને શો સંબંધ?

૩ મારી ગદ્યની ભાષાના જુદા જુદા વિષયમાં જુદી જુદી ભાષા છે—પણ તેનો તે સઘળા ઉપરથી જે સાધારણ રીતે મારી ભાષાનો એક ચહેરો થાય છે, તેમ મારી કવિતાનો જુદા જુદા વિષય ઉપરથી પણ છેલ્લી વારે સાધારણ એક ચહેરો થાય છે. એ શું જુદાઇ? બિલકુલ નથી. મારૂં લખાણ—મારી ભાષા—પછી ગદ્યની કે પદ્યની—એક જ હોવી જોઇએ છે.

પ્રેમાનંદની ભાષા વધારે સરળ લાગે છે તેનું કારણ કે તેણે સંસારી બાબતને સાધારણ લોકની ભાષામાં લખી છે, અને તેમાં વિચારો સાધારણ વિચારોથી ઘણા ઉંચા નથી. વળી દેશીમાં છે. મારી દેશીવાળી કવિતા કોઇ કોઇ જ સરળતા વનાની હશે, મારી છે તે Sentimental poetry—ideas rising far above the commonplace—his airs are affecting while *matra–vrittas* and *akshar–vrittas* are not affecting—his language is uniform throughout, mine is not. Persian and Urdu words which to my taste are on certain occassions expressing my ideas fully vividly and of which are no equivalents from Sanskrit or Gujarati could be used in our language. Language is now–a–days newly formed on account of new ideas being introduced into our language.

Premanand does not abound in so many and so vivid pictures as mine. His beauty is in the true

description of manners and human natures (indicative of reflections)–in expressions and coloured pictures liked and understood by the mass.

Mine is in the desoription of human natures and external nature with sentiments and ideal pictures understood by the learned and men of eperience by whom they are conceived. These pictures can not be put into the popular language, they can be put into poetical language.

Premanand has nothing to suggest–pleasure from suggestion being hard–won, is more èxhilarating; mine has much to suggest. His is a jolly beauty, mine is melancholy.

(લાગણીના ઉભરાનું કાવ્ય–સામાન્ય વિચારો કરતાં મારાં કાવ્યના વિચારો ઘણા ઉંચા ઉડે છે; જ્યારે તેનું (પ્રેમાનંદનું) સંગીત અસરકારક છે, ત્યારે માત્ર વૃત્તો અને અક્ષર વૃત્તો તેટલા અસરકારક નથી; એની ભાષા સર્વ સ્થળે એક સરખી છે જ્યારે મારી નથી; ફારસી અને ઉર્દુ શબ્દો જે મારા મત પ્રમાણે કેટલીકવાર મારા વિચારો સંપૂર્ણ અને તાદૃશ્ય રીતે દર્શાવે છે અને જેના સમાન ગુજરાતી કે સંસ્કૃતમાં ભાવ દર્શાવનાર શબ્દો નથી તે આપણી ભાષામાં વાપરી શકાય. આપણી ભાષામાં નવા વિચારોનો ઉમેરો થતો હોવાથી ભાષાનું સ્વરૂપ હવે નવેસરથી બંધાય છે.

પ્રેમાનંદમાં મારા જેટલાં ભભકભર્યાં એટલાં બધાં ચિત્રો નથી. સાંસારિક રીતરીવાજો અને મનુષ્ય સ્વભાવ(વિચારદર્શક)નું આબાદ વર્ણન કરવામાંજ એની ખરી ખુબી છે–તે સામાન્ય લોકસમાજને પસંદ પડે તેવો અને સમજાય તેવી શબ્દરચનામાં અને અતિશયોક્તિવાળા આકારમાં.

મારી કવિતાની ખુબી મનુષ્યસ્વભાવનું અને કુદરતનું લાગણીવાળું બાહ્ય વર્ણન છે, અને આદર્શ ચિત્રો એવાં છે કે તે ભણેલા અને અનુભવીઓ જેઓ આજે તેની કલ્પના કરે છે તેઓથી જ સમજી શકાય. આ ચિત્રો લોકપ્રિય ભાષામાં મૂકી શકાય તેવાં નથી, તેઓ તો કાવ્યાત્મક ભાષામાં મૂકી શકાય તેવા છે. પ્રેમાનંદમાં સૂચનારૂપ લખાણ નથી જ–સૂચના (વ્યંગ)માંથી ઉત્પન્ન થતો આનંદ દુર્લભ હોવાથી વધારે આનંદમાં ડુબાડનારો છે; મારી કવિતામાં વ્યંગ ઘણા છે. એની કવિતા ખુશમિજાજી સુંદરી છે, મારી તો વિચારગ્રસ્ત વૈરાગશાલિનિ છે.

હું	પ્રેમાનંદ
સુધારાનો નવો ને શુષ્ક વિષય ફીલસુફી	પુરાણુ કાવ્યમાંનો સર્વમાન્ય રસિક વિષય શૂન્ય.
Real and ideal pictures many. (સાચાં અને આદર્શ ચિત્રો ઘણાં)	Real pictures in Social subjects only. (સાચાં ચિત્રો માત્ર સાંસારિક વિષયોનાંજ)
શૃંગાર રસ-નિર્મળો, નીતિ આપતો, પ્રૌઢ, દરદનો-ફીલસુફીથી ભરેલો પણ રસ ખંડન થવા આવે એટલામાં પાછી દરદની ભભક-વિદ્વન્માન્ય, અંદરથી ઉભરાતો રસ.	પ્રૌઢ પણ ફીલસુફી વનાનો-સાધારણ માણસને માન્ય સાદી રીતે ભભકમ લખેલો.
વૈધવ્યમિત્ર, લલિતા, સાહસ અને ઘણા-એક પદમાં શું કરૂણ રસ નથી ? મરદની આંખમાં ઝળઝળીઆં આવે તે કરૂણ રસ મોટો, કાચી છાતીના બાયલા રડે તે કરૂણ રસ નથી.	કરૂણ રસ સારો.
શુદ્ધ વીર રસ ઉંચા દરજ્જાનો	વીર થોડો ને સાદો.
શુદ્ધ શાંત રસ-નવો જ-સૃષ્ટિસૌંદર્ય તો મેંજ દાખલ કીધું.	શૂન્ય.
હાસ્ય-નહિ.	ખરો.
અદ્‌ભુત-નહિ.	થોડાક.
અલંકાર-નવા ને ઘણા જ.	અસલના જ.
અર્થગૌરવ છે.	શૂન્ય.
નીતિ બોધ કવિતા છે.	શૂન્ય.
બનેલું અથવા બને તેવું.	ન બને તેવું.
originality. અપૂર્વ રચનાશક્તિ વધારે	થોડી.

કાવ્ય કરવાનો સમય-થોડા કાળમાં ઘણું ઘણા કાળમાં થોડું કામ-નિરાંતમાં કામ અને દુગ્ધા. પ્રુફ તપાસવાનું કામ, કમ્પાઇલેશનનું કામ, ઘર ખટલો, પૈસાની ફીકર, બીજાં પુસ્તકો મોટાં મોટાં બનાવવાનાં કામ, પુસ્તક વેચવા સંબંધી ફીકર.

Stages of my Poetry. (મારી કવિતાનાં સોપાન):-

૧ અર્થચમત્કૃતિ અને ચિત્રરૂપ વર્ણન તે કવિતા-૧૮૫૫-૫૬

૨ वाक्यं रसात्मकं काव्यम्-૧૮૫૭-૫૮

૩ જોસ્સાવાળું ને તર્કથી રંગેલું એવું જે કુદરતનું આબેહુબ વર્ણન—
૧૯૬૬–૬૭

૪ કુદરત ઉપરથી તર્ક—૧૮૬૮

કુદરત ઉપરથી તર્ક કામ કરે પણ તે એટલો ન વધી જવો જોઇએ કે, જેથી કુદરત છેક જ અસ્ત થઇ જાય.

તર્કથી અતિશયોક્તિ જોઇએ, પણ તેમાં વ્યંજનારૂપે પણ કુદરત રહે.

Imitation નકલનો ભાસ જતો રહે એટલે તે Poetry કાવ્ય નહિ.

Navalram says નવલરામ કહે છે કે	અદ્ભુત શાંત વીર કરૂણા શૃંગાર હાસ્ય	1st પ્રથમ 2nd દ્વિતીય 3rd તૃતીય

નવલરામ કહે છે કે imitation નકલ નહિ જ—imagination (તર્ક) તર્કથી જે આનંદ તે જ કવિતા—જેમાં અદ્ભુત રસ તે ઉત્તમ કવિતા.

જેમ Supernatural (કુદરતથી વિશેષ) તેમ વધારે સારું—મારો વિચાર કે તેમ નહિ, be an ideal of any thing. Impossible ચાલે પણ improbable ન ચાલે. (જોઇએ તો કોઇના આદર્શ થાવ. અશક્ય ચાલે, પણ અસંભવિત ન ચાલે.)

Nature and imagination (કુદરત અને તર્ક) કવિતા—only imagination is good for nothing. (એકલો તર્ક નકામો છે) Tales and romances don't give taste (વાર્તાઓ અને ઐતિહાસિક કથાઓ રસ આપતી નથી.) Drawing with the colours is poetry and not only the colours. (રંગો કંઇ કવિતા નથી, પણ રંગથી ચિતરવું તે કવિતા છે) સ્થાયી પણ passion(પ્રેમ)ની poetry (કવિતા) ઘણી અસરકારક છે. હાસ્ય રસ જ થોડી વારનો, પણ જે સ્થાયી રહે તે સારો ને તેટલા જ માટે passion ની સારી. જ્યાં ખરાપણું તેમાં આનંદ વિશેષ. આહા ! અદ્ભુતપણાથી કહે છે. આબેહુબ ચિત્ર છે, એમ લોકો કહે છે તે શા માટે.

[સ્પષ્ટીકરણ—કવિ નર્મદાશંકરના મિત્ર અને પ્રશંસક સાક્ષરશ્રી નવલરામે ઇ. સ. ૧૮૬૭ માં 'ગુજરાત શાળાપત્ર'ના એક અંકમાં 'કવિ નર્મદાશંકરની કવિતા'એ શીર્ષક નીચે નર્મદ કવિની કવિતા વિષે પોતાના વિચારો કેવા છે અને લોકો તેને કેવી દ્રષ્ટિથી જોય છે તે દર્શાવ્યું હતું. આમ કરતાં સ્વાભાવિક રીતે ગુર્જર પ્રજામાં અતિપ્રિય થઇ પડેલા કવિ

પ્રેમાનંદની સાથે તેમણે કવિની કવિતાનાં તત્ત્વોનો મુકાબલો કર્યો છે, અને એકાદ બે દૃષ્ટિબિંદુથી કવિ નર્મદાશંકરને પ્રેમાનંદથી સહેજ ઉતરતા ગણવાનો પ્રયત્ન કર્યો છે. નવલરામનો આ લેખ પ્રકટ થયા પછી કવિ નર્મદાશંકરે તેનો ઉત્તર આપવાને આ લેખ ટિપ્પણરૂપ લખેલો, અને ગુજરાતના તે વખતના સાક્ષરોના એ બાબત અભિપ્રાય પણ મેળવી રાખેલા, એમ ધારી તે અત્રે ટિપ્પણરૂપે આપેલો છે. શા કારણથી રીતસર આ લેખ પૂર્ણ થયો નહિ, તે અમે જાણતા નથી, પણ તે સાહિત્યવિષયમાં રસ લેનારાઓને ઉપયોગી થઇ પડશે એવી અમારી ધારણા છે. આ સિવાય પણ કવિએ કવિતા વિશે આડુંઅવળું ઘણું લખી રાખેલું છે, પણ તે અસ્તવ્યસ્ત છે. સલંગ સસંબંધ નથી, માટે તે અત્રે છાપ્યું નથી. આ સિવાય પણ બીજું ઘણું છુટું છવાયું ટિપ્પણ કવિએ કરી રાખેલું છે. સંપાદક]

---

(૩)

ધર્મતંત્ર

(સંવત્ ૧૮૮૯ થી સંવત્ ૧૯૩૧ :: સન ૧૮૩૩ થી સન ૧૮૭૫)

જ્ઞાતિ બ્રાહ્મણ; કુલ નાગર; (વડનગરા), અટક દ્વિવેદી; વેદ ઋક્; શાખા સાંખ્યાયની; ગોત્ર ઓક્ષણસ; ત્રપ્રવર–વસિષ્ઠ, શક્તિ, અને પરાશર; શર્મ વર્મ. આગસ્ટ ૨૪ મીએ.)

સંવત ૧૮૮૯ પ્રથમ ભાદ્રપદ શુકલ ૧૦ શનિ વાસરે જન્મ (ઇ. સ. ૧૮૩૩ ના)

૧૮૯૭–વૈશાખમાં જનોઇ (પછી સંધ્યા, રુદ્રી આહ્નિક ભણ્યો).

૧૮૯૯–લગી વેદાધ્યયન (સંહિતાનું એક અષ્ટક મારા પિતાના મિત્ર બાબાજી પાસે ભણ્યો. એ બાબાજી તે શ્રીપદના પિતા).

૧૯૦૦–વૈશાખ શુદ ૧૨ (૧૮૪૪ એપ્રિલ ૨૯) લગ્ન.

૧૯૦૯ આશો શુદ ૩ (૧૮૫૩ અકટોબર–૫) સ્ત્રીનું મરણ.

૧૯૦૭ કારતક વદ ૪ માનું મરણ.

૧૯૧૨ ,, (૧૮૫૬ એપ્રિલ) લગ્ન બીજીવાર.

૧૯૧૪ લગી (૨૫ વર્ષની વય લગી) સ્વધર્મ વિષે આસ્તિક્ય હતું. ૧૮ ની વય લગી–માની ક્રિયા કરી ત્યાં લગી, સારી પેઠે આસ્તિક. માના મરણથી, પ્રિયાના મરણથી, સ્થાયી આજીવિકાના ઉદ્યમની પ્રાપ્તિમાં ન ફાવવાથી સમયે સમયે વૈરાગ્ય ઉત્પન્ન થયલો, પણ વળી તે ઉડી ગયેલો. કોઇ પણ ગુરુના કે કોઇ નવા ધર્મમંડળના આશ્રમમાં રહી સંસ્કૃત ભણવાનો તથા ગુજરાતીમાં ભાષણલખાણ કરવાનો ઉદ્યોગ રાખવા ભણી વૃત્તિ દોડેલી;

એમાં ન ફાવેથી હરદાસનું કામ કરવાની વૃત્તિ થયેલી ને એને માટે સંસ્કૃત અભ્યાસ સારુ પૂને ગયેલો, પણ કવિતાનું સ્ફુરણ ઉપડેલું તેથી તથા દ્રવ્યના સંકોચથી તે કામ કરવા ઉપરથી મતિ ખસી ગઇ ને પછી ગુજરાતીમાં ગદ્યપદ્ય ગ્રંથ લખવાનો ઉદ્યોગ રાખ્યો. (સને ૧૮૫૯ ના માર્ચની ૨૦ મી પછી.)

૧૯૧૫ (વૈશાખ પછી) ધર્મ સંબંધી વિચાર બદલાયા ને હું ધર્મભ્રષ્ટ થયો.

૧૯૨૦ (પોષ શુદ ૧૦) પિતાનું મરણ થયું. (૩૧ વર્ષની વયે.) ત્યાર પછી ઘરમાંના દેવતા પડોસી બ્રાહ્મણને આપી દીધા. પિતાની ક્રિયા કીધી તે ભાવથી નહિ ને દેવતા આપી દીધા તે મૂર્તિ ન પૂજવી માટે.

૧૯૩૦ સુધી એટલે ૪૧ વર્ષની વય લગી એટલે વર્ષ ૧૬ સુધી હું ઘણીક વાતે પ્રાર્થના સમાજના મતનો હતો.

૧૯૩૧ કારતક વદ ૪ શિવશક્તિ સ્વરૂપે પરમેશ્વરને પૂજવા વિષે મતિ થઇ. 'રાજ્યરંગ' લખતાં શ્રુતિસ્મૃતિ પુરાણનો વિષય જાણી લેવામાં આવ્યો. સર્વ લોકના નિવૃત્તિપ્રવૃત્તિના ધર્મ તથા જપસુખની તુલના કરી જોઇ. અવશ્યે વેદાંત તથા યોગના ગ્રંથોનું અવલોકન કરી સાર જાણી લીધો, અનેક વિચાર કીધા.

આષાઢ સુદ ૫—સિદ્ધાંત પ્રમાણે કર્મ રચ્યું. (એ સમા ઉપર સ્વામી દયાનંદ સ્ફુરી આવેલા, પણ કરેલા નિશ્ચય ફેરવવાની મારી મતિ થઇ નહિ. તેણે વેદને ઈશ્વરપ્રેરિત મનાવવા માંડ્યો, તેની પહેલાં હું તેમ માનતો થયો હતો.)

---

(૪)

ધ્યાન

१ "एकं निरामयं ज्ञानं, प्रज्ञानमानन्दं ब्रह्म सत्" ।

२ एकमोंकाररूपेण स्वप्रकाशेन विवर्तते ।

३ एकः सर्वेश्वरः सर्वज्ञः सर्वांतर्यामी सर्वात्मा परमात्मा परमपुरुषः प्रसन्नो विजयते ॥

અર્ધ્ય કે નમન

૪ ॐ भूः अग्नये नमः। ॐ भुवः वायवे नमः। ॐ स्वः सूर्याय नमः। ॐ भूर्भुवः स्वः प्रजापतये नमः। પ્રણવ—ત્રણ વ્યાહૃતિ—પ્રણવપૂર્વક ગાયત્રી મંત્ર. ॐ अपात्रोनंतपात्राय सहस्राक्षपुरुषाय नमः। ॐ प्रपंचोपशमनाय नमः। ॐ ऐं ह्रीं क्लीं रमणाय विश्वेश्वराय नमः। ॐ योगभोगनाथाय, शांतिजपमूर्तये श्री सांबशिवाय नमः। (અદ્યાપિ એ જ રીતિ ચાલે છે. માત્ર યોગભોગ ત્યાં ભોગયોગ ને શાંતિજપ ત્યાં જપશાંતિ એટલું બદલી બોલવામાં આવે છે.)

જપ

૫ જપ (ગાયત્રી મંત્ર), श्रीसांबशिवाय नमः। (એ મંત્ર) ને श्रीमहासरस्वत्यै नमः। (એ મંત્ર).

સંવત્ ૧૯૩૩ થી સંવત્ ૧૯૩૬ : : સન ૧૮૭૭ થી સન ૧૮૮૦

૧૯૩૩ વૈશાખ સુદ ૩ (૧૮૭૭ એપ્રિલની ૧૬ મી) (૪૪ વર્ષની વયે) વેદસરસ્વતીનીસ્થાપના સુરતના ઘરમાં. (ઋક્ યજુસ્ સંહિતાનાં પુસ્તક ભરૂચથી કાશીરામ શુકલે આણી આપેલાં, તેની પ્રતિષ્ઠા હોમ સાથે હરિકૃષ્ણ શુકલે કરાવી).

એ વર્ષના માગશરથી તે ૧૯૩૪ ના પોષ લગીમાં નિવૃત્તિપ્રવૃત્તિનાં ભાષણ આર્યસમાજમાં કીધાં, વેદ ઈશ્વરપ્રેરિત વાણી છે એ કહી સંભળાવ્યું. વળી ૩૩ ના આશો વદ ૧ થી ૩૪ ના આશો લગીમાં સીતાહરણ—દ્રૌપદી દર્શન—કૃષ્ણલીલા એ લખી, તેમાં સ્વધર્મની છાયા દેખાડી.

૧૯૩૩ આશો શુદ ૮—વ્રત રાખ્યું—ચંડી પાઠ કીધો.

૧૯૩૪ મહા વદ ૧૪—શિવરાત્રીનું વ્રત રાખ્યું. શિવસ્તોત્ર વાંચ્યાં ને જપ કીધો.

૧૯૩૫ જેઠ શુદ ૧૦—ભક્ષ્યાભક્ષ્ય, ગમ્યાગમ્ય, શૌચાશૌચ એ વિષયમ આચાર પાળવાનો અનાદર હતો, તે પાછો બેસાડવા વિષે નિશ્ચય.

૧૯૩૫ આષાઢ વદ ૦)) સૂર્યગ્રહણ પાળ્યું. ગ્રહણ પાળવાનો નિશ્ચય. પત્રિકા છપાવી પ્રસિદ્ધ કીધી.*

૧૯૩૫ અધિક આશો વદ ૧૩ વ્રત રાખ્યું—ત્રયોદશી પ્રદોષનું.

૧૯૩૬ બે મોટી એકાદશીએ ફલાહાર કરવાનો નિશ્ચય.

૧૯૩૬ વૈશાખ વદ પાંચેમ—છોકરાને ગાયત્રી મંત્રનો ઉપદેશ કીધો. એ પ્રસંગે (૪૭ વર્ષની વયે) પૂરો આસ્થાવાન્ હતો, ને શ્રૌતના આનંદનો ઉત્સુક થયો હતો.

૧૯૩૮ ભગવદ્ગીતાનું ભાષાંતર કીધું.

સંવત્ ૧૯૩૫ : : સન ૧૮૭૯

સંવત્ ૧૯૩૫ ના માઘ શુદ પાંચેમથી તે ૧૯૩૭ ના ફાગણ શુદ તેરશ સુધીમાં કેટલેક દિવસે કીધેલા વિચાર તથા કર્મનું ટિપ્પણઃ—

મુંબઈમાં ૧૯૩૫ :

૧૯૩૫ માઘ શુદ પાંચેમ—દ્રવ્ય વિષયમાં સ્થિતિ સારી થયેથી ધર્મ—ગૃહ—વ્યવહારની વ્યવસ્થા કરવી, એ વિચાર ફેરવી ધર્મની વ્યવસ્થા તો કરવી જ, એ નિશ્ચય કીધો. એ દિવસે વૈરાગ્યપૂર્વક ત્રણે તંત્રમાં બને તેટલી વ્યવસ્થા કરવાને ઉદ્યમ થયો.

---

* આ પત્રિકા "ધર્મવિચાર"માં છાપી છે. સંપાદક.

૧૯૩૫ માઘ વદ તેરસ–(૧) અનુકૂલતાએ દ્રવ્ય આપી શાસ્ત્રીઓ પાસે શુભાશુભ કર્મની સંક્ષિપ્ત પદ્ધતિઓ રચાવવી. (૨) પરશુરામ, રામ, કૃષ્ણ, એની જયંતી ઓચ્છવરૂપે પાળવી. પવિત્ર સ્મરણ કરી જમવું. (૩) દિવસે સુવાની ટેવ કાઢી નાંખવી.

૧૯૩૫ માઘ વદ ચૌદશ–અકસ્માત અજાણ્યો. શુક્લ–ચાંણોદ કન્યાલીને આવ્યો, તેણે રૂદ્રસૂક્તાદિ શ્રવણ કરાવ્યું. સાંબસ્મરણ કરી ફલાહાર કીધો ને રાત્રે સ્તોત્ર વાંચી જપ કીધો.

૧૯૩૫ જેઠ શુદ ચોથ–સવારે પરભાતીઆં ગાયાં. જમ્યા પછી નર્મ ટેકરી જોવાની ઇચ્છા થઇ ને બે વાગે રામશંકર મંગળજીને લઈ ચાલતો ત્યાં ગયો. ટેકરી પર બેઠો. પા ઘડી અંગરખો ઉતારીને; ઉપરથી વર્ષાદ આવે. "वरमहात्मिकां देवीं" અહીંથી તે "अंबितमे देवितमे" અહીં સુધી ત્રણ વાર પાઠ કીધો. પછી ટેકરી પરથી ઉતરી વાઘેશ્વરીનાં દર્શન કીધાં, [જે ટેકરી પર બેસી સૌંદર્યના, પ્રેમ વૈરાગ્યના વિચાર કરેલા, તે ટેકરી ઉપર ૧૬–૧૭ વર્ષે ફરીથી બેસી એકાગ્ર ચિત્તે સરસ્વતીની સ્તુતિ કીધી–ક્લેશ ઉપાધિ સંકલ્પ રહિત; ખરી તીર્થયાત્રા કરી; પછી "प्रणतानां प्रसीद त्वं" એ ભણી ટેકરી પરથી નીચે ઉતર્યો હતો.]

૧૯૩૫ દશેમ–(૧) હે જ્ઞાન સરસ્વતીના પ્રવાહ–હે ગંગે! તું મારી બુદ્ધિ પવિત્ર કરી સબાહ્યાભ્યંતર શુચિ રાખજે. (૨) હે ગંગે! હવે તો તું વ્યવહાર સંબંધી અવ્યવસ્થાની મલિનતા વહેલી દૂર કર. (૩) હે ગંગે! તું મારી ત્રણે સ્ત્રીઓનાં અંતઃકરણ પવિત્ર કરી તેમને સત્ત્વલક્ષ્મીએ અનુકૂલ કરી તેઓ દ્વારા આર્ય સ્ત્રીઓને સુબોધ મળે તેવું કરજે.

(૧) રાતે (હરિભક્ત) યશવંતને (કાંદાવાડીમાં) નૃસિંહને પૂજન કરતાં, ભક્તમંડળને કીર્તન કરતાં, પુરાણીને તંબુરા સામે રામાયણમાંની કથા કરતાં (દ્રવ્યવ્યય વિના મચેલો ઠાઠ) જોઈ મારૂં ચિત્ત આનંદ્યું. (૨) મૂર્તિ-પૂજન વિષે વિચાર કીધા. એ જ અવશ્ય કર્મ છે ને સારૂં છે. સૌને માટે એમ નહિ. નિત્યને માટે દેવપૂજન ઘરમાં રાખવું જ એમ નહિ. વેદ પુસ્તક ઉપર ઇચ્છામાં આવે ત્યારે ફુલ ચઢાવવાં ને ધૂપઆરતી કરવી. કોઈ વાર મૂર્તિને પણ પૂજવી. સ્થાપેલી મૂર્તિનાં દર્શનનો અનાદર કરવો નહિ.

આષાઢ વદ અમાસ–ગ્રહણ સમયે ગાયત્રી મંત્રે જપ કીધો. જપ ઉપાંશુ તથા ધારણરૂપ એમ મિશ્રિત, ગ્રહણની સમાપ્તિએ નવમી માળા ચાલતી હતી. પછી 'ॐ ऐं श्री महासरस्वत्यै नमः।' એ મંત્રે ત્રણ માળા તેમાં વૈખરીએ ને એક ધારણાએ. (વદ આઠેમથી રાતે સૂતા પહેલાં ॐ श्री सरस्वत्यै नमः। એ મંત્રે પાંચ માળા જપવાનું રાખ્યું હતું.)

શ્રાવણ શુદ તીજ—પરજ્ઞાતિ સાથે ભોજન સંબંધી કેવો વ્યવહાર રાખવો, એનો નિશ્ચય સ્થિતિ સારી થયા પછી કરવો.

શ્રાવણ શુદ પુનેમ—જનોઇ બદલ્યું. પદ્ધતિ નહિ તેથી કર્મ યથાસ્થિત થયું નહિ. 'ધર્મજિજ્ઞાસા'નો પહેલો અંક છપાવી લોકમાં વહેંચ્યો.*

શ્રાવણ વદ આઠેમ-મોહરાત્રિ નિમિત્ત સરસ્વતીની આરાધના કરી આહુતિઓ આપી.

સુરતમાં ભાદરવા શુદ ચોથ—ધર્મજિજ્ઞાસાનો નવમો અંક પૂરો કરી રાત્રે સરસ્વતીને ધૂપદીપ કીધાં.

ભાદરવા શુદ સાતેમ—સંધ્યાવંદન કરી મંદિરમાં જઇ વેદસરસ્વતીને પુષ્પ અર્પણ કીધાં ને કપૂર દીપ દેખાડ્યો, દીપપ્રકાશ જયસૂચક ભાસ્યો. તેમાં "घंटाशूलहलानि" એ ભણતાં તે ઉંચો વધ્યો હતો.

ભાદરવા શુદ તેરસ—ધર્મજિજ્ઞાસા પૂરી કરી તે નિમિત્ત "ॐवेदसरस्वत्यै नमः" ભણી પુષ્પ ચઢાવ્યાં. ॐ ॐ नमः, नमः ॐ (જેમ બોલાયું તેમ) એક માળા જપી. વચમાં વચમાં ધ્યાન પણ ખરૂં—ભૂતાકાશની માંહે ચિત્રાકાશ ને તેની માંહે ચિદાકાશ તેમાં ॐની અર્ધ માત્રા છે ને પછી બ્રહ્મ છે એવી સમજે. 'ॐ सांब शिवाय नमः' વળી ॐ नमः श्री सांबशिवाय (જેમ બોલાયું તેમ) એ મંત્રે ત્રણ માળા. તેમાં અવશ્યે શિવના શ્લોકના અર્થ સ્મરણે ધ્યાન પણ ખરૂં. કૈલાસમાં સાંબશિવનું પૂજન દેવતા કરે છે, તે ચિત્રસ્મરણ પણ ખરૂં. "ॐ ऐं श्री महासरस्वत्यै नमः" એ મંત્રે એક માળા. આદિ શક્તિનું ધ્યાન, જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, કર્મશક્તિ, મૂલશક્તિ, યોગમાયા, તે જ મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી તે જ વાક્નીલયુક્ત સરસ્વતી, [એ દિવસે પ્રદોષ વ્રત લેવાનું ઇચ્છેલું, પણ સમય વીતી ગયો હતો.]

ભાદરવા શુદ પુનેમ—ચંડીપાઠ કરવાનું મન થયું. 'ॐ नमः श्री सांब शिवाय' એ મંત્રે એક માળા જપી. પછી પહેલેથી તે મધ્યમ ચરિત્ર એક કવચ વાંચ્યું.

ભાદરવા વદ પડવો—સવારે "सावर्णि सूर्यतनयो" અહીંથી તે 'महिषासुरवध' લગી ને રાત્રે 'शक्रादय'થી તે 'देव्याहते तत्र' અહીં લગી વાંચ્યું.

ભાદરવા વદ બીજ—રહેલાં કવચ પૂરાં કીધાં. રાતે એક માળા 'ॐ नमः श्री सांबशिवाय' ને બીજી ॐ 'नमः श्री महासरस्वत्यै' એ મંત્રે પછી ચંડીપાઠમાંથી મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીની સ્તુતિનો પાઠ યથાબુદ્ધિ સમજીને કીધો ને વળી એક માળા જપી, 'ॐ नमः श्री महासरस्वत्यै'—હે

* ધર્મજિજ્ઞાસાનો આખો લેખ "ધર્મવિચાર"માં છાપ્યો છે. સંપાદક.

દેવી! હું આર્ત, અર્થી ને મુમુક્ષુ છું, રૂડી બુદ્ધિ આપજે. [કેવો યોગ કે મારું વર્ષ બદલાયું, સંક્રાંતિ પ્રમાણે ૪૭ મું બેઠું. સંવત ૧૮૮૯–૧૯૩૫. સન ૧૮૩૩–૧૮૭૯.) ધર્મજિજ્ઞાસા પૂરી થઇ ને તરત દેવીનો પાઠ કરવાનું સૂઝયું.]

ભાદરવા વદ છઠ–બપોરે ચાલીને અશ્વિનીકુમાર ગયો. નાહીને સરસ્વતીનો પાઠ કીધો. પિતામહ, પિતા, માતા ને સ્ત્રી એ ચારને અંજલિ આપી. મહાદેવનાં દર્શન કરી ઘેર આવ્યો.

[આષાઢ વદ ૦) અમાસથી તે ભાદરવા વદ ૬ લગી ધર્મવિચાર ને ધર્મ, કર્મ એમાંજ મન હતું. ઘણુંકરીને તે ચિત્ત આનંદમાં હતું.]

ભાદરવા વદ તેરસ–પ્રદોષનો દિવસ માની રાતે કાલ વીત્યા પછી પણ માળા ફેરવી હતી.

અધિક આશ્વિન શુદ તેરસ–(સંવત ૧૯૩૫) પ્રદોષ સમયે જમતાં પહેલાં નાહીને ॐ श्री सांबशिवाय नमः એ મંત્રે ત્રણ માળા ને ॐ श्री महासरस्वत्यै नमः એ મંત્રે એક માળા જપી.

અધિક આશ્વિન પુનેમ–રાતે ॐ श्री सांबशिवाय नमः એ મંત્રે ત્રણ માળા ને 'ॐ ऐं श्री महासरस्वत्यै नमः' એ મંત્રે એક માળા જપી.

મુંબઇમાં–આશ્વિન વદ પડવો. નાનપણમાં જે નર્મદેશ્વરને પૂજતો, તેનું વીસ વર્ષે ફરીથી ભાવે દર્શન કીધું. પછી મામાદેવીનું ને પછી ચાલતાં જઇ મહાલક્ષ્મીનું.

ચોથથી તે બારસ સૂધી રાતે સાંબશિવની ને સરસ્વતીની માળા જપી હતી.

સુરતમાં–અધિક આશો વદ તેરસ સોમ–સવારે નાહી સંધ્યા કરી, ચાહ પી આગગાડીમાં બેઠો; અઢી વાગે સુરત પહોંચ્યો; ભાંગ પીને ગાડીમાં બેસી એકલો અશ્વિનીકુમાર ગયો. નાગો; કંઇ ભણ્યો ને અશ્વિનીકુમારનાં દર્શન કરી ઘેર આવ્યો. સામા ઘરમાં જઇ સરસ્વતીને પૂજી પુષ્પ ધૂપ કર્પૂર દીપે–ॐ वेदसरस्वत्यै नमः। ॐ वाक् सरस्वत्यै नमः। ॐ नीलसरस्वत्यै नमः। ॐ महासरस्वत्यै नमः। ॐ जगज्जनिन्यै नमः। ॐ महाकाल्यै नमः। ॐ महालक्ष्म्यै नमः। ॐ महासरस्वत्यै नमः। પછી સ્તોત્રમાંથી કેટલુંક ભણ્યો. પછી ચિત્તમાં સાંબનું આરાધન કરી પુષ્પ ધૂપ દીપ અર્પણ કરી શ્લોકાર્થસ્વરૂપ ને ધ્યાયી વ્રત લેઉં છું, એમ ભણ્યો ને જપ વાંચ્યો.

આશો બીજો શુદ આઠેમ (ત્રીજા વર્ષની) સવારે ઉઠી પાઠ અર્ધો કીધો ને અર્ધો બપોરે સાંજે મૌન રાખી આખો કીધો. 'દેવિ! વ્યવસ્થિત થયો?' "હા." 'હવે જય? જય.' મંદિરમાં પુષ્પ ધૂપ દીપ ઇત્યાદિ કીધું.

આશો બીજો શુદ પુનેમ–કાલી, લક્ષ્મી ને સરસ્વતીની સ્તુતિ વાંચી.

આશો બીજો વદ ૭–૧૧ એ પાંચ દહાડા કામ્યપ્રયોગ કીધો. ગાયત્રી જપ ૧૧, 'ॐ ऐं ह्रीं क्लीं श्री सांबशिवाय नमः'। એક માળા, 'ॐ ऐं श्री महासरस्वत्यै नमः'। ત્રણ માળા, ને 'लक्ष्मीर्मेधाधरा.' ૧૧ વાર. [પ્રયોગે ઇચ્છાફળ દાખ્યું નહિ.]

આશો બીજો વદ ૧૨–૧૩–ગાયત્રી જપ ૧૧, 'ॐ श्री सांबशिवाय नमः' એ મંત્રે માનસિક જપ ૧૧ માળા જેટલો, પ્રદોષસમયના માહાત્મ્યના શ્લોક–'नमो नमस्ते गिरीशाय तुभ्यं,' એ સ્તોત્ર, 'चंपेयगोरा,' એ સ્તોત્ર, 'जयशंकर पार्वतीपते' એ સ્તોત્ર વાંચ્યા પછી સરસ્વતીનાં સ્તોત્ર પછી ભોજન કીધું.

આશો બીજો વદ તેરસ–સંધ્યા પછી સરસ્વતીનાં સ્તોત્ર; રાતે 'ॐ श्री महासरस्वत्यै नमः' ત્રણ માળા ને 'लक्ष्मीर्मेधाः' એક માળા.

આશો બીજો વદ ૧૪–૩૦ ગાયત્રીની ત્રણ માળા, ॐ महाकालाय नमः એક માળા, ॐ महाकाल्यै नमः। એક માળા, રાતે ત્રણ માળા સાંબશિવની ને ત્રણ માળા મહા સરસ્વતીની.

[ચિઠ્ઠી મૂકવી નહિ, કામ્યપ્રયોગ કરવા નહિ, યથાસમય યથાબુદ્ધિ જે કરાય તે કરવું. ઇષ્ટ દેવતા તે સર્વ જાણે છે જ. હું પોતાને માટે ને લોકને માટે સંશયયુક્ત થયો. ૧૯૩૫ ના વર્ષમાં.]

સંવત ૧૯૩૬ :: સન ૧૮૮૦

નિયમે કર્મ કરી શક્યો નથી. સાંબ તથા સરસ્વતીનું સ્મરણ થયાં કીધું છે. દેવી ભાગવત બીજી વાર ઉપર ઉપરથી જોઇ ગયો. ભાગ્ય, ધર્મ, ગુણ, આ ચાર ઇત્યાદિ પ્રકરણ સતેજ થયાં. કોઇ કોઇ વાર મહાલક્ષ્મીનાં દર્શન કીધાં છે. સરસ્વતીએ અડી વેળા સાચવી છે. વસંતોચ્છવ–ઇચ્છારામે હોરીઓ સભળાવી–પહોર નિરાશ થઇ ગયેલો તેથી આ વખતે રૂ. ૧) આપ્યો. એટલો જ ઘરમાં હતો. તે સુભદ્રાનું મન દુખવી આપી દીધો. માળા જપમાં હવે દિવસ સારા આવશે એમ થયાં કરતું. રામનવમી–सीतापतये नमः એણે એક માળા જપી. ઇચ્છું છું કે મારો દક્ષસ્નેહ સબલ રહો, ને મારી ત્રણેમાં સીતાનો અંશ વધો. ત્રણે પોતપોતાને સ્નેહે મને જોઇ પોતપોતાને ધર્મે રહો. હાટકેશ્વરના ઓચ્છવના દહાડે श्री सांब हाटकेश्वराय नमः। એ મંત્રે માળા જપી કુલદેવને નૈવેદ્ય કરી જમ્યો હતો.

આટલા ઓચ્છવ પાળવા–ચૈત્ર શુદ ૧–૯–૧૪; વૈશાખ શુદ ૩; જેઠ શુદ ૧૦, આષાડ શુદ ૭; શ્રાવણ શુદ ૧૪ ને વદ ૮; ભાદરવા શુદ ૧૨; આશો શુદ ૧૦, ને વદ ૧૩–૧૪–૩૦; કારતક શુદ ૧–૧૫; પોષમાં મકર સંક્રાંત, મહામાં વસંતપંચમી; ફાગણ શુદ ૧૪–૧૫.

હજામત—રવિ, સોમ, મંગળ ગુરૂએ ન કરાવવી. બુધ કે શુક્રે કરાવવી; તિથિપરત્વે આઠેમ, તેરસ, ચૌદશ; પૂનેમ, અમાસે નહિ. વળી પર્વણીને પિતૃતિથિએ નહિ.

સંવત ૧૯૩૬, સન ૧૮૮૦ મુંબઇમાં કાર્તિક શુદ નોમ—બપોરે સ્વમ—દેવીનું દર્શન.

અગિયારસ—મહાલક્ષ્મીનાં દર્શન કરી આવ્યો; તે રાતે ગાયત્રી સહસ્રનો પાઠ ત્રણ વાર વાંચ્યો ને ॐ श्री महासरस्वत्यै नमः । એ મંત્રે ૩ માળા જપી. પૂનેમ—સંધ્યા સમે દેવને કપૂર દીપ થયો હતો તેનું હું બહારથી દર્શન કરતો હતો, તેવામાં ઘરવાળાએ ભાડાની ઉઘરાણી કીધી. મેં કહ્યું કે તમારો દોષ નથી. પણ મારૂં નઠારૂં ભાગ્ય કે ઇશ્વરસ્મરણ કરૂં છું તે વેળા તમારૂં આવવું થયું છે.

વદ બીજ—સ્વમમાં અગ્નિશક્તિ મહામાયાની સ્તુતિ કીધી. પાણી ને અગ્નિ દીઠામાં આવેલાં.

દશેમ બપોરે સ્વમઃ—ધોળી ગાયો દોડે ને ભુસકા મારે. રાતે સ્વમ પરીમાતાનાં દર્શન કીધાં.

વદ અગીઆરસ રાતે સ્વમ—જલદર્શન, ભાની ગોદડી એક છેડે હું ને બીજે છેડે કોઇ શક્તિ તે અલોપ થઇ ગઇ ને હું ઉદાસ.

માગશીર્ષ શુ. ૧૦—મહાલક્ષ્મીનાં દર્શન કરી સતેજ થયો. ૧૧ તાબુતને દહાડે બાબુલનાથ જઇ બ્રહ્મજ્ઞાનના વિચાર ને સરસ્વતીનો જપ. પણ સમુદ્ર કીનારેથી જતાં બે વાર રેતીમાં હાથ ઘાલ્યો હતો, પારસની ઘેલછામાં. પૂનેમ—ગ્રહણ વેળા દેવી ભાગવતનો બારમો સ્કંધ પહેલેથી તે ગાયત્રી સહસ્ર નામના અધ્યાય લગી યથાસ્થિત વાંચ્યો. પછી નાહીને દૂધ પૌંઆ ખાધા હતા.

પોષ સંક્રાંતિ—ॐ संक्रमणशूरत्यै नमः । એક માળા; ॐ नमो महाकाली महालक्ष्मी महासरस्वत्यै नमः । ભણી હવે તો બંધનથી મુક્ત કર. મારી સ્થિતિનું શુભ સંક્રમણ કર. દશેમ—પિતાની સમચરીએ ભાવથી બ્રાહ્મણ જમાડયા.

માઘ—સરસ્વતી સારાં વાનાંજ કરશે—બંધનથી મુકત કરશે જ. શુ. ૭ ઇષ્ટદૈવત જે વિશ્વાસ તે દૃઢ નહિ. જો હું મથન કરૂં તો ધૈર્ય ઓછું. તરતની મુઝવણમાં અનેક સંબંધીજનને સંતોષવાને, વચન મિથ્યા જતું ન કરવાને ફાંફાં મારવાં, વળે કંઇ નહિ. કોઇ ગાંઠે નહિ. જીવને વધારે દુઃખ કરવું, એમાં શો લાભ? ધીર ધર, સમયે સુઝે તે કર, સ્વારથીઆ શઠ કહેશે પણ તું શઠ નથી. જ્ઞાને અભ્યાસે કઠિણ થા ને સ્વભાવે કોમળ દયાવાન્ પરોપકારી છે તેવો જ રહે.

ફાગણ શુદ ૧૩—પ્રદોષ સુરતમાં કીધો. અશ્વિનીકુમાર સુરતમાં નાઈ આવી મહાસરસ્વતીને સાંબશિવનું સ્મરણ કીધું. નિત્યકર્મ કારતકથી ફાગણ સુદ ૧૧ લગી ચાલ્યું હતું. વદ ૭—પ્રભુ! હું કેટલાંનો ઓશીઆળો? બંધનથી ક્યારે છોડાવીશ? સરસ્વતીની કૃપા છે, પણ પૂર્વ કર્મ નડે છે.

ચૈત્ર શુદ ૧૫—ગઈ રાતે સ્વપ્ન—તેમાં અડી વેળાએ રૂ. ૫૦૦) મળ્યા એ શું સૂચવે છે દેવી! કે તારું કામ અટકશે નહિ. ધીરજનું ભાગ્ય ઉપર પ્રસાદનું બળ છે, એ પ્રતીતિ થાઓ અને મહાલક્ષ્મીનાં દર્શન કરી આવ્યો.

વદ ૭—સ્વપ્નમાં તમોગુણે હે સરસ્વતી! હવે તો ઉઠ. બંધન કાપ ઇત્યાદિ.

વૈશાખ સુદ ૩—સુરત આવી પાઠ ઓચ્છવ કીધો. સંહિતાના પાંચ વર્ગ ને લક્ષ્મીસૂક્ત એ વાંચ્યાં ને ઇચ્છ્યું કે યથાર્થ સમજ વેદની સુરતમાં મને થાઓ. તાપીનાં દર્શન કીધાં. ચંડીપાઠમાંથી સ્તુતિઓ વાંચી.

વદ પાંચમ—છોકરાને જનોઈ દીધું.

[પછી ગૃહતંત્રના વિચારમાં ને વ્યવહારતંત્રની વ્યવસ્થા કરવામાં બાકીનું વર્ષ ગયું. પછી આશો વદ ०)) આ પ્રમાણે લખ્યું;—ક્યારે ઋણ-મુક્ત થાઉં ને ઓચ્છવ કરૂં? વળી તેં ઇચ્છા કરી? દિશાશૂન્ય છે તો જે સુઝે તે કરજે. પણ શમ દમ ક્ષાંતિ જ્ઞાનવિજ્ઞાનના વિચારમાં રહે; દંડનો વિચાર અપવિત્ર તથા ઐશ્વર્યના મદવાળાને માટે રાખવો. (તમો ગુણ ન રાખતાં ધર્મ રાખી દંડ કરવો). દેહાત્મવાદીની, નિર્ધનની, દુર્ગુણીની, વિલાસિની, એવા નરની દયા ખાવી. બોધિત થવું ને કરવું એ આનંદ લેવા.]

[દષ્ટ દૈવત! દુર્જનની સંગતિથી દૂર રાખજે કે મનમાં નઠારા વિચાર ન આવે. માંગવું શું કરવા? માગવું તો ઈશની જ પાસે. રજોજ્ઞાને ટાટો પડયો છે પણ વેળાએ વેળાએ ઉપડે છે સ્થિતિપરત્વે. ભાગ્ય પ્રભુની સત્તામાં છે. સત્ત્વ ગુણની વૃદ્ધિ—બ્રહ્મજ્ઞાનથી, મન જિતવાથી, દેહકષ્ટ કરવાથી, વડીલસેવાથી, ધર્મયુદ્ધથી, પશ્ચાત્તાપથી, ત્યાગથી, આસુરી જીવનો વખત ઘણી-વાર જડ રહેથી, ઘેલછામાં રહેથી, વ્યાધિયે પીડાયાથી, યુદ્ધમાં મર્યેથી મુકાય છે.]

સંવત ૧૯૩૭ : : સન ૧૮૮૧

માગશર સુદ પાંચમ—અમુક સંખ્યા જપે અમુક સિદ્ધિ, એ વિષે વાત ચાલતાં શ્વાસની ગણના ઉપર ઉતર્યા. દહાડો રાત મળીને ૨૧,૬૦૦ શાસ્ત્રમાં ગણ્યા છે. એટલે ૧ મિનિટે ૧૫). કપૂરચેવતા સ્વરોદયમાં

એક મુહૂર્ત પા દીનર, સ્વરમેં શ્વાસ વિચાર;
સૈનિક અધિક અસ સાતસો, ચાલત તીન હજાર.

એ ઘડી—૪૮ મિનિટમાં ૩૭૭૭૩ ને સો વર્ષનું પ્રમાણ તો તેમાં ૪,૦૭,૪૮,૪૦,૦૦૦ એટલા એટલે ૧ મિનિટમાં ૭૮૬૦૪૧ આવે છે એ

જોતાં ને છાતીના ધબકારાનું પ્રમાણ અંગ્રેજી રીતે ૭૨ છે તો જૈન સ્વરોદયની ગણના છાતીના ધબકારાની હશે, શ્વાસોચ્છ્વાસની નહિ. શરીરમાં નાડી કેટલી, હાડકાં કેટલાં વિગેરે શિવગીતામાં જોવામાં આવ્યું, તો તેને અંગ્રેજી ગણતરી મેળવવી જોઇએ.

માગસર શુદ ૧૦—નાથુશંકરે કહ્યું કે, ભાસ્કરાચાર્યે શિવદત્ત ગુરુનું સ્તોત્ર કીધું છે ને લલિતાભાષ્ય કીધું છે.

પોષ શુદ ૫—यः संध्याकालतः प्राप्तः त्यजेत्कर्म चतुष्टयम्।
आहारं मैथुनं निद्रां स्वाध्यायं च चतुर्थकम्॥

પોષ શુદ ૧૨—महाकालाय नमः। महाकाल्यै नमः। उत्तरायणसंक्रमणयोगिन्यै नमः। એમ ત્રણ અર્ઘ આપ્યા. ચંડીપાઠમાંથી સ્તુતિનાં કવચ વાંચ્યાં. સંક્રમણશક્તિની પ્રાર્થના કીધી, જય ઇચ્છ્યો, પોતાના સંબંધીજનનો ને દેશી જન સમસ્તનો. દેવી ગીતાનો પાઠ કીધો—પ્રારબ્ધ થયા કરે છે, માટે કશીએ ચિંતા ન કરતાં ઇષ્ટ દેવીને જ કર્મ સમર્પણ કરવાં. યથેચ્છ વરત, અધીર થઇ સ્વધર્મ ભ્રષ્ટ થઇ અશુભ કર્મ ન કર, પણ ધૈર્ય ધરી, સ્વધર્મે રહી સદુદ્યોગ કર્યા કર, નિવૃત્તિપ્રવૃત્તિ તો બ્રહ્મજ્ઞાન વિષયમાં ખરૂં જ્ઞાન; બુદ્ધિયે કેવળ નિઃસંદેહ નથી તો પણ શિષ્ટના શબ્દ પ્રમાણે આજ્ઞાએ પૂર્ણ વિશ્વાસ રાખું છું, ને વિચાર કરૂં છું. માયાના અદ્ભુત કાર્ય વિષે પ્રત્યક્ષ પ્રતીતિ નથી પણ ભક્તિ વધે છે—ઇષ્ટ દેવતા ભણી. આ તો મારી પ્રતીતિ જ છે કે સુખદુઃખ અનિત્ય છે. મારા સંસાર ભણી જોઉં છું તો હું બહુ દુઃખી છું, ઋણસિંધુમાં નિમગ્ન છું, નિત્ય જ સાંકડમાં છું, ભાવીનો તો શો વિચાર! મારે માટે કેટલા જીવ દુઃખી? સ્ત્રીઓનો વિયોગ, તેઓનાં સ્વાચરણ, તેઓની સ્થિતિ, શરીર મન વ્યવહાર પરત્વે કોઇની ઇચ્છાનો લેશ પાર પડે નહિ, કેવી જાળ! પણ નિત્યાનિત્યને વિચારે તે દુઃખ પણ સહન કરવું જોઇએ, એ ન્યાયે જાળની સ્પૃહા રાખતો નથી. જ્ઞાનધર્મના વિચારમાં નિમગ્ન રહું છું ને બીજાને માટે તેઓનું ભાગ્ય સમજું છું. પ્રયત્ન કરતાં પણ ન ફવાય તેવો કાળ આવે છે જ. રાજા થવાનું કે મોટા વિદ્વાન્ થવાનું કોડ નહોતું, પણ સામાન્ય પક્ષનું, પણ કુટુંબમાં અનુકૂલ સ્ત્રીનું સુખ, અને સાધારણ ઉંચી સ્થિતિને જેટલું જોઇએ તેટલું દ્રવ્ય ઇચ્છતો. દુઃખની નિવૃત્તિને અર્થે કીધેલું ભોગવવું જ એ ખરી તથા ડાહી સમજ, અને ઇષ્ટ દેવતા ઉપર આસ્થા એ જ આગળ જતાં, આ જન્મે કે બીજે જન્મે ખરૂં સુખ ને ક્ષુદ્ર જ્ઞાનને અર્થે રૂડી બુદ્ધિ આપશે. ॐ नमः सरस्वत्यै नमः। વ્રત ભૂખ્યા રહી કરવું. એથી ચિત્ત સ્થિર રહે છે. વ્રત દેવ ઉપર દેહ કષ્ટને લેખવવું નહિ. સિદ્ધિ વિષયસાખ્ય થાય તો ચૈતન્ય

વિષે સારી પ્રતીતિ થાય. એક માળા ગાયત્રી જપે, ॐ श्री सांबशिवाय नमः। એ મંત્ર ૧૧ માળા, ને ૧ માળા ॐ श्री महासरस्वत्यै नमः। એ મંત્રે, માળા જપતાં બીજા વિચાર ઓછા હતા. વૈખરીએ ઇષ્ટની કલ્પેલી મૂર્તિ અદર્શ થઈ જતી. માનસિક જપ વેળાએ કોનો જપ કરૂં છું, તે વિસ્મરણ થતું. રૂપમૂર્તિ કે ગુણમૂર્તિ કે તત્ત્વનું ધ્યાન કરવું, એ વિષે નિશ્ચય કરવાનો છે. મારૂં વલણ તત્ત્વ તથા ગુણમૂર્તિ ભણી છે. આજનો દિવસ નિરર્થક નથી ગયો.

નોંધ શા માટે રાખવી?

પણ આ પ્રમાણે નોંધ શા માટે રાખવી? શું વિશેષ છે? એક રીતે કંઈ પ્રયોજન નથી. બીજી રીતે સયુક્તિક છે, કે સાર શિક્ષણીય થશે, અમુક સંકલ્પને દૃઢ કરશે. ત્રીજી રીતે બીજાને બોધ મળશે, નોંધને માટે અવશ્ય કાળજી ન રાખવી.

પોષ શુદ ૧૫—મામાદેવીનાં દર્શન કરી આવ્યો. ભગવદ્‌ગીતા તથા દેવી ભાગવતમાંથી ત્રણ ગુણ વિષે વાંચ્યું. બીજ શક્તિ કીલક એના દાખલા આ પ્રમાણેઃ—

१ अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

२ ॐ तत् सत्–भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॥

શ્રુતિ સ્મૃતિના સિદ્ધાંત ઉપર વિશ્વાસ બેઠો છે, પણ હજી મોક્ષની ઇચ્છા નથી. દૈવી ચમત્કારનો અનુભવ થાઓ એવો લોભ છે. પૂર્વે પૂર્વે મલિન સત્વ ને રજો તમો માયા પ્રકૃતિમાં હાલ સત્વની વૃદ્ધિ છે. રજો તમોમાં ઘટાડો છે. ચિત્ત પ્રસન્ન છે પણ ઉપાધિથી સમય સમયની તાણમાં અધીર થઈ જવાય છે. પણ વળી સત્ત્વ, નીતિ, અભિમાન રહિતપણું દાખવી ભક્તિને દૃઢ કરે છે. કોઇ કોઇ વાર અન્યાયી અપવિત્ર દુષ્ટને દંડ થયેલો જોવાની ઇચ્છા થાય છે, જે વેળાએ શાપ પણ દેવાઇ જાય છે, પણ જ્ઞાન તો સૂચવે છે કે ક્ષમા રાખ, તું જ નિમિત્ત છે તો તારૂં ભાગ્ય કે તેવાના સંબંધમાં આવ્યો. કરશે તે ભોગવશે ઇત્યાદિ.

પોષ શુદ ૧૪—દેવી પાસે નિત્ય જાચવું એ મૂર્ખાઇ છે. તે સંધુ જાણે છે જ. નિષ્કામ ભક્તિ કરવી એ જ સિદ્ધાંત; પછી સમયે કાર્ય નિમિત્તિક ભલે થાઓ. દેવી! તારો પ્રભાવ દાખવ—કંઇ લખાતું નથી—નમન કરૂં છું માતા! મહાલક્ષ્મીનાં દર્શન કીધાં. તળાવે બેસી સ્તોત્ર ભણ્યાં

ને પછી પાછો ફર્યો. હું કુદરતી શક્તિને માનતો, પણ અમણાં જ્ઞાનકલા પ્રવૃત્તિનિવૃત્તિનો આધાર જગતની નિર્ગુણસગુણ શક્તિ દેવીને માનું છું— તારો કરી થાપ, સુબુદ્ધિ આપ, નીતિવંત સંબંધીજનના સહવાસસુખમાં જોઇએ તેટલી લક્ષ્મી આપ. તું પૂર્ણ જયશ્રીવાળી છે. દેવી! પૂર્વકાળમાં મહાપુરૂષ જે દુઃખ પામતા, તેને ભાવી કહેવાને ઋષિઓ આવતા. મારી અકળામણમાં તું પરોક્ષે સહાય કરે છે એમ હું માનું છું, પણ હવે કેમ? અંબે! દિગ્મૂઢ છું.

પોષ વદ ૧૪—જપ કરતાં ભીતરમાં વિચાર આવે છે. એ ન આવે તો સારૂં. પૂર્વના પાપથી અખંડ જપ થતો નથી. પ્રપંચની ઉપાધિ, દુર્જનનો સંબંધ, એના ઉપદ્રવમાં ધીરજ રાખતાં શીખું છું. રાગદ્વેષને ઓછાં કરવાં, શાંતિ સમાધાનીમાં પણ રાખવાં, ઇષ્ટ દેવી ઉપર આસ્થા વધારતાં શીખું છું.

દયાનંદ વિષે વિચારો

પોષ વદ ૦)) કાળચક્ર બદલાયે દેશમાં પરધર્મ કે સ્વધર્મ પ્રધાન થશે? સંસાર મિથ્યા છે એ જ્ઞાન બહુ સતેજ નહિ થાય એટલે પારકું ભળશે. શરીરથી જૂદો છે આત્મા, જીવની ગતિ મરણ પછી, એ ઉપર આસ્થા થશે ખરી. શુદ્ધ કાળની સંધિમાં છૈયે. દયાનંદ શ્રાદ્ધ નથી માનતો તેટલો તે જૈન મતનો છે. દેવાદિ યોનિ નથી માનતો એટલે બૌદ્ધજન પણ નથી, એકેશ્વરને માને તો પદાર્થવાદી બૌદ્ધ છે. સ્વધર્મે જ જય થશે, પરધર્મે નષ્ટ.

મહા વદ ૧૩—સુરતમાં—અશ્વિનીકુમાર જઈ આવી પ્રદોષ સમયે સાંબ-સ્મરણ કીધું. રાતે અગિયાર વાગ્યા પછી પ્રલયરૂપ જગતમાં પ્રથમ જે તેજોમય જ્ઞાનપ્રકાશ પ્રકટ્યો તેનો જપ કીધો. ॐ तेजलिङ्गाय नमः । ॐ महा-कालाय नमः । ॐ श्री सांबशिवाय नमः । એકેક માળા.

ફાગણ સુદ ૭—બ્રહ્મકવચ ભણી મંત્રેલું પાણી બે ચાર માણસોને આપ્યું; તેણે કહ્યું—ડાકટરના ઘરનું છે? ના, જે કુદરતી શકિતને માનો છો, તેને આરાધી આ પાણી આપું છું. તેણે પીધું. પછી ત્યાંથી આવી સ્તુતિઓ મેં વાંચી હતી.

ફાગણ શુદ ૧૨—મુકુંદરાયના વિવેક સિંધુમાંથી કેટલુંક વાંચ્યું.

ફાગણ શુદ ૧૩—ધર્મકર્મમાં સ. ના વિચાર શા માટે આવે છે? તેને સંમોહ થયો છે એમ તું કેટલાક કારણથી કહે છે, પણ એમ જાણવું, એ તારો મોહ કેમ નહિ? હવે તારો તેનાપર સ્નેહ નથી, તેથી તારો અર્થ

નથી. પતિતના સહવાસમાં એવું ઠીક નહિ, એમ તું જાણે છે. પીહેરની ઉકમાં જાય, ગ્નાતમાં જાય તેમાં તું રાજી છે એટલું છતે તેને સ્વધર્મશીલ થવાને બોધ આપે છે. એ તારો પ્રકૃતિ પરીક્ષા કરવાનો અભિમાન મોહ નથી? પિશાચણી હોય કે દેવી હોય, એ શંકા. તેણે હાટકેશ્વરના ઓચ્છવને દહાડે કે વૈશાખ શુદ ૩ જે બંગડી પહેરવી કે એક અવસ્થા થાય નહિ તો મોહમાં શું કરવા શીખાવું? જપાદિ કર્મ કીધું. પછી વળી હે દેવી! હવે તારો પરતો દેખાડ, કાંતો સ૦ નો સંબંધ કરાવ કે છોડવ. કાં તો ઋણમાંથી છોડાવ કે છેક નઠારી સ્થિતિમાં આણ, પણ વહેલી થા. હું પાપી છું, નિર્બળ છું, પવિત્ર કર સબલમ્.

સંવત્ ૧૯૩૮–સન ૧૮૮૨:–ભગવદ્‌ગીતાનું ભાષાંતર કર્યું.

સીતાહરણ નાટકનાં ગાયનો

[**નોંધ:** નર્મકવિતામાં છાપેલા કવિજીવનમાં સ્વ. પંડિત નવલરામે લખ્યું છે કે દ્રૌપદીદર્શન નાટક ૨૨ વાર ભજવાયું હતું, પણ કવિશ્રીના કાગળો તપાસતાં એમ જણાયું છે કે ૪૦ વાર તો તે ભજવાયું હતું. આ ચાલુ ઉત્તરચરિત્રમાં કવિએ સીતાહરણ વિશે ઉલ્લેખ કર્યો છે. તે ઉપરથી અમે કવિના અપ્રસિદ્ધ કાગળો તપાસતાં સીતાહરણ નાટકનાં ગાયનોની ૭ પાનાની દફતર આશકારા પ્રેસ (રાસ્ત ગોફતાર, સત્યવક્તા, સત્યમિત્રનું પ્રેસ)માં છપાયલી એક જૂની જીર્ણ થયેલી ચોપડી મળી. તે મળતાં આનંદ થયો, અને નર્મદપ્રેમી ગુજરાતીભાઈઓ માટે આ સાથે છાપી છે. સ્વ. નવલરામભાઈ લખે છે કે, "સીતાહરણ નાટક મુંબઈની 'નાટક ઉત્તેજક મંડળી' માટે કવિએ રચ્યો હતો, તેના વીશેક આસરે પ્રયોગ થયા હતા." આ પ્રમાણે એકવાર ભજવાયલા નાટકનું ગદ્ય લખાણ પણ હોવું જોઈએ, પણ તે આજે આપણને મળતું નથી તે અફસોસકારક બીના છે. કવિએ જેમ પોતાનાં બીજાં નાટકો ગાયન સાથે છપાવ્યાં હતાં તેમ સીતાહરણ નાટક કેમ નહિ છપાવ્યું હશે? કદાચ નાણાંનો સંકોચ હોય કે નાટકવાળાઓની એવી ઈચ્છા હોય. નવલરામભાઈનો મત ગમે તેવો હોય તો પણ આજે કવિની દરેક કૃતિ, સારી કે માઠી, સંઘરવા જેવી છે, માટે ગાયનો છાપ્યાં છે. —**સંપાદક**]

રામચન્દ્રજી ને ઋષિ વિશ્વામિત્રની અર્પણ કરેલી અપ્સરાઓનું આપેલું વચન

કાહારવો—પીલુ બરવા

હરિ બેવચની નહી થૈયેજી,
નહી થૈયેજી—નહી થૈયેજી. ૧

ભક્તિથી ગાવા ગુણ ઘણા તુજ,
ભ્હીકે નહી ભૂલી જૈયેજી.　　૨
વચન જ આપ્યું નીતિ પાલવે,
ભક્ત રેહેવા તે નીત સ્હાઇએજી.　　૩

રામચન્દ્રજીએ રાક્ષસોને હણવા માટે તપોવનમાં બ્રાહ્મણોએ ગાનેલો પાઠ

પદ–મુલતાની

કુણ કરે ઉદ્ધાર પ્રભુ વણ કુણ કરે ઉદ્ધાર—
ચરણુંકીત હમથી ન વદાએ, અનુગ્રહ ઉપકાર—પ્રભુ:
પ્રભુ અવતારી લિલાકારી, રામરટણ કરીએ સાર—પ્રભુ:

સ્વયંવર સમાજમાં ધનુષ્યને પધરાવતી વેળાનું ગીત

પદ–કલ્યાન

પ્રભુ પ્રભુતાને વંદી બેલીએ–બાળ સીતા મહીમાએ,
　　હાંરે જુઓ બાળ સીતા મહીમાએ૦—પ્રભુ:
અદ્દભુત સુંદર કઠીન કોમલનો ભાસ અહી જોવાએ,
　　હાંરે રૂડો ભાસ અહી જોવાએ૦-પ્રભુ:

સીતાએ રામચન્દ્રજીને વરમાળ આરોપતી વેળા સખિઓની મુબારકબાદી

પદ–જીંજોટી

મુનિ સાથે બે બંધવ આવ્યા, જાનકી સ્વયંવર સોલે હો;
મીથીલા જનક રાજાનું પણ છે, વરે ધનુષ્ય જે ટાલે હો૦—મુની૦ ૧
સંકપતી લજવાઇ ગયો ત્યાં, ઉઠે ન વીરો કોએ હો;
બાળક વેષે ધનુષ્ય ધારીને, જોઇ લેઇ સૌ મોએ હો૦—મુની૦ ૨
મુની આજ્ઞાએ રામ ઉઠીને, ધનુષ્ય ટાલી ટણ તોડે હો;
આવી જાનકી માળ પેરાવે, લાજી નીરખી કોડે હો૦—મુની૦ ૩
કવી ગાય છે રામ વીરને, જાનકી સુંદરી જોડે હો;
લક્ષમણ જોદ્ધા શેવા કરશે, રહી સદા એ સોડે હો૦—મુની૦ ૪

રામચન્દ્રજીને અભિષેક કરવા અગાઊ રાત્રી જાગ્રણમાં ગુજારવાના અંતરમાં પુંજાનાં ગાયનો

ધ્રુપદ—બીભાસ

કૌસલ્યા તથા રાણીઓ—સીસ મુંઘટ મન બિરાજે,
કાનમે કુંડળ અદ્ભર છાજે; અદ્ધર લાલ તીલક સુંદર,
રાણી માતાનો પ્યારો૦—સીસ.

૧ **બ્રાહ્મણ**—આગળ ગાઇએ,
૨ **બ્રાહ્મણ**—પાછળ ગાઇએ,
૩ **બ્રાહ્મણ**—અંહી ગાઇએ,
૪ **બ્રાહ્મણ**—તંહી ગાઇએ,
બ્રાહ્મણ સઘલા—દશરથ લાલ,
વહુઓ—સીતાનો પ્રીતમ જે પ્યારો૦

ધ્રુપદ જેજેવંતી.

વસિષ્ઠ—તુજ જય સુકીર્તિ પ્રકાશ વધો નીત
રામલક્ષ્મણ—ગુરૂ દેવ મોટા
બ્રાહ્મણો—થઇશ રામ તુ અભરા ભરણુ
રામલક્ષ્મણ—મુનીવર હમપર પરમ કૃપાળ છોજી જ્ઞાન તણા દાતા
પ્રતાપી વડા દુઃખ હરણ૦
સઘળાં—તુંજ જય સુકીર્તિ પ્રકાશ વધો નીત૦

ભૈરવ—ધ્રુપદ

તમે છોજી ગણપત દેવા બહુ બુદ્ધ દાતા ધરે સીસ ગજ તુંદ૦ તમે છોજી.

શુધ સ્વરી નામ તમારૂં જ ધરીએ ત્રણ લોકમાં છો તમો વીધ્યા ધર, સપ્ત દ્વીપ નવ ખંડ૦—તમે છોજી.

ભૈરવ—પદ

લાલ ભુપાલ ઉમંગ ધર આવે
સખીઓ સાહેલી સર્વ મંગળ ગાએ૦—લાલ ભુપાલ.
સોલ સિંગાર શોભે યુવરાજને
મેરાંસુંધટ કટ ધોક લગાવે૦—સખીઓ૦—લાલ ભુપાલ.

રામચંદ્રજીની પાવડીઓને અભિષેક કરવા લઇ જતી વેળા

પદ

એક વચન એક બાણુ એક પત્ની વ્રત જેનું,
રાજ પુરૂષ શ્રી રામ થયું છે દર્શન તેનું.

સત્ય સુચી વ્રત સજશ એક પતીવ્રત છે જેનું,
ગોરી સુંદર સરસ રામની સીતા તેનું.
દર્શણ દુર્લભ વળી થયું છે કાળ તણું તે
ઉપાવતું બહુ રળી બોધી હીત ઘણું ઘણું તે.

સીતાએ રામચંદ્રજી આગળ ગાયલું તપોવનનું વર્ણન

લાવણી

દારૂણ વનમાં વીશાળ આશ્રમ ઋષિનો આ સોએ,
મનોહર સુંદર આ સોએ,
સુંદર શો સોએરે
ઠરયું મન રચનાને જોએ—૧
વારૂ વાટીકા ઉપવંન અહીંતહીં વીવીધ વૃક્ષ વેળી
ફુલ ફળ વીવીધ વૃક્ષ વેળી
વીવીધ વૃક્ષ વેળીરે
કરે બહુ પંખી જંતુ કેળી—૨
આ પાસે વીદ્યાર્થિંઓની કોટડીઓ આવી,
જુજવી કોટડીઓ આવી,
કોટડીઓ આવીરે
ગોઠવણ રૂઅડલી ભાવી—૩
આ પાસે લેપીત ભસ્મેને અર્ચીંત ચંદનથી,
ઋષીઓ અર્ચીંત ચંદનથી,
અર્ચીંત ચંદનથીરે
વેદને ભણે જુએ મંનથી—૪
ધર્મ કર્મમાં તત્પર રેતી ઋષીપત્ની દેખું,
દાહીને વેવળીઓ દેખું,
વેવળીઓ દેખુંરે,
પવીત્રને સુંદર પણ પેખું—૫

લંકા ઘડમાં સીતાનો વિલાપ

ગરબી.

એવી શી અપરાધિ હું છું રામ રે,
પાપે મારે અહીં લંકામાં આવી જો;
જાણ્યું નથી હજુએ મેં કયાંછો શ્યાંમ રે,
અબળા સાસું જુઓ દયા કંઇ લાવી જો૦—એવી. ૧

રતરતમાં સઉ દુઃખ તમારૂં જોઉં રે,
એ જોવામાં હું મારૂં વીસારૂં જો;
હાય પડયો પણુ વીજોગ કહીને રોઉં રે,
દુઃખથી છુટવા પ્રાણુ કાડવો વારૂં જો૦—એવી. ૨
ચકળીના જેવું પણુ ભાગ્ય ન માહરૂં,
રાત ને દહાડો વીરહ ત્રાસ દુઃખ થાય જો;
સત્વીર છો રામ કહી દો પાધરૂં,
લક્ષમણુજી તમ કેરી મુજને સાહે જો૦—એવી. ૩

રામચંદ્રજી ઉપર સીતાએ હનુમાન પાસ કહેવાડેલો સંદેશો

કાફી—હોરીની ચાલનું પદ.

સીતા—રઘુવીરને વિનંતી મારી,
કહો મારી સુનાવો મારી.—રઘુવીર૦

સુનો હનુમનતા અંજની નંદન,
કેહજો સંધેશાની હોરી;
સીસ નમાવી ચરણુ સ્પર્ષ કરજો,
કરજો વીનંતી મારી રામજીને બેહુ કર જોડી—રઘુવીર૦

દીન નહી ચેન રાત્ર ન નિંદ્રા,
ખાન પાનને વીસારી,
વન ઉપવનમાં જઇ પડી હું,
તમારૂંજ ધેઆન ધરયું રે, રામ રામ મુખથી રટ્યું રે—
રઘુવીર૦

હનુમાન—કહું છું હનુમાન ધીર ધરો માત,
લંકાની કરૂં છું હોરી,
રાવન કુમ્ભકર્ણુ સર્વ મારી,
મેઘનાદને હનુરીં, દેઉ બંધ તેત્રીસ છોડી—રઘુવીર૦

કુમ્ભકર્ણુને જગાડવા માટે અપ્સરાઓનું ગીત

પદ—આશાવરી

જતન વીના મૃગાએ ખેત્ર બગાડયાં,
તો જાગો જાગો મારા પ્યારા.—જતન૦

પાંચ મૃગની પચીસ મૃહગલી,
ચંચલ ત્રણ ચકાર્યાં;
અન્યો અન્ય છે રસના ભોગી,
ચલે છે, ન્યારા ન્યારા.—જતન૦

સીતાને પાછી આપી દેવા સારૂ રાવણને મંદાદરીની વિનંતી

કાફી–પદ હોરીની ચાલનું.

એવા મારા કંથ ગુમાની,
સ્ત્રીને હરી લાવ્યા બીજાની—એવા૦
જેની સ્ત્રીને તમે હરી લાવ્યા,
ઓ પ્રભુ અંતર જામી;
એ બે વીર ઉભા શમુદ્રપર,
રોકયું સારંગ પાણી—સુનો—એવા૦
ચમકી ઢાળ ફડકે છે નેજા,
ગીરદ ઉઠી આસમાની;
લક્ષ્મણ વીર વાળી સુત અંગદ,
હનુમાન ઉભો અભેમાંની.—સુનો—એવા૦
કહું છું મંદોદરી સુન પ્રીય રાવણ,
એટલી અરજ મારી માની;
રામની સ્ત્રીને રામને સોંપો,
રાજ કરો અભેમાની.—સુનો—એવા૦

સીતાહરણ થઈ ચુકયા પછી છેવટનો જય

પદ—જીંજોટી

વીજય વીજય વીજય રામ, ભુવન ત્રણ ગાજે,
અતી અધર્મ સુઝુઝીને ધર્મ પુની રાજે.—વીજય૦ ૧
બળને હણી મળને હરી, ધર્મનો ધ્વજ દાખ્યો,
લોકને સુબોધ દઇ સૌસુ સ્નેહ રાખ્યો.—વીજય૦ ૨
સીતા વામાંગ સોહે વ્રત તણો જય દાખી,
ધર્મ શિખવી સ્ત્રીઓને કીર્તી અમર રાખી.—વીજય૦ ૩

દફતર આશકારા પરેસ

[નોંધ : આ નાટકના ગાયનો પારસી પ્રેસવાળાએ જેવાં છાપ્યાં છે તેવાજ અમે પણ છાપ્યાં છે. કવિએ તે સુધારેલાં જણાતાં નથી. —સંપાદક]

પરિશિષ્ટ ૧

[નોંધ: કવિએ જ્યારથી કવિતા રચવા માંડી ત્યારથી તેમને એક જાતનું અભિમાન ચઢેલું. તેમની પ્રાથમિક દશાની કવિતા આજના ધોરણે કસતાં કોઇને માલવાળી કદાચ ન લાગે. કવિના જેમ તેમના કાળમાં પ્રશંસકો હતા તેમ તેજોદ્વેષીઓ પણ હતા. આવા તેજોદ્વેષીઓમાંથી ઘણાઓ પાછળથી મિત્ર પણ બન્યા છે. તેમાંના એક તે રાજકોટના શ્રીમાળી સ્વ. હીરાચંદ કાનજી કવિ પણ હતા. કવિએ એના સંબંધમાં બેચાર સ્થળોએ ઉલ્લેખ કરેલો છે, અને અમે પણ પાદટીપમાં થોડીક માહિતી આપી છે. કવિના આ પ્રતિસ્પર્ધી કેવા હતા તેનો કંઈ ખ્યાલ આવે તેટલા માટે તેમણે જે પ્રથમ ગ્રંથ કવિ સામે છપાવ્યો હતો તેની એક નકલ મળી આવતાં અત્રે અમે સંગ્રહાર્થે છાપી છે. અભ્યાસકોને અને નર્મદપ્રેમી સાહિત્ય રસિકોને જે ઉપયોગી થયા વિના નહિ રહે. પાદટીપમાં આપેલા શબ્દાર્થો લેખક હીરાચંદના પોતાના છે. "ગુજરાતી" પત્રના દીવાળીના એક ખાસ અંકમાં શાસ્ત્રી સદાનંદ શુકલે લખેલો એક લેખ આ સંબંધમાં વાંચવા યોગ્ય છે. સંપાદક]

મિથ્યાભિમાન–મત–ખંડન

નામનો ગ્રંથ

કવિ હીરાચંદ કાનજીયેં રચીનેં

સ્વરૂપચંદ દલીચંદના

છાપખાનામાં છપાવ્યો

અમદાવાદ મધ્યે

ઠેકાણું

આસતોડીયામાં પોતાના ઘરમાં

સંવત ૧૯૧૫ માં સને ૧૮૫૯

મંગળાચરણ

વસંતતિલકા છંદ

હે દેવ સર્વ કરતા કરૂણા કરી તેં,
આ દેહ બુદ્ધિ અતિ મૂલ ધરી ભરી તેં;
આપી અપાર કવિતા કણિકા જરી તેં,
રાખી રહે ન રદિયે રસ નિર્ઝરી તે. ૧

બારેં વઈ કપટના તટનેં દબાવે,
પૂરેં ભરી ખલ ઉલૂખલનેં ડુબાવે;
વિદ્વાન વારણ વચેં રમવા સધાવે,
એવી નદી રદયમાં રઈ કેંમ આવે. ૨

મિથ્યાભિમાન તટનેં ભટ વેરી દેતી,
ઉચ્છાહ વિરરસ નિર્મળ નીર વેતી;
વાંકા વિવાદ મગરો ઉપમા ઇ રેતી,
રૈ લક્ષણા ભમરિ ભેર કુબુદ્ધિ લેતી. ૩

સ્નેહી ઉદાર ઉપકારિ ઘણે પ્રકારેં,
વિદ્વાન ભૂષણ અદૂષણ કોય ઠારે;
રેતા હસ્યે પણ ઇયાં મળિને નઠારે,
ભાષા બગાડી રગડી નરશે વિચારે. ૪

ઇંગ્લીશ લોક વિદ્વાંન દીવાંન કર્તા,
આ દેશ વાણિ શુભ ચિંતન ચિત્તધર્તા;
નેટીવ ભેટી કુડ ધૂડનિ પેરી ભર્તા,
કે માસ્તરો વસતરો તજિ યુદ્ધ કર્ત્તા. ૫

દોહા

કરવી શઠતા શઠ થકી દાનાથી દાનાઈ,
એવી વાત વિના મળે નાંનાથી નાંનાઇ. ૬

સોરઠા

દિલમાં દુઃખ ન સમાય બારેં કાડું મુખેં કરી,
દુષ્ટતણા દિલમાંય વસવ હસવા સુજનનેં. ૭

શબ્દાર્થ

કડી
૧ નિર્ઝરી—નદી.
૨ ઉલૂખલ—ખાંણીયા.
વારણ—હાથી.
૩ ઉચ્છાહ—યુદ્ધનો રસ.
લક્ષણા—ઉંડો વિચાર.
૪ ભૂષણ—ઘરેણું.

ભાગ ૧

'બૉર્ડ ઑફ એજ્યુકેશન' થયા પછી, ગુજરાતિ ભાષાનો શોધ કરવાને ઈંગ્રેજી ભણુનારા વિદ્વાંન એટલા તો થૈ પડયા છે, કે જાંણિયેં મારવાડમાંથિ હજારો ટીડ ઊડિનેં ગુજરાતના ખેતરમાં બેઠાં દાંણા ખાયા જ કરે છે, અનેં હમણાં બોર્ડની ઇચ્છા એવી થૈ પડી છે જે ગુજરાતિ ભાષામાં કવિતાનો ફેલાવ થાય તો શારૂં. તેથી જાંણિયેં કવિયોનું તો મધપોડું ભરાઇને માખિયો બણુબણુ થયા જ કરે છે. અને હવે બોર્ડ ગુજરાતિ ભાષાનો કોશ કરવાનું ધારે છે, તે કરવા શારૂ ઈંગ્રેજી ભણુનારા કોસ્ય હાથમાં ઝાલીનેં કમર બાંધિ તયાર થૈ રયા છે, તે જારે બોર્ડ ફરમાવસે તારે ગુજરાતિ શબ્દ, અર્થ અને કાર્ય, અભિપ્રાય મૂળ નેં સૂત્ર સુધાં પૃથ્વીમાંથિ શોધિને ખોદી કાડસ્યે એમાં કાંઇ શક નથી. અને જેંમ બોર્ડ નીશાળીયા નેં મેતાનિ પરીક્ષા લે છે, તેંમ જ જો ગુજરાતિ ભાષાના વિદ્વાંનની પરીક્ષા લે તો ખરેખરા વિદ્વાંન કોક જ નીકલી શકે જેંની ઉમર ગુજરાતિ ભાષાના શોધમાં વીતી હસ્યે. પણ બાળપણાથી ઈંગ્રેજી ભણ્યા છે તેમાં આ દીવસ સુધિ એકે નીકળસ્યે નહી, નેં કોય છે ય નહી. એ મુખ્ય કારણ બોર્ડેં સમઝવું જોઇયેં. ગુજરાતિ લોક એક કાચિ પાકી ફકત ઈંગ્લિશ ભાષા ભણીનેં અભિમાંનથી ઈંગ્રેજી અને ગુજરાતિ ભાષાના આચાર જ થઇ ફરે છે, એ કાંઇ અકલવાળાનું કામ નથી, કેમજે એક પણ ચોપડી ભણ્યા નથી, એવા ઢેડ નેં મોચી વગેરેં ઘણાય ઈંગ્રેજી ભાષા ઝડાકેથી બોલે છે તે શું વિદ્વાંન કેવાશે ? અને દક્ષણિ લોકની બાઇડીયું ગુજરાતિ ભાષા શાફ બોલે છે તેથી તે શું વિદ્વાંન કેવાશે ? અને બેચાર ક્ષાર, ધાતુ, વાયુ, ને તેજાબ ભેગા કરીને કાંઇક ભડકાને ભડાકા કરશે, તે શું રસાયન પદાર્થ શીલ્પ ભૂસ્તર શાસ્ત્રના જાણ કેવાશે ? એવું જાંણીનેં માસ્તરોયેં અભિમાંન કરવું ન જોઇયેં ? કેમજે જરાક વીદ્યા ભણ્યા હોય તે જ મૂર્ખાઇ કરે છે.

ભાગ–૨

(આ ભાગમાં મિથ્યાવિદ્યાભિમાની નેં સદ્વિદ્વાંનનો સંવાદ છે.)

મિથ્યા વિદ્યાભિમાની:– ભુજંગી છંદ

નથી બૌકરી ગુર્જરી માંહિ શબ્દો
ભલા તે રચાતો નથી ગ્રંથ લબ્દો
અમેં ગ્રંથકર્તા થઇ રંગ પીધો
લઇ ફારશી આરશી તુલ્ય[1] કીધો ૧

---

1 તુલ્ય–જેવો.

સદ્વિદ્વાનઃ— **ભુજંગી છંદ**

રૂડો ભાણું ધૂડો ન દેખે કદાપી
ઘુડયો પાણિનો પાણિ દેખે ઘડાપી
ભણી ગુર્જરી નેં જરી તેં અજીઠા
રયા લાખ તો દ્રાખથી શબ્દ મીઠા　　૨

મિથ્યા વિદ્યાભિમાનીઃ— **ભુજંગી છંદ**

નથી જે ભણ્યા ફારશી અંગરેજી,
રચે તે ન કૈં ગ્રંથની રંગરેજી;
બિજા ગુજરાતિ ભણો(?) સૌ મરેજી,
ચતુરાઇ કે સભ્યતા ને ધરેજી.　　૩

સદ્વિદ્વાનઃ— **ભુજંગી છંદ**

નથી ગ્રંથ ડીઠા તેં આંખ્યે નિયાળી,
કથી જુઠી વાતો કરે છે ખુશાલી;
થથી તારિ તો આ સભામાં સમાઇ,
બથી જો તો જા તું રસાતળ ધાઈ.　　૪

મિથ્યા વિદ્યાભિમાનીઃ— **ભુજંગી છંદ**

કહું કે હિ નેં ગુર્જરી વાત માંઇ,
થયા ગ્રંથ પેલાં હવે કૈં ન ધાઇ;
બન્યા બોર્ડની શોડથી ગ્રંથ ચાઇ,
ગણો તેહથી સૃષ્ટિ પેલી રચાઇ.　　૫

સદ્વિદ્વાનઃ— **ભુજંગી છંદ**

નથી આબરૂ ગુર્જરી વાત બાંધી,
રચે ગ્રંથ તેની તથાપિ ઉપાધિ;
વિનાનાં ઘરૂં પુસ્તકો પાંચશો તો,
પછેં લૂગડાં કાડિનેં નાચશો તો.　　૬

મિથ્યા વિદ્યાભિમાનીઃ— **ભુજંગી છંદ**

બહૂ ગુર્જરીનાં કવી શબ્દ મડે,
લઇ દેવભાષા ઘણું શકત ખડે;
ન તેથી ઘણાં માણસો અર્થ કડે,
ઘરી નામ પોતાનું રયા કાજ ભડે.　　૭

શબ્દાર્થ

કડી
૨ ભાણુ—સૂરજ.
　અજીઠા—એઠાં.
૩ સભ્યતા—સભાલાયકપણું.
૪ થથી—થીરતા. રસાતળ—પાતાળ.
૬ ઉપાધિ—દોષ.
૭ દેવભાષા—સંસ્કૃત.

સદ્વિદ્વાનઃ- **ભુજંગી છંદ**

કવી કીર્તિ તેં કાનથી નૈં ખમાઇ,
બળીને વૃથા દ્વેષ લે છે કમાઇ;
ભણી ફારશી અંગરેજી ધમાઇ,
ગઇ આબરૂ તારિ નાવે પમાઇ. ૮

મિથ્યા વિદ્યાભિમાનીઃ- **ભુજંગી છંદ**

કવીતા તણા અર્થ નૈં સર્વ જાંણે,
સ્ત્રિયો છોકરાં નૈં ભણ્યાં તે ન માંણે,
શુણે ગ્રંથ જે વાતમાં તેજ ટાંણે;
ખુલાશા થકી અર્થ નેં સર્વ આંણે. ૯
નહીં આબરૂ રાગની ફાગની કૈં,
ભવૈયા પવૈયા ગવૈયાઓની કૈં,
કવીતાઇ તો ભાંડ નેં ભાટની કૈં;
ગૃહસ્થો તણી જીભની કાંમની કૈં. ૧૦

સદ્વિદ્વાનઃ- **ભુજંગી છંદ**

સ્ત્રિયો રેંટિયે કાંતતાં કાં નિરાંતેં,
મળે ચાર કાં એકલી દીન રાતેં;
મનેં રાજી થૈ ગાય છે કૈંક ભાત્યેં;
નથી માંડતા વાત તારી પરાંતેં. ૧૧
વિવામાં દિવા મૂકીનેં નોરતાંમાં,
વળી દેવદ્વારેં સવારે જતામાં;
મળે માનવી રાગ છંદો લતામાં,
ગઈ આંખ્ય શું કેમ નાવ્યું મતામાં. ૧૨
કવિતા સવીતા સરીખી સહુનેં,
તવીતા સરીખી તું જેવા બહુનેં;
દઉં ડાંભ લે છેટ છેટે તહુનેં,
ગમે તો વળી પૂછિ આવ્યે વહુનેં. ૧૩

શબ્દાર્થ

કડી
૮ કીર્તિ-જશ. ધમાઇ-હણાઇ.
૧૧ પરાંતે-સવારે. વાત-મોંકાણ.
૧૨ દેવદ્વારે-દેવના મંદિરમાં.
૧૩ સવિતા-સુરજ. તવીતા-તવેથો.

ભાગ-૩

(આ ભાગ કેવળ મિથ્યાભિમાનીને શિક્ષારૂપે છે.)

કવિત્ત

અંગરેજી વિદ્યા અંગ, તેજી થઇ જનમથી,
ગુજરાતિ જરા શિખિ, લીધુ ત્રંણ્ય દીનમાં;
રાજીયા અમલ લઇ, છાજીયા હાજીયા તઈ.
ગાજીયા ગ્રંથો બનાવા, સંગ તેવા હીનમાં;
ભાષાનો પ્રકાશ કેવા, વાસ કેવો પાશ કેવો,
જાંણે નહિ, તાંણે ગ્રહી, મૂરખ આફીનમાં;
આંધળો કાંણાને દૂઝે, કાંણાને ન કાંઇ સૂઝે,
હૈયામાં ન બૂઝે ગુઝે, સૂરતાનાં ચીનમાં. ૧

આંધળા તે કાંધ લાકડાં, લઇ તયાર થયા,
ગુજરાતિ ગુજરી, કુંજરી જેવિ માંણુવા;
ભાષામાંહિ જાશા નાખે ન જાણે તે પરદેશી,
દેશી કેંક સિદ્ધ થયા, ઊંધા મત તાંણુવા;
આંધળા તે હાથી પર હાથ ફેરવીને બોલ્યા,
થાંભલાં શાંભેલાં શૂપડાના જેવા જાણુવા;
ગ્રંથને બનાવે ખોટા, પંથને ચલાવે છૈયાં,
છોટાં ફોશલાવે દાઝે, અક્કલના ધાંણુવા. ૨

હાથમાં લઇને શોટી વાતો તું કર છ મોટી,
બાળકોને કાજ કોટી ચોટી નથી ચિત્તમાં;
ધરમથી થયો ભ્રષ્ટ જાસ્યે યાંથી થાસ્યે નષ્ટ,
પામીસ પરમ કષ્ટ રાખી હેત વિત્તમાં;
ઇંયા તો થયો છે પોલો, તાં નથી બાપનો બોળો,
લાગસ્યે જમનો ગોળો કાં શીલા અંકીતમાં;
તારે કાજયે કહ્યું મેં તો હજી જો તું છાનોરેતો,
નથી તારૂં નામ લેતો કહ્યું એ તો પ્રીતમાં. ૩

કિતાબો ભણીને લઇ ખતાબો ખુરશી બેઠા,
ગતાબોળ ગયા અભિમાનમાં ભરાઇને;

શબ્દાર્થ

કડી

૨ કુંજરી-હાથણી. માંણુવા-ધાંણુ.

૩ નષ્ટ-મરશે. વિત્તમાં-ધનમાં.
શીલા અંકીતમાં-શીલા છાપમાં.

મેતાઓની પડે ઊઠી જાશો અધપળ માંહિ,
નતાખો ધરમનો લે રે શો ભાવ રાખીને;
ઉપરથી આછી ચાલ, અંતરમાં રહે શાલ,
વચનની જાળ શોને નાંખે મનેં ધ્રાઇનેં;
બોલ દઇ ધોળ કરે કોળ પડયે ખોળ્ય ધરે,
જીભે ગોળ ચોળે સ્વારથને કાજ ધ્રાઇનેં. ૪

ભુજંગી છંદ

રડે રાતનાં રાનમાં બૌ શીયાળો,
ન તેનો કદી સિંહને ઓશિયાળો;
ચતુર્માસું વીત્યું હવે તો શિયાળો,
ઊડી મચ્છરો જાયગા નાશિ આળો. ૫

કરે આટલું કાટલું તું સુરાપી,
ભરયું માટલું પાપનું લૈ ખરાંપી;
ચતૂરાઇ જો ચિત્તથી તું જરા પી,
નવી નીત્ય જોનેં કવીની સરાપી. ૬

ઘણા માસ્તરો અસ્તરો લૈ ફરેછે,
ગુણી ગુજર્જરી બોડવાનું કરેછે;
કવી લૈ પવી પાશ પોરા ભરેછે,
જુઓ સાર કેવું પછેં નીસરેછે.* ૭

ઘણા જન્મ અંધા તે ધંધા નિહાળે,
અધાધોમ ઉચ્ચાર અર્થો પખાળે;
લઇ હાથ હાથેં પિછાડીથિ ચાલે,
પડે ખાડમાં તે કહો કોણ ઝાલે. ૮

ભલા પંડિતોની ચતૂરાઇ કાપે,
કળા આપની કાગની પેર ચાંપે;
બળાપા કરી વેણુ સાચા ઉથાપે,
છળ્યા કાજ આશા દઇ દિલ્લ માપે. ૯

શબ્દાર્થ

કડી
૪ મેતાઓ—અપોરીયો.
૫ ચતુર્માસું—ચોમાસું.
૬ સુરા—દારૂ. સુરાપી—દારૂડીયો.
૭ પવી—વજર નામે હથિયાર.

* આ સાતમી કડી વિશે એક પ્રશ્ન એમ. એ. ની પરીક્ષામાં સ્વ. ગોવર્ધનરામે પૂછેલો યાદ આવે છે. —સંપાદક.

ભણ્યા જન્મથી અંગરેજી નિશાળે,
ચણ્યા ખાઈને ભાષણો કૈંક ખાળે;
ચણ્યા ગ્રંથ ગંધાતિ ગાંડયો મિશાલે,
હણ્યા શું હવે ગુજરી વાણિ બાળે. ૧૦

બથી અંગરેજી ન રંગે રસાયા,
રથી ગુજ્જરે પંડિતોયેં કસાયા;
કથી ભાષણો લોક મધ્યે હસાયા,
મથી મસ્તકો ક્રોધ સર્પે ડસાયા. ૧૧

ન જાણે જરી ગુજરીનો ખુલાશો,
ન માંણે ભરયા રાગમાં જે હુલાસો;
ન આંણે ઠરયા સુજ્ઞતાના વિલાસો,
ન ટાંણે ભલા કામનો દે દલાસો. ૧૨

મળી મંડળી ભાષણોના ભડાકા,
કરે શંખ જેવા શડાકા ઝડાકા;
ભસે કોય સાચું ન મારે તડાકા,
પછે તાળી ફૂટી ભરે ઔા ફડાકા. ૧૩

અધૂરૂં ભણી અંગરેજી ભુંજાંણા,
ન પૂરૂં ગણી ગુજરાતિ ભિંજાણા;
ન બૂરૂં કવીતાનું ચાખ્યું ખિજાણા,
ન શૂરૂં બન્યું કામ તેથી પિંજાણા. ૧૪

વસંતતિલકા છંદ

વિદ્યાભિમાન મતિ હીન કરે અદાપી,
સંપૂર્ણ પંડિત ન માન ધરે કદાપી;
તારૂં ન જાય મચકાં અતિ આપદા પી,
રે નેં પ્રમાણ પણથી સુખ સંપદા પી. ૧૫

નિંદા પરાઈ અપમાન કરયે મળેશું ?
વિશ્વાસઘાત કરતાં જનને છળ્યેશું ?
મોટાઇ કેરૂં મનમાં બળતું બળ્યેશું ?
ખોટાઇ માંઇ ભરિ તે વચનેં રળેશું ? ૧૬

નિંદ્રા નિરાંત દિનરાત કરી ન પૂરી,
મૂદ્રા[1] પગારનિ ભરી પશલી અધૂરી;

1 મુદ્રા—રૂપિયા.

તાએ રહિ ઉપરિને કરતાં મજુરી,
શું રાજ આજ મળશ્યે ચરતાં ગરૂરી ! ૧૭
બેશી બગી વચમચી ધનવાન સાથે,
વિદ્વાંનમાં જબર જંગ ન કોય માથે;
જાણેછ જો ખચીત તો લક્ષ આવિ બાથે,
તેથી ન કોય ડરશ્યે રજુવાત ભાથે. ૧૮
કેં ગ્રંથ મેં રચિ ધરયા શુભ વાત ચિત્તે,
છંદે સ્વરે પરસિયા રસપાતથી તે;
જે કંઇ છપાઇ પ્રગટે ભક્તિ ભાતથી તે,
આબ્ય વિચારિં જડતું અતિ ખાંતથી તે. ૧૯
એ ગ્રંથ બાંધિ મરજો દરજો લઇને,
તે સાથે જો કરૂં હું નાટક ઐા કઇને;
જો શું ખુબી જગતમાં વરતે જઇને,
કાં પંડિતાઇ નિસરે પડીકાં થઇને.* ૨૦

ચંદ્રિકા છંદ

ગુજરવા ગુજરાતિ ગોફણો લઇ,
કવિ નાક વિના કરવા સઇ;
કવિના પવિથી ચવી જશો કઇ,
રવિના સુત હાથ થશો ભઇ. ૨૧

શિખરિણી છંદ

કરે વાતો મોટી નથી નજર ચોટી સુમતમાં,
ચતુરાઇ રાઇ સમ મન ન બોટી મમતમાં;
રહે રાખી ખોટી કવિ નિતિની કોટી ગમતમાં,
જમે રોટી ચોટી તજિ ધરમ ધોડે રમતમાં. ૨૨
ભણી એબી શીડી પડછ પટ વિદ્વાન દળમાં,
બકે છે સ્યા માટે નથિ અકલ તારી સકળમાં;

શબ્દાર્થ

કડી
૧૭ ગરૂરી—અભિમાન.
૧૮ ભાથો—તીરોનો ભાથો
૧૯ રસપાતથી—રાગે રસેયુક્ત
૨૧ ચળી—મરી
રવિના સુત—યમ
૨૨ બોટી—ચાખી
કોટી—બાબત
ચોટી—ચોટલી
૨૩ દળ—લશ્કર
સકળમાં—બધામાં

* ૧૯ મી અને ૨૦ મી કડીના પ્રથમાક્ષરો બરોબર છપાયા નથી અટકળે બેસાડેલા છે. —સંપાદક

બધી વાતો સાથે નઇ સધિ સકે એક પળમાં,
મળે લે મૂર્ખાઇ જરૂર કરી લેખાઇ ખળમાં. ૨૩
ભણી તે છે તારી નથિ સરવ વિદ્યા તુજ તણી,
અજાણી વાણીમાં મ કરિશ તું પાણી મતિ હણી;
ન કેવારે કાંણી સત અસત્ કે તે કુળ ભણી,
ગણી લે વન ટુ ત્રી વખત કહું તે માન્ય છગણી. ૨૪
અભિમાને અંધી થઇ નજર ખંધી નમિ રઇ,
નિતી સંધી રંધી પરનિ વિદ્વતા ગમિ નઇ;
ખળાઇ, ખોળાઇ વચનથિ છપાઇ નિત વઇ,
ભણી એ બી શી ડી શડી અકલ કીડી લઇ ગઇ. ૨૫

શાર્દૂલવિક્રીડિત છંદ

બેતેરો શિખિ શેખિ લેખિ મનમાં શું થાછ ઉતાવળો,
બાંધિ હળદર ગાંઠ ગાંધિ બનતાં પાશેથિ પાછો વળ્યો;
આદેશી વચમાં વશી વઇ ગયો વાતેં બન્યો ચાવલો,
રે, હેવાન, લવાન શાંન કરતો વિદ્વાન કે વેવલો. ૨૬

શાળિની છંદ

મોજાં શોજાં હાથ પગે ભરાવ્યાં,
શાલો વીંટી પાગ બૂટો ધરાવ્યાં;
ખોજા જેવાં ખોળ કીધાં કરાવ્યાં,
રોજાં ભાષા ગુજ્જરીનાં ઠરાવ્યાં. ૨૭

ભાગ—૪

(આ ભાગ કુકવીને શિક્ષારૂપ છે).

કવિત્ત

પિંગળ તો શીખ્યા પણ ડિંગળ ચલાવિ રિંખ્યા;
સાંભળીને સ્રોતા થાંભલિમાં ન ભળી ગયાં;
લોક કહે ફોક કેનિ, હાલી નહી ડોક કોક,
કહે એ તો પોક સાંભળીને ખોટી થૈ રયા;
બનાવ્યો નિબંધ તેમાં હિંગનો નેં ગંધ વાંચી,
શુણી અધાધંધ થઇ, પાછાં મન કાઢિયાં;

શબ્દાર્થ

કડી
૨૪ બેતેરો-ફારસી હરફ

૨૫ રંધી-રાંધી
વિદ્વત્તા-વિદ્વાનપણું.

કાને કોટે દેખું નહિ લાડનું કે લેખું નહિ,
એવક્કૂબમાંહિ ખૂબ વાંચીને છપાવિયાં. ૧

દોહા

બેરી આંધળિ પાંગળી નાગી જીવ વિનાનિ,
લોક વિરોધી રસ વિના કાનિ કડત્રિ બિનાનિ. ૨
ખોટી ઉલટા અરથની એવા કૈંક વિચાર,
વાળી કવિતા લત્રિ બન્યા કવિયો અપરંપાર. ૩
કવિતાનાં લક્ષણ કયાં તે જાણો કવિમાંય,
વાહવાહ કહે તેહ પણ સરખા જાણો તાંય. ૪
વાંદરના વિવા વિષે ગદ્ધા મહાજન જાય,
એક વખાણે રૂપને એક કહે સુર વાય. ૫

કવિત્ત

અરેરેરે હાય હાય ઠેકાણે ઠેકાણે ગાય,
એવી શું કવિતા થાય અંઅંઅઃઅઃ શું ભશાય;
માતરાના છંદ માતરનાં ન ગાતર ખરાં,
શબ્દ અબદ્ધ નવા અરથ વરથ શાય;
કવિનો મરમ નથી જાણતો નરમ કવી,
શરમ ન ધરે મન ભરમ હણી હસાય;
બેટિનું જોબન રૂપ, બાપ શું વખાણે ચૂપ,
રઈ જાને કવિ ભૂપ, થતો લાજ કૂપ માંય. ૬

દોહા

રવિ જેવા કવિના વચન કીરણે કીરણ પ્રકાશ,
થયો તેહ તો નૈ શુણે તારા વચન ઉદાશ. ૭
આજ કાલ્યના છોકરા સુધરેલા કેવાય,
મૂરખતાના ટોકરા તેમાં તું પોશાય. ૮
અવિનિ પઠેં લવિ થૈ કવિ **અલંકાર પરવેશ,**
રસ પિંગલ પરવેશમાં બૈ કાડયા છે વેશ. ૯

કવિત્ત

શાકરને કાંકરી કે, તુંથિ તો હું આકરી છું,
માણકને માણ કહે, તું છે હુંથી લાલ શું ?

શબ્દાર્થ

કડી
૧ સ્રોતા—સાંભળનારાઓ
૫ સૂર—સાદ
૬ અબદ્ધ—ખોટા
૬ ભૂપ—રાજા
કૂપ—કુવો
૯ અવિ—ગાડર
રસ—રસપ્રવેશ

આંબલી આંબને કહે, લી મારામાં છે વિશેષ,
ફટકડિ ફાટકને કેહ તું વિશાલ શું ?
ઘંટને કે ઘંટી હું તો દળિને કઉં હું બંટી,
બગલો કે માન સરોવરનો મરાળ શું ?
કૂકવી સુકવિ બુદ્ધિ સુકવિથી રાખે ઉંધી,
પોતાનિ વખાણે સુધી થાય કોય કાળ શું ? ૧૦

દોહા

કવિતા તું મન જો કરે તો કવિતાનું રૂપ,
કેવું તે જોવું ઘટે ગુરૂ મુખથકી અનૂપ. ૧૧
ઝાઝા પુસ્તક નૈં ભણે તો કહું એક જ પોથિ,
જેથિ બુદ્ધિ વધી પડે ગ્રંથ ભણ્યે એકશોથિ. ૧૨
રવિ સમ કવિ કવિ શીશ મણિ કવિપતિ કેશવદાસ,
કવિનિ બુદ્ધિ કવિપ્રિયા જેણે કરી પ્રકાશ. ૧૩
તે જો શુંણુ એક વાર તો દીશે મોટો પંથ,
ભણિને ધારણ જો કરે તો બન્ય બુદ્ધિ કંથ. ૧૪
તોપણ કવિતા તો કૃપા, કૃપાનાથની થાય,
તો આવે અણચીંતવી જડતા ભવની જાય. ૧૫
ઘનધારા કવિતા કળા ઘનધારા સીભોગ,
અણચીંતવ્યો આવી મળે રોગ શોગ સંજોગ. ૧૬
ચમત્કારની વાત છે રમત નથી કવિતાઇ,
ગમત કરયેથી શું મળે મત ખેંચ્યે મહતાઇ. ૧૭

ભાગ—૫

(આ ભાગમાં સુંદર કવિતાના લક્ષણનું વર્ણન છે).

કવિત્ત

ગાય તાં મળિને લોક, સાંભળી હલાવે ડોક,
અરથ તરત સમઝીને રીઝે મનથી;
ઉત્પ્રેક્ષા ઉપમા પ્રમાણુ વ્યંજના અલંકાર,
ધ્વની રસ ભાવ અનુભાવ લૈ લગનથી;

શબ્દાર્થ

કડી
૧૦ લી—અક્ષર
વિશાળ—સારૂં
મરાલ—હંસ
૧૫ કૃપાનાથ—પરમેશ્વર
ભવની—જીવતરની
૧૬ ઘનધારા—મેઘની ધાર
૧૭ મહતાઈ—મોટાઈ
૧ અલંકાર—ઘરાણું

વાહ વાહ કહે બહુ રાજી થઇ હસે સહુ,
ગુણિ શીશ ધુણિ પુણિ જેવા પોચા તનથી;
શિથિલ થઇને દિલમાંહિ શીલ સારૂ લેખિ,
પેખિને પરમ પ્રીતિ રાખી લે જતનથી. ૧

પ્રાસ અનુપ્રાસ ઝડ-ઝમક યમક તાલ,
તમક ઠમક રાગ ચમક ચતુરતા;
અરથનો રથ ધમધમતો ધમક થકી,
થરથર થઇ મન મેળવે આતુરતા;
શાંભળતાં રસ વરસાતથી હરખ મન,
સરસ પરસ પણ તરસથી સૂરતા;
અરથ ગંભીરતાઇ પદથી પ્રસન્નતાઈ,
ઉપમા અનૂપતાઇ અક્ષર અક્ષરતા. ૨

વસંતતિલકા છંદ

મિથ્યાભિમાન મતખંડન ગ્રંથ પૂરો,
હીરે રચ્યો હરખથી નથિ કૈં અધૂરો;
વિદ્વાન વિજ્ઞ હસસે ધરસે સબૂરો,
મૂર્ખો વિચારિ મરસ્યે કરિ ચિત્તચૂરો. ૩

દોહા

આનું ખંડન જે કરો, તે છાપી મુજ ઘેર;
મોકલશે તે પર લખિશ, માનિશ મોટી મેર. ૪

વર્તમાન કે ચોપડી પર ખરચ્યાનું નેમ;
લીધું છે તે વાસતે, મોકલજો ધરી પ્રેમ. ૫

તે ઉપર જે હું લખું, તે છાપી પરકાશ;
કરશો તો સતિસુત ગણિશ, નહિ તો ગણિકા દાશ. ૬

એડીટર ને એટલું, આગળથી આ બાનું;
આપું છું તે ચેતજ્યો, પછિ નથિ ધર બાપાનું. ૭

સંપૂર્ણ

શબ્દાર્થ

કડી
૧ ધ્વનિ—બીજો ભાવ
શીશ—માથું
શીલ—સ્વભાવ
૨ અક્ષરતા—ક્ટાય નહીં એવો
૩ વિજ્ઞ—ઘણું સમજનારો
૫ ખરચ્યાનું—દ્રવ્ય ખરચ્યાનું
૬ ગણિકા દાશ—ભડવા

પરિશિષ્ટ ૨

કવિશ્રી નર્મદાશંકરની સાહિત્યસેવાની વર્ષાનુક્રમણિકા

વિષય	અંક	વર્ષ	વિષયનામ
નિબંધ	૧	૧૮૫૦-૫૧	મંડળી મળવાથી થતા લાભ
,,	૨	૧૮૫૬	વ્યભિચાર નિષેધક
,,	૩	,,	મુઆં પછવાડે રોવા કૂટવાની ઘેલાઇ
,,	૪	,,	સ્વદેશાભિમાન
,,	૫	,,	નિરાશ્રિત પ્રત્યે શ્રમંતના ધર્મ
પુસ્તક	૬	૬-૪-૧૮૫૭	પિંગળ પ્રવેશ
નિબંધ	૭	૧૮૫૭	સ્ત્રીના ધર્મ
,,	૮	૧૮૫૭	ગુરૂ અને સ્ત્રી
,,	૯	૨૫-૪-૧૮૫૮	અલંકાર પ્રવેશ
પુસ્તક	૧૦	૧૮-૫-૧૮૫૮	નર્મકવિતા અંક ૧-૨
,,	૧૧	અકટોબર ૧૮૫૮	નર્મકવિતા અંક ૩
,,	૧૨	જુન-જુલાઈ ૧૮૫૮	રસપ્રવેશ
નિબંધ	૧૩	૧૮૫૮	ગરિબાઇ વિશે ભીખારીદાસનો સંવાદ
,,	૧૪	૧૮૫૮	કવિ અને કવિતા
,,	૧૫	૧૮૫૯	સંપ
,,	૧૬	૧૮૫૯	વિષયી ગુરૂ
,,	૧૭	૧૮૫૯	ગુરૂની સત્તા
પુસ્તક	૧૮	૧૮૫૯	નર્મકવિતા અંક ૪-૫-૬-૭-૮
લેખ	૧૯	૧૮૫૯	દેશ વ્યવહાર વ્યવસ્થા માત્ર એક બે પ્રકરણો (અર્થશાસ્ત્ર) (મરાઠી ઉપરથી ભાષાંતર)
પુસ્તક	૨૦	જુલાઈ આગસ્ટ ૧૮૬૦	નર્મકવિતા અંક ૯-૧૦
,,	૨૧	૧૮૬૦	દયારામકૃત કાવ્યસંગ્રહ (નાનો)
નિબંધ	૨૨	૧૮૬૦	પુનર્વિવાહ
,,	૨૩	૧૮૬૦	લગ્ન અને પુનર્લગ્ન
,,	૨૪	,,	ભક્તિ
,,	૨૫	,,	સાકાર

વિષય	અંક	વર્ષ	વિષયનામ
પુસ્તક	૨૬	,,	મનહરપદ (મનોહર સ્વામીનાં પદો)
નાટક	૨૭	૧૮૬૦	કૃષ્ણકુમારી (૧ લી આવૃત્તિ)
,,	૨૮	૧૮૬૧	*નર્મકોશ અંક ૧
,,	૨૯	૧૮૬૧	ઋતુવર્ણન
નિબંધ	૩૦	૧૮૬૧	બ્રહ્મતૃષા
પુસ્તક	૩૧	૧૮૬૨	†નર્મકવિતા પુસ્તક ૧ લું (૭ વરસની કવિતાનો સંગ્રહ)
,,	૩૨	,,	*નર્મકોશ અંક ૨ જો
,,	૩૩	૧૮૬૨	અંગ્રેજી—ગુજરાતી લઘુકોશ જે અરદેશર નાનાભાઇએ છપાવ્યો તેમાં ૨૫૦ પાના કવિની મહેનતના છે.
,,	૩૪	૧૮૬૩	†નર્મકવિતા પુસ્તક ૨ જું
પુસ્તક	૩૫	૧૮૫૯—૬૩	તુલજી—વૈધવ્ય ચિત્ર (સંવાદ રૂપે)
નિબંધ	૩૬	૧૮૬૪	હિન્દુઓની પડતી
પુસ્તક	૩૭	૧૮૬૪	†નર્મકવિતા—(મોટું પુસ્તક સંગ્રહ)
વર્તમાનપત્ર	૩૮	૧૮૬૪	"ડાંડીઓ" શરૂ કર્યો
પુસ્તક	૩૯	,,	*નર્મકોશ અંક ૩ જો
નિબંધ	૪૦	૧૮૬૪	રણમાં પાછાં પગલાં ન કરવા વિષે
પુસ્તક	૪૧	૧૮૬૫	‡નર્મગદ્ય પુ. ૧લું (કવિની છબી સાથે)
,,	૪૨	૧૮૬૫	કવિચરિત્ર
પુસ્તક	૪૩	૧૮૫૦—૬૫	કવિ અને કવિતા અંક ૧—૨—૩
પુસ્તક	૪૪	,,	ગીતાવળી અંક ૧ લો
લેખો	૪૫	૧૮૫૬—૧૮૬૫	બુદ્ધિવર્ધક ગ્રંથમાં (કુલ ૪૨ છે)
લેખો	૪૬	૧૮૬૪—૬૫	ડાંડીયા—વર્તમાનપત્રમાં (કુલ વિષયો ૫૦ છે)
લેખો	૪૭	૧૮૫૦—૬૫	હેન્ડબીલ, ન્યુસપેપર વગેરે (કુલ ૮ વિષયો છે)
પુસ્તક	૪૮	૧૮૬૫	દયારામકૃત કાવ્યસંગ્રહ (મોટો)
,,	૪૯	૧૮૬૫	×નર્મવ્યાકરણ ભાગ ૧ લો; વર્ણવિવેક.
,,	૫૦	૧૮૬૫	‡સુરતની મુખતેસર હકીકત (નર્મગદ્ય પુ. ૨ જું, અંક ૧ લો) અર્પણ ડો૦ ધીરજરામને

પુસ્તક	૫૧	જુન ૧૮૬૬	×નર્મવ્યાકરણ ભાગ ૨ જો ખંડ ૧લો શબ્દવિવેક
,,	૫૨	૧૮૬૬	*નર્મકોશ અંક ૪ થો
,,	૫૩	૧૮૬૬	નાયિકા વિષય પ્રવેશ
,,	૫૪	૧૮૬૬	‡મારી હકીકત (નર્મગદ્ય પુ. ૨ જું, અંક ૨ જો.)
,,	૫૫	૧૮૬૬–૬૭	†નર્મકવિતા (એક મોટા પુસ્તકરૂપે)
નિબંધ	૫૬	૧૮૬૭	મેવાડની હકીકત
,,	૫૭	૧૮૬૮	સજીવારોપણ
,,	૫૮	૧૮૬૮	સ્ત્રી કેળવણી
,,	૫૯	૧૮૬૮–૬૯	ગુજરાતીઓની સ્થિતિ
,,	૬૦	૧૮૬૯	કેળવણી વિશે
,,	૬૧	૧૮૬૯	કુળ મોટપ
,,	૬૨	૧૮૬૯	ઉદ્યોગ તથા વૃદ્ધિ
નિબંધ	૬૩	૧૮૬૯	સુખ
,,	૬૪	જુલાઇ ૧૮૭૦	રામાયણનો સાર
પુસ્તક	૬૫	૧૮૭૦	†નર્મકવિતા પુ. ૨ જું, ગ્રંથ ૩ જો, ૧૮૫૯ ના જુનથી તે ૧૮૭૦ ના મે સુધીનો સંગ્રહ
નિબંધ	૬૬	૧૮૭૦	મહાભારતનો સાર
,,	૬૭	,,	ઇલિયડનો સાર
,,	૬૮	,,	મહાપુરૂષોનાં ચરિત્ર
પુસ્તક	૬૯	,,	નર્મકથાકોશ કીં. રૂ. ૩ા, અર્પણ ઠક્કર લખમીદાસ ખીમજીને
,,	૭૦	,,	નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીત (રીત કથન સાથે)
,,	૭૧	૧૮૭૨	પ્રેમાનંદકૃત દશમસ્કંધ (સંપાદન)
,,	૭૨	૧૮૭૩	*નર્મકોશ (મોટો)
પુસ્તક	૭૩	૧૮૭૪	‡નર્મગદ્ય (મૂળ, કવિનું તૈયાર કરેલું)
,,	૭૪	૧૮૭૫	‡નર્મગદ્ય (સરકારી, મહિપતરામનું સુધારેલું)
,,	૭૫	૧૮૭૪	મહાદર્શન ૧ લું (જગતના પ્રાચીન ઇતિહાસનું સમગ્ર દર્શન)

પુસ્તક	૭૬	૧૮૭૧–૭૪	©રાજ્યરંગ પુ. ૧ લું. (જગતનો પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસ)
,,	૭૭	૧૮૭૫	પ્રેમાનંદકૃત નળાખ્યાન (સંપાદન)
નાટક	૭૮	૧૮૭૬	રામજાનકીદર્શન
પુસ્તક	૭૯	૧૮૭૬	©રાજ્યરંગ ભાગ ૨ જો
નિબંધ	૮૦	૧૮૭૬	આર્યદર્શન (સુરત આસો સુદ ૧૦ સં. ૧૯૩૨)
નાટક	૮૧	૧૮૭૮	દ્રૌપદીદર્શન
,,	૮૨	૧૮૭૮	સીતાહરણ નાટક
નિબંધ	૮૩	૧૮૭૯	ધર્મ જિજ્ઞાસા (આર્યજ્ઞાન વર્ધકમાં)
હસ્તપત્ર	૮૪	૧૮૭૯	ગ્રહણ કાળ
નાટક	૮૫	૧૮૮૧	શ્રી સાર શાકુન્તલ
નિબંધ	૮૬	૨૯ મી મે ૧૮૮૧	સામાજિક તથા સનાતન ધર્મ સ્થિતિ
,,	૮૭	૭ મી આગસ્ટ ૧૮૮૧	લગ્ન
,,	૮૮	૧૪ મી આગસ્ટ ૧૮૮૧	દેશાભિમાન (નિબંધરૂપે)
,,	૮૯	૨૧ મી આગસ્ટ ૧૮૮૧	સુધારો અને સુધારાવાળા
,,	૯૦	૧૮૮૧	બુદ્ધિ
નિબંધ	૯૧	૧૮૮૧	સ્વદેશાભિમાન (અવલોકનરૂપે)
,,	૯૨	૧૮૮૨	જૂની ગુજરાતી ભાષા
પુસ્તક	૯૩	૧૮૮૨	શ્રીમદ્‌ભગવદ્‌ગીતા ભાષાંતર
નિબંધ	૯૪	૧૪ મી મે ૧૮૮૨	આર્યોત્કર્ષ
,,	૯૫	૧૮૮૩	જ્યુરીશડીકશન બીલ
,,	૯૬	૧૫ મી જુન ૧૮૮૪	મુક્તિતંત્ર
પુસ્તક	૯૭	૧૮૮૬	ધર્મવિચાર (ગુજરાતી પત્રમાં લખાયલા લેખોનો સંગ્રહ)
નાટક	૯૮	૧૮૮૬	બાળકૃષ્ણ વિજય નાટક
પુસ્તક	૯૯	૧૮૮૭	કાઠિયાવાડ સર્વ સંગ્રહ (મૃત્યુ બાદ સરકારે બહાર પાડયો)
,,	૧૦૦	૧૮૮૭	ગુજરાત સર્વ સંગ્રહ (મૃત્યુ બાદ સરકારે બહાર પાડયો)
પુસ્તક	૧૦૧	૧૯૧૧	દેશવ્યવહાર વ્યવસ્થા (મરાઠીનું ભાષાંતર ગુજરાતી પ્રેસે બહાર પાડયું)
પુસ્તક	૧૦૨	૧૯૩૩	મારી હકીકત (ગુજરાતી ૨૭-આગસ્ટ)
પુસ્તક	૧૦૩	૧૯૩૯	ઉત્તર નર્મદ–ચરિત્ર

કવિ નર્મદાશંકરે જુદા જુદા છાપાઓમાં લખેલા લેખની યાદી

[**નોંધ:** કવિ નર્મદાશંકરે ઇ. સ. ૧૮૬૫ પછી ઘણા વર્તમાન પત્રો અને માસિક પત્રોમાં લેખો લખ્યા છે, પણ તે આજે આપણને મળવા મુશ્કેલ છે. તેવા થોડાક લેખોની એક યાદી કવિએ પોતે કરેલી એક જીર્ણ પત્રમાંથી મળી આવી છે. તે ઉપરથી નીચેની યાદી પ્રગટ કરી છે. સંપાદક-**ન. ઇ. દેશાઈ**]

તા૦ ૧૫ મી જુલાઈ ૧૮૬૫ પછી લખેલા લપરચુરણ વિષયોની ટીપ.

૧	જીલ્લાઓમાં ખુલ્લી જમીન (મ્યુનિસિપાલિટી)	૧ લી નવેમ્બર ૧૮૬૫
૨	તલાટીઓની બદલી	એજન.
૩	રેલ્વેની સાખ	૧ લી ડીસેમ્બર ૧૮૬૫
૪	કાઠિયાવાડના નાગરો	,,
૫	દેશી રાજ	૧૫ મી ડીસેમ્બર ૧૮૬૫
૬	ચૂએ ખાકે બિલ્લા હજ કો ગયા	,,
૭	વલસાડના ધનોરી ગામમાં ધાડ	,,
૮	ડાંડિયાનું મોત	,,
૯	દેશી રાજ	૧૫ મી એપ્રીલ ૧૮૬૬
૧૦	દેશી રાજ	૧ લી મે ૧૮૬૬
૧૧	દુર્ગારામ મહેતાજી	એજન
૧૨	ગ્રન્થકારો	એજન
૧૩	દેશી રાજ	૧૫ મી મે ૧૮૬૬
૧૪	દેશી રાજ—ભાવનગરની ભવાઇ	,,
૧૫	ભાવનગર	,,
૧૬	ભાવનગર	,,
૧૭	ચમન નાની ને ખુલ નાની	,,
૧૮	શેર બજાર	૧ લી જુન ૧૮૬૬
૧૯	કેહેણી તેવી રેહેણી	,,
૨૦	દેશી રાજ	,,
૨૧	મીસ્ટર સમર્સ	૧૫ મી જુન ૧૮૬૬
૨૨	ગુજરાત બેન્ક	૧ લી જુલાઈ ૧૮૬૬
૨૩	સમર્સ	,,
૨૪	અવકાશ તરંગ	,,
૨૫	મહીપતરામ બાબત	૧ લી ઓકટોબર ૧૮૬૭
૨૬	એજન	૧૫ મી ઓકટોબર ૧૮૬૭
૨૭	એજન	,,

૨૮ ગુજરાતી ભાષાનાં પુસ્તક — ૧ લી નવેમ્બર ૧૮૬૭
૨૯ મહીપતરામ — ૧૫ મી નવેમ્બર ૧૮૬૭
૩૦ કેટલાએક સુધારાવાળા પોતાની ખોડ છૂપાવવા બીજાને ખોડવાળા કહે છે — ,,
૩૧ લાયબ્રેરી — ૧ લી માર્ચ ૧૮૬૮
૩૨ હિંદી ભાષા — (વર્ષ લખ્યાં નથી)
૩૩ દેશી રાજ
૩૪ જૂના વિચાર ને નવા વિચારનું યુદ્ધ
૩૫ ઉજ્જનનો ગોર ને નાગર બ્રાહ્મણ (આ વિષય આ પુસ્તકમાં છાપ્યો છે.)
૩૬ દેશીરાજ (સ્વપ્નું)
૩૭ દેશીરાજ
૩૮ હિંદુઓનો ઉત્કર્ષ
૩૯ પારડીમાં ગેરીન સાહેબે વાણીઆની ન્યાતમાં ઘોડો દોડાવ્યો.
૪૦ સુરતમાં (કાગળ ફાટી જવાથી અક્ષર ઉકલતા નથી. સંપાદક)
૪૧ પ્રાયશ્ચિત્ત
૪૨ મહાભારત

- ૧ ડાંડિયો-ત્રીજો અવતાર — ૧૮ મી ઓક્ટોબર ૧૮૬૮
- ૨ સબરસ
- ૩ ભાવનગરનો રાજા
- ૪ જામનગરના રાજા વિષે
- ૫ દેશી રાજ વિષે મનસુખરામના નિબંધ ઉપર ટીકા
- ૬ સુધારો એટલે શું ?
- ૭ વિષ્ણુ બાવાની રાજનીતિ
- ૮ પદાર્થ પ્રદર્શન (ભરૂચ)
- ૯ અંગ્રેજી અમલદારો ને દેશી રાજો
- ૧૦ પ્રવાસ સંબંધી પુસ્તકો
- ૧૧ સંગીત કવિતા
- ૧૨ સુરત એન્ડ્રુઝ લાયબ્રેરીનો રીપોર્ટ
- ૧૩ સરકારી ચોપડીઓ ધાતુપટ્ટમાં કોતરાય છે
- ૧૪ વાર્તાનાં પુસ્તકો
- ૧૫ રાજનીતિ બાબત
- ૧૬ શકિત ને સ્થિતિ (બ્યાજ સંબંધી) (?)
- ૧૭ મહીની ઉત્તર તરફના લોકો ટેવાયલા (?)
- ૧૮ દક્ષિણ હિંદુસ્તાનમાં મુસાફરી

૧૯ શ્રીમાન મલ્લારાવ ગાયકવાડ

૨૦ નભુલાલનું મરણ

૨૧ કરસનદાસ મુળજીનું દુ:ખદાયક મરણ

નોંધ: આટલા લેખોનાં નામો મળે છે, પણ તે કયા છાપામાં ક્યારે છપાયા છે તે મળતું નથી. સંપાદક—**ન. ઇ. દેશાઇ**

પરિશિષ્ટ—૩

(૧) કવિપુત્ર જયશંકર

કવિશ્રી નર્મદાશંકર સંબંધી અમારી પાસે જે કાંઇ હતું, તેમાંથી જેટલું વાંચી શકાયું, ઉકેલી શકાયું, ઉપયોગી જાણવાજોગ લાગ્યું, તે અમે પરિશ્રમપૂર્વક શોધ કરી, તે "મારી હકીકત" અને "આ ઉત્તર નર્મદ ચરિત્ર"—એમ બે ગ્રંથોમાં આપ્યું છે. હવે કવિના કેટલાક થોડા કાગળપત્રો અત્યંત જીર્ણ અવસ્થામાં અમારી પાસે રહ્યા છે. તેમાંથી બની શકશે તો થોડો થોડો ભાગ અમે "ગુજરાતી" પત્રના દિવાળીના ખાસ અંકોમાં આપવાનો વિચાર રાખ્યો છે. કારણ કે આ કામ થોડીક માથાકૂટનું અને આંખ ફોડીને વાંચવાનું છે. પણ તે પણ બનવું બનાવવું હાલમાં ઇશ્વિરાધીન રાખ્યું છે.

કવિના જીવનના ખાસ મોટા મોટા પ્રસંગો અમે આ બે પુસ્તકોમાં આપ્યા છે. માત્ર તેના જીવનમાં એક પ્રકારનો સામાજિક પલટો કરનાર પ્રસંગ આમાં કશે પણ ચર્ચ્યો નથી. કવિએ પોતે એ વિષયમાં નોંધ રાખેલી, પણ સાંભળ્યા પ્રમાણે તેમણે પોતે જ તેનો નાશ કર્યો હતો. એ વિષય તે તેમનો નર્મદાગવરી સાથે કરેલું પુનર્લગ્ન. એ પ્રસંગ બનતા પહેલાં કવિશ્રીને તેમનાં પહેલાં પત્ની ડાહીગૌરી સાથે થયેલી વાતચીતનો જે ભાગ નાશ થતાં બચ્યો તે અમે આ પુસ્તકમાં આપ્યો છે. કવિ પોતે પુનર્લગ્નના મોટા દઢ આગ્રહી હતા, અને તે માટે તેમને સુરતવાળા પુષ્ટિમાર્ગી એક વૈષ્ણવાચાર્ય, મહારાજ લાયબલ કેસથી મશહુર થયેલા ગો૦ શ્રીજદુનાથ મહારાજ સામે જીવના જોખમે પ્રત્યક્ષ વાદવિવાદ પણ કરેલો. આ પ્રસંગ કવિએ "મારી હકીકત"માં સચોટ રીતે વર્ણવ્યો છે. કવિ ખરા સુધારાવાળા હતા, તેથી તેમણે દાખલો બેસાડવાસારૂં પોતાની ન્યાતની એક વિધવાબાઇ સાથે, એક પત્ની હૈયાત છતાં, પુનર્લગ્ન કર્યું હતું. કેટલાક ડરપોક સુધારાવાળાઓ, કવિએ એક ઉપર બીજી પત્ની કરી તે માટે વાંધો કાઢતા હતા, અને તેનાથી દૂર રહેતા હતા.

કવિને આ પુનર્લગ્નની સ્ત્રીથી પુત્ર પ્રાપ્ત થયો હતો. તેનું નામ **જયશંકર** હતું અને હુલામણાનું નામ **બકુકો** હતું. એના સંબંધમાં શાસ્ત્રી રાજારામે

પોતાના લેખમાં ઉલ્લેખ કર્યો છે. આ ભાઇ જયશંકરને અમે નાનપણમાં જોયા હતા. તેઓ માતા નર્મદાગૌરી અને ઓરમાન માતા ડાહીગૌરી સાથે કાલબાદેવી ઉપર આવેલી જૂની તેલવાડીને નામે ઓળખાતી અને શ્રી નરનારાયણ મંદીરની ઝવેર બાગની ચાલી તરીકે ઓળખાતી ચાલીમાં પહેલે માળે સંસ્કૃત બુકસેલર જેષ્ટારામ મુકુંદજીની ઉપરની ઓરડીમાં રહેતા હતા. આજે આ મકાન તોડી પાડવામાં આવ્યું છે, અને ત્યાં નવું બંધાવવાનું છે. તેઓ ગૌરવર્ણના અને મીઠા બોલા હતા. તેઓ મુંબઈ મ્યુનિસિપાલટિના હિસાબખાતામાં કારકુન તરીકે કામ કરતા; અને બીજી આવક તેમને કવિના ગ્રંથોના વેચાણ માલમાંથી અને નવી આવૃત્તિઓમાંથી થતી. તેથી તેમનો અને તેમની બે માતાઓનો વ્યવહાર સુખરૂપ ઇશ્વરકૃપાએ નભ્યો જતો હતો.

કવિશ્રીનાં પુસ્તકો છાપવાનો અને વેચવાનો પ્રબંધ અમારા પિતા શ્રી ઇચ્છારામ પોતાના "ગુજરાતી" પ્રેસમાં કરી આપતા તેથી તેમનો અને "ગુજરાતી" પ્રેસ સાથેનો સંબંધ તેમના મરણપર્યંત સારો સચવાયલો હતો.

એક પછી એક તેમની માતાઓ સ્વર્ગવાસી થઇ ત્યારે તેમને એકલવાયું જીવન બહુ અકારૂં લાગતું હતું. તેમના રૂપકાંતિ જુવાની અને સ્થિતિ સારાં હોવાથી તેમને પોતાની વડનગરા જ્ઞાતિમાંથી તેમ પરજ્ઞાતિમાંથી સુશિક્ષિત સુશિલા કન્યા મળે તેમ હતું. પણ મૂળથી ધાર્મિક સંસ્કારો સારા પડેલા હોવાથી તેમને, જ્યાં સુધી સમગ્રહિન્દુ સમાજ પુનર્લગ્નની પ્રથાને માન્ય રાખે અને પુનર્લગ્નથી થતી સંતતિને જ્ઞાતિવ્હેવારમાં સ્થાન આપે, ત્યાં સુધી પરણવાની ના પાડી હતી. તેમના જમાનામાં આજના જેવી સમાજની ક્રાંતિકારક સ્થિતિ નહોતી કે, પુનર્લગ્નથી ઉત્પન્ન થયેલા બાળકોને સંસાર વ્યવહારમાં ઠેકાણે પાડવાની ચિંતા કરવી ન પડે. પુનર્લગ્નથી પેદા થયેલી કન્યા પણ તેમને આપવાની માંગણી થયેલી, તે પણ તેમણે નકારેલી અને આજીવન તેમણે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળીને, કેમ જાણે પિતાના પુનર્લગ્ન કર્મના પાપનું પ્રાયશ્ચિત્ત ન કર્યું હોય, તેવી સ્થિતિમાં જીવન ગાળ્યું હતું. પોતાની સગી જનેતા મરી ગયા કરતાં પણ ઓરમાન મા ડાહીગૌરી ગુજરી જવાથી તેમને ઘણો આઘાત મનમાં લાગ્યો હતો. છતાં હિંમત રાખી ઇશ્વર ઉપર વિશ્વાસ રાખી ભાઈ જયશંકરે પોતાનું બાકીનું જીવન ગાળ્યું હતું, અને ભરજુવાનીમાં ૩૧ માર્ચ ૧૯૧૦ માં એકાએક તેઓ બ્યુબોનિક પ્લેગમાં સપડાયા અને લગભગ ૩૫ વરસની વયે દેવલોક પામ્યા હતા. તેઓ માંદા પડ્યા ત્યારે અમારા પિતાશ્રી ઇચ્છારામ અને મોટાભાઇ મણિલાલ તેમને ત્યાં રોજ ખબર લેવા અને માવજતની ગોઠવણ કરવા જતા. પોતે માંદા પડયા ત્યારે ભાઇ જયશંકરે કવિશ્રીના ગ્રંથો વગેરેની વ્યવસ્થા કરવાનું ઇચ્છાપત્રક કરેલું, અને પોતાના બે મિત્રો ડૉ. મૂળચંદ દામોદરદાસ મુકાતી,

અને ઠાકોરદાસ ત્રિભુવનદાસ તારકસ—એમને વિશ્વાસપાત્ર અને વ્યવસ્થાપકો તરીકે નીમી ગયા હતા. આ બંને ટ્રસ્ટીઓએ ૧૯૧૧ ના ડીસેંબર માસમાં કવિના સર્વ ગ્રંથો વગેરેના હક્ક દલાકો અમારા પિતાશ્રીને નામે કાયદાસર રીતે ચઢાવી આપ્યા.

ભાઈ જયશંકરે કવિશ્રીના પાસે જે અમૂલ્ય છાપેલાં પુસ્તકોનો સંગ્રહ હતો, તેની વ્યવસ્થા કરવામાં મોટી ભૂલ કરી. તેથી કવિની લાયબ્રેરી એક ઠેકાણે ન રહેતાં અસ્તવ્યસ્ત થઈ ગઈ. દા. ત. કવિએ જગતનો ઇતિહાસ લખવા માટે આશરે ૨૦૦ પુસ્તકો વાંચ્યાં વિચાર્યાં હતાં. તે સર્વ તેમના સંગ્રહમાં હતાં. તે સિવાય અંગ્રેજી બ્લેકવુડ મેગેઝીનની ઘણાં વર્ષોની ફાઇલો હતી. તે ઉપરાંત શિલાછાપમાં છાપેલા ઘણા ગુજરાતી, મરાઠી, હિન્દી, વ્રજભાષાના ગ્રંથો અને સામાજિક પત્રો હતા. ગુજરાતી ભાષાના છાપેલા ગ્રંથો જ્યારથી છાપખાના ચાલુ થયાં ત્યારના હતા. એ સિવાય કવિએ ગુજરાતી કવિચરિત્ર લખવાને અને ગુજરાતી શબ્દકોશ રચવામાં ઉપયોગી થાય તે માટે ઘણા પ્રાચીન વૈદિક વર્ગના અને જૈન વર્ગના હસ્તલિખિત ગ્રંથો એકઠા કરેલા હતા. આમાંથી આ હાથપ્રતો તો કવિએ જીવતાં જેના તેના પાછા આપી દીધાં હતાં, પણ છાપેલા ગ્રંથો પોતા પાસે રાખ્યા હતા. તેમાંથી રા. જયશંકરે કેટલાક ગુજરાતી અને અંગ્રેજી, થોડાક હિન્દી મુંબઇની ભૂલેશ્વર ઝવેરીલાલ ઉમિયાશંકર લાયબ્રેરીને આપ્યા; કેટલાક ગુજરાતી અને અંગ્રેજી સુરતની ગોપીપરાની જૈન લાયબ્રેરીને આપ્યા, અને મરાઠી હિન્દી પુસ્તકોનો સર્વ સંગ્રહ મુંબઇના મરાઠી ગ્રંથ સંગ્રહાલયને આપી દીધા. આથી કવિનું પુસ્તકાલય વેરવિખેર થઇ ગયું. આજે સુરતની જૈન લાયબ્રેરીમાં અને મુંબઇની ભૂલેશ્વર લાયબ્રેરીમાં ગ્રંથરક્ષકોની બેદરકારીને લીધે કવિના ઘણા મૂળ ગ્રંથો ખોવાઇ ગયા છે કે ઓળવાઇ ગયા છે. અને કેટલાક તો પસ્તીમાં જરીપુરાણાવાળાને અપાઈ ગયા છે. જે કાંઇ વારસો "ગુજરાતી" પ્રેસના માલીકોને મળ્યો, તે તેમણે સમય અને ધનના ભોગે આજ સુધી સાચવ્યો છે, અને કવિશ્રીની સ્મૃતિ ગુજરાતી પ્રજામાં જળવાયલી રહે તે માટે "ગુજરાતી" પત્રમાં, તેના દિવાળીના ખાસ અંકોમાં લેખો લખાવી, કવિના કાગળીઆઓ તપાસી ઉતરાવી છપાવીને તાજી રાખી છે, અને કવિના ગ્રંથો લગભગ લાગટ કીંમતે જનતામાં વેચ્યા છે. તેનો માત્ર એક કોશ છપાવીને પ્રકટ કરવાનો બાકી રહ્યો છે, અને થોડો ભાગ જે છપાયો છે તે એક ભાગમાં થોડા સમયમાં બહાર પાડવાની અમો આશા રાખીએ છીએ.

કવિપુત્ર જયશંકર જ્યારે ૩૧ મી માર્ચ ૧૯૧૦ માં દેવલોક પામ્યા ત્યારે "ગુજરાતી" પત્રના તા० ૧૦ મી એપ્રીલ ૧૯૧૦ ના અંકમાં જે શોકનોંધ લેવાઇ હતી તે અત્રે પ્રકટ કરી છે. **(સંપાદકઃ—ન. ઈ. દેશાઈ.)**

× × × ×

(૨) કવિપુત્ર જયશંકરના જીવનની નોંધ

કવિ નર્મદાશંકરના એકના એક પુત્રના મૃત્યુ સમાચાર અમે ગયા અંકમાં આપી ગયા છીએ. મી૦ જયશંકરનો જન્મ ૧૮૭૫ માં થયો હતો, એટલે મરણ સમયે તેનું વય ૩૫–૬ વરસનું હતું. કવિના કેટલાક ખાસ ગુણો મી૦ જયશંકરમાં નૈસર્ગિક હતા, તેમજ તેનો વિદ્યાનો શોખ અપ્રતિમ હતો. કંઇક સંકુચિત સ્થિતિમાં અને કંઇક શરમાળ હોવાને લીધે તે બહાર પડતો જણાયો નથી, પરંતુ અમારા અનુભવથી સારી રીતે જાણી શકયા છીએ કે નાટયકળાનું જ્ઞાન, અને તેની પરીક્ષક અને અવલોકન શકિત તેનામાં સામાન્યથી વિશેષ હતી. મુંબઇમાં થતાં નાટકોમાં વસ્તુસંકલનાના, પડદા પોશાકના, સીન સીનેરીના, અને સંગીત શાસ્ત્રના કેવા દોષો છે તે સંબંધી મી૦ જયશંકરે જે વિચારો દર્શાવ્યા હતા તે જો કાગળપર મુકાયા હોત તો વાંચનારાઓ તેની તુલના, નિરીક્ષણ શક્તિની ખરેખરી તુલના, કરી શકત. ચાલુ વરસના દિવાળીના અંક માટે, મુંબઇની રંગભૂમિપર એક લેખ લખી આપવાની એણે કબુલાત આપી હતી, પણ તે ઇચ્છા પૂર્ણ થયા પૂર્વે એનું અવસાન થયું છે.

મરનારમાં એક બીજો ઉત્તમ ગુણ અમે એ જોયો છે કે, તેમના પિતાએ પુનર્લગ્ન કીધેલું છતાં, પોતાને પુનર્લગ્ન કરવાની ઘણી તકો અપાયા છતાં, ઘણા આગેવાનોનો આગ્રહ છતાં, ઘણી ઘણી રીતે સમજાવ્યા, ફુસલાવ્યા ને દબાણો થયા છતાં, તેનાથી તે ઘણો દૂરનો દૂર રહ્યો હતો, જેનું ખરૂં કારણ અમે કળી શકયા નથી. પણ અમે માત્ર એટલું જ અનુમાન કહાડી શકીએ છીએ કે 'ગુજરાતના રત્નરૂપ કવિનો પુત્ર છતાં જો આજે મારી આ સ્થિતિ ન્યાત અને સમાજમાં છે તો ભવિષ્યમાં મારી અને મારી સંતતિની સ્થિતિ સમાજમાં કેવી થઇ જાય, તેમાંથી પોતાની ભવિષ્યની સંતતિને સુરક્ષિત રાખવાને માટે જ તેણે પુનર્લગ્નની ગ્રંથીમાં પડવાની ના કહી હોવી જોઇએ. પુનર્લગ્નના વલાા કરનારી વ્યક્તિઓ આજે હયાત હોવાથી તેમનાં નામ પ્રગટ કરવા અમે તત્પર નથી; પરંતુ અમે ખાત્રીપૂર્વક જાણીએ છીએ કે ભાઇ જયશંકર સાથે પુનર્લગ્ન કરવાનું માગું, એક બ્રાહ્મણે પોતાની દીકરી માટે કીધું હતું, એક સ્ત્રીએ પોતાની દીકરી માટે કીધું હતું, અને જયશંકરની નાદુરસ્ત તબીઅતમાં તેના જણાવ્યા પ્રમાણે જયશંકરના પાંચ પૈસાને લોભે દીકરી પાસે સેવા કરાવવાનો પ્રયત્ન પણ કીધો હતો. એક ઔદિચ બ્રાહ્મણે પુનર્લગ્નના હિમાયતી મારફતે પોતાની દીકરીને માટે મોટી ખટપટ કરી હતી, અને એક આગેવાન પુનર્લગ્નના હિમાયતીએ એક હજારનો ચાંદલો પણ કરવાની માંગણી કરી હતી. કવિનાં ધર્મપત્ની ડાહીગવરીના તથા નર્મદાગવરીના સમયમાં પણ

ઘણી ઘણી ભલામણો જયશંકરના પુનર્લગ્ન કરવા માટે થઇ હતી. તે સર્વ પ્રસંગે જયશંકરે જે ડહાપણ બતાવી પુનર્લગ્ન કરવાની ના જ પાડી, ત્યારે અમે ધાર્યું હતું કે ડાહીગવરીની પુનર્લગ્નની વિરૂદ્ધની લાગણીને અનુસરીને જ એ ચાલે છે. પરંતુ ડાહીગવરીના પંચત્વને પામ્યા પછી પણ એ જ આગ્રહને તેને મક્કમપણે વળગી રહેતો જોયો, ત્યારે અમે માન્યુ કે પુનર્લગ્ન કરવાનું જે સાહસ કવિરત્ને ઉઠાવ્યું હતું તેનું ખરેખરૂં પ્રાયશ્ચિત્ત જયશંકર કરી, પોતાનાં માતાપિતાની સદ્દગતિ કરે છે! જયારે જ્યારે જયશકરના સંબંધમાં આવેલાં સ્ત્રીપુરૂષો તેનાપર પુનર્લગ્ન દ્વારા એ લગ્ન કરી પોતાનો વંશ રાખવાનું દબાણ કરતાં, ત્યારે ત્યારે તે ગભરાઇને અમારી સલાહ લેવાને આવતો હતો, અને તે વેળાના તેના મુખના આ શબ્દો હતા—"પુનર્લગ્ન કરીને હું નાગર જ્ઞાતિમાંથી નીકળી જવા માગતો નથી, અને પુનર્લગ્ન કરીને વંશ રાખવાની મારી ઇચ્છા નથી." ડાહીગવરીની સંપૂર્ણ ઇચ્છા એ હતી કે જો મળે તો નાગર જ્ઞાતિ—પછી છ નાગરોમાંના કોઈ પણ નાગરની જ્ઞાતિમાંથી જ કન્યા મેળવી લગ્ન કરવું. ધન્યવાદની વાત એ છે કે નર્મદાગવરીએ પણ એકે દિવસે એવી કાળજી કરી નથી કે જયશંકર પુનર્લગ્ન કરી ગૃહસંસારી બને. ઉકત બન્ને માતાના મરણ પછી જયશંકરમાં એક પણ દિવસે પુનર્લગ્ન કરી ગૃહસંસારી બનવાની કામના થઇ નથી, એ એની જીવનકળાનું એક અદ્દભુત રહસ્ય છે. સત્ય કહીયે તો રાજ્યરંગ લખ્યા પછી કવિના ચારિત્ર્યમાં જે મહાદાશ્ચર્યકારક પરિવર્તન થયું હતું તેનું જ એ ઉત્તમ ફળ છે. ૧૮૭૪–૭૫ ના કાળના કવિના વિચારો જયશંકરમાં ઉતર્યા હતા. કવિનાં ધર્મપત્ની ડાહીગવરીએ પણ મરણ વખતે જયશંકરને એ જ બોધ આપ્યો હતો કે પુનર્લગ્નથી ગૃહસંસારી થવાનો વિચાર જ કરતો નહિ, અને તે વચનની સફળતા કરવામાં જયશંકર મોટું માન સમજતો હતો. આજકાલ જ્યારે પુનર્લગ્નીઆના છોકરાઓ પુનર્લગ્ન કરીને પોતાની જ્ઞાતિને તરછોડી બહિષ્કાર થવામાં સાર્થકતા સમજે છે, ત્યારે જયશંકર શુદ્ધ નાગર બ્રાહ્મણ રહેવામાં જ પોતાનું મહત્વ સમજતો હતો.

વડનગરા નાગર બ્રાહ્મણોને પણ આ પ્રસંગે ધન્યવાદ આપ્યા વગર અમે રહી શકતા નથી. કવિ જેવો કવિ, નાગરી જ્ઞાતનું મ્હોરૂં, સુરતની સુંદર સુરત અને સાહિત્યનું એક અમૂલ્ય રત્ન, તેનું ગૌરવ નાગરોએ પુરેપુરૂં સંભાળ્યું છે. કવિ, નર્મદાગવરી, ડાહીગવરી, અને છેલ્લે જયશંકરના અંત્યેષ્ટી સંસ્કારો નાગર બ્રાહ્મણોને હાથે જ થયા છે. સાઠોદરા નાગરોમાં બે કીંમતી રત્ન હતાં; કવિરત્ન દયારામભાઇ અને નઝુલાલ દ્યાનતરામ; વડનગરા નાગરોમાં બે રત્ન હતાં, ભકતરાજ નરસિંહ

મહેતો અને નર્મદાશંકર કવિ. દેશકાલ પરત્વે પૂર્વના કવિઓના તો તેમના ગ્રંથોથી જ યશ વિસ્તરે છે. કવિ નર્મદાશંકરના ગ્રંથો તો તેથી વિશેષ તેનો યશ વિસ્તારે છે, પરંતુ સુરતનું એક રત્ન અલોપ થઇ ગયું, તેનું સ્મરણ સુરતની કે ગુજરાતની પ્રજાએ રાખવાનો પ્રયત્ન પણ નથી કીધો, એનાથી વિશેષ શોકકારક બીજું કંઇ પણ હોઇ શકે નહિ. કવિ દલપતરામનું સ્મરણ, અમદાવાદમાં દલપતપુસ્તકાલય સ્થાપી, રાખવાનો પ્રયત્ન ચાલુ થયો છે. સુરત અને ગુજરાતના સાક્ષરો, અને સુરતના વડનગરા નાગરો, નરસિંહ મહેતાના મરણ પછી આજે એમ અભિમાન લે છે કે "અમારી જ્ઞાતનો નરસિંહ મહેતો હતો;" તેમ સંકા બે સૈકા પછી "અમારી જ જ્ઞાતનો અને અમારા જ શહેરનો કવિ નર્મદ હતો" એટલામાં જ શું તેઓ મહત્વ સમજશે?

('ગુજરાતી' તા૦ ૧૦ એપ્રીલ ૧૯૧૦.)

પરિશિષ્ટ ૪

કવિ નર્મદની છબી

આજે ગમે તેવો લેભાગુ લેખક પોતાની ગમે તેવી અલફાઉ કવિતા કે લેખ સાથે પોતાનું ચાડું છપાવવા મરી ફીટે છે. પણ કવિ નર્મદના કાળમાં (ઇ. સ. ૧૮૬૫ માં) પોતાનો ફોટો–ચિત્ર પોતાના જ પુસ્તકમાં છપાવવો, એ અવિવેક ગણાતો. પણ સર્વ વાતમાં પ્હેલ કરનાર આ વિષયમાં પણ પાછળ શા માટે પડે? તેણે સ્તુતિ કે નિંદાની પરવા કર્યા વગર જ પોતાનો ફોટો હિંમતથી છપાવ્યો છે. આ સંબંધમાં કવિએ "જૂના નર્મગદ્ય"ની પ્રસ્તાવનામાં સ્પષ્ટ લખ્યું છે. તે વખતે ફોટોબ્લોકની રીત નહોતી, તેથી સ્ટીલ એન્ગ્રેવિંગ કામ ઇંગ્લાંડ કે જરમનીમાંથી કરાવી મંગાવવું પડતું. કવિએ આ એન્ગ્રેવિંગ ચિત્ર જરમનીથી કરી મંગાવ્યું છે. કવિ ૨૭ વરસની ઉમ્મરે (ઇ. સ. ૧૮૬૦ માં) કેવા દેખાતા તેનું આ ચિત્ર છે. 'જુનું નર્મગદ્ય' ૧૮૬૫ માં છપાયું, ત્યારે તેમાં છાપેલી છબીની નીચે "નર્મદ; આખરે જુદાઈ જ" એ જ્ઞાનવૈરાગ્યની ભાવનાવાળું જ વાક્ય કવિએ છાપ્યું છે. તેમ પ્રસ્તાવનામાં પણ મારો ફોટો કે ચિત્ર, કે છબી, એ શબ્દ ન વાપરતાંચાડું શબ્દ જ વાપર્યો છે. (આ 'નર્મગદ્ય' 'ગુજરાતી' પ્રેસે 'જુનું નર્મગદ્ય' એ નામે ફરીથી છાપેલું છે.) આજના સુધરેલા કહેવાતા વિચારનારાઓ અને મગજના ફાટેલાઓને કદાચ નર્મદનો વિવેક સ્વમાનહનન જેવો લાગશે.

આ રીતે ફોટો છપાવી પોતાની પ્રસંશા કરવી તે સમયે લોકોમાં પ્રચલિત ન હોવાથી આવું કરનારની નિંદા થતી અને ટીકા થતી. તે નીચેના રમુજી ઇતિહાસ ઉપરથી જણાશે.

કવિએ આ ચિત્ર છપાવ્યા પછી અમદાવાદવાળા કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇએ પોતાની કવિતાનો મોટો સંગ્રહ છપાવ્યો. તેમાં તેઓ પોતાની છબી મૂકી શકયા ન હોતા, અથવા તેઓ સ્વેચ્છાએ મૂકી જ ન હોતી. કોઇ કદાચ, કેમ છબી મૂકી નહીં, એવું પૂછે તેના જવાબમાં તેમણે આ એક સુભાષિત રચીને મૂકયું હતું:

'શું જોશો તનની છબી, એમાં નથી નવાઈ;
નિરખો મુજ મનની છબી, ભલા પરીક્ષક ભાઇ.'

આ કાવ્યગ્રંથ પ્રકટ થતા સુરતમાં છપાતાં "સ્વતંત્રતા" નામના માસિક પત્રમાં (જે વખતે તેનું તંત્ર શાહ કીકાભાઇના હાથમાં હતું, અને સ્વ. ઇચ્છારામ દેશાઇ તંત્રી ખાતામાં હતા) 'વિજયવાણી' ના કર્તા વિજ્યાશંકરે તેનો રીવ્યું (અવલોકન) લેતાં લખ્યું હતું કે,

"મનની તે છબી જોઇને, ઉપજે સંશય આમ;
છે આ દલપતરામ કે અમદાવાદી × × ×?"

આમાં પાદપૂર્તિ માટે કયો શબ્દ મૂકવો તે સમજી શકાય તેમ છે. આ વચન નર્મદાશંકર અને દલપતરામ વચ્ચે સ્પર્ધા છે, એમ માનીને પાછલા સમયમાં એ મશ્કરીવાળો દોહરો કવિ નર્મદાશંકરે રચ્યો છે, એવું ભ્રમથી મનાવા લાગ્યું છે. એ ભ્રમ હવે દૂર થવો જોઇએ.

કવિ નર્મદાશંકર અને દલપતરામ વચ્ચે કોઇ જાતની સ્પર્ધા હોય કે નહીં હોય, તો પણ તેમના વખાણનારાઓએ તેવું સ્વરૂપ તો આપી દીધેલું છે. પણ બંને વચ્ચે કશો વૈમનસ્ય ભાવ ન હોતો, એ તો કવિ દલપતરામ કવિ નર્મદાશંકરના આમંત્રણને માન આપી, તેમના સુરતના સરસ્વતી મંદિરનું વાસ્તુ મુહૂર્ત ઉજવ્યું ત્યારે સુરત પધાર્યા હતા, તે ઉપરથી જણાશે. આરંભના સમયમાં કવિને દલપતરામ વિષે કંઇ ખોટો ગ્રહ બંધાયલો ખરો પણ પાછળથી ફેરવાયલો.

—સંપાદક